(શબ્દના મલકમાં)

# ગુજરાતી સાહિત્યનાં સાક્ષરરત્નો

(કેટલાક દિવંગત સર્જકો)

મણિલાલ હ. પટેલ

**અરુણોદય પ્રકાશન**
પુસ્તકપ્રકાશક, પ્રસારક અને પ્રચારક
૨૦૨, હર્ષ કૉમ્પ્લેક્સ, ખત્રીપોળ, પાડાપોળ સામે,
ગાંધી રોડ, અમદાવાદ – ૩૮૦ ૦૦૧
ફોન નં. : (૦૭૯) ૨૨૧૧ ૪૧૦૮
Email : arunodayprakashan@yahoo.co.in

MANILAL H. PATEL
**GUJARATI SAHITYANA SAKSHARRATNO**
(Critical Articles about Life and Literature)
1 st, Ed., **ARUANODAY PRAKASHAN**
AHMEDABAD - 380 001
November, 2022

**ISBN No. :** 978-93-80468-78-5

© ડૉ. પારુલ પ્રસાદ પ્રધાન

**આયોજક :** મહેન્દ્ર સી. શાહ

**પ્રકાશક**
ચંદ્રમૌલિ એમ. શાહ
**અરુણોદય પ્રકાશન**
૨૦૨, હર્ષ કૉમ્પ્લેક્સ, ખત્રીપોળ, પાડાપોળ સામે,
ગાંધી રોડ, અમદાવાદ – ૩૮૦ ૦૦૧

**પ્રથમ આવૃત્તિ :** નવેમ્બર, ૨૦૨૨

**પૃષ્ઠ :** ૧૮૪

**મૂલ્ય :** રૂ. ૨૩૦.૦૦

**મુખપૃષ્ઠ ડિઝાઇન :** લજ્જા કમ્યુનિકેશન્સ, વલ્લભવિદ્યાનગર

**રૂપસજ્જા :** મહેશ ચાવડા
દિયા અક્ષરાંકન, ચાવડા નિવાસ, વાસણા(બો), તા. બોરસદ, જિ. આણંદ
મો. ૯૧૦૬૬૩૫૩૩૭

**મુદ્રક :**
ચંદ્રિકા પ્રિન્ટરી, દૂધેશ્વર રોડ,
અમદાવાદ – ૩૮૦ ૦૦૪

જેને નિત્ય નવું નવું શીખવાની-જાણવાની હોંશ છે... જે નિષ્ઠા અને નિસબતથી પોતાના વિદ્યાર્થીઓને શીખવે છે – બીજી અનેક પ્રેરક પ્રવૃત્તિઓ વડે વિદ્યાર્થીનું ઘડતર કરે છે એવા થોડાક પણ સાચા શિક્ષકો આપણી આસપાસ દેખાઈ રહ્યા છે – એમના પ્રતિનિધિરૂપ

**આ પાંચ શિક્ષકો :**

**અશોક સોલંકી : પ્રાથમિક શાળા-૮, મંગળપુરા, આણંદ**

**પારસ દવે : ગુતાલ સરકારી સ્કૂલ, નડિયાદ**

**મમતા શર્મા : કનબૂડી પ્રાથમિક શાળા, દેડિયાપાડા, નર્મદા**

**ઈશ્વર પ્રજાપતિ : આકરુંદ પ્રાથમિક શાળા, ધનસુરા**

**વૈશાલી પંચાલ : મોટી દાઉ પ્રાથમિક શાળા, મહેસાણા**

**આ પુસ્તક આ પાંચેય શિક્ષકોને અર્પણ કરું છું...**

## ॥ લેખકની વાત ॥

આ ગ્રંથમાં, આમ તો, દિવંગત (૨૦૧૯ સુધીના) સર્જકો-વિવેચકો વિશે વાત કરવામાં આવી છે. કેટલાક મહત્ત્વના લેખકોનાં જીવન અને સાહિત્યનો ટૂંકો અને સમીક્ષિત પરિચય આપવા સાથે એમના સાહિત્ય-વિચાર, એમના સાહિત્યના ગુણવિશેષો તથા એમની સુખ્યાત રચનાઓની વિલક્ષણતાઓ પણ અહીં આછા લસરકે આવરી લેવાનો અભ્યાસનિષ્ઠ સફળ પ્રયાસ કર્યો છે. આપણી સાહિત્યિક અને સાંસ્કૃતિક પરંપરાઓની વાત પણ અહીં વ્યંજિત થતી આવે છે.

રસાળ શૈલીના આ લેખો સામાન્યજનોને પણ પ્રસન્ન કરી શક્યા છે, એ સાથે આ અભ્યાસલેખો શિક્ષકો, અધ્યાપકો, અભ્યાસીઓ ઉપરાંત લોકસેવા આયોગની અને રાષ્ટ્રીય ગુણવત્તામાપક સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે સક્રિય યુવાનોને પણ અભ્યાસ માટે આકર્ષવાનું સામર્થ્ય દાખવી શક્યા છે એનો આનંદ છે.

આ લેખો લખતી વેળા ખૂટતી કડીઓ અને માહિતીની ચોકસાઈ/ખરાઈ માટે મને મદદ કરનાર ગિરીશ ચૌધરી, હસિત મહેતા અને અજય રાવલને ખાસ સંભારું છું. આવાં પ્રકાશનોની માંગ હજી થતી રહેવાની છે – એ માટે સદા તત્પર રહેનાર અરુણોદય પ્રકાશનના ચંદ્રમૌલિ શાહનો આભાર માન્યા વગર રહી શકતો નથી. સહાય કરનાર સહુ તરફ પ્રસન્નતા વ્યક્ત કરું છું.

**આ ગ્રંથની નવી સંવર્ધિત આવૃત્તિ કરીશું. જેમાં કેટલાક દિવંગત લેખકો અને મહત્ત્વના હયાત સર્જકો વિશે લેખો આમેજ કરવાની યોજના છે.**

વલ્લભવિદ્યાનગર
રક્ષાબંધન, ૨૦૭૮

**મણિલાલ હ. પટેલ**
મો. ૯૫૧૦૦ ૩૬૩૨૧

# અનુક્રમ


૧. દલપતરામ .................................. ૦૭
૨. નર્મદ .......................................... ૧૦
૩. ગોવર્ધનરામ ત્રિપાઠી ................... ૧૨
૪. કલાપી ......................................... ૧૫
૫. રમણભાઈ નીલકંઠ ..................... ૧૮
૬. બળવંતરાય ક. ઠાકોર ............... ૨૧
૭. કાન્ત .......................................... ૨૪
૮. ન્હાનાલાલ .................................. ૨૭
૯. ક. મા. મુનશી ............................ ૩૦
૧૦. ધૂમકેતુ ...................................... ૩૩
૧૧. રા. વિ. પાઠક ............................ ૩૬
૧૨. ગાંધીજી ...................................... ૩૯
૧૩. સ્વામી આનંદ ............................ ૪૨
૧૪. સુન્દરમ્ ...................................... ૪૫
૧૫. ઉમાશંકર જોશી ......................... ૪૮
૧૬. ઝવેરચંદ મેઘાણી ....................... ૫૧
૧૭. સ્નેહરશ્મિ ................................... ૫૪
૧૮. પન્નાલાલ પટેલ .......................... ૫૭
૧૯. ગુલાબદાસ બ્રોકર ....................... ૬૦
૨૦. ર. વ. દેસાઈ ............................. ૬૩
૨૧. ઈશ્વર પેટલીકર .......................... ૬૬
૨૨. દર્શક .......................................... ૬૯
૨૩. રાજેન્દ્ર શાહ ............................. ૭૨
૨૪. નિરંજન ભગત ........................... ૭૫
૨૫. કરસનદાસ માણેક ..................... ૭૮
૨૬. મરીઝ ......................................... ૮૧
૨૭. ગની દહીંવાલા .......................... ૮૫
૨૮. ઘાયલ ........................................ ૮૯

૨૯. બરકત વિરાણી 'બેફામ' ............ ૯૨
૩૦. ઉશનસ્ ...................................... ૯૫
૩૧. જયંત પાઠક ............................... ૯૮
૩૨. પ્રહ્‌લાદ પારેખ .......................... ૧૦૧
૩૩. મકરંદ દવે ................................ ૧૦૪
૩૪. બાલમુકુન્દ દવે .......................... ૧૦૭
૩૫. જયંતિ દલાલ ........................... ૧૧૦
૩૬. જયંત ખત્રી .............................. ૧૧૩
૩૭. સરોજ પાઠક ........................... ૧૧૬
૩૮. રાવજી પટેલ ............................ ૧૧૯
૩૯. મણિલાલ દેસાઈ ....................... ૧૨૨
૪૦. ચુનીલાલ મડિયા ....................... ૧૨૫
૪૧. સુરેશ જોષી ............................. ૧૨૮
૪૨. ભોળાભાઈ પટેલ ...................... ૧૩૧
૪૩. ચન્દ્રકાન્ત બક્ષી ........................ ૧૩૪
૪૪. રાધેશ્યામ શર્મા ........................ ૧૩૭
૪૫. બકુલ ત્રિપાઠી .......................... ૧૪૦
૪૬. લાભશંકર ઠાકર ...................... ૧૪૩
૪૭. રમેશ પારેખ ........................... ૧૪૬
૪૮. મનોજ ખંડેરિયા ....................... ૧૪૯
૪૯. આદિલ મન્સૂરી ........................ ૧૫૨
૫૦. ચિનુ મોદી .............................. ૧૫૫
૫૧. સુરેશ દલાલ ............................ ૧૫૮
૫૨. હરીન્દ્ર દવે .............................. ૧૬૧
૫૩. ભગવતીકુમાર શર્મા ................ ૧૬૪
૫૪. જોસેફ મેકવાન........................ ૧૬૭
૫૫. જયંત ગાડીત ........................... ૧૭૦
૫૬. રતિલાલ 'અનિલ' .................... ૧૭૩
૫૭. અવિનાશ વ્યાસ ...................... ૧૭૬
૫૮. અમૃતલાલ વેગડ ..................... ૧૭૯
૫૯. નીરવ પટેલ ............................. ૧૮૨



# ૧

## લોક-સમાજને જગાડનારી કવિતાના કવિ : દલપતરામ

અનેક કવિઓએ દલપતશૈલીમાં કવિતાલેખન શરૂ કરેલું. આજના નવોદિતો પણ દલપતરામને વાંચશે તો વધારે સજ્જતા આવશે.

સાહિત્યની દુનિયા પણ અજબગજબની દુનિયા છે. સાહિત્ય આપણને આપણી ભીતરમાં તો લઈ જાય જ છે – આપણને આપણી ભીતરની શક્તિઓ-આસક્તિઓ અને પીડાઓનો પરિચય કરાવે છે – મુકાબલો શીખવે છે... ને સાહિત્ય આપણને દેશદેશાવરોમાં લઈ જાય છે. આપણને અનેક બિરાદરીઓનો પરિચય કરાવતું સાહિત્ય આમ તરત ઊકલે એવું છે. તો વળી કદીક ઝટ ન પણ સમજાય એવું કલાપૂર્ણ પણ હોય છે.

આપણે કવિશ્રી દલપતરામ (ઈ.સ. ૧૮૨૦થી ૧૮૯૮)ની વાત કરીશું. તો એમના સાહિત્યની અનેક નીતિરીતિઓનો ખ્યાલ આવશે. મૂળ વઢવાણના વતની. પિતા ડાહ્યાભાઈ! બ્રાહ્મણ પરિવાર, ને કવિ દલપતરામ તો બાળપણમાં જ સ્વામીનારાયણ સંપ્રદાયના સાંનિધ્યમાં આવે છે. દેવાનંદસ્વામી પાસે ધર્મકર્મની દીક્ષા સાથે કાવ્યની દીક્ષા પામે છે. છંદો શીખે છે પણ એ પહેલાં તો દશ-બાર વર્ષની વયે જોડકણાં (હડૂલાં) જોડતા થઈ ગયેલા :

**‘સાગ ઉપર કાગ બેઠો : રથે બેઠાં રાણી**
**બંદા બેઠા માંચીએ ને દુનિયા ડોહ્ળે પાણી!’**

કવિ જે જગત સામે છે તેનું વર્ણન કરે છે. થાંભલા પર કાગડો બેઠો છે. ઘરમાં પત્ની (રાણી!) ઘંટી તાણે-ફેરવે છે. કવિ પોતે ખાટલે બેઠા છે ને

શેરીમાં છોકરાં વરસાદનાં પાણીમાં મસ્તી કરે છે. કવિતા શીખનારા જુઓ કે કવિ બારની વયે છંદ ને પ્રાસ મેળવે છે – ને સરસ દૃશ્ય પ્રત્યક્ષ કરી આપે છે. સ્વભાવોક્તિનું સરસ ચિત્ર છે.

અમદાવાદ આવેલા અંગ્રેજ અધિકારી એલેક્ઝાન્ડર કિન્લોક ફાર્બસને ગુજરાતી શીખવે અને ગુજરાતીમાં ગવાતું – કહેવાતું – લખાતું સાહિત્ય ભેગું કરી આપે તો પાઠમાળાઓ કરીને ગુજરાતી છોકરાં માટે શાળાઓ કરવી છે. એમને દલપતરામનું નામ સૂચવાય છે, ને ફાર્બસના તેડેલા દલપતરામ વાયા લીમડી ચાલતાં અમદાવાદ આવે છે. રસ્તામાં જે પીપળ નીચે આરામ કરેલો એના વિશે કવિતા – પદ્ય - જોડકણું કરે છે. અર્વાચીન ગુજરાતી સાહિત્યનું આ પહેલું કાવ્ય (૧૮૪૫માં). બસ, પછી તો ગુજરાતી ભાષા અને સાહિત્ય બંને આગળ ને આગળ ચાલતાં ચાલતાં આજે તો વિશ્વખ્યાત છે.

- દલપતરામ સુધારાવાદી લેખક-કવિ હતા.
- પોતે નીતિના આગ્રહી. બોધ-ઉપદેશમાં માનતા.
- એમની કવિતા અને એમનાં નિબંધ-નાટકોમાં પણ કુરિવાજો ને અંધશ્રદ્ધા ઉપર પ્રહાર કરેલા વંચાય છે.
- બાળકો માટેની કવિતાઓમાં વારતા ગૂંથીને કહેતા.
- ભૂતનિબંધ તો સિત્તેર પેજનો. ફાર્બસે એનો અનુવાદ કરાવેલો – અંગ્રેજીમાં. ‘મિથ્યાભિમાન’ હાસ્ય-વ્યંગપ્રધાન નાટક છે. એમાં દંભ ને ખોટી મોટાઈ-ડંફાસને ખુલ્લાં પાડ્યાં છે. આજે પણ એ ભજવાય છે.
- ‘કવીશ્વર’નો ઇલ્કાબ પામેલા દલપતરામ સજ્જન અને શાણા માણસ તરીકે લોકપ્રિય હતા. શીઘ્રકવિતા જોડતા. લક્ષ્મી અને સંપની કવિતા કરતા ને ઉદ્યોગો-હુન્નરખાન-ની ચઢાઈની આગાહી કરતા. લાંબું કાવ્ય લખતા હતા. સમાજમાં ધીમે ધીમે સુધારો કરવામાં માનતા, કહેતા :

**‘લાખ કીડી પર લાડવો : આખો મેલીએ મરી જાય!**
**ભૂકો કરી ભભરાવીએ, તો ખાસી રીતે ખાય.’**

‘ફાર્બસવિલાસ’ ને ‘ફાર્બસવિરહ’ કાવ્યો એમની કવિત્વશક્તિ દર્શાવે છે. મૈત્રી- કાવ્ય અને શોકપ્રશસ્તિ એમણે આપ્યાં છે.

આપણે ગુજરાતીઓ દલપતરામને ભૂલ્યા છતાં હજીય ભૂલ્યા નથી. એમનાં ત્રણ-ચાર કાવ્યો હજી લોકોને યાદ છે. ૧. ઊંટ કહે. ૨. શરણાઈવાળો.

૩. પુરી એક અંધેરી ને ગંડુ રાજા. ૪. ઋતુઓ! – શિયાળે શીતળ વા વાય... વગેરે.

- વાંકદેખા માણસો પર કટાક્ષ કરતું : 'ઊંટ કહે, આ સમામાં –' પદ્ય હવે તો દૃષ્ટાંત ને કહેવતરૂપે લોકો પ્રયોજે છે; ઊંટ બીજાનાં વાંકાં અંગો ગણાવે છે – બગલાની ડોક, પોપટની ચાંચ, વાઘના નખ, ભેંસનાં શીંગડાં ને કૂતરાની પૂંછડી – બધાં જ વાંકાં છે – શિયાળ ઊંટને કહે છે – જવાબ આપે છે કે એમનું તો એક વાંકું છે – તમારાં તો અઢારે અંગ વાંકાં છે!!
- 'અંધેરી નગરી'માં વસ્તુઓના ભાવ પણ સારુંનરસું જોયા વિના લેવાય છે. ગુરુ રહેવાની ના પાડે છે ને ચેલો તો સસ્તું ખાવા રોકાઈ જાય છે. ચોર ખાતર પાડવા ગયા ને ભીંત નીચે દબાઈ ગયા તો ગુનો ચોર પર નહિ... પણ ભીંત ચણનાર પર ને છેવટે અલમસ્ત શિષ્યને શૂળી માટે લઈ આવે છે. પરંતુ ગુરુ ચેલાને ઉગારી, સ્વર્ગની લાલચે ગંડુ રાજાને જ શૂળીએ ચઢવા પ્રેરે છે. આ કાવ્ય આજે પણ બધે જ લાગુ પડે એવું છે.

એમનું ઋતુઓ કાવ્ય : ચોપાઈમાં છે – ઉનાળાનું વર્ણન જોઈએ :

**'ઉનાળે ઊંડા જળ જાય/ નદી સરોવર જળ સુકાય**
**ધરે વનસ્પતિ નવલાં પાન/ કેસૂડાં રૂડાં ગુણવાન**

**પ્યારા હોજફુવારા બાગ/ પ્યારાં ચંદન પંખા લાગ**
**બોલે કોયલ મીઠા બોલ/ તાપ પડે તે તો વણતોલ...'**

દલપતરામને 'શાલપાઘ'નો સરપાવ ને 'વર્ષાસન' પણ મળેલાં. પૈસો ને યશ બંને પામનાર કવિની કવિતા નવોદિત કવિઓને ખૂબ જ પ્રેરણા આપતી. બધા દલપતશૈલીથી પ્રારંભ કરતા. મેં પણ એ જ કરેલું. આજે નવોદિતો પણ દલપતરામની કવિતા પાસે જાય તો લાભ થાય એમ બને.

❑



# ૨

## સાહિત્ય આપણને શાણપણ શીખવે છે : નર્મદ

કવિતા આનંદ આપે છે એ તો ખરું, પરંતુ કવિતા-સાહિત્ય સમજણ પણ આપે છે. સમજણ આપણને શાણપણ (વિઝ્ડમ) સુધી દોરી જાય છે.

એટલે કહી શકાય છે કે કવિતા જીવનને બદલી દે છે. આપણી ભાવનાઓ, લાગણીઓને વિશુદ્ધ બનાવવાનું કાર્ય, પ્રત્યક્ષ કે પરોક્ષ રહીને કલાઓ કરતી આવી છે/કરતી રહે છે.

આપણે આપણા પ્રાણવંતા પૂર્વજ એવા મહત્ત્વના લેખકોને એટલા માટે વાંચતાં રહીએ છીએ કે એમના સાહિત્યમાંથી આપણને જીવનબળ મળે છે. આનંદ-ઉલ્લાસ-ઉત્સાહ સાથે નૂતન ઊર્જા તથા સમજણ મળે છે.

આપણે અહીં કવિ વીર નર્મદની વાત કરીને ઉપરોક્ત વાતોને વધારે સમજીએ. આ એક જ એવો ગુજરાતી કવિ છે જેના નામ આગળ 'વીર' એવું વિશેષણ લાગે છે. એવું તો કવિ નર્મદાશંકર લાભશંકર દવેએ શું કર્યું હશે? ઈ.સ. ૧૮૩૩થી ૧૮૮૬; જેટલું ટૂંકું જીવન જીવી જનાર આ નરબંકાએ – ૧. નવજાગરણનું સાહિત્ય, ૨. સમાજસુધારણા અને ૩. અન્યાય સામેની લડાઈ

આ ત્રણે બાબતો માટે જીવન દાવ પર લગાવીને ગુજરાતી પ્રજાને જગાડી ઊંચે મસ્તક રાખીને જીવવા પ્રેરી... જાતે દાખલો બેસાડવા વિધવા સાથે લગ્ન કર્યાં. ઘરમાં પત્ની હતી તોય! એ જમાનો અંધશ્રદ્ધાઓ અને કુરિવાજોથી દબાયેલો હતો.

નર્મદે હાકલ કરી : 'ડાંડિયો' નામના સામયિક વડે લોકોને લલકાર્યા!

'યા હોમ કરીને પડો ફત્તેહ છે આગે!!'

આજે આપણો યુવાન તો ઘણી વાર માત્ર બાઘો થઈને જાહેરાત જોઈ રહે છે : 'ડર કે આગે જીત હૈ' – નર્મદે તો આરંભે જ કહેલું કે – હિમ્મત રાખીને કૂદી પડો! ફત્તેહ – જીત મળવાની જ છે. સુરતમાં ચાર રસ્તા પર ઊભા રહીને એણે દાંડી પીટી!

નર્મદની ઘણી બધી વાતો (કવિતા/લેખો/નિબંધો) આજે પણ આપણી નવી પેઢીને પ્રેરિત કરવા ટટ્ટાર ઊભી છે. સાંભળો : એ કહે છે – 'ઝટ ડહોળી નાખો રે મનજળ સ્થંભ થયેલું!' જે વિચારજળ મનમાં થંભી ગયું છે – એને, ઊઠો! જલદી ડહોળી નાખો! બંધિયાર તો સડી જશે. અર્થાત્ જૂના વિચારોમાં ડૂબેલા ન રહો. તમારા વિચારો, તમારી લાગણીઓ લઈને જાહેરમાં આવો... કુરિવાજો ભગાડો!

વિધવાને પુનર્વિવાહ કરવા દો, ન્યાતમાં સ્ત્રીઓને ચોળી પહેરીને આવવા દો. એમને ભણાવો, બાળવિવાહ અટકાવો! ખોટા ન્યાતવરા ને દેખાડા-દંભ બંધ કરો!!

નર્મદ કવિતા વિશે નિબંધ લખે છે. નર્મદ આત્મકથા લખીને દાખલો બેસાડે છે. નર્મદ આપણને લાગણી ને દેશાભિમાન જેવા શબ્દો આપે છે. નવો શબ્દકોશ પ્રથમ વાર તૈયાર કરે છે. ઘરમાં ચણા ખાવાના ચાર જ આના હતા તેય બચતા નથી... પણ આ નવજાગરણકાળનો નવો સૂર્ય છે... એ ઊગીને જ રહે છે.

નર્મદ કહે છે : આવો, ભેગા મળો. વાતો કરો– વ્યાખ્યાનની કળા શીખો. નવો જમાનો આવ્યો છે. ઘરની બહાર નીકળો. મુંબઈ જાવ, વિલાયત જાવ! મહેનત કરો... મજા કરો!

નર્મદ કહે છે : 'લોકોને બૈરી કરવાનું ગમે છે ને મને કવિતા કરવાનું.' 'હું તો કવિતા જ કરીશ!'

નર્મદના પિતા લાભશંકર દવે 'લહિયો' હતા. વિધુર બાપને નર્મદ દોસ્તની જેમ સાચવતો. નર્મદે સાહિત્યનાં અનેક ક્ષેત્રોમાં પહેલ કરી. પોતાના સમાજ સામે બાથ ભીડી! સતત કાર્ય કરતો રહ્યો! છેવટે એક કાવ્યમાં – 'અવસાનસંદેશ'માં પોતાની ખુમારી પ્રગટાવતાં લખે છે :

**'નવ કરશો કોઈ શોક રસિકડાં! નવ કરશો કોઈ શોક!**
**યથાશક્તિ રસપાન કરાવ્યું : સેવા કીધી બનતી**

**પ્રેમી અંશને રુદન આવશે! શઠ હરખાશે મનથી**
**સત્ય રસિક વીર ટેકીપણું – અરિ પણ ગાશે દિલથી!'**

'કબીરવડ' કાવ્યનો આ કવિ આજેય કબીરવડની જેમ છવાયેલો છે... નર્મદ ભૂલવ્યો ભુલાય એમ નથી!



# ૩

## પ્રખર વિદ્વાન, ચિંતક અને યુગપ્રવર્તક સર્જક : ગોવર્ધનરામ ત્રિપાઠી

એક જમાનામાં (૧૮૮૫થી ૧૯૨૦) નડિયાદ 'સાક્ષરભૂમિ' કહેવાતું. ઉચ્ચ શિક્ષણ પામેલા વિદ્વાનો-લેખકો-ચિંતકોનું એ વતન અને કર્મભૂમિ પણ રહ્યું હતું. મણિલાલ નભુભાઈ, બાળાશંકર, મનઃસુખરામ અને યુગપ્રવર્તક સર્જક ગોવર્ધનરામ. આ બધા નડિયાદના નાગર બ્રાહ્મણો. આ સૌમાં ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી (ગોમાત્રિ)નું નામ અને કામ બંને મોટાં તથા યાદગાર! ગોમાત્રિ પ્રતિભાશાળી સર્જક, વિદ્વાન પુરુષ અને બહુશ્રુત સંસ્કૃતિ-ચિંતક તરીકે આજે પણ અભ્યાસનો વિષય રહ્યા છે. મહાનવલ 'સરસ્વતીચંદ્ર' ૧થી ૪ ભાગ ગોમાત્રિની પ્રતિભાનો તથા એમની વિચારશીલતાનો સુપેરે પરિચય કરાવે છે.

વાચકોને રસ પડે એવો એક પ્રસંગ છે. ભણી અને મુંબઈમાં વકીલાતનો પ્રારંભ કર્યો એ સમયનો આ પ્રસંગ છે. ઘરમાં કશો કંકાસ ચાલતો હશે એટલે યુવાન ગોમાત્રિ ગૃહત્યાગ કરવાના નિર્ધારથી ચર્ચગેટ સ્ટેશને જાય છે. ટ્રેન બહુ મોડી પડે છે. દરમ્યાન એમનું મન બદલાય છે. નિર્ણય બદલવા સાથે એ ઘરે પાછા વળે છે – ત્યારે એમના મનમાં ભારતીય અને પાશ્ચાત્ય સંસ્કૃતિ વિશે વિચારોનાં વમળ ઊમટે છે. આપણી કેટલીક રૂઢિ, જડ માન્યતાઓ અને સંકુચિતતાઓ એમને છોડવા જેવી લાગે છે. બંને સંસ્કૃતિમાંથી ઉત્તમ લઈને એક અનોખો સમાજ રચવાના વિચારોમાંથી મહાનવલકથા 'સરસ્વતીચંદ્ર'નાં બીજ અંકુરિત થાય છે. ગોમાત્રિ આપણને નૂતન મનોરાજ્ય, પ્રજાની નીતિનિષ્ઠા અને કલ્યાણગ્રામની એક નવી જ દુનિયામાં લઈ જાય છે. આખો

એ યુગ એનાથી પ્રભાવિત થાય છે; પંડિતયુગને આપણે ‘ગોવર્ધનયુગ’ એટલા માટે કહીએ છીએ.

‘સરસ્વતીચંદ્ર’ ભદ્રસમાજમાં પ્રતિષ્ઠાનો પર્યાય બની ગયેલી. વાંચે કે ન વાંચે ઘરમાં એના ચારેય ભાગ દેખાય એમ રાખતા! પાત્રોનાં ગુણ પ્રમાણે નામથી અચરજ થતું. લોકો સંતાનોનાં નામ કુમુદ, કુસુમ, સરસ્વતીચંદ્ર, ચન્દ્રકાન્ત – એવાં રાખતા થયેલા!

ગોમાત્રિનો જન્મ ૨૦-૧૦-૧૮૫૫માં. માતાનું નામ શિવકાશીબેન. પિતા માધવરામની શરાફી પેઢી હતી. કાકા મનઃસુખરામ મુંબઈ હતા. ગોમાત્રિના ભાઈ હરિરામ, બહેન સમર્થલક્ષ્મી. પત્ની હરિલક્ષ્મીનું અવસાન થતાં લલિતગૌરીને પરણેલા. પત્નીના શોકનું સુદીર્ઘ કાવ્ય રચેલું. એમના દીકરા રમણીયરાય ને દીકરીઓ લીલાવતી તથા જશવંતી. લીલાવતીને યુવાનવયે ટીબી થતાં નડિયાદ પિયરમાં હતાં. ત્યારે ગોમાત્રિ પણ વકીલાત છોડીને નડિયાદમાં રહેતા ને સર્જન-લેખન કરતા. આવક બંધ થયેલી. ને દવાનો ખર્ચ બહુ હતો. લીલાવતીના મૃત્યુ પછી ગોમાત્રિએ એનું જીવન ‘લીલાવતી જીવનકલા’ લખેલું.

પ્રાથમિક શિક્ષણ નડિયાદમાં લીધું. બાપુજીની પેઢી કાચી પડતા કાકાએ મુંબઈ બોલાવીને જોડે રાખ્યા. ગોમાત્રિ સ્નાતક થયા અને કાયદાનું ભણીને વકીલાત શરૂ કરી. એ પહેલાં એ એક-બે વર્ષ માટે ભાવનગરના રાજાના દીવાન શામળદાસના અંગત સચિવ તરીકે રહેલા. ભાવનગરનો આ અનુભવ એમને ‘સરસ્વતીચન્દ્ર’ના લેખનમાં કામ લાગે છે. સરસ્વતીચન્દ્ર (ભાગ-૧ના પ્રકરણ-૧માં) ગૃહત્યાગ કરે છે – મુંબઈથી વેપારીના વહાણમાં સુવર્ણપુર આવે છે. આ સુવર્ણપુર એ ત્યારનું ભાવનગર. એ રજવાડું. એનો કારભાર કરતા શામળદાસ દીવાન! ગોમાત્રિને અહીંથી બુદ્ધિધન મળે છે! નવલકથા વ્યાપક સમાજજીવનને બાથ ભરે છે, અનેક સંઘર્ષો ને પ્રેમ, વિરહની સંવેદનાઓને આલેખે છે. ચોથો ભાગ પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધમાં આઠસોથી વધુ પાનાં લ્યે છે. રામાયણ અને મહાભારતનાં રૂપકો દ્વારા ગોમાત્રિ એમના ચિંતનને વાચા આપે છે ને કલ્યાણગ્રામનું સ્વપ્ન પાત્રોમાં રોપે છે.

કાયદાનું ભણી રહ્યા બાદ ગોમાત્રિએ ત્રણ સંકલ્પ કરેલા. ૧. કોઈની નોકરી (ગુલામી) નહિ કરું. ૨. નિષ્ઠાપૂર્વક વકીલાત કરીશ. એને ‘ધંધો’ નહીં બનાવું. ૩. ૪૦મા વર્ષે વકીલાત છોડીશ. સાહિત્ય અને સમાજકલ્યાણમાં જીવન સમર્પિત કરી દઈશ. જોકે વકીલાત ૪૨મા વર્ષે છોડી. બાકી સંકલ્પો

પ્રમાણે જીવ્યા. મુંબઈ છોડી નડિયાદ આવી ગયેલા. લેખન-સર્જન-કુટુંબની સંભાળ સાથે સામાજિક કાર્યો કરતા ગોમાત્રિનો આ સમય બહુ કપરો રહેલો.

'સરસ્વતીચન્દ્ર' નવલકથાને નવાજતાં વિવેચકોએ એને સકલકથા, સંસારકથા, સંસ્કૃતિકથા, જગત કાદંબરી – જેવાં વિશેષ નામ પણ આપ્યાં છે. ચાર ભાગના પેટાશીર્ષકો જોવાથી પણ ભાવકને આ મહાનવલના વસ્તુજગતનો ખ્યાલ આવશે.

૧. બુદ્ધિધનનો રાજકારભાર. ૨. ગુણસુંદરીનું કુટુમ્બજાળ

૩. રત્નનગરીનું રાજતંત્ર ૪. સરસ્વતીચન્દ્રનું મનોરાજ્ય અને પૂર્ણાહુતિ!

સાચે જ આ બૃહત નવલકથા છે.

ઈ.સ. ૧૮૮૭માં પ્રથમ ભાગ અને ૧૯૦૧માં ચોથો ભાગ પ્રગટ થયો હતો.

સાવકી માની કાનભંભેરણીથી પિતાએ સરસ્વતીચન્દ્રને કઠોર વચન કહ્યાં. વહાલી વાગ્દત્તા કુમુદને છેલ્લો પત્ર લખી એ ગૃહત્યાગ કરે છે. એ જમાનામાં એ પત્ર બહુ લોકપ્રિય હતો. કુમુદનું લગ્ન બુદ્ધિધનના લપંટ પુત્ર પ્રમાદધન સાથે થાય છે. નવીનચન્દ્ર નામધારી સરસ્વતીચન્દ્ર અજાણતાં ત્યાં, બુદ્ધિધનના સદ્‌ભાવથી પહોંચે છે. કુમુદ એને ઘેર જવા વીનવે છે. પણ પછી તો કુમુદ વિધવા બને છે – સાધ્વીઓ સાથે રહે છે, ત્યાં પણ સરસ્વતીચન્દ્ર સાધુઓના મઠમાં મળે છે. એ કુમુદને પરણવા ચાહે છે પણ લેખક એને કુમુદની બહેન કુસુમ સાથે પરણાવે છે. અનેક આડકથાઓ-રૂપકોથી દુર્ગમ લાગતી કથા, એની વસ્તુસંકલના, પાત્રાલેખન, વર્ણનો અને ગદ્યસમૃદ્ધિ માટે અજોડ લેખાઈ છે.

ગોમાત્રિએ રોજનીશી જેવી – વિચારસમૃદ્ધ – સ્ક્રેપબુક લખી છે. 'સ્નેહમુદ્રા' કાવ્યસંચય, 'દયારામનો અક્ષરદેહ', 'વિવેચનલેખો' તથા 'ક્ષેમરાજ અને સાધ્વી' – નાટક વગેરે ગ્રંથો લખ્યા છે. અંગ્રેજીમાં પણ દર્શન-ચિંતન-સાહિત્યના લેખો અને વ્યાખ્યાનો મળે છે.

ઈ.સ. ૨૦૧૬માં ભારત સરકારે તેમની યાદમાં ટપાલટિકિટ બહાર પાડેલી. ઈ.સ. ૧૯૦૫માં ગોમાત્રિ ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રથમ પ્રમુખ વરાયા હતા. નડિયાદની ડાહીલક્ષ્મી લાઇબ્રેરીના પણ એ પ્રથમ પ્રમુખ નીમાયા હતા. ૧૯૦૭માં મુંબઈ ખાતે એમનું નિધન થયું હતું.

❑



# ૪

## ‘જે પોષતું તે મારતું : એવો દીસે ક્રમ કુદરતી!’ : કલાપી

કેટલાક સર્જકો એમનાં ઉપનામથી જ ઓળખાતા હોય છે. એમનું મૂળ નામ શું? – એવું પરીક્ષામાં આજ સુધી પુછાય છે. કલાપી, ધૂમકેતુ, સુન્દરમ્, મરીઝ – આ શ્રેણીનાં ઉપનામ છે. ‘કલાપી’ – એટલે સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલ. રાજવી કવિ. રાજપાટ કરતાં કવિતાને અગ્રતા આપનાર કલાપીએ કહેલું કે : ‘બની શકે તો જીવીશ એકલાં પુસ્તકોથી હું!’ પરંતુ વિધિ કઠોર નીવડી. ૨૬ વર્ષ અને ૫ માસ માંડ જીવ્યા! ને આટલાં વર્ષોમાંય એમણે કવિતાની ઉપાસના કરી તથા પ્રેમમાં ગળાડૂબ રહ્યા. એમની કવિતાએ ઘણાં વર્ષો સુધી યુવાહૈયા ઉપર પ્રેમપૂર્વક રાજ કર્યું હતું. પ્રેમની અનેકવિધ ઊર્મિઓનું આલેખન એમને લોકપ્રિય કવિ બનાવનારું પ્રમુખ પરિબળ હતું. ત્યારે પ્રેમપત્રોમાં કલાપીની કાવ્યપંક્તિઓ ટંકાતી!

કલાપી (૧૮૭૪થી ૧૯૦૦)નું જીવન-કવન ગુજરાતી સાહિત્યના પંડિતયુગ દરમ્યાન આકાર લે છે ને અસ્ત પામે છે. ૧૮૮૭માં ગોવર્ધનરામ ‘સરસ્વતીચંદ્ર’ ભાગ-૧ લઈને આવે છે. સુધારકયુગના કડખેદ વીર નર્મદ વિદાય લે છે. ને ગુજરાતી સાહિત્યમાં, મુંબઈ યુનિવર્સિટીની સ્થાપના (૧૮૫૦નો ગાળો) પછી; ત્યાંની કૉલેજોમાં ઉચ્ચ શિક્ષણ લઈને આવેલા સાક્ષરો-પંડિતો નવા પ્રકારનું સાહિત્યસર્જન લઈ આવે છે. આ યુગ તે સાક્ષરયુગ. પંડિતયુગ. અલબત્ત! કલાપી આ સાક્ષરો પૈકીના એક નથી. કલાપી તો ૧૮૮૨થી ૧૮૯૦ દરમ્યાન રાજકોટની રાજકુમારો માટેની સંસ્થામાં ભણ્યા હતા. એ શિક્ષણ હાઈસ્કૂલ કક્ષાનું. ને એમાંય ૧૮૮૯-૯૦માં

તો નવપરિણીત રાજવી બંને રાણીઓના રસાલા સાથે રહીને ભણતા હતા. પછી એ બધું છોડીને રાજ સંભાળવા – જેનો વહીવટ – સગીર કુંવર હોવાથી – કંપની સરકાર પાસે હતો તે – માટે કલાપી લાઠી પરત ફરે છે. ૧૮૯૧થી ૧૯૦૦ : આ એક દાયકો અનેક સંઘર્ષો દરરોજ કલાપીની કસોટી કરે છે. પરંતુ કલાપી કવિતાને અને (૧૮૯૫ પછી) દાસી મોંઘીમાંથી શોભના બનાવેલી પ્રેયસીને છોડતા નથી. એ માટે જીવતર ફના કરી દે છે.

પંડિતયુગના સાક્ષર-સર્જકો સાથે કલાપીને મૈત્રી થાય છે. પત્રાચાર ચાલે છે. ગોવર્ધનરામ, મણિલાલ નભુભાઈ, કાન્ત, બ. ક. ઠાકોર, બાળાશંકર, નરસિંહરાવ ઇત્યાદિ પાસેથી કલાપી સતત કવિતા વિશે જાણતા રહે છે ને કાન્તની કવિતાને માપદંડ બનાવી પોતાની કવિતાની ઊણપોને પ્રમાણતા રહે છે. બાળાશંકર પાસેથી ગઝલ વિશે તો મણિલાલ પાસેથી પ્રેમ-સંઘર્ષ સંદર્ભે આશ્વાસન પામતા કલાપી રાજવહીવટથી દૂર સરતા જાય છે ને કવિતામાં જીવ પરોવે છે. આમેય એમનાથી આઠ વર્ષ મોટાં રાણી રમાબા જ રાજપાટ ચલાવે છે. રમાબાને રાજખટપટો ગમતી. પટરાણી થવાનો એમને ભારે અભરખો હતો. જ્યારે કલાપી એમને પ્રેમ માટે નિમંત્રણ આપતા. રમાબા સાથે આવેલી દાસી મોંઘીનું રૂપ ઊઘડતાં કલાપી એને ગુજરાતી શીખવે છે... ને એમ પ્રેયસી. છેવટે એને એના પતિના ત્રાસમાંથી છોડાવીને હૃદયરાજ્ઞી બનાવે છે. રમાબા જાણે આનું વેર લેતાં હોય એમ વર્તે છે. પટરાણી બનેલાં આનંદીબા કલાપીનો પડ્યો બોલ ઝીલતાં. કલાપીની કવિતા 'હૃદય ત્રિપુટી'માં આ બધા સંઘર્ષો બોલકા બનીને પ્રગટે છે.

લાઠી દસ-પંદર ગામોનું નાનકડું હરિયાળું રાજ્ય હતું. પડખે નદી ને પાદરે મોટું તળાવ. શેરડી પાકતી. 'ગ્રામમાતા' કાવ્યમાં કવિ પોતાના અનુભવનું સારું કાવ્યરૂપાંતર કરે છે. યાદગાર કવિતા. ૧૮૮૬માં કલાપીનાં માતા રામબાનું અને ૧૮૮૮માં પિતાજીનું મૃત્યુ ઝેરથી થયેલું. મોટાભાઈ ભાવસિંહ નાની વયે ઘોડા પરથી પડી જતાં મૃત્યુ પામેલા. આવા વિષમય રજવાડામાં કલાપી, કવિ દરબાર ભરતા અને બોજ હલકો કરતા. કવિતા કલાપી માટે ખરેખર જીવનસંજીવની હતી.

કલાપીને આપણે આજે પણ એમની કેટલીક કવિતા માટે યાદ કરીએ છીએ. ૧. 'ગ્રામમાતા' : 'રસહીન ધરા થઈ છે : દયાહીન થયો નૃપ' – જેવી પ્રબોધક વાણી કહેવત બની ગઈ છે. આ કાવ્ય સુંદર શબ્દચિત્રો માટે પણ યાદગાર બની રહે છે. આરંભે જુઓ : 'ઊગે છે સુરખી ભરી રવિ મૃદુ હેમંતનો

પૂર્વમાં/ ભૂરું છે નભ સ્વચ્છ સ્વચ્છ દીસતી એકે નથી વાદળી!' શાર્દૂલ-છંદની છટા! ૨. 'એક ઘા' – શોભના સાથે રમાબાએ કરેલા આઘાતક વર્તનનો પ્રત્યાઘાત કવિ આ કાવ્યમાં આપે છે. 'તે પંખીની ઉપર પથરો ફેંકતાં ફેંકી દીધો.../ મેં પાળ્યું તે તરફડી મરે હસ્ત મારા જ થી આ./ રે રે! કિન્તુ ફરી કદી હવે પાસ મારી ન આવે.../ આવે ત્હોયે ડરી ડરી અને ઇચ્છતું ઊડવાને...' પાઠ્યક્રમમાં આવાં કાવ્યો ઘણી પેઢીઓ ભણી ગઈ છે. ૩. 'એક આગિયાને' કાવ્યમાં કવિ કહે છે કે જે પ્રકાશ આગિયાને પોતાનો ખોરાક શોધવામાં મદદ કરે છે એ જ પ્રકાશ એના મોતનું નિમિત્ત બને છે. કહેવત બની ગયેલી આ પંક્તિ વાંચીએ : 'જે પોષતું તે મારતું એવો દીસે ક્રમ કુદરતી!' 'એક ઇચ્છા', 'આપની યાદી', 'વીણાનો મૃગ', 'કુદરત અને મનુષ્ય', 'ગાલે ચૂમું કે પાનીએ' જેવી યાદગાર રચનાઓ પણ નવી પેઢી માટે પ્રેરક બને એવી છે.

અમે નવમા ધોરણમાં છંદો પાક્કા કરવા 'કલાપીનો કેકારવ' (એકમાત્ર કાવ્યસંચય) વાંચતા. આજે પણ એ થઈ શકે. 'હમીરસિંહ ગોહિલ' અધૂરું સુદીર્ઘ કાવ્ય શૌર્યનો દસ્તાવેજ છે. રાજા પ્રથમ વાર ગાદીએ બેસે એ પહેલાં એ ભારતનો થોડો પ્રવાસ કરે તો પરિપક્વતા વધે. કંપની સરકારના આ નિયમ પ્રમાણે કવિ કલાપી (૧૮૯૧-૯૨) 'કાશ્મીરનો પ્રવાસ' કરે છે ને ગ્રંથ લખે છે. કલાપીને પ્રેમ અને પ્રકૃતિનું પારાવાર ખેંચાણ હતું. એ બધાં સાથે વનમાં જવા ચાહતા હતા. રમાબા અસંમત ને આક્રમક બનેલાં. એક સાંજે રમાબાએ શોભના પાસે બેઠેલા કલાપીને બોલાવ્યા... ને પોતાના હાથે સોમલવાળા પેંડા ખવરાવ્યા – એ જ રાતે કલાપીનું અવસાન થયેલું! આ રહસ્યમય મોત કલાપીના ચાહકોને આજે પણ અજંપ કરી દે છે.

❑



# ૫

# પંડિતયુગના વિદ્વાન વિવેચક ‘ભદ્રંભદ્ર’ના સર્જક : રમણભાઈ નીલકંઠ

ગાંધીજીએ કહેલું કે, ‘રમણભાઈ નીલકંઠ એટલે સમાજસુધારો!’ જીવનમાં અને સર્જન-લેખનમાં સમાજસુધારો અને નવજાગરણની તરફેણ કરનાર રમણભાઈ નીલકંઠનો જન્મ તા. ૧૩-૩-૧૮૬૮ના રોજ અમદાવાદ મુકામે થયો હતો. માતા રૂપકુંવરબા. પિતા મહીપતરામ પણ મહાન સમાજ સુધારકોમાંના એક. પહેલવહેલા વિલાયત જનાર મહીપતરામને સમાજે ‘ન્યાત બહાર’ મૂકેલા. રૂપકુંવરબાએ એમને હિંમત બંધાવેલી. ઇંગ્લૅન્ડ પ્રવાસ વિશેનો એમનો ગ્રંથ ઘણો ધ્યાનપાત્ર ઠરેલો. આમ, રમણભાઈને વારસામાં જ સમાજસુધારો એટલે શું? ને કેમ એ જરૂરી છે? એના પાઠ ભણવા-જાણવા મળેલા! રૂઢિચુસ્ત સમાજને ‘સનાતન ધર્મ’ની જે અવળી ગતિ જોવી કે આચરવી પડી – એના મૂળમાં કયાં પરિબળો વિપરીત વલણોને પોષી રહ્યાં હતાં? એનો વિચાર અને અભ્યાસ રમણભાઈ પાસે ‘ભદ્રંભદ્ર’ જેવી હાસ્ય-વ્યંગ-કટાક્ષની પ્રથમ અને યદ્યપિ ઉત્તમ ગણાતી-વંચાતી-ચર્ચાતી રહેલી લોકપ્રિય નવલકથા લખાવી હતી! લોકો આજે પણ ‘ભદ્રંભદ્ર’ના પાત્રને (નવલકથાને) જાણે છે, રમણભાઈ ભલે યાદ ના હોય!

મહીપતરામ તો નર્મદ-દલપતયુગના – સુધારકયુગના – નવલકથાકાર-ચરિત્રકાર-પ્રવાસલેખક અને નિબંધકાર હતા. રમણભાઈ નીલકંઠ પંડિતયુગના સર્જક-વિવેચક લેખે વધારે ધ્યાનપાત્ર અને મોટા લેખક ગણાતા રહ્યા છે. નર્મદયુગમાં સુધારાવાદી વલણો બહુધા બાહ્ય આચારવિચાર અને

અંધશ્રદ્ધાની વાતો પૂરતાં મર્યાદિત હતાં. પંડિતયુગમાં સમાજસુધારાનાં વલણો વિચાર-ચિંતન, શિક્ષણ, સ્ત્રીકેળવણી, કુરિવાજો-અંધશ્રદ્ધા સામે વિદ્રોહને અમલમાં મૂકે છે. હવે માત્ર વાતો નહિ પણ આચરણ પણ ધ્યાનમાં રખાય છે.

રમણભાઈએ પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ અમદાવાદમાં લીધું હતું. મેટ્રિક થઈને ગુજરાત કૉલેજ અમદાવાદમાં દાખલ થયા પણ પછી મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાંથી બી.એ. પૂર્ણ કરેલું. એલ.એલ.બી. થઈ અને વકીલાત શરૂ કરેલી. ગોધરામાં જજ પણ રહેલા. વાર્તા-નિબંધ-વિવેચનના લેખો લખવાનું તો કૉલેજકાળથી શરૂ કરેલું. કાન્તનાં ખંડકાવ્યો અને ‘સરસ્વતીચન્દ્ર’ નવલકથા વિશે એમણે ઉમળકાથી લખ્યું હતું. લેખન સાથે સરકારી નોકરીમાં – કારકુન અને શિરસ્તેદાર તરીકે સેવારત હતા. અંગ્રેજ સરકારે એમને ‘સર’ અને ‘રાયબહાદુર’ – એવા બે ઇલ્કાબથી નવાજેલા! તેઓ અમદાવાદ નગરપાલિકા(ત્યારે)ના ઉપપ્રમુખ તથા પ્રમુખપદે પણ રહેલા. રેડક્રોસ સોસાયટીના સ્થાપક પ્રમુખ (૧૯૨૩માં) બનેલા રમણભાઈ ૧૯૨૬માં ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ વરાયા હતા! એમનું પ્રથમ લગ્ન હંસવદન સાથે થયેલું. એમનું અવસાન થતાં ૧૮૮૭માં, જાણીતાં લેખિકા અને ગુજરાતનાં પ્રથમ નારી ગ્રેજ્યુએટ એવાં વિદ્યાગૌરી સાથે બીજાં લગ્ન કર્યાં હતાં. વિદ્યાગૌરી પણ સમાજસુધારક હતાં. આ સુધારાવાદી દંપતીની બંને દીકરીઓ : વિનોદિની નીલકંઠ અને સરોજિની મહેતા, લેખિકા તરીકે જાણીતી હતી. રમણભાઈએ સાહિત્ય અને સમાજસુધારા વિશેના પોતાના તથા અન્યોના વિચારો પ્રગટ કરવા ‘જ્ઞાનસુધા’ નામનું સામયિક બે દાયકા સુધી સરસ રીતે ચલાવેલું. એમાં પ્રગટતાં વિચારો તથા ચર્ચાઓથી સાહિત્ય અને સમાજ સતત જાગૃત રહેતાં! એક નવી આબોહવા પ્રાણ પૂરતી હતી જાણે!!!

રમણભાઈના રચેલા ગ્રંથો આ પ્રમાણે છે :

૧. ‘ભદ્રંભદ્ર’ (હાસ્ય-વ્યંગની નવલકથા)

૨. ‘રાઈનો પર્વત’ (સુખ્યાત નાટક)

૩. ‘હાસ્યમંદિર અને બીજા લેખો’ (નિબંધ વગેરે)

૪. ‘કવિતા અને સાહિત્ય, ભાગ ૧થી ૪’ (વિવેચના)


આ ચારેય ગ્રંથો એમને પંડિતયુગના વિદ્વાન સર્જક-વિવેચક તરીકે પ્રસ્થાપિત કરે છે.

'ભદ્રંભદ્ર' રમણભાઈની કીર્તિદા અને હાસ્ય-વ્યંગના સંદર્ભે સદાબહાર નવલકથા છે. ગોવર્ધનરામે 'સરસ્વતીચન્દ્ર'ની રચના કરતાં લખેલું કે – 'કથારસ ભેગો ઉપદેશરસ પાઈ દેવાનો આશય છે.' પ્રબોધક નિબંધ ખૂબ જરૂરી હોવા છતાં વાચક તો દૂર ભાગવાનો! એને કથાકથનના રસમાં તલ્લીન કરીને સંસાર-જીવનના બોધપાઠ શીખવી શકાય. 'રાઈનો પર્વત' નાટક વડે રમણભાઈએ રાજ્યના સુશાસનની અને નીતિબોધની વાતો પ્રજાને પહોંચાડી હતી. 'ભદ્રંભદ્ર' અનેક રીતે નોખી કૃતિ છે. સનાતન ધર્મ-ને વિશે ટીકા લખવાથી તો અનેક લોકો નારાજ થાય એ સહજ હતું. ને રમણભાઈ ધર્મને નામે ચાલતાં અનેક ખોટાં – અનર્થકારી – હાસ્યાસ્પદ આચરણો, વિધિવિધાનોને પડકારવા ચાહતા હતા! એ કામ અતિશયોક્તિપ્રધાન, હાસ્ય-વિનોદની રીતેભાતે નવલકથારૂપે કહીને અસરકારક રીતે કરી શકાશે – એવો એમનો ખ્યાલ 'ભદ્રંભદ્ર' વડે સફળ થયો!

'ભદ્રંભદ્ર'નું નામ આજે તો અનેક સંદર્ભે કહેવત-રૂઢિપ્રયોગની જેમ પ્રયોજાય છે. નવલકથામાં ભદ્રંભદ્રના સાથી અંબારામ કથક છે... ભદ્રંભદ્ર અતિ રૂઢિચુસ્ત બલકે ધર્માંધ વ્યક્તિ છે. એમની દિનચર્યા અને ધર્માચારોમાં રહેલી દાંભિકતાને લેખક વ્યંગ્યાત્મક રીતિમાં વર્ણવે છે. નિર્દંશ હાસ્ય વડે લેખક ધાર્યું નિશાન પાર પાડી શક્યા છે. 'હાસ્યમંદિર'માંના નિબંધોમાં પણ લેખકનો સુધારાવાદી દષ્ટિકોણ રહ્યો છે. 'ચિઠ્ઠી' નિબંધ 'ભલામણ' કરવાની નીતિરીતિને સહજ ભાવે વર્ણવીને પ્રભાવકતા સિદ્ધ કરે છે. વિવેચક તરીકે 'કવિતા અને સાહિત્ય'માં વ્યક્ત થયેલા એમના અભ્યાસપૂર્ણ વિચારો ગુજરાતી વિવેચન માટે દિશાસૂચક રહ્યા છે.

ભદ્રંભદ્રના મુખે 'રેલવે સ્ટેશન'ને 'અગ્નિરથ વિરામસ્થળ' અને 'ટિકિટ'ને 'મૂલ્યપત્રિકા' કહેવડાવીને સામાન્ય લોકો સુધી પહોંચી શકેલા સર, રાયબહાદુર રમણભાઈ નીલકંઠનું તા. ૬-૩-૧૯૨૮ના રોજ અમદાવાદ મુકામે અવસાન થયું હતું. એમણે સમાજસેવા માટે સ્થાપેલો 'મહીપતરામ રૂપરામ નીલકંઠ આશ્રમ' અમદાવાદમાં આજે પણ અનેક સેવાકાર્યોથી ધમધમે છે.

❑



# ૬

## ‘નિશાનચૂક માફ, નહિ માફ નીચું નિશાન’ : બળવંતરાય ક. ઠાકોર

ગુજરાતી કવિતામાં પ્રથમ સૉનેટ કાવ્ય ‘ભણકાર’ (૧૮૮૬) લઈ આવનારા કવિશ્રી બ. ક. ઠાકોરનો જન્મ ૨૩-૧૦-૧૮૬૯માં વતન ભરૂચ ખાતે થયો હતો. બ.ક.ઠા. તરીકે ઓળખાતા રહેલા આ પ્રખર વિદ્વાન વિવેચક અને ઉત્તમ સૉનેટ કાવ્યો આપનારા ઊર્મિ અને વિચારપ્રધાન કવિતાના હિમાયતી કવિનું નામ બળવંતરાય કલ્યાણરાય ઠાકોર હતું. વિદ્વાનોમાં-મિત્રોમાં ને સમકાલીન સર્જકોમાં એ ‘બલ્લુકાકા’ હતા. એમનાં માતા જમનાબહેન! વિશા બ્રહ્મક્ષત્રિય સમાજમાં ઘડતર પામેલા બ.ક.ઠા. જ્ઞાની અને તેજસ્વી યુગપુરુષ હતા. ભરૂચમાં પ્રાથમિક શિક્ષણ લીધું. પછી પિતાની નોકરી હતી ત્યાં રાજકોટ-કાઠિયાવાડ હાઈસ્કૂલમાંથી મેટ્રિક થઈને શામળદાસ કૉલેજ ભાવનગરમાં દાખલ થયા હતા. રાજકોટ-ભાવનગરમાં ગાંધીજી એમના (મો. ક. ગાંધી નામે) – સહાધ્યાયી હતા. શામળદાસ કૉલેજ છોડીને મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાં ગયેલા. ને ત્યાંથી પૂનાની ડેક્કન કૉલેજમાં ભણીને ૧૮૮૯માં અર્થશાસ્ત્ર અને ઇતિહાસ સાથે બી.એ. થયા. અંગ્રેજીમાં પ્રથમ આવેલા.

એમ.એ.નો અભ્યાસ પડતો મૂકી – ડેક્કન કૉલેજ – પૂનાની ફેલોશિપ છોડીને કરાચીની સિંધ કૉલેજમાં પ્રોફેસર થયા હતા. ત્યાંથી અજમેરની સરકારી કૉલેજમાં જોડાયા. પાછા ૧૯૦૩થી રાજકોટની રાજકુમાર કૉલેજમાં દસ વર્ષ રહ્યા. થોડો સમય કાઠિયાવાડ એજન્સીમાં કેળવણી ખાતાના વડા

બન્યા. ત્યાંથી પાછા ડેક્કન કૉલેજ પૂનામાં નિમણૂક પામ્યા ને ૧૯૨૭ સુધી પૂના રહેલા. નિવૃત્તિનો પ્રથમ દસકો વડોદરામાં ગાળીને ૧૯૩૮થી અંતકાળ સુધી મુંબઈમાં રહ્યા હતા. ગુજરાતીમાં કાવ્યવિચાર કરનારા પંડિતયુગના કવિ-વિવેચકોમાં એ વધારે આગ્રહી અને નવું વિચારનારા પંડિત કહેવાયેલા!

પોતાના કાવ્યવિચારને અનુરૂપ કાવ્યોના નમૂના આપનાર કવિ બ.ક.ઠા.નો કાવ્યવિચાર સમજવા માટે એમણે સૂચવેલી વિભાવના, સરળ કરીને લખીએ તો –

૧. કવિતામાં ઊર્મિ અનિવાર્ય છે પણ વિચારનુંય એટલું જ મહત્ત્વ છે. વિચારપ્રધાન કવિતા જીવનના સંઘર્ષો તથા મર્મોને દર્શાવે છે. ને આવી દર્શનકેન્દ્રી કવિતા ચિરંજીવી હોય છે.

૨. કવિતા માટે પ્રેરણા – સહજસ્ફુરણા – જરૂરી છે. પણ અનુભવો, વાચન, શાસ્ત્રજ્ઞાન વિના સર્જન કદીય ઉત્તમ નથી બનતું. પરંપરાઓ જાણવી-જીવવી પડે.

૩. શબ્દાળુતા, હવાઈ ભાવનાઓ, પોચટ ઊર્મિલતા કવિતામાં નહિ ચાલે! છંદ-લય-અલંકાર-કલ્પનાવ્યાપારનું સાયુજ્ય કવિએ રચવું પડે.

૪. સંગીતકાવ્ય નહિ – અર્થમાધુર્યનું કાવ્ય હોય. અગેય પૃથ્વી છંદ, અર્થાનુસારી યતિ વગેરેથી ચિરકાલીન અને દીર્ઘ કવિતા રચી શકાય!

'કવિતાશિક્ષણ', 'લિરિક', 'નવી કવિતા વિશે વ્યાખ્યાનો' અને 'આપણી કાવ્યસમૃદ્ધિ' એમની વિવેચના અને સર્ગશક્તિનો પર્યાપ્ત પરિચય કરાવે છે.

'ભણકાર' ગ્રંથમાળા ૧-૨-૩માં એમની મોટા ભાગની કવિતા સંચિત છે. 'મ્હારાં સૉનેટ'-માં અનેક વિષયો પરનાં સૉનેટ કાવ્યો છે. પ્રેમ, પ્રકૃતિ, વાર્ધક્ય અને કવિતા વિશેનાં એમનાં સૉનેટોમાં શુષ્કતા અને વિચારભાર મર્યાદા બને છે. જોકે 'પ્રેમનો દિવસ'માં ઉત્તમ કવિતા મળે છે. દામ્પત્ય પ્રેમનાં બેનમૂન સૉનેટો બ.ક.ઠા.નું યાદગાર અર્પણ છે. 'આરોહણ' જેવા દીર્ઘકાવ્યમાં ચિંતન કદીક આસ્વાદ્ય કક્ષાએ પહોંચ્યું પણ છે.

પ્રકૃતિનો જાદુ અને કાવ્ય-પ્રસવની ક્ષણને વર્ણવતું સૉનેટ 'ભણકારા' આપણું પ્રથમ સૉનેટ કાવ્ય છે. એની ચાર પંક્તિઓ માણીએ :

**'આઘે ઊભાં તટધુમસ જેમાં દ્રુમો નીંદ સેવે,**
**વચ્ચે સ્વપ્ને મૃદુ મલકતાં શાંત રેવા સુહાવે;**
**ઊંચાં નીચાં સ્તન ધડક શાં હાલતાં સુપ્ત વારિ;**
**તેમાં મેળે તલ સમ પડે - ઉપડે નાવ મારી...!'**

નર્મદા નદી, ચાંદની રાત... ને હોડીમાં કાવ્યનાયક. કાંઠાનાં ધુમ્મસમાં ઝાંખા વૃક્ષો. જાણે સ્વપ્નવિહાર! આછાં મલકાતાં હાલતાં મોજાં પર નાવ ધીમે ધીમે ડોલતી ચાલે છે – જાણે કોઈ યૌવનાના ધડકતા સ્તન પર ઊંચેનીચે થતા તલ જેવી છે આ નૌકા!

મંદાક્રાન્તા છંદનો જાદુ બ.ક.ઠા.નાં આ ત્રણ સૉનેટોમાં માણવા જેવો છે. ૧. પ્રેમની ઉષા, ૨. જૂનું પિયેર ઘર ૩. વધામણી! પૃથ્વી બ.ક.ઠા.નો પ્રિય છંદ – અગેય અને વિચાર મૂકવાનું માધ્યમ! એ છંદમાં રચાયેલું 'મોગરો' સૉનેટ પેઢીઓએ માણ્યું છે. 'વધામણી'માં પ્રસૂતિ માટે પિયેર આવેલી નાયિકા પતિને પુત્રજન્મની વધામણી આપે છે! દામ્પત્ય પ્રેમનું બેનમૂન સૉનેટ ખૂબ પ્રસિદ્ધ છે.

**'વ્હાલા મારા નિશદિન હવે થાય ઝંખા તમારી;**
**આવો, આપો પરિચિત પ્રતીતિ બધી ચિત્તહારી!**
**મીઠી વાતો : પ્રણયી નયનો અમૃતાલાપ લાવો...'**

પ્રણયજીવન એટલે દામ્પત્ય! કવિ વાસ્તવની ભોંય પર ઊભા રહીને આપણને, સુખદુઃખ ને જીવનની ગતિ સમજાવે છે. વ્યક્તિકેન્દ્રી, વૃદ્ધાવસ્થા અને કવિતાશિક્ષણ વિશેનાં સૉનેટમાં શુષ્કતા છે પણ વિચાર પ્રાણવાન છે.

'નિશાનચૂક માફ; નહીં માફ નીચું નિશાન' જેવું પંક્તિસૂક્ત આપનાર આ પીઢ કવિ-વિવેચકનું મુંબઈ ખાતે ૧૯૫૨માં બીજી જાન્યુઆરીએ અવસાન થયું હતું.

❑



# ૭

# કઠોર નિયતિ અને જીવનની વિષમતાને આલેખતા કવિ : કાન્ત

એક વાર આપણા મૂર્ધન્ય કવિ ઉમાશંકર જોશી રાજકોટથી બસમાં ભાવનગર આવી રહ્યા હતા. એમણે કંડક્ટરને કહી રાખેલું કે ‘ચાવંડ’ ગામ આવે ત્યાં બે મિનિટ બસ રોકજે. ગામ આવ્યું. બસ ઊભી રહી. કવિ ભાવભર્યા નીચે ઊતર્યા. નીચે નમી ધરતીને વંદન કર્યાં. ચપટી ધૂળ લઈને માથે ચઢાવી. સહુ જોઈ રહેલાં. બસમાં બેસતાં કંડક્ટરે પૂછ્યું, ‘કોઈ ખાસ ભૂમિ છે? આ ચાવંડ!’ ‘હા, આપણા મોટા કવિ ‘કાન્ત’નું આ વતનગામ... એમની જનમભોમકા!’ યુવાન કંડક્ટરે જવાબ વાળ્યો : ‘સર, અમે દસમા ગુજરાતીમાં ‘મૃગતૃષ્ણા’ કાવ્ય ભણેલા એ કવિ કાન્ત! ને સર, બીજું કાવ્ય નવમામાં ભણેલા ‘ભોમિયા વિના મારે ભમવા’તા ડુંગરા...’ એય યાદ છે.’ કવિ ઉમાશંકર આંખો મીંચી સમાધિમાં સરી પડેલા. આવી વિરલ ઘટનાઓ આજે તો અસંભવ બની ગઈ છે.

આ મલક કવિતાનો છે – આજે પણ. ભાવનગર તો કવિઓનું નગર. વિનોદ જોશીનું થાણું... ત્યાંથી ઢસા આવીએ એટલે મનોહર ત્રિવેદીની કવિતાભૂમિ, ત્યાંથી નીકળો ને આવે ચાવંડ ‘કાન્ત’ મણિશંકર રત્નજી ભટ્ટની પ્રેરક ભૂમિ... ત્યાંથી થોડે જઈએ એટલે લાઠી આવે રાજવી કવિ કલાપીની પ્રેમભૂમિ! ને આગળ વધીએ એટલે ગુજરાતના લોકલાડીલા કવિ રમેશ પારેખનું અમરેલી. આ કાવ્યતીર્થોની યાત્રા મેં ઘણી વાર કરી છે. કવિતાની વાતે મન પ્રસન્ન થઈ જાય છે.

મણિશંકર ત્યારે હશે માંડ સત્તર-અઢારની વયના. છોકરો સંસારની વિષમતાઓ જોઈને હેરાન છે. સંવેદનાઓ અજંપ કરે છે. વિચારે છે કે : નિયતિ આટલી કઠોર કેમ છે? સનાતન ધર્મનો ઈશ્વર ક્રૂર કેમ છે? એ માફી કેમ નથી આપતો? કર્મોનો સરવાળો કરીને શિક્ષા કરતો પ્રભુ કરુણા કેમ નથી વરસાવતો?

આ મનોમંથનમાંથી જન્મે છે ગુજરાતીનાં ઉત્તમ ખંડકાવ્યો. 'મૃગતૃષ્ણા' – એનું પ્રથમ સોપાન! સીધી ફરિયાદ કરતું ખંડકાવ્ય. ઉનાળાની બપોર જામી છે. લોકો હોજફુવારામાં નહાય છે. ને આ હરણનું નાનું બચ્ચું મૃગજળને જળ સમજીને દોડી-હાંફી રહ્યું છે. કવિહૃદય પોકારી ઊઠે છે :

**'દીસે છે ક્રૂરતા કેવી કર્તાની કરણી મહીં!**
**માતા જો હોય તો આની સંભાળ કેમ લ્યે નહિ?!'**

સનાતન ધર્મ કહે છે : 'એનાં પૂર્વજનમનાં પાપ ભોગવે છે...' કવિ કાન્તનો વણઊકલ્યો ને મૂંઝવતો પ્રશ્ન તીવ્રતાથી પ્રગટે છે :

**'અરે! આ કોમલાંગીએ કેવાં પાપો કર્યાં હશે?**
**કર્યાં હશે તથાપિ આ ક્રૂર શિક્ષાથી શું થશે?'**

સંસ્કૃત સાહિત્ય, ઇતિહાસ અને ફિલસૂફીના પ્રકાંડ અભ્યાસી કાન્તને ક્રિશ્ચિયાનિટીમાં વધુ શ્રદ્ધા બેસે છે. ખ્રિસ્તી ધર્મ પશ્ચાત્તાપને માફી આપે છે. કવિ સ્વિડનબોર્ગને વાંચે છે ને ખ્રિસ્તી થઈ જાય છે. ઘર-કુટુંબ-સમાજ-મિત્રોમાં હલચલ મચી જાય છે. કવિ બ. ક. ઠાકોર જેવા નિકટતમ મિત્ર પણ નારાજ થાય છે. બહેનની જિદ્દે કરીને કવિ નિજ ધર્મમાં પાછા તો ફરે છે પણ મન-જીવ તો જિસસનાં ચરણોમાં જ રહે છે.

સંઘર્ષો ને મનોમંથનોને 'વસંતવિજય', 'ચક્રવાકમિથુન', 'અતિજ્ઞાન', 'દેવયાની' જેવાં સર્વોત્તમ કાવ્યોમાં ઉત્તમોત્તમ અભિવ્યક્તિ આપનાર કાન્તનું જીવન પણ એવું જ કઠોર રહેલું. પિતા રત્નજી. માતા મોતીબાઈ! 'રતન-મોતી'ને ત્યાં તો 'મણિ' જ જન્મે ને! પિતાના અવસાન પછી મણિશંકર વાંકાનેર-મોરબી ફોઈને ઘરે રહીને ભણ્યા. રાજકોટથી મેટ્રિક ને મુંબઈ યુનિવર્સિટીમાંથી સ્નાતક થયા. સખત વાચન. સંસ્કૃત અંગ્રેજી સાહિત્યનું સેવન. ને ઉત્તમ મિત્રો વચ્ચે મુંબઈમાં કેળવાયા. સુરતમાં શિક્ષક થયા. ત્યાં ચોવીસ-પચીસની વયે 'વસંતવિજય' ખંડકાવ્ય રચાયું. જે આજે પણ ગુજરાતી કવિતાનું સર્વોત્તમ કાવ્ય બની રહ્યું છે.

વડોદરામાં પ્રો. ટી. કે. ગજ્જરની સંસ્થામાં જોડાયા પણ કશા મનદુઃખે ભાવનગર આવી રહ્યા. શિક્ષક-આચાર્ય-કેળવણી નિરીક્ષકનાં પદોને ન્યાય કર્યો. પ્રથમ પત્ની નર્મદાના અવસાનનો આઘાત પીડતો હતો. બીજાં પત્ની પણ નર્મદા નામે. ઠીક ચાલ્યું. ભાવનગરનિવાસ દરમિયાન કવિને મહારાજા ભાવસિંહજી જોડે ઘણી નિકટ મૈત્રી કેળવાયેલી. સાથે ઘોડેસવારી કરતા, તરવા જતા, ને રાજમહેલે જમવા નિમંત્રણ મળતું. કવિતાની શક્તિનો આદર થાય છે.

કાન્તનો એકમાત્ર કાવ્યસંગ્રહ 'પૂર્વાલાપ' (૧૯૨૩) એમના મરણના દિવસે જ પ્રકાશિત થયેલો. વિદ્વાનોએ એમનાં ખંડકાવ્યો વિશે વારેવારે લખ્યું છે. 'ગુરુગોવિંદસિંહ', 'રોમન સામ્રાજ્ય' જેવાં નાટકો ઉપરાંત એનું ગદ્યલેખન મળે છે. કલાપી વગેરે સાથેના પત્રો પણ છે.

કાન્તનાં કથનોર્મિકાવ્યો 'ખંડકાવ્યો' તરીકે નોખાં છે. નિજી છે. એમને કોઈ આંબી નથી શક્યું. સંસારની વિષમતા, નિયતિની ક્રૂરતાની સામે કાન્તે કરુણાની અપેક્ષા રાખી. પણ એમનાં પાત્રો કરુણનો જ સામનો કરતાં રહ્યાં. વિધિની વક્રતા, શાપ, રાત્રિ, સમાજનાં બંધનો પ્રિયજનોને સુખ લેવા દેતાં નથી. રાજા પાંડુને રતિસુખ વેળાએ જ મરણનો શાપ છે. સૌન્દર્ય ત્યાગીને તપસ્વી થવા વનમાં રહેતો પાંડુ વસંતના પ્રમત્ત પરિસરમાં માદ્રી જોડે રતિસુખ લેવા જતાં મૃત્યુ પામે છે. જે પ્રકૃતિ વૃત્તિ આપે છે એ જ પાછી ઘાતક બને છે. ચક્રવાકયુગલ રાત્રિવિરહ ન વેઠાતાં ખીણમાં ઝંપલાવે છે. સહદેવનું જ્ઞાન થનારને રોકી શકતું નથી. પ્રેમ કરતી હોવા છતાં રમા પતિપ્રેમ પામી શકતી નથી. કચ-દેવયાનીનો પ્રેમ સાકાર થતો નથી. જીવન કરુણ રસથી ભરેલું છે. 'સાગર અને શશી'માં પ્રકૃતિની પ્રસન્નકર મુદ્રા આનંદ આપે છે. કાન્તનું કવિકર્મ, છંદગૂંથણી, ભાવપલટાઓ ને વર્ણનો અત્યંત રસાત્મક બનીને પ્રગટ્યાં છે.

કાન્તના ભાવસભર ને સંઘર્ષમય જીવનને આવરી લેતું ઉત્તમ નાટક 'જળને પડદે' સતીશ વ્યાસે લખ્યું છે ને અભિનેતા કમલ જોશીએ એનું ૩૦થી વધુ વખત મંચન કર્યું છે. કાન્ત હજી હાજર છે.

❑



# ૮

## 'ઊંડા અંધારેથી, પ્રભુ! પરમ તેજે તું લઈ જા.' : ન્હાનાલાલ

સાહિત્યના ઇતિહાસમાં કેટલીક ઘટનાઓ વિરલ હોય છે. ઈ.સ. ૧૮૪૫માં, 'કવીશ્વર'નું બિરુદ પામેલા (પાછલી વયે) કવિ દલપતરામે પોતાની પ્રથમ કવિતા 'બાપાની પીપળ' લખેલી. ૧૮૯૮માં દલપતરામનું અવસાન થયું ત્યારે એમના દીકરા કવિ ન્હાનાલાલે 'વસંતોત્સવ' નામની સફળ કાવ્યરચનાથી સાહિત્યજગતમાં માનભેર પ્રવેશ કર્યો હતો. ન્હાનાલાલનું ઈ.સ. ૧૯૪૬માં અવસાન થયું ત્યારે એ લેખનરત હતા. આમ બાપ-દીકરાએ ઈ.સ. ૧૮૪૫થી ૧૯૪૬ સુધી સળંગ ૧૦૧ વર્ષ ગુજરાતી કાવ્યસાહિત્યની સેવા કરી હતી. જગતસાહિત્યના ઇતિહાસમાં આવી ઘટના ભાગ્યે જ મળી આવે એવું બને! બંનેની કવિતાએ સારો પ્રભાવ પાડેલો. દલપતશૈલીમાં લખવાનો પ્રારંભ કરીને અનેક ગુજરાતી કવિઓ પછી પોતાને માર્ગે ચાલ્યા છે. તો ન્હાનાલાલની ગીતકવિતા ગુજરાતી નારીનું કંઠાભરણ ગણાઈ હતી. ગુજરાતી ગીતકવિતા ન્હાનાલાલ વડે ખૂબ લોકચાહના પામી. ન્હાનાલાલની 'રાસ' પ્રકારની ગીતરચનાઓ ગુજરાતની નવરાત્રિમાં ચૌટે ને ચોકે ગવાતી રહેલી. ન્હાનાલાલ પછી આપણને મોટા ગીતકવિ રમેશ પારેખ મળ્યા છે.

ન્હાનાલાલ કવિનો જન્મ ૧૬મી માર્ચ, ૧૮૭૭માં અમદાવાદ મુકામે થયો હતો. પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ અમદાવાદમાં લીધું. કૉલેજનું શિક્ષણ મેળવવા દલપતરામે એમને મુંબઈ મોકલેલા. ઇતિહાસ, દર્શનશાસ્ત્ર જેવા વિષયો સાથે એ અરબી-ફારસી પણ શીખ્યા હતા. સરકારી ખાતામાં એમણે

કેળવણી-નિરીક્ષકની નોકરી સ્વીકારી અને નિષ્ઠાપૂર્વક સેવાઓ આપી હતી. છાત્રાલયના વિદ્યાર્થીઓને ઘી વગરની રોટલી પીરસાતી જોઈને, એમણે પોતાના પૈસે છાત્રો માટે ઘી મંગાવવા માણસ મોકલેલો. પછી સરકાર તરફથી રેશનના પૈસામાં – ઘી માટે – વધારો કરાવેલો.

માણેકબેન સાથે એમનું લગ્ન થયું હતું. બહોળો પરિવાર સુખી હતો. ન્હાનાલાલ સ્વભાવે થોડા આકરા અને જિદ્દી મનના માણસ હતા. ગાંધીજીની વ્યક્તિપ્રતિભાની પ્રશંસા કરતી કવિતા એમણે એમની પ્રયોજેલી 'ડોલનશૈલી'માં લખી હતી, 'ગુજરાતનો તપસ્વી!'. જોકે પછી એમને બાપુ સાથે વાંકું પડેલું ને એ વિમુખ થઈ ગયા હતા. કિશોરાવસ્થામાં બહુ તોફાની હતા. દલપતરામને કવિએ ખાસ્સું પજવેલા. એનું પ્રાયશ્ચિત્ત જાણે કે 'પિતૃતર્પણ'માં કરેલું પમાય છે. દલપતરામની પ્રતિભા અને કર્મઠતાને આલેખતું આ દીર્ઘકાવ્ય પ્રવાહી-સહજ-સરળ છતાં પ્રભાવક ભાષામાં લખાયેલું છે. એનો અનુષ્ટુપ છંદ હૈયે જોડાઈ જાય એવો છે :

**'છાયા તો વડલા જેવી : ભાવ તો નદના સમ**
**દેવોના ધામના જેવું : હૈડું જાણે હિમાલય!'**

'ન્હાનાલાલના રાસ' ભાગ ૧/૨, 'ચિત્રદર્શનો' અને 'ન્હાનાલાલ મધુકોષ'માં એમની કવિતા સંચિત થયેલી છે. 'ચિત્રદર્શનો' એક રીતે કહીએ તો 'ચરિત્રદર્શનો' છે. ન્હાનાલાલે અપદ્યાગદ્ય (ડોલનશૈલી)નું મુક્ત લયવાળું માધ્યમ પ્રયોજ્યું હતું. છંદના સીમાડા ઓળંગીને એમની કેટલીક કવિતા તથા ભાવનાપ્રધાન નાટકો આવી ડોલનશૈલીમાં લખાયાં હતાં. 'ચિત્રદર્શનો'માં 'સૌભાગ્યવતી', 'ગુરુ કાશીરામ દવે' તથા ગાંધીજી વિશેની રચના 'ગુજરાતનો તપસ્વી'માં કવિનો ભાવનાલોક અને જીવનના આદર્શો મૂર્તિમંત થતા દેખાય છે.

કવિની ચાર બહુ ધ્યાનપાત્ર રચનાઓ જોઈએ :

૧. વીરની વિદાય (ગીત). પત્ની યુદ્ધમાં જતા પતિને તિલક કરીને વિદાય આપતાં કહે છે : 'મારા કેસરભીના કંથ રે સિધાવો જી રણવાટ...' યુદ્ધ જીતીને આવશો ત્યારે/ તો ફાગ ખેલીશું. 'નહિતર વીરને આશ્રમ મળીશું સુરગંગાને ઘાટ..!'
૨. 'કાઠિયાણીનું ગીત' પ્રેમશૃંગારની વાત કહે છે. 'નેણથી ભાલા છોડતો; એના વાંકડિયાળા કેશ/ ધણ વાળીને વળશે મારો કંથડ જોબન વેશ!'

૩. ‘તાજમહેલ’ વિવિધ છંદોમાં રચાયેલી લાંબી રચનામાં પ્રેમ તથા એની અમરતાનું ગાન થયું છે.
૪. ‘શરદપૂર્ણિમા’ રચનામાં પણ ભાવ પ્રમાણે છંદો પ્રયોજેલા છે. કવિ પૂર્ણિમાના ઉદય સાથે કિશોરીના મનમાં પ્રગટતા પ્રથમ પ્રેમનું આલેખન કરે છે. ન્હાનાલાલ પ્રેમ અને પ્રકૃતિનું સુંદર આયોજન કરનારા કવિ છે.

‘સૂનાં આ સરોવરે આવો હો, રાજહંસ’/ ‘ઝીણા ઝરમર વરસે મેહ’ – જેવી ઘણી રચનાઓમાં કવિનો ભાવનાવિહાર ધ્યાન ખેંચે છે. જોકે ઘણી વાર નર્યો કલ્પનાવિહાર અને શબ્દાળુતા એમની કવિતાની મર્યાદા બની જાય છે. બ.ક.ઠા.એ એમની કવિતામાં વાસ્તવનું ગાન ઓછું ને હવાઈ તત્ત્વ વિશેષ જોયેલું. કવિનાં ‘ઇન્દુકુમાર’ અને ‘જયાજયંત’ જેવાં નાટકોમાં પણ નર્યા આદર્શોની અભિવ્યક્તિ છે. આ નાટકોમાં તખ્તાલાયકી પણ નથી. એમણે ઐતિહાસિક-પૌરાણિક વિષયો લઈને પણ નાટકો લખ્યાં છે. ઇતિહાસના ગ્રંથો ઉપરાંત ‘ઉષા’, ‘સારથી’ જેવી નવલો તથા ‘પાંખડીઓ’ નામે ભાવનાપ્રધાન વાર્તાઓ વગેરે લખેલાં છે.

ઊર્મિકવિ તરીકે જાણીતા ન્હાનાલાલે મહાકાવ્ય લખવાનો અપૂર્ણ પ્રયાસ કરેલો છે. કેટલીક ભક્તિરચનાઓ અને પ્રાર્થનારૂપે ગવાતી રચનાઓ આજે પણ લોકજીભે રમે છે! ‘મારાં નયણાંની આળસ રે... હરિને ના નીરખ્યા જરી...’ ‘આ ફૂલ ખીલે શતપાંખડી... હરિ આવો ને!’ અને ‘અસત્યો માંહેથી પ્રભુ પરમ સત્યે તું લઈ જા....’ હજીયે સ્કૂલોમાં પ્રાર્થનારૂપે રોજ ગવાય છે.

આઝાદીનાં આંદોલનોથી પ્રભાવિત થઈને, પાછળથી એમણે સરકારી નોકરી છોડી દીધી હતી. ટાઉનહૉલ, એમ. જે. લાઇબ્રેરી, અમદાવાદ પાસેનો રોડ કવિ ન્હાનાલાલ માર્ગ તરીકે ઓળખાય છે. ત્યાં એમની અર્ધપ્રતિમા પણ છે. ૧૯૪૬ના જાન્યુઆરીમાં કવિનું અમદાવાદ એમના નિવાસસ્થાને અવસાન થયું હતું.

❑



૯

# પ્રેમ, શૌર્ય, સાહસ અને અસ્મિતાના ઉદ્‌ગાતા : ક. મા. મુનશી

કનૈયાલાલ માણેકલાલ મુનશી (૧૮૮૭-૧૯૭૧) એટલે ક. મા. મુનશી વિશે ટૂંકમાં લખવું અસંભવ છે – અશક્ય છે. મુનશી એટલે અનેક સંસ્થાઓના સ્થાપક. ‘સ્વપ્નસિદ્ધિની શોધમાં’ નીકળેલો અને સંઘર્ષો કરીને સફળ થયેલો રંગદર્શી જીવનયોદ્ધો અને ગુજરાતી સાહિત્યનો દિગ્ગજ સર્જક! ગુજરાતી-અંગ્રેજી-હિન્દી ત્રણે ભાષામાં મુનશીએ મહત્ત્વના ગ્રંથોનું સર્જન-લેખન કર્યું છે. પણ એમની સર્જકતા ગુજરાતી નવલકથા-નાટક-વાર્તા ક્ષેત્રે નિખરી, મહોરી અને એની ઊંચાઈએ જઈને અટકી. એમના અભ્યાસમાં અને વિદ્વત્તાનાં ક્ષેત્રોમાં કાયદો, સંસ્કૃતિ, રાજનીતિ, તત્ત્વજ્ઞાન તથા ઇતિહાસનો સમાવેશ કરવો જ પડે.

ક. મા. મુનશીએ સાહિત્ય, કલા અને સર્વાંગી શિક્ષણ માટે ભારતીય વિદ્યાભવન (ભવન્સ : મુંબઈ)ની સ્થાપના કરી એનો મૂલ્યલક્ષી અને પરિણામગામી વિસ્તાર કર્યો. મુનશી એટલે ભારતીય અસ્મિતાના ભેખધારી ઉદ્‌ગાતા! આઝાદી પહેલાં જ મુનશીએ સાંસ્કૃતિક પુનરુત્થાન માટે સ્વપ્નો સેવ્યાં ને ખૂબ કામ કર્યું. એમના નવલકથાલેખનમાં છેવટનું દર્શન પણ એ જ છે. વીસમી સદીના પૂર્વાર્ધમાં ગાંધીજી, સરદાર અને જવાહર જેવી પ્રતિભાઓ સાથે પોતાનાં કાર્યો અને તેજસ્વી, બુદ્ધિ પ્રતિભાથી એ પોતાની જગ્યા બનાવી શકેલા. બંધારણનો મુસદ્દો ઘડવામાં મુનશીનું મહત્ત્વનું યોગદાન હતું. બંધારણ રચવા બાબતની તમામ સમિતિઓમાં મુનશી સભ્યપદે રહેલા. અગ્રણી વકીલોમાંય એમનું સ્થાન મોખરાનું હતું. આઝાદી

પહેલાં રચાયેલી પ્રાંતીય સરકારમાં એ ગૃહપ્રધાન હતા અને હુલ્લડો રોકવા અંગ્રેજ કમિશનરની કચેરીમાં બેસીને આદેશો આપીને ૧૮૦૦ માણસોની ધરપકડ કરાવીને હુલ્લડો શાંત કરેલાં. આઝાદી પછી પણ રાજકારણમાં એમનો દબદબો હતો. છેલ્લે એ ઉત્તરપ્રદેશના રાજ્યપાલ પદે રહેલા.

આવા પ્રખર વિદ્વાન અને વિરલ પ્રતિભાશાળી મુનશીનું પોતાનું અંગત જીવન વળી વધારે નોખું ને અચરજકર હતું. પોતાના વંશનું અપાર ગૌરવ ધરાવતા ભરૂચના મુનશી પરિવારમાં જન્મ. માતા તાપીબાએ પુરાણો ને શાસ્ત્રોના પાઠ ભણાવીને સંસ્કાર સિંચ્યા. 'ટેકરાના મુનશીઓ'નું રંગીન જીવન એમણે વર્ણવ્યું છે. પિતા માણેકલાલ એમને અગિયાર વર્ષના મૂકીને અવસાન પામેલા. માતાએ રિવાજ પ્રમાણે તેર વર્ષના કનૈયાલાલનાં લગ્ન અતિલક્ષ્મી સાથે કરાવી દીધેલાં. મુનશીના જીવનમાં આ પ્રકરણ પછી અસંતોષ જગવતું રહેલું. પ્રેમની અતૃપ્તિમાં એકલવાયા મુનશી સચીનમાં જોયેલી કોઈ કન્યા માટે ઝૂરતા રહ્યા ને છેવટે લીલાવતી શેઠમાં પોતાનું મનગમતું પ્રિયજન પામ્યા. લીલાવતી સાથેના પ્રેમમાં એટલા ગળાડૂબ હતા કે સવારે ઑફિસે જતાં ને સાંજે વળતાં – એમ દિવસમાં બે પ્રેમપત્રો આપતા. આકરા સ્વભાવનાં બાને મનાવીને એ જમાનામાં મુનશી પત્ની અને પ્રેયસી (લીલાવતી)ને સાથે લઈને યુરપ પ્રવાસ કરી આવેલા. મુનશીનાં પ્રેમ અને શૌર્ય, વિલક્ષણ બુદ્ધિમત્તા અને સાહસિકતા એમની કથાવાર્તાનાં પાત્રોમાં એમ જ નથી આવ્યાં!

બરોડા કૉલેજમાં શ્રી અરવિંદ પાસે ભણવા મળ્યું. એમનાથી પ્રભાવિત થયા. પરંતુ ગાંધીજી અને દયાનંદ સરસ્વતીને જીવન આદર્શ તરીકે સ્વીકાર્યા હતા. તેમ છતાં એમને માટે શ્રીકૃષ્ણ જ સર્વસ્વ હતા. એમના પ્રત્યેક કાર્યના કર્તા શ્રીકૃષ્ણ છે ને પોતે તો સાધનમાત્ર છે એવું માનતા. 'કૃષ્ણાવતાર'ના છ ભાગ લખવામાં એમણે શેષ જીવન સમર્પિત કરી દીધેલું. ૧૯ વર્ષની વયે ભરૂચમાં પ્રજા માટે દાદાભાઈ નવરોજજી લાઇબ્રેરી સ્થાપેલી. કાયદાનું ભણવા મુંબઈ ગયા ત્યારે ચાલીની ઓરડીમાં રહેવું પડેલું. પણ પછી મોટા વકીલ ને ખૂબ વંચાતા લેખક તરીકે ખ્યાતિ પામ્યા. 'ગુજરાત' ને 'હંસ' સામયિકોના સંપાદક બન્યા. રણજિતરામના પાડોશી હોવાના લાભ પામ્યા ને ત્રણ દાયકા સુધી ગુજરાતી સાહિત્ય પરિષદનું જતન-સંવર્ધન કરતા રહેલા.


'પાટણની પ્રભુતા', 'ગુજરાતનો નાથ', 'રાજાધિરાજ', 'જય સોમનાથ' ને 'પૃથ્વીવલ્લભ' જેવી ઉત્તમ નવલકથાઓમાં ગુજરાતના સોલંકી રાજાઓની

રાજકથાઓને 'ઐતિહાસિક રોમાંસ'માં પલટીને યુદ્ધ, શૌર્ય, પ્રેમ અને અસ્મિતાનું અપૂર્વ સૌંદર્યગાન રજૂ કર્યું. ગુજરાતી સાહિત્યને એમનું આ વિરલ અર્પણ છે. 'કાકાની શશી', 'છીએ તે જ ઠીક', 'લોપામુદ્રા' – જેવાં નાટકો અને ત્રણ ભાગમાં આત્મકથા વગેરે કૃતિઓ પણ એમનું મૂલ્યવાન અર્પણ છે.

'નીતિને કલાની વિષકન્યા' માનનાર મુનશીએ પ્રેમને અનેકવિધ કસોટીએ ચઢાવ્યો છે. એમની નવલકથાનાં પાત્રો – નર હોય કે નારી – પ્રતાપી અને પ્રભાવી રહ્યાં છે. 'ગુજરાતનો નાથ'માં મુંજાલ માટે મીનળદેવીની આસક્તિ ભિન્નભિન્ન ભૂમિકાએ, સાંકેતિક રીતે આલેખીને મુનશીએ ઊંચી કક્ષાની સર્જકતા દાખવી છે. મુત્સદ્દી મુંજાલ પણ પ્રિયજન માટે સોરાય છે. પણ અભિવ્યક્તિ વ્યંજનાપૂર્ણ રાખીને મુનશીએ એ બે મહાન પાત્રોને સંઘર્ષમય દર્શાવીને એમની ઉદાત્તતા સાચવી છે. કાક અને મંજરી પરસ્પરની ઉપેક્ષા અને અવમાનના કરતાં રહે છે. છેવટે એ આક્રમક પ્રેમનું સુખ પામે છે. 'પૃથ્વીવલ્લભ'માં પણ નફરત તીવ્ર પ્રેમમાં પલટાઈ જાય છે. પીડા આપીને ખુમારી અનુભવતો આવો દાહક ને ગર્વિષ્ઠ પ્રેમ સાહિત્યમાં વિરલ છે.

ભીમદેવ અને ચૌલા (જય સોમનાથ), ત્રિભુવનપાલ અને કાશ્મીરાનાં પ્રેમસંવેદનો, તલસાટ, ઝંખના વળી ભિન્ન રીતે પ્રગટ કર્યાં છે. 'લોપામુદ્રા'માં લોપાની પ્રેમચેષ્ટાને 'વાસના' કહેતા અગસ્ત્યને લોપા સણસણતો જવાબ આપી પ્રેમનું ગૌરવ કરે છે ને પોતાને કવિઓની કવિતા સાથે સરખાવે છે. મુનશીના સર્જનાત્મક ગદ્યની છટાઓ પામવા 'કીર્તિદેવનો મુંજાલ સાથે મેળાપ' અને 'સજ્જનનું પ્રયાણ' જેવાં પ્રકરણો વાંચવાં જોઈએ. પ્રેમ અને સાહિત્યને જીવનની મોંઘેરી જણસ માનનારા ક. મા. મુનશી આપણા સદાબહાર સર્જક રહ્યા છે.

❑



# ૧૦

## ગુજરાતી ટૂંકીવાર્તાનો મજબૂત પાયો નાખનાર સર્જક : ધૂમકેતુ

મલયાનિલની 'ગોવાલણી'ને આપણે ગુજરાતી ભાષાની પ્રથમ ટૂંકીવાર્તા તરીકે ભલે માનીએ-સન્માનીએ, પરંતુ ગુજરાતી ટૂંકીવાર્તાના ખરા 'પાયોનિયર' તો 'ધૂમકેતુ' જ રહ્યા છે. ટૂંકીવાર્તાનો મજબૂત પાયો નાખનાર ધૂમકેતુએ એ પાયા ઉપર અનેક ઓરડાવાળી ભાતીગળ ઇમારત પણ રચી આપી હતી. ધૂમકેતુના આગમન સાથે આપણી વાર્તાકળામાં કલાત્મકતાનો નિખાર જોવા મળે છે. એમાં વર્તમાન અને વાસ્તવ ઝિલાય છે. ભવિષ્યની ટૂંકીવાર્તાની મનભાવન એંધાણીઓ પણ ધૂમકેતુની વાર્તાઓમાં વર્તાય છે.

સાડા ચારસોથી વધુ વાર્તાઓ – આશરે વીસ-બાવીસ જેટલા વાર્તાસંચયોમાં – આપનાર ધૂમકેતુના પ્રવેશ સાથે ગુજરાતી ટૂંકીવાર્તા મહત્ત્વનો વળાંક લે છે.

- ધૂમકેતુની વાર્તાઓમાં વિષયક્ષેત્ર વિસ્તર્યું. વાર્તામાં ધ્વનિતત્ત્વનું મહત્ત્વ સ્વીકારાયું.
- પ્રકૃતિ-પરિવેશ વચ્ચે ચરિત્રચિત્રણ જીવંત બને છે. વનજીવન, ગ્રામ અને શહેરી જીવનની છબીઓ પ્રગટે છે.
- એક તરફ પોતાની મસ્તીમાં-ધૂનમાં જીવતાં પાત્રોનું ભાવજગત છે, તો એની સાથે ભાવનાવાદી-રંગદર્શી જીવનનો કરુણ પણ વાર્તાઓને સુખપાઠ્ય બનાવે છે.
- યંત્રસંસ્કૃતિના પ્રભાવ નીચે દબાતા જતા કૃતક નગરજીવનની દાહકતા સામે પ્રકૃતિની ગોદમાં જિવાતા ગ્રામજીવનની સમભાવી

અને મુક્ત ભાવસૃષ્ટિ એમની વાર્તાઓનો ધ્યાનપાત્ર વિશેષ બની રહે છે.

- ધૂમકેતુના આગમન સાથે પ્રથમ વાર કાવ્યમય ગદ્યમાં પ્રકૃતિનાં સરસ શબ્દચિત્રો મળે છે. પ્રેમ માટે ન્યોછાવર થતાં ચરિત્રો રસાળ શૈલીમાં આલેખાતાં જોવા મળે છે.

'ટૂંકીવાર્તા એટલે તણખો' – એવી વ્યાખ્યા આપનાર ધૂમકેતુના સર્જનલેખનમાં વ્યક્તિ, ગામડું, પશુ-પંખી અને ધરતી માટેનો પ્રેમ મુખ્યત્વે છલકાતો અનુભવાય છે.

'ધૂમકેતુ' ઉપનામધારી લેખક ગૌરીશંકર ગોવર્ધનરામ જોશીનો જન્મ ૧૮૯૨માં વીરપુર (જલારામ) ખાતે ગંગાબાની કૂખે થયો હતો. એમને બે ભાઈઓ – રામજી અને અંબાશંકર – હતા. ૧૯૧૦માં કાશીબેન સાથે લગ્ન કર્યાં. પુત્રી ઉષા અને દક્ષિણ-અશ્વિન-ઘનશ્યામ ત્રણ પુત્રો હતા. બાળપણનાં વર્ષોમાં વીરપુર આસપાસના ગ્રામપરિવેશમાં ભેંસો-ગાયો ચરાવતા અને કુદરતનાં રૂપ પામવા સાથે ગ્રામજનોના ભાવલોકનો અભ્યાસ કરતા. ધરતી અને પ્રકૃતિ સાથે અતૂટ એવો નાતો બંધાયો. ગ્રામજીવન લોહીના લયમાં ભળી ગયું જે એમની વાર્તા-કથામાં સહજ રીતે પ્રગટ્યું છે.

૧૯૧૭માં પોરબંદરથી મેટ્રિક અને ૧૯૨૦માં જૂનાગઢ બહાઉદ્દીન કૉલેજમાં ભણીને બી.એ. થયા. શિક્ષક અને કારકુન થયા. પછી અમદાવાદને કર્મભૂમિ બનાવ્યું. શેઠ અંબાલાલ સારાભાઈની ખાનગી સ્કૂલમાં જોડાયા. શિક્ષક તરીકે ખ્યાતિ પામ્યા. ચીનુભાઈ બેરોનેટની સ્કૂલે એમને માનથી તેડાવેલા. અનેક ઘાતોમાંથી કુદરતે બચાવેલા. ૧૯૪૪માં ગુજરાતી સાહિત્ય પરિષદના ત્રેવીસમા અધિવેશનમાં સાહિત્ય વિભાગના પ્રમુખ થયા. 'પોસ્ટઑફિસ' વાર્તાએ રાષ્ટ્રીય કક્ષાએ કીર્તિ અપાવી. ૧૯૫૩માં દિલ્હી આકાશવાણી પરથી એમણે એ વાર્તાનું પઠન દ્વારા પ્રસારણ કરેલું. અમદાવાદમાં રહીને એમણે સમાજસેવાનાં ને પ્રજાકલ્યાણનાં ઘણાં કાર્યો કર્યાં હતાં.


એમનાં સર્જન-લેખનના ગ્રંથોની સંખ્યા ૮૦થી વધુ છે. વાર્તાઓ : 'તણખામંડળ ૧થી ૪', 'ધૂમકેતુની વાર્તાઓ ભાગ ૧થી ૧૧', અજિત ભીમદેવ, ચૌલાદેવી, આમ્રપાલી જેવી નવલકથાઓ. જીવનપંથ આત્મકથા, બાળસાહિત્ય, ચિંતન, વિવેચનના ગ્રંથો સાથે 'જિબ્રાનનું જીવનદર્શન' વગેરે નોંધપાત્ર છે.

ધૂમકેતુની સુખ્યાત વાર્તા 'પોસ્ટઑફિસ' આજે પણ ગુજરાતી ભાવકોમાં ચર્ચાતી રહી છે. વાર્તાનું મુખ્ય પાત્ર છે કોચમેન અલીડોસો. વહેલી સવારે નિયમિત, દીકરી મરિયમનો કાગળ મેળવવા પોસ્ટઑફિસ જઈને બેસે છે. બધા એની મજાક પણ કરે છે. યુવાનીમાં અઠંગ શિકારી રહેલો અલીડોસો હવે બદલાઈ ગયો છે. કારકુનને સોનાની ગીની આપીને, છેવટે કબર પર પત્ર પહોંચાડવા કહીને, ડોસો ચાલ્યો જાય છે – દુનિયામાંથી પણ! પોસ્ટમાસ્તર પોતાની દીકરીનો કાગળ મેળવવા બેચેન છે ત્યારે અલીનો કાગળ આવે છે. પોસ્ટમાસ્તરને પિતાની લાગણી સમજાય છે. અલીની કબર પર કાગળ મૂકવા જવાનું નક્કી થાય છે. અહીં લાગણીને કિનારે માણસમાત્ર સરખાં છે – એવો ધ્વનિ ઊઠે છે.

'રજપૂતાણી' વાર્તામાં પત્નીને તેડવા જતો રાજપૂત રૂપેણ નદીમાં ડૂબી જાય છે. પ્રેમ-વાસના ન સંતોષાતાં અવગતે ગયેલો રજપૂત પ્રેત થાય છે. પત્નીને જોવાની લાલસા છે. ધોરીમાર્ગ ઉજાડીને બેઠેલા પ્રેતને ચારણ મળે છે ને એના વચને રજપૂતાણીને રૂપેણ કાંઠે તેડી લાવે છે. પ્રેત રજપૂતનો પીછો કરતી – તલવારથી એને મારવા ચાહતી રજપૂતાણીને પ્રેત ઊંડા જળમાં ખેંચી જાય છે. વાચકના ચિત્તમાં વિચારનો તણખો મૂકી જનારી આવી વાર્તાઓ ઘણી છે. 'પૃથ્વી અને સ્વર્ગ' વાર્તા પણ, માનવો લોભ-લાલચ-પ્રેમ-ધન અને સ્વાર્થના ચકરાવામાં પડીને સ્વર્ગ જેવું જીવન ખોઈ બેસે છે એની વાત કરે છે. સૌન્દર્યવાદી દૃષ્ટિકોણ સાથે ધૂમકેતુ 'ગોવિંદનું ખેતર' અને 'ભૈયાદાદા' જેવી વાર્તાઓમાં નગરજીવન અને યંત્રસંસ્કૃતિ સામે ગામડું અને માનવતાને ચીંધતા વાસ્તવવાદની જિકર કરે છે. 'સોનેરી પંખી', 'મદભર નૈનાં', 'હૃદયપલટો' જેવી કેટલીય વાર્તાઓ કલાગુણ પણ દાખવે છે.

ધૂમકેતુની નવલકથા 'ચૌલાદેવી' તથા એમની આત્મકથા ગદ્યની રીતે પણ આસ્વાદ્ય છે. ચિંતનકણિકાઓ દ્વારા ધૂમકેતુ જીવનદર્શન રજૂ કરતા પમાય છે. 'માણસ પોતાની દૃષ્ટિ છોડીને બીજાની દૃષ્ટિથી જોતાં શીખે તો અરધું જગત શાંત થઈ જાય.' આવું યાદગાર દર્શનચિંતન પીરસનાર ધૂમકેતુનું ૧૯૬૫માં અમદાવાદ ખાતે અવસાન થયું હતું.

❑



# ૧૧

## ગાંધીયુગના કવિગુરુ અને સર્જક-વિવેચક : રા. વિ. પાઠક

ગુજરાતી સાહિત્ય-રસિકો શ્રી રામનારાયણ વિશ્વનાથ પાઠકને કવિ, વાર્તાકાર, નિબંધકાર અને વિદ્વાન વિવેચક તરીકે સારી રીતે જાણે છે – ઓળખે છે. એમની એક ઓળખ ગાંધીયુગના સર્જકોના 'કવિગુરુ' પાઠકસાહેબ તરીકેની પણ છે. 'પ્રસ્થાન' જેવું ગુણવત્તાસભર સાહિત્યનું માસિક એમણે ચલાવ્યું હતું. જેમાં એમણે પન્નાલાલ પટેલની વાર્તાઓ પ્રગટ કરીને ગુજરાતને એક નવયુવાન અને તળના મલકના આ લેખકનો પરિચય કરાવ્યો હતો. ઉમાશંકર–સુન્દરમ્–સ્નેહરશ્મિ–મડિયા–મેઘાણી–પેટલીકર–શ્રીધરાણી સમેત અનેક નવલેખકોનું પાઠકસાહેબે 'પ્રસ્થાન' દ્વારા પ્રત્યક્ષ-પરોક્ષ ઘડતર કરેલું.

ગુજરાતીમાં બહુમુખી પ્રતિભા ધરાવનાર થોડાક પણ ઉત્તમ સર્જકોમાં રા. વિ. પાઠકનું નામ પ્રથમ પંગતમાં આવે. એમણે 'દ્વિરેફ'ના ઉપનામથી વાર્તાઓ લખી : 'દ્વિરેફની વાતો' ૧-૨-૩ ભાગ! 'શેષ'ના ઉપનામથી કવિતા લખી. 'શેષનાં કાવ્યો' અને 'વિશેષ કાવ્યો'. વળી નિબંધો એમણે 'સ્વૈરવિહારી'ના ઉપનામથી લખ્યા. 'સ્વૈરવિહાર' ૧-૨, 'મનોવિહાર' વગેરે! આ ત્રણે સાહિત્યસ્વરૂપોમાં એમનું યોગદાન ધ્યાનપાત્ર અને પ્રેરક રહ્યું છે. વાર્તા-કવિતા-નિબંધમાં આપણે ત્યાં, ત્યારે અને આજે પણ, હાસ્ય અને વ્યંગનો ખાસ્સો અભાવ જોવા મળ્યો છે, ત્યારે પાઠકસાહેબના સર્જન-લેખનમાં હાસ્યરસનું નિર્દંશ આલેખન જમાપાસું બની રહ્યું છે. વ્યંગ અને

મર્મથી એમના નિબંધો-કાવ્યો-વાર્તાઓ વિશેષ ઓળખ પામ્યાં છે. દા.ત., ‘જક્ષણી’ વાર્તા! ‘ખરાબ કરવાની કળા’ નિબંધ અને ‘ઉમામહેશ્વર’ જેવું કાવ્ય તમને હસાવવા સાથે જીવનનો મર્માર્થ પણ સંપડાવશે.

રા. વિ. પાઠકનો જન્મ મોસાળ ગામ ગાણોલ, તા. ધોળકા ખાતે તા. ૮-૪-૧૮૮૭ (ચૈત્રી પૂનમે) થયો હતો. માતા આદિબાઈ. પિતા વિશ્વનાથ પાઠક શિક્ષક હતા. પાઠકસાહેબના દાદા સદારામ પરંપરાના જ્ઞાની પંડિત હતા. રામનારાયણનું નાનપણનું નામ બટુકભાઈ. તેઓ મેટ્રિક સુધી ભાવનગરની આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં ભણ્યા હતા. બી.એ. વિલ્સન કૉલેજ મુંબઈથી થયા. એલ.એલ.બી.નું ભણીને સાદરામાં વકીલાત કરેલી. ઈ.સ. ૧૯૧૧નો એ ગાળો હતો. પછીનાં વર્ષોમાં ગૂજરાત વિદ્યાપીઠમાં જોડાયેલા – શિક્ષક તરીકે એ જાણીતા થયેલા. ૧૯૨૭માં વિનયમંદિરમાં આચાર્ય રહેલા. પછી થોડાં વર્ષો મુંબઈમાં અધ્યાપક રહ્યા હતા. અમદાવાદની શિક્ષણ અને સાહિત્યની સંસ્થાઓ સાથે પણ એ જોડાયેલા હતા. અમદાવાદમાં પણ ૧૯૩૫ની આસપાસથી રહેવા આવેલા. મુંબઈમાં પણ એમનો નિવાસ રહેતો. વિદ્યાર્થીઓથી સતત ઘેરાયેલા પાઠકસાહેબ વત્સલ ગુરુ અને પ્રેમાળ માર્ગદર્શક હતા. ડૉ. ધીરુભાઈ ઠાકર એમની પાસે પીએચ.ડી. થયેલા! પાઠકસાહેબ ઉત્તમ વિદ્યાગુરુ હતા.

પાઠકસાહેબનાં પ્રથમ પત્ની મણિગૌરીનું ૧૯૧૮માં અવસાન થયેલું. ત્યારે એમણે લખેલું સૉનેટ કાવ્ય : ‘છેલ્લું દર્શન’ ગુજરાતીનું યાદગાર કાવ્ય છે. આ ચાર પંક્તિની તાકાત અને પૃથ્વી છંદની અગેય ખડતલતા : બંને માણીએ –

**‘ધમાલ ન કરો, ન લો સ્મરણ કાજ ચિહ્ને કશું,**
**રહ્યું વિકસતું જ અંત સુધી જેહ સૌન્દર્ય, તે–**
**અખંડ જ ભલે રહ્યું, હૃદયસ્થાન તેનું હવે**
**ન સ્મરણવા ન કો સ્વજનેય કદી પૂરશે!’**

પાઠકસાહેબને એક દીકરી હતાં – સરલાબહેન. પાછળનાં વર્ષોમાં (૧૯૪૦-૪૨માં?) પાઠકસાહેબનાં વિદ્યાર્થિની હીરાબહેને એમની સાથે સ્વેચ્છાએ લગ્ન કરેલાં ને આજીવન સાહેબને સાચવેલા. હીરાબહેને પાઠકસાહેબની યાદમાં ‘પરલોકે પત્ર’ એવું દીર્ઘકાવ્ય લખેલું. હીરાબહેન વિવેચક હતાં. પાઠકસાહેબની મિલકતો એમણે ગુજરાતી સાહિત્ય પરિષદને દાન કરેલી.

'સમુદ્રમંથન' વેળાએ શિવજીને ભાગે ઝેર આવે છે. 'ઉમામહેશ્વર' કાવ્યમાં, પાઠકસાહેબ દ્વારા પાર્વતીએ શિવજીને ગૃહિણીની ભાષામાં આપેલો ઠપકો માણવા જેવો છે :


**'રહો, જાણ્યા એ તો! જગ મહીં બધે છેતરઈને**
**શીખ્યા છો આવીને ઘરની ઘરુણી એક ઠગતાં,**
**બીજું તો જાણે કે ઠીક જ, વિષ પીધું ક્યમ કહો?'**

પાઠકસાહેબ તો પ્રથમ કોટિના વિવેચક હતા. પિંગળકાર હતા. એ કવિતા-વાર્તા-નિબંધ લખે ત્યારે પેલો સજાગ-વિવેચક એમનો પણ કાન પકડતો હશે ને?! એટલે એમના સર્જનમાં વિચાર વધુ ને સંવેદન ઓછું; હેતુ આગળ ને 'લીલા' પાછળ રહી જતાં દેખાય છે. છતાં એમનું સર્જન યાદગાર તો છે. 'મુકુન્દરાય', 'ખેમી', 'જમનાનું પૂર' અને 'સૌભાગ્યવતી' જેવી વાર્તાઓ હજીય ચર્ચાતી-વંચાતી રહી છે.

'અર્વાચીન કાવ્યસાહિત્યનાં વહેણો', 'કાવ્યની શક્તિ', 'સાહિત્ય વિમર્શ' તથા 'નભોવિહાર' જેવા વિવેચનગ્રંથોમાં એમણે કવિતા અને સાહિત્ય વિશેનો તાત્ત્વિક પક્ષ શાસ્ત્રીય અભિગમથી સુપેરે રજૂ કર્યો છે. 'અર્વાચીન ગદ્યપદ્યનો આદ્ય પ્રણેતા' (નર્મદ) ગ્રંથમાં નર્મદનું સર્જનલેખન મૂલવવા સાથે આપણા સાહિત્યનો એ અર્વાચીનકાળ એનાં પરિબળ સાથે રજૂ કર્યો છે.

કોઈ પણ જાતના, બિનજરૂરી અભિનિવેશ વિના, સ્વસ્થતાપૂર્વક સર્જન-વિવેચન કેટલી સફળતાપૂર્વક અને કેવી પ્રશાંત રીતિમાં કરી શકાય છે – એ પાઠકસાહેબ પાસેથી અનેક પેઢીઓએ શીખવા જેવું બની રહ્યું છે. ૧૯૫૫માં ૨૧મી ઓગસ્ટના રોજ મુંબઈ ખાતે રા. વિ. પાઠકસાહેબનું અવસાન થયું હતું.

❑



# ૧૨

## ગાંધીજીનું સાહિત્ય અને ગુજરાતી સાહિત્ય પર ગાંધીપ્રભાવ

જીવનનું કોઈ પણ ક્ષેત્ર એવું નહિ મળે કે જેની ઉપર મહાત્મા ગાંધીનો પ્રભાવ નહિ પડ્યો હોય! એમનું જીવન, એમનાં નિત્ય જીવનનાં વ્રતો, એમની સાદગી, એમના વિચારો અને આચારોમાં રહેલી દઢતા, માનવમૂલ્યો માટેની એમની ખેવના, દેશપ્રેમ અને પીડિતો માટેની ઊંડી સંવેદનાઓ : આ બધું જ એમના સાહિત્યમાં સુપેરે વણાઈ ગયેલું છે. ઉપરોક્ત સર્વ વાનાં ગાંધીસાહિત્યમાં હાજર છે ને એ જ એમની ઓળખ છે.

ગાંધી તો અમારા છે – હા! અમારા ગુજરાતના છે. છેક ૧૯૩૦માં દાંડીકૂચ માટે નીકળ્યા ને પ્રતિજ્ઞા લીધી કે ‘કાગડા-કૂતરાના મોતે મરીશ પણ આઝાદી નહીં મળે ત્યાં સુધી સાબરમતી આશ્રમમાં પાછો પગ નહિ મૂકું.’ ત્યાં સુધી ગુજરાત જ ગાંધીની કર્મભૂમિ રહ્યું! અલબત્ત, એમનું સ્વતંત્રતા માટેનું જીવન-મિશન તો દેશવ્યાપી હતું. એમનું સાહિત્ય માતૃભાષામાં રહ્યું. માતૃભાષા અને માતૃભૂમિ એમને આજીવન પ્રાણપ્યારાં રહ્યાં હતાં.

ગાંધીજી સાહિત્યકાર ગણાય? – એવો પ્રશ્ન ઘણાંને થયો હતો ને આજેય થતો હશે! તો સીધો જવાબ છે – હા. મોહનદાસ કરમચંદ ગાંધી ભલે કાયદાનું ભણ્યા પણ એમનું લેખન કાયદા-કાનૂન વિશેનું નથી. એમણે તો જીવન અને જીવનમૂલ્યો વિશે લખ્યું. સરળ, સહજ ને રસાળ શૈલીમાં લખ્યું. સાદગી અને વાસ્તવવર્ણન એના ગુણવિશેષ છે. ગાંધીજી ‘સર્જક’ નથી પણ ‘લેખક’ છે.

'આત્મકથા – સત્યના પ્રયોગો', 'હિંદસ્વરાજ', 'મંગલપ્રભાત', નિબંધાત્મક લખાણો, ચરિત્રચિત્રણ, મહાદેવભાઈની ડાયરીમાં સચવાયેલાં એમનાં વ્યાખ્યાનો : ગાંધીજીને લેખક ઠરાવતાં મહત્ત્વનાં લેખનો છે.

ગાંધીજી કવિ-વાર્તાકથાકાર નથી. ચરિત્રકાર અને નિબંધકાર છે. અનુવાદક છે. સારા આસ્વાદક છે. સાહિત્યના વાચક ખરા પણ પાછલી જિન્દગીમાં એવો સમય નથી મળ્યો. પરંતુ એમની 'આત્મકથા' ભારતની મુખ્ય ભાષાઓમાં તથા વિશ્વની અનેક ભાષાઓમાં અનુવાદરૂપે પહોંચી ગઈ હતી. એની લાખો નકલો વેચાઈ છે ને હજીય એ વેચાતી-વંચાતી કૃતિ છે. દુનિયાનાં 'બેસ્ટ સેલર્સ' પુસ્તકોમાં એનું સ્થાન હંમેશાં રહ્યું છે.

પ્લેટોની જેમ ગાંધીજી પણ સાહિત્યને ઉપયોગિતાના દષ્ટિકોણથી જુએ છે. સાહિત્યમાં પ્રેમની વાતો કે મનોરંજનનો એમને વાંધો હતો. સાહિત્ય અલંકૃત ભાષામાં અને કલાના દષ્ટિકોણથી લખાય એ વાત ગાંધીજીને જચતી નથી. એ તો કહે છે કે ખેતરમાં કોસ હાંકતો કોસિયો સમજી શકે એવી ભાષામાં સાહિત્ય હોવું જોઈએ. એમાં જીવનમૂલ્યો અને ચારિત્ર્યઘડતરની વાતો હોવી જોઈએ. સાહિત્ય ગાંધીજીને મન જીવનઘડતરનું સાધન છે. સાહિત્યમાં કલાસિદ્ધિની વાત એ નથી કરતા.

ઘણાંને એ ખબર નહિ હોય કે (૧૯૧૮માં) ગાંધીજી ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખપદની ચૂંટણી રમણભાઈ નીલકંઠ સામે હારી ગયા હતા – હજી એ દેશમાં નવા નવા હતા. જોકે ૧૯૩૬માં પરિષદપ્રમુખપદે એમની વરણી થઈ હતી. ને બારમા અધિવેશનમાં, અમદાવાદ ખાતે, કવિવર ટાગોરની હાજરીમાં, ગાંધીએ ઉપરોક્ત વિચારો પ્રમુખપદેથી કહ્યા હતા. ગાંધીજી 'સરસ્વતીચન્દ્ર' વાંચે છે ને થોડા સારા શબ્દો પણ કહે છે. ક. મા. મુનશીની નવલો માટે ગાંધીજીને ઉમળકો નથી. એમને તો ટોલ્સ્ટોયની 'ધ કિંગડમ ઓવ હેવન ઈઝ વિધીન યૂ' જોઈએ છે. 'વૈકુંઠ તારા હૃદયમાં છે' કેવો સરસ અનુવાદ છે. રસ્કિનનું 'અન ટૂ ધીસ લાસ્ટ' એમનું પ્રિય પુસ્તક છે. 'સર્વોદય' નામે એનો અનુવાદ કરે છે. ક્યારેક મણિલાલ નભુભાઈની 'અમરઆશા' ગઝલ વિશે ખુશ થઈને લખે છે ખરા પણ એમને તો 'વૉર ઍન્ડ પીસ' જેવી મહાન કથા ખપે છે...

ગુજરાતી સાહિત્ય પર ગાંધીજીનો ઊંડો અને વ્યાપક પ્રભાવ પડ્યો હતો. એને વિશે એકાધિક શોધગ્રંથો લખાયા છે. ૧૯૨૦માં ગાંધીજીએ ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના કરી એના પ્રથમ આચાર્ય કાકાસાહેબ હતા. એમની

નિશ્રામાં સુન્દરમ્ અને ઉમાશંકર ઘડાયા હતા. ગાંધીનાં વિચારપત્રો 'હરિજનબંધુ', 'યંગ ઇન્ડિયા' વગેરે દ્વારા પણ ગાંધીવિચાર ઘેરઘેર પહોંચેલો.

'આત્મકથા – સત્યના પ્રયોગો' ૧૯૨૬માં પ્રગટ થઈ એ જ વર્ષે ધૂમકેતુ 'તણખામંડળ – ૧'ની વાર્તાઓમાં ગામડું લઈ આવેલા. ગાંધી-વિચારનો પ્રભાવ એવો રહ્યો કે ૧૯૨૫થી ૧૯૪૦ના સમયગાળાને ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં 'ગાંધીયુગ'ને નામે ઓળખાવવામાં આવ્યો.

ઉમાશંકર-સુન્દરમ્‌ની કવિતા-વાર્તામાં એ પ્રભાવ સ્પષ્ટ છે. ઉજોનું 'વિશ્વશાંતિ' એનું પ્રથમ ઉદાહરણ છે.

**'વિશાળે જગવિસ્તારે નથી એક જ માનવી**
**પશુ છે પંખી છે પુષ્પો વનોની છે વનસ્પતિ.'**


ગાંધીપ્રભાવે સાહિત્યમાં ગામડું આવ્યું, દેશદાઝ પ્રગટી, સાદી ને અર્થવાહી ભાષામાં વાર્તા-નવલ-નિબંધ લખાવા માંડ્યાં. દલિતો માટે સહાનુભૂતિ, પીડિતોની સેવાની ભાવના પ્રત્યક્ષ થયા. 'હું માનવી, માનવ થાઉં તો ઘણું' વગેરે દ્વારા માનવતા, પ્રેમ, કરુણાની વાત ઝિલાઈ.

કિશોરલાલ મશરૂવાળા, સ્વામી આનંદ, કાલેલકર, સ્નેહરશ્મિ, ર. વ. દેસાઈ (ગ્રામલક્ષ્મી – ૧થી ૪), દર્શક, જયંતિ દલાલ, મેઘાણી (છેલ્લો કટોરો) જેવા અનેક લેખકોના સર્જનમાં ગાંધીવિચાર કથા-નિબંધમાં રૂપાંતરિત થઈને લોકો સુધી પહોંચ્યો હતો. ગાંધીજીના ગદ્યના પ્રભાવે કરીને ગુજરાતી ગદ્યમાં સાદગી આવી.

'કલ્યાણયાત્રી' જેવા દીર્ઘકાવ્યમાં ગાંધીને વર્ણવતાં અંતે કવિ કરસનદાસ માણેક કહે છે :

**'કાવ્યનું સત્ય છો બાપુ! સત્યનું કાવ્ય છો તમે**
**ઝંખતી કાવ્યને સત્યે : સૃષ્ટિ આ આપને નમે.'**

❑



# ૧૩

## ચરિત્ર-નિબંધ અને પ્રભાવક ગદ્યના સ્વામી : સ્વામી આનંદ

આમ જોવા જઈએ તો સ્વામી આનંદને કોણ નથી જાણતું? ને જો પૂછવા બેસીએ તો સ્વામી આનંદને નહિ જાણનારા જ વધારે મળે છે. નવી પેઢી એમના ચરિત્રનિબંધો વાંચે તો ન્યાલ થઈ જાય! ખરા અર્થમાં સાધુ-સંન્યાસી હતા સ્વામી આનંદ! એમનું લેખન ચરિત્રનિબંધો અને હિમાલયની યાત્રાને વર્ણવતા નિબંધો. એમના નિબંધો વાંચનાર એમને કદી નહિ ભૂલી શકે એ તો ખરું જ; પણ સ્વામીના ગદ્યનો પ્રભાવ લેખકોનેય વિચારતા કરી દે એવો! કર્મઠ, સમર્થ, સંઘર્ષ કરવા ને વેઠવા જન્મેલાં કેવાં કેવાં મનેખનું ચિત્રણ વાચકને અવાચક કરી દે છે. 'મોનજી રુદર' વાંચતાં તમને ડૂમો બાઝી જાય ને 'ધનીમા'-નું ચિત્રણ આપણને કદી ન વિસરાય! પરિશ્રમ પછીય 'નસીબ' રાંકડું ને સાંકડું જ રહે – ને તોય વેઠનાર તો સહજ વેઠ્યે જાય! 'સમતાના મેરુ' – આ વાતનું સદાનું સાક્ષી એવું ચરિત્ર નિર્માણ છે. સ્વામી સાદગી અને જાતમહેનતમાં જીવનારા. પણ ઉત્તમથી ઓછું એમણે કદી સ્વીકાર્યું નથી. માગ્યું તો કદી નહિ! પોતે જ પોતાના ઘડવૈયા-લડવૈયા અને પાલક-પોષક પણ પોતે જ!

તો કોણ હતા આ સ્વામી આનંદ? એમનું પૂર્વાશ્રમનું નામ હિમ્મતલાલ રામચન્દ્ર દવે. જન્મ ૮-૯-૧૮૮૭ : શિયાણી ગામ (વઢવાણ). પરિવાર મુંબઈ હતો. ત્યાં ગિરગામમાં પ્રાથમિક શિક્ષણ લેતા હતા. વહેલાં લગ્નના વિરોધમાં હતા. લગ્ન તો પછી કદી વિચાર્યું જ નહીં! એમની દુનિયા જ બદલાઈ ગઈ. ૧૮૯૭માં અજાણ્યા સાધુએ ભગવાન દેખાડવાની લાલચ આપી, તે એની

સાથે નીકળી ગયા. બે-ત્રણ વર્ષ સાધુઓની વચ્ચે રખડ્યા - ઠોકરો ખાધી. પણ જિદ્દ ન છોડનારો આ કિશોર રામકૃષ્ણ મિશનના સાધુઓના સંપર્કમાં આવે છે અને મઠો-આશ્રમોમાં એનું ચારિત્ર્યઘડતર થાય છે. અનુભવો જ શિક્ષણ બને છે. મુંબઈ-ગિરગામમમાં હતા ત્યારે બા-ની સખી માસીને ત્યાં રહેલા. ને મોરારજી શેઠ-ધનીમાના ચિનાબાગમાં પશુ-પંખીને ચાહવાના અને દરેકને સમભાવે જોવાના પાઠ શીખેલા. વસઈની આસપાસનાં ગામડાં ખૂંદેલાં ને પ્રજાજીવનની વિટંબણાઓ વચ્ચે આનંદ માણતાં ગરીબોની ઉદારતા પ્રમાણેલી. પ્રકૃતિપ્રેમ કેળવાયેલો. પોતે મઠોમાંથી શાસ્ત્રો અને વિદ્યા એમ જ અંકે કરતા રહેલા. પહેલી પચીસીનો આ સમય વીત્યો... ગાંધીજી વિશે જાણ્યું... મળ્યા... ને ગાંધીજીના અંતેવાસી બની ગયા. આઠ દિવસ બા-ને મળી આવેલા! ગૃહત્યાગ કર્યા પછી પહેલી વાર બા-ને મળ્યા એ આઠ દિવસોમાં ઘણું પામ્યા. જીવનમૂડી આમ વધતી ગઈ... મહાદેવભાઈ પછી ગાંધીના એ પરમ વિશ્વાસુ બની રહ્યા. એમનું કામ જ એવું હતું. ગાંધીએ એમનાં વિચારપત્રોનું પ્રકાશન સોંપ્યું. તેમાં જેલ પણ જઈ આવ્યા. ચોખ્ખી ભાષા. શુદ્ધ જોડણી. સુઘડ છપાઈ. સ્વામીએ જે સોંપ્યું તે તે કામ સવાયું કરી બતાવ્યું. ૧૯૨૮માં બારડોલી સત્યાગ્રહમાં સરદારસાહેબના અંગત મદદનીશ રહ્યા. જનસેવા સાથે ફરવાનું ને લખવાનું ચાલતું જ હોય!

સ્વામી આનંદ પોતાની બાબતે બે વાતો ભારપૂર્વક કહે છે : ૧. 'ઉંમર આખી મેં કંઈ ને કંઈ આછુંપાતળું લખ્યું. પણ કશું ગ્રંથસ્થ થવા ન દીધું. મારો વેપલો મૂડી વગરનો. મૂળે હું અભણ. સાધુઓની દુનિયામાં ખોવાઈ ગયેલો. એણે મને નુકસાન કરવા સાથે બે-ત્રણ સંસ્કાર આપ્યા! એક, વિદ્યા કદી વેચાય નહીં, હવાઉજાસ અન્ન-જળની જેમ જ્ઞાન-સમજણ રૂપિયા આનામાં કદી મૂલવાય નહીં.' ૨. 'સાધુ દો રોટી એક લંગોટીનો હકદાર. એથી વધુ લ્યે તો તે અણહકનું! લીધેલું સો ગણી સેવા કરીને પાછું વાળવું પડે! બાબાકંબલ ન્યાયે આ બે સંસ્કાર મને જીવનભર ચીટકી રહ્યા!' સ્વામી આનંદનું વ્યક્તિત્વ સદાય આકર્ષક અને અચરજકર હતું.


એમનાં પ્રકાશિત પુસ્તકો વીસથીય વધુ હશે. પણ થોડાંક નોંધીએ તો આ પ્રમાણે છે : 'ઉત્તરાપથની યાત્રા', 'જૂની મૂડી', 'કુળકથાઓ', 'ધરતીની આરતી', 'ધરતીનું લૂણ', 'નઘરોળ', 'બચપણનાં બાર વર્ષ', 'માનવતાના વેરી', 'સંતોના અનુજ', 'સંતોનો ફાળો', 'ગાંધીજીનાં સંસ્મરણો', 'મોતને હંફાવનાર', ધર્મચિંતન અને બીજા લેખો.

અલંકાર વગરનું ગદ્ય, ક્રિયાપદ વિનાનાં વાક્યો, સાચકલાં મનેખના કઠોર જીવનને સુબદ્ધ રીતે આલેખતાં સ્વભાવોક્તિવાળાં ચિત્રણો સ્વામીને નિજી મુદ્રા ઉપસાવી આપે છે. એમણે 'ધનીમા' ચરિત્રનિબંધ સિત્તેર પાનાંમાં આલેખ્યો, પણ એકેય શબ્દ વધારાનો નથી. આવી સન્નારી હોઈ શકે? એવો પ્રશ્ન થાય ને તરત ભીતરથી જવાબ આવે – હા! ધનીમા એવું જીવ્યાં જેનો જોટો નથી. મોરારજી શેઠનાં બીજી વારનાં પત્ની. પંદરની વયે પરણ્યાં ને ત્રેવીસમે વર્ષે વિધવા થયાં. ૯૩ વર્ષ જીવ્યાં. ૭૦ વર્ષનું વૈધવ્ય દીપાવ્યું – શેઠની મિલો ચલાવી. ગાંધીજી, લોર્ડ માઉન્ટબેટન જેવા ચિનાબાગમાં ઊતરે. ધનીમા સૌને સાચવે. સેવકોના પરિવારો ને પશુપંખીનો કબીલો એમના વિના તરસે... ધનીમા નિત્ય વરસે! સાધ્વીનું જીવન ને સમાજ ધર્મ!!!

દક્ષિણના અનાવિલો ને ચરોતરના પટેલોને સ્વામી 'માથાભારે' કહે છે. દક્ષિણ ગુજરાતનું ઉમરસાડી અનાવિલોનું માથાભારે ગામ. મોનજી-ભીખી રુદર પતિ-પત્ની. બાળવિધવા દીકરીને પરણાવે છે અને ગામના નઠોર અનાવિલો મોનજીને ન્યાત બહાર-ગામ બહાર મૂકીને રંજાડે છે. મોનજી સામનો કરે છે. આ ચરિત્ર નિબંધમાં જેવી યાતનાનું વર્ણન છે એવું પછીથી માત્ર જોસેફ મેકવાનના 'વ્યથાનાં વીતક'માં દેખવા મળ્યું છે. બસ!

સ્વામીએ મહાદેવ દેસાઈને 'શુક્રતારક સમા' કહીને વર્ણવ્યા છે. 'માછી નાચ', 'મોરુ', 'મહાદેવથી મોટેરા', 'કરનલ કરડા', 'સમતાના મેરુ', 'નઘરોળ' – સ્વામીના ઉત્તમ ચરિત્ર નિબંધો છે. 'ઉત્તરાપથની યાત્રા'માં હિમાલયદર્શન અને અનુભવલોકનું ચિત્રણ છે. સ્વામીના પ્રત્યેક લેખનમાં એમના શીલનું પ્રતિબિંબ પડે છે. આવા વિમલ સાધુ સર્જકે ૧૯૭૬માં દુનિયાને અલવિદા કહી હતી.

❑



# ૧૪

## ગાંધીવિચાર અને જીવનનો ઉલ્લાસ : બંને વચ્ચે સંતુલન સાધનાર સર્જક : સુન્દરમ્

કવિ સુન્દરમ્‌ને આજની યુવાપેઢી એમના પ્રાર્થના-ગીતથી ઓળખતી હશે.

**'મારી બંસીમાં બોલ બે વગાડી તું જા/ મારી વીણાની વાણી જગાડી તું જા/ ઝંઝાનાં ઝાંઝરને પહેરી પધાર પિયા/ કાનનાં કમાડ મારાં ઢંઢોળી જા.../ પોઢેલી પાંપણના પડદા ઉપાડી જરા/ સોનેરી સોણલું બતાવી તું જા.'**

આરતભર્યા આ ગીતમાં લય, પ્રાસ તથા વર્ણસગાઈ ભાવ સાથે સમરસ થઈને ભાવકમાં અનુભૂતિ જગવે છે... ને કાવ્યત્વ પણ સિદ્ધ કરે છે.

કવિ સુન્દરમ્ યોગ અને અધ્યાત્મના આરાધક રહ્યા છે. 'એક સવારે' અને 'કોણ' જેવી એમની ઉચ્ચ કોટિની રચનાઓ દરેક યુગમાં પ્રસ્તુત અને આસ્વાદ્ય રહી છે :

**'પુષ્પ તણી પાંદડીએ બેસી હસતું કોણ ચિરંતન હાસ?**
**પૃથ્વી ઉરથી ઊઠે કોનો સુરભિત પુલકિત મુખરિત શ્વાસ!**
**અંતરની એરણ પર કોની પડે હથોડી ચેતનરૂપ :**
**કાળતણી ધરતીમાં ખોદી કોણ રહ્યું જીવનના કૂપ?!'**

પ્રજ્ઞાશીલ ભાવકશ્રેષ્ઠોને સુન્દરમ્‌ની છંદોબદ્ધ દીર્ઘકવિતા 'બુદ્ધનાં ચક્ષુ', 'માનવી માનવ', 'ધ્રુવપદ ક્યહીં?', 'સળંગ સળિયા પરે' અને 'આ ધ્રુવપદ...' સદા આકર્ષતી રહી છે. ઉમાશંકરની જેમ સુન્દરમે પણ ગાંધીવિચારના પરમ સત્ત્વ-તત્ત્વને કાવ્યોમાં ઉત્તમ અભિવ્યક્તિ આપી છે.

સુન્દરમ્‌ને પાઠ્યક્રમમાં ભણનારી એકાધિક પેઢીઓને ‘બાનો ફોટોગ્રાફ’ અને ‘૧૩-૭ની લોકલ’ જેવાં કાવ્યો તથા ‘માને ખોળે’ અને ‘માજાવેલાનું મૃત્યુ’ જેવી વાર્તાઓ વિસરાયાં નહીં હોય! ગાંધીયુગની આ સર્જક બેલડી ‘ઉમાશંકર-સુન્દરમ્‌’ ગુજરાતી સાહિત્યની ચિરસ્મરણીય ઘટના છે.

‘સુન્દરમ્‌’ તો ઉપનામ! મૂળ નામ તો ત્રિભુવનદાસ પુરુષોત્તમદાસ લુહાર! પણ ઉપનામથી જ કવિ ઓળખાતા રહ્યા છે. ૧૯૦૮માં મિયાંગામ પાસેના માતર ગામમાં જન્મેલા ‘ત્રિપુલુ’-એ પાસેના આમોદ અને ભરૂચમાં શિક્ષણ મેળવ્યું. ગૂજરાત વિદ્યાપીઠમાં કાકાસાહેબના સાંનિધ્યમાં રહીને સ્નાતક થયા. ત્યાં જ ઉમાશંકર સાથે મૈત્રી થઈ. ત્યારે અમદાવાદમાં ઘણા લેખકો સાથે મળવાનું થતું. પાઠકસાહેબ જેવા વિદ્વાન અને સર્જકની નજર નીચે એમની કવિતા-વાર્તા પસાર થયાં હતાં. સોનગઢની સ્કૂલમાં શિક્ષક રહ્યા હતા. પણ છોડીને પુનઃ અમદાવાદ આવ્યા. સ્ત્રીઓ માટે કામ કરતી સંસ્થા ‘જ્યોતિસંઘ’માં દસેક વર્ષ સેવાઓ આપી. એમના સાહિત્યલેખનનાં પણ આ જ વર્ષો. ઉત્તમ પરિપાકનાં વર્ષો રહ્યાં છે. ૧૯૪૪-૪૫માં શ્રી અરવિંદના સંપર્કમાં આવ્યા... ને પછીનાં તમામ વર્ષો સુન્દરમે પુડુચેરી શ્રી અરવિંદ આશ્રમમાં ને માતાજીના સાંનિધ્યમાં વિતાવ્યાં. ઉત્તમ સર્જનનો કાળ અકાળે મંદપ્રાણ થતો ગયેલો. અલબત્ત, અધ્યાત્મકેન્દ્રી લેખન ચાલતું રહેલું. જીવનનો ઉત્તરાર્ધ બહુધા મૌનમાં વીત્યો. ૧૯૯૧માં એમણે દેહત્યાગ કર્યો.

સુન્દરમ્‌નું ઉત્તમ સર્જનકાર્ય એમના જીવનના પૂર્વાશ્રમમાં થયું હતું. ‘કડવી વાણી’, ‘કાવ્યમંગલા’, ‘વસુધા’ અને ‘યાત્રા’માં એમની સારી અને ઉત્તમ કવિતા સચવાઈ છે. ‘રંગરંગ વાદળિયાં’ એમનાં બાળકાવ્યોનો સંચય છે. ‘દરિયાને તીરે એક રેતીની ઓટલી/ ઊંચી અટૂલી અમે બાંધી જી રે...’ આપણામાંથી ઘણાંને આજે પણ બોલવી-ગાવી ગમે એવી બાળકવિતા છે. કહેવતરૂપ બની ગયેલી સુન્દરમ્‌ની કેટલીક પંક્તિઓ નોંધીશું.

**‘પૃથ્વી ઉછંગે ઊછરેલ માનવી**
**હું માનવી માનવ થાઉં તો ઘણું!’**

મુક્તક જેવાં આ બે પંક્તિયુગ્મો પણ ચિત્તમાં ભમતાં રહે છે :

**‘બુઝાવાની પૂર્વે અધિક ઊજળો દીપક બળે,**
**ડુબી જાવા પૂર્વે અધિકતર સન્ધ્યા ઝળહળે.’**

o

**'હણો ના પાપીને દ્વિગુણ બનશે પાપ જગનાં**
**લડો પાપો સામે, અડગ દિલના ગુપ્ત બળથી!'**

'તે રમ્ય રાત્રે' ને 'મેરે પિયા મૈં કછુ નહિ જાનું' – જેવી સહજ શૃંગારને ભીતર સોંસરવો ઉતારી દેતી કાવ્યકૃતિઓ સાથે આ 'સવા પંક્તિનું ઉત્તમ પ્રણયકાવ્ય' કેટલાંય યુવક-યુવતીઓએ ડાયરીમાં જ નહિ, પ્રેમપત્રોમાં વારંવાર લખ્યું હશે – ચૂપચાપ.


**'તને મેં ઝંખી છે**
**યુગોથી ધીખેલા પ્રખર સહરાની તરસથી...'**

'૧૩-૭ની લોકલ' – અનુષ્ટુપમાં લખાયેલું દીર્ઘકાવ્ય આખાય ગાંધીયુગને – એના વિચારમંડળને, 'લોકલ ટ્રેન'ને 'ગરીબ જનતાના રૂપક દ્વારા રજૂ કરે છે. વર્ગભેદ-અસમાનતા-ઉપેક્ષાનું આ કાવ્ય સ્વભાવોક્તિઓમાં રચાયેલું ઉત્તમ કાવ્ય છે.

'હીરાકણી', 'પિયાસી' અને 'ઉન્નયન' વાર્તાગ્રંથો, 'દક્ષિણાયન' પ્રવાસગ્રંથ, 'વાસંતીપૂર્ણિમા' એકાંકી સુન્દરમ્‌ની સર્જકપ્રતિભાનાં દ્યોતક છે. ગુજરાતી વિદ્વાનો જેની મુક્તકંઠે પ્રશંસા કરે છે તે ગ્રંથ 'અર્વાચીન કવિતા' સુધારકયુગ અને પંડિતયુગની કવિતાનું રસાળ શૈલીમાં મૂલ્યાંકન કરતો ઇતિહાસગ્રંથ છે. 'અવલોકના'-માં એમના કેટલાક વધુ વિવેચનલેખો સચવાયેલા છે. એમણે યોગ વિશેય લખ્યું છે.

વસ્તુ કે વ્યક્તિ : આપણે ચાહીએ છીએ માટે સુંદર છે. એટલે સુન્દરમ્ કહે છે : 'હું ચાહું છું સુંદર ચીજ સૃષ્ટિની,/ ને જે અસુન્દર રહી તેહ સર્વને/ મૂકું કરી સુન્દર ચાહી ચાહી!' કવિએ જીવનમંત્ર સમી પંક્તિ આપી તે આ રહી : 'જગની સૌ કડીઓમાં સ્નેહની સર્વથી વડી!'

❑



# ૧૫

## ગુજરાતી સાહિત્ય અને શિક્ષણજગતના પ્રહરી : ઉમાશંકર જોશી

ગામ બામણા (તા. ભિલોડા. સાબરકાંઠા) ઉમાશંકર જોશીનું વતન-ગામ. તા. ૨૧-૭-૧૯૧૧ એમનો જન્મદિવસ. એમના જન્મને એકસો દસ વર્ષ અને એમના મૃત્યુ (૧૯૮૮)નેય હવે પાંત્રીસ વર્ષ થશે. યદ્યપિ ઉજોના સાહિત્યસર્જનનો અને એમના વિવેચન વિચારનો પ્રભાવ ગુજરાતી સાહિત્ય તથા શિક્ષણજગત પર વર્તાતો રહ્યો છે. ગાંધીવિચારને વરેલું એમનું સાહિત્ય આધુનિકતા અને અનુઆધુનિકતાનાં નવાં વલણો સાથે કદમ મિલાવતું રહેલું. કલાના આગ્રહોને વિસાર્યા વિના એમનું સર્જન-વિવેચન જીવનવાદી વલણો અને મૂલ્યોને સાથે લઈને ચાલ્યું છે. કેળવણીકાર તરીકે પણ એ નીતિનિષ્ઠ અને માનવકલ્યાણને સમર્પિત રહેલા. એ પણ એમનામાંના સભાન અને પ્રતિબદ્ધ સર્જકની દૃષ્ટિને સૂચવે છે. સાહિત્ય, શિક્ષણ અને માનવતાવાદી મૂલ્યોના પ્રહરી તરીકે એમનો પ્રભાવ ગઈ સદીના ઉત્તરાર્ધ પર છવાયેલો હતો.

પિતા જેઠાલાલ કમલજી. સાત ચોપડી ભણેલા. ખેતી પણ કરતા. માતા નવલબા. નિરક્ષર. ઉમાશંકરને બા-ની તેજસ્વી સ્મરણશક્તિ અને વ્યવહારદક્ષતા વારસામાં મળેલી. મા-બાપ બંને પરંપરા અને સંસ્કારનું સિંચન કરનારાં. સાત પુત્રો અને બે દીકરીઓમાં ઉજો ત્રીજું સંતાન. ત્રણ ચોપડી બામણામાં ભણીને ઈડર સ્કૂલમાં મોટાભાઈ રામશંકર સાથે ગયેલા. ત્યાં

પન્નાલાલ પણ આવી મળેલા. શિક્ષક ખીમજીભાઈએ બે વાનાં કહેલાં : ૧. ‘ઉમાપતિ! કચરો ઊભા ઊભા ન વળાય. નમવું જ પડે! કચરો વાળવો એય કળા છે.’ ૨. ‘વર્ગમાં પાટલી પાછળ સંતાડીને ‘સરસ્વતીચન્દ્ર’ વાંચો છો! પણ એ વાંચવાની હજી વાર છે.’ ઘર પણ નાનું ને બહોળો પરિવાર. સ્નેહ, આદર, વિવેક દાખવીને જે છે તેમાં ભળી જવું... સૌને મદદરૂપ થવું. એ તરફની પ્રજા પણ કર્મઠ ને વેઠનારી. ઉજોમાં આ ગુણો ઊતરેલા હતા.

ઈડરમાં આઠ ચોપડી ભણીને મેટ્રિક માટે અમદાવાદ ગયા. મુંબઈ ઇલાકામાં ત્રીજા અને અમદાવાદમાં મેટ્રિકમાં પહેલા ક્રમે આવેલા. મેટ્રિકની પરીક્ષા પછી આબુ ફરવા ગયેલા. શરદપૂનમની રાતે નખી સરોવર પર સૌન્દર્યલોક જોઈને ચકિત થયા. ૧૭ વર્ષની વયે સૉનેટ લખ્યું, કાવ્યસર્જનનો દીક્ષા-મંત્ર લઈ આવેલા :

**‘એકાંતોમાં પ્રકૃતિ કવતી મંજુ શબ્દાવલિ કો/ એવે અંતઃ શ્રુતિ પટ પરે ધન્ય એ મંત્ર રેલે/ સૌંદર્યો પી ઉરઝરણ ગાશે પછી આપમેળે!’**

ગૂજરાત કૉલેજમાં ઇન્ટર સુધી ભણીને આઝાદીના આંદોલનમાં જોડાયા. કાકાસાહેબની નિશ્રામાં ગૂજરાત વિદ્યાપીઠમાં રહેવા ગયા. ત્યાં સુન્દરમ્ સાથે મૈત્રી થઈ. માત્ર વીસ વર્ષની વયે ‘વિશ્વશાંતિ’ જેવું દીર્ઘ અને ગાંધીવિચારને રજૂ કરતું કાવ્ય લખ્યું. કીર્તિ પામ્યા. કવિ તરીકે સ્વીકૃતિ મળી.

**‘વિશાળે જગવિસ્તારે નથી એક જ માનવી :**
**પશુ છે પંખી છે પુષ્પો, વનોની છે વનસ્પતિ!’**

આંદોલન માટે જેલવાસ મળ્યો. એ દરમ્યાન સાહિત્ય અને સર્જકોનો વધુ પરિચય કેળવ્યો. ‘સાપના ભારા’-નાં એકાંકી અહીં લખાયાં. વિધવાજીવનની વિપદાઓને વર્ણવતું નાટક ‘સાપના ભારા’ ઉપરાંત ‘મારી ચંપાનો વર’ – જેવી ઉત્તમ ટૂંકીવાર્તા એમણે આપી છે. ‘કડલાં’ જેવું એકાંકી, ‘શ્રાવણી મેળો’, ‘ઝાકળિયામાં’ જેવી વાર્તાઓમાં ઉજોના પ્રગતિવાદી વિચારોનો પડઘો સંભળાય છે. પછીનાં વર્ષોમાં કવિતા-વાર્તા-નિબંધલેખન તથા વિવેચનકાર્ય સતત ચાલે છે. લેખકોમાં એમની ધાક રહેતી.

મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાંથી મુખ્ય વિષય અર્થશાસ્ત્ર (ગૌણ ઇતિહાસ) સાથે ૧૯૩૬માં બી.એ. થયા. થોડો વખત શિક્ષક રહ્યા. મુંબઈ યુનિવર્સિટીમાંથી, ૧૯૩૮માં ગુજરાતી મુખ્ય વિષય (ગૌણ સંસ્કૃત) સાથે પ્રથમ વર્ગમાં એમ.એ. થયા. અધ્યાપક બન્યા. ગુજરાત યુનિવર્સિટી,

ભાષાભવનમાં પ્રોફેસર, અધ્યક્ષ રહ્યા. અનેક કવિ-લેખકોને વર્ગમાં તૈયાર કર્યા. ત્યાં જ કુલપતિ રહ્યા. દિલ્હી અકાદમીના અધ્યક્ષ અને રાજસભાના મનોનીત સાંસદ રહેલા ઉજોને શાંતિનિકેતનના કુલાધિપતિ થવાનું સન્માન પણ પ્રાપ્ત થયેલું. દેશ-દુનિયાના પ્રવાસો કર્યા ને સેંકડો વ્યાખ્યાનો આપીને પોતાના વિચારો અને જ્ઞાનનો પ્રજાજીવનને લાભ આપ્યો.

ઉજોના મહત્ત્વના કાવ્યસંચયો – 'ગંગોત્રી', 'વસંતવર્ષા', 'નિશીથ' (જ્ઞાનપીઠ ઍવૉર્ડ), 'અભિજ્ઞા' અને 'સપ્તપદી'. આપણા આ મૂર્ધન્ય કવિએ; વ્યતીતે આપેલા શાણપણને, વર્તમાનની સંવેદનાઓ-સમસ્યાઓને અને ભવિષ્યનાં આશાઅરમાનોને પોતાની કવિતામાં ગૂંથી લીધાં હતાં. દા.ત., 'ગયાં વર્ષો', 'રહ્યાં વર્ષો' જેવાં સૉનેટ અને 'આત્માનાં ખંડેર' જેવી સૉનેટમાળા એમના જીવનદર્શનને પણ તાગે છે.

**'બધો પી આકંઠ પ્રણય, ભુવનોને કહીશ હું,**
**મળ્યાં વર્ષો તેમાં અમૃત લઈ આવ્યો અવનિનું!'**

ટાગોરની જેમ ઉજો પણ સૌન્દર્ય, ધરતી અને માનવના ચાહક છે :

**'ગમે શૃંગો કિન્તુ જનરવ ભરી ખીણ મુજ હો'**
**'ભલે શૃંગો ઊંચા અવનિતલ વાસો મુજ રહો!'**

'સપ્તપદી'નાં કાવ્યોમાં વિચારો-અભિવ્યક્તિ-ભાષાની પરિપક્વતા એમને પ્રશિષ્ટ ભારતીય કવિઓમાં સ્થાપી આપે છે.

'સમસંવેદન', 'કવિની સાધના', 'શૈલી અને સ્વરૂપ', 'કવિની શ્રદ્ધા' અને 'શબ્દની શક્તિ' એમનાં ઉત્તમ વિવેચનો છે. 'સંસ્કૃતિ' (૧૯૪૭-૧૯૮૪) સામયિકના તંત્રીલેખો – 'સમયરંગ' દ્વારા ઉજોએ ભારતીય જીવનનો સાંસ્કૃતિક દસ્તાવેજ આપ્યો છે.

૧૯૬૪માં એમનાં પત્ની જ્યોત્સનાબહેનનું અવસાન થયા બાદ નંદિની અને સ્વાતિ – બંને દીકરીઓ સાથે મળીને જીવનમિશનને આગળ ધપાવનાર ઉજોએ ગાયું હતું : 'ત્રણ વાનાં મુજને મળ્યાં/ હૈયું-મસ્તક-હાથ/ બહુ દઈ દીધું નાથ/ જા, હવે ચોથું નથી માગવું!' ડિસેમ્બર, ૧૯૮૮માં એમનું અવસાન થયું.

❑



# ૧૬

## ‘છેલ્લો કટોરો આ ઝેરનો પી આવજો, બાપુ!’ : ઝવેરચંદ મેઘાણી

ઝવેરચંદ મેઘાણીની વ્યક્તિમત્તા અને સર્જક પ્રતિભાથી આજે પણ ગુજરાત – અને ખાસ તો સોરઠ પ્રદેશ – એમને જાણે છે; એમને વિશે સાંભળવા અને એમનું લેખન-સર્જન વાંચવા તત્પરતા દેખાડે છે. લોકજીવન અને લોકવાણીમાં કેવી ગંજાવર તાકાત પડી છે એનો પરિચય આપણને મેઘાણીએ જે રીતેભાતે કરાવ્યો છે એવો તો યદ્યપિ કોઈએ નથી કરાવ્યો! લોકસાહિત્યનો કોઈ લેખક નથી હોતો... એ તો કંઠોપકંઠ અને કર્ણોપકર્ણ પેઢીઓ સાથે ચાલતું આવે છે. જ્યારે એનો માર્ગ રૂંધાવાનાં એંધાણ દેખાવા માંડ્યા, ત્યારે એને જાણીને – પૂછીગાછીને કથા કે ગીતરૂપે ભાષામાં – બને એટલી મૂળની તળ ભાષામાં – આલેખી લેનાર મેઘાણી જેવા ફરંદા અને દષ્ટિવાન માણસ આવી મળે છે એ પણ ઓછા સૌભાગ્યની વાત નથી.

ત્યારે વિદ્વાનોનાં ઉત્તમ વ્યાખ્યાનોથી પ્રતિષ્ઠા પામેલી, મુંબઈ યુનિવર્સિટી દ્વારા પ્રતિવર્ષ યોજાતી ‘શ્રી ઠક્કર વસનજી માધવજી’ વ્યાખ્યાનમાળાના ઉપક્રમે મેઘાણીએ જે પાંચ વ્યાખ્યાનો આપેલાં તે ‘લોકસાહિત્ય સમાલોચન’ (૧૯૪૬) નામે ગ્રંથસ્થ છે. આ ગ્રંથ ગુજરાતી લોકસાહિત્ય વિશેનો ઉત્તમ અને અનિવાર્ય ગ્રંથ છે. ગામડે ગામડે પાદરે પનઘટે ને સીમવગડાની વાટે ડુંગરે ડુંગરે ફરીને મેઘાણીએ અનેક કથાઓ-મૂળનાં જાણકાર મનેખોને મળીને – પછી પોતાની જોમવંતી જબાન એમાં ઉમેરીને આલેખી છે – એની યાદી તો જગ્યા માગે પણ અહીં થોડી યાદી મૂકીએ :

'સૌરાષ્ટ્રની રસધાર' : પાંચ ભાગ, 'સોરઠી બહારવટિયા' : ત્રણ ભાગ, 'કંકાવટી' : બે ભાગ, 'દાદાજી અને ડોશીમાની વાતો', 'ચૂંદડી' : બે ભાગ, 'રઢિયાળી રાત', વીરની વાતો, વીરાંગનાની વાતો, જનસમાજનાં વેરઝેર, પ્રેમ અને બંધુતા, દગો અને ધિક્કાર, દિલાવરી અને શહાદત, કોમળ અને કરુણની રસધારને વર્ણવતી આ કથાઓ-વાતો આજેય રૂંવાડાં ઊભાં કરી દે છે અને આંખોનાં પાણી ખૂટવે એવી છે.

પોતાને પહાડનું સંતાન ગણાવતા; મજબૂત બાંધાના, સાહસિક અને પ્રેમ તથા માનવતાના ભેરુ મેઘાણીનો જન્મ ૨૮ ઓગસ્ટ, ૧૮૯૭માં ચોટીલા ખાતે થયો હતો. મૂળ વતન – બગસરા. પિતા કાલિદાસ અને માતા ધોળીબાઈ. પત્ની ચિત્રાદેવી/દમયંતીબેન. છ દીકરા : મહેન્દ્રભાઈ, નાનકભાઈ, મસ્તાનભાઈ, જયંતભાઈ, વિનોદભાઈ અને અશોકભાઈ. બધા પુસ્તકપ્રેમી. લોકો સુધી ઉત્તમ સાહિત્ય પહોંચાડવા જીવન ખર્ચી નાખનારા. લેખન તથા અનુવાદ-સંપાદનમાં સારું કાર્ય કરી પિતાનો વારસો દીપાવનાર.

પિતાજીની નોકરીમાં બદલી આવતી. એટલે મેઘાણીનું બધું શિક્ષણ વિવિધ ગામો-નગરોમાં થયેલું. રાજકોટ ને અમરેલી પછી કૉલેજ માટે જૂનાગઢ ગયેલા. બહાઉદ્દીન કૉલેજમાંથી અંગ્રેજી અને સંસ્કૃત સાથે બી.એ. થયા. શિક્ષક થયા. એમ.એ. કરવાનો મેળ ન પડ્યો... કમાવા માટે કલકત્તા ગયા હતા. એલ્યુમિનિયમના કારખાનામાં શેઠ સાથે ફાવતું હતું. ત્રણ માસે ઇંગ્લૅન્ડ પણ ગયેલા. પણ એમને પોતાનો ગોવાળ બોલાવતો સંભળાય છે ને મેઘાણી બગસરા આવે છે. પત્રકારત્વક્ષેત્રે ધીમે ધીમે જમાવટ કરે છે. છેવટે 'ફૂલછાબ'માં તંત્રી બને છે અને સાહિત્યસર્જનના કામ સાથે અનુવાદો તથા લોકસાહિત્યનાં લેખન-સંપાદનમાં ગળાડૂબ રહે છે. ઉત્તમ નવલકથાઓ-વાર્તાઓ-કાવ્યો વડે લોકપ્રિય સર્જક તરીકે વ્યાપક ચાહના પામે છે.

પચાસ વર્ષના ટૂંકા આયુષ્યમાં માંડ પચીસ વર્ષો એ સાહિત્યને આપી શકેલા. ને એમાંય ઘર-કુટુંબની તથા પ્રેસની અનેક જવાબદારીઓ એમનો સમય હડપ કરી લેતી. છતાં એમણે પચાસથી વધુ ગ્રંથો આપ્યા. મૌલિક સર્જન અને રૂપાંતર કે આધારિત લેખન સાથે લોકસાહિત્યનું મોટું કાર્ય એમણે કેવી તો સંકડાશ વચ્ચે કર્યું હશે? ને તોય એમનાં લેખન તથા સંશોધનો આજે પણ દૃષ્ટાંતરૂપ છે.

મેઘાણી ગાંધીવિચારની સાથે પોતાના સમકાલીન સમાજની અનેક વિશેષતાઓ અને નવીનવી સમસ્યાઓને કવિતા-વાર્તા-નવલકથામાં

આલેખતા રહેલા. એમની ‘યુગવંદના’ની કવિતા ગાંધીયુગને કવિએ કરેલી શબ્દવંદના છે. ‘છેલ્લો કટોરો’માં ગોળમેજી પરિષદમાં જતા ગાંધીના મનોમંથનને આલેખ્યું છે. ગાંધીજીએ એને પ્રમાણ્યું ને મેઘાણી ‘રાષ્ટ્રીય શાયર’નું બિરુદ પામ્યા. એમની કવિતામાં પીડિતોની વેદના છે – શહીદોની વીરતા છે – નવજાગરણ – નવસર્જનનો સંદેશ છે. કસુંબીનો રંગ છે. ચારણ કન્યાની હિમ્મત છે! સિન્ધુડો ને હાલરડાં સંભળાવતી એમની કવિતા યુવાજાગરણની કવિતા છે.

લોકકથા આધારિત વાર્તાઓ – શેત્રુંજીને કાંઠે, શેણી વિજાણંદ, ઓળીપો, કરિયાવાર તો લોકભોગ્ય છે જ પણ મૌલિક વાર્તાઓમાં – ‘વહુ અને ઘોડો’ જેવી કલાત્મક વાર્તાઓ પણ છે. એ જ રીતે ઇતિહાસ આધારિત નવલોની સામે મેઘાણીની સર્જક પ્રતિભાનો અને સામાજિક નિસબતનો હિસાબ આપતી : ‘વેવિશાળ’, ‘તુલસીક્યારો’ અને ‘નિરંજન’ જેવી સુખપાઠ્ય નવલકથાઓ મળે છે. ‘સોરઠ તારાં વહેતાં પાણી’માં તત્કાલીન સમાજનું ચિત્રણ છે. પ્રદેશ પોતે જ જાણે પરિવેશરૂપે નાયક છે. મેઘાણીએ ‘વેવિશાળ’, ‘તુલસીક્યારો’માં સમાજનો કાન આમળ્યો છે. નવાં વલણો સામે એ પરંપરાને પણ મહત્ત્વ આપે છે.

‘પરિભ્રમણ’ જેવા બે ગ્રંથોમાં મેઘાણીના સાહિત્ય વિશેના વિચારો છે. સમાજને એમણે કલાઓનું મહત્ત્વ દર્શાવ્યું છે. ‘જન્મભૂમિ’માં ‘કલમ અને કિતાબ’ દ્વારા તો ‘ફૂલછાબ’માં તંત્રીનોંધો દ્વારા એમણે સાહિત્ય સાથે સાંસ્કૃતિક જીવન રજૂ કર્યું છે. મેઘાણી પત્રકાર તરીકે લખે છે ત્યારે પણ એમનું ખડતલ ગદ્ય વાચકને ચકિત કરે છે. મહેન્દ્ર મેઘાણી – મોટા દીકરા-ને એમણે લખેલા પત્રો એમના સંસારજીવનમાં ડોકિયું કરાવે છે. ‘માણસાઈના દીવા’ જેવા મૂલ્યવાન ચરિત્ર-નિબંધ ગ્રંથના કર્તા મેઘાણીનું પેટની અસાધ્ય બીમારીથી માર્ચ ૧૯૪૭માં અવસાન થયું હતું.

❑



# ૧૭

## કવિ, નવલકથા-વાર્તાકાર, કેળવણીકાર : સ્નેહરશ્મિ

'કલાપી', 'ધૂમકેતુ', 'સુન્દરમ્', 'મરીઝ' – જેવાં સર્જક-ઉપનામો ધરાવનાર કવિ-લેખકોનાં નામ – મૂળ નામ બધાંને ખબર નથી હોતી. એ પૂછવાં પડે! ઉપનામનો આવો મહિમા 'સ્નેહરશ્મિ' – ઉપનામનોય છે, પણ એ ઉપનામ સાથે કવિનું મૂળ નામ પણ બોલાતું-લખાતું હોવાથી બધાંને ખબર છે કે 'સ્નેહરશ્મિ' એટલે ઝીણાભાઈ રતનજી દેસાઈ! સી.એન. વિદ્યાવિહારના આચાર્ય અને જાણીતા કેળવણીકાર, જાપાની લઘુકાવ્યપ્રકાર 'હાઈકુ'-ને ગુજરાતીમાં લાવનાર તથા લોકપ્રિય કરનાર ઝીણાભાઈ રતનજી દેસાઈ! સ્થૂળ કાયા, ઊજળો વાન, ઝીણી આંખો કરીને પ્રવચન કરતા ને ચારે તરફ બધું ઝીણવટથી જોનારા ઝીણાદાદા! કવિ-વાર્તાકાર-નવલકથાકાર-ચરિત્રકાર અને ગાંધીવાદી ચિંતક તથા ઉત્તમ આચાર્ય ઝીણાભાઈનું નામ ગુજરાતને હૈયે વસેલું હતું ૧૯૩૦થી ગઈકાલ સુધી! વિદ્યાર્થીઓ-શિક્ષકો-વડીલો-વિદ્વાનોમાં પણ 'સ્નેહરશ્મિ' નામ પ્રેમાદર સાથે પોતાપણાના દાવાથી લેવાતું નામ!

અમદાવાદની છાતી વચ્ચે ધબકતું 'સી.એન. વિદ્યાવિહાર' : અમદાવાદનું હૃદય હતું. છ-સાત દાયકા સુધી એના પ્રાણવાયુ સમાન ને સંરક્ષક હતાં – ઝીણાભાઈ અને તેમનાં પત્ની વિજયાબહેન! શિક્ષણ-સાહિત્ય-કલાજગતને જીવન સમર્પિત કરી દેનાર કેળવણીના પ્રમુખ સૂત્રધાર હતા 'સ્નેહરશ્મિ'! સી. એન. વિદ્યાવિહારે ગુજરાતને કવિ-લેખકો-ચિત્રકારો-સંગીતકારો-વાદકો-ગાયકો તથા ઉત્તમ શિક્ષકો અને સંસ્કારપુરુષો તથા માનવતાના ઉપાસક નાગરિકો

આપ્યા – એમાં ઝીણાદાદાની નિસબત અને સમાજપ્રીતિ રહેલી છે. એક કવિ વિશાળ વડ જેવો હોય એનું દૃષ્ટાંત ઝીણાભાઈ તથા ઉમાશંકર છે.

આજે તો 'હાઈકુ' નહિવત્ લખાય છે. પરંતુ એ સમય હતો કે અનેક યુવાનો માત્ર હાઈકુ લખીને પોતાને કવિ માનતા-મનાવતા! આજે એવી અવદશા ગઝલ લખનારની છે. જોકે ગુણવત્તા જ સાચો માનદંડ છે. પાંચ-સાત-પાંચ : અક્ષરની ત્રણ પંક્તિઓ; સત્તર અક્ષરમાં કવિતા! સરસ કલ્પનો વડે સુંદર ને લાક્ષણિક અર્થની આ લઘુ કવિતા વ્યંજના-લક્ષણા વડે સૌન્દર્ય દર્શન અને ભાવમર્મ સુધી લઈ જતી. 'સ્નેહરશ્મિ'એ ચારસોથી વધુ હાઈકુ લખેલાં. બે સંચયો થયા હતા. ૧. 'સોનેરી ચાંદ રૂપેરી સૂરજ' (૧૯૭૬) ૨. 'કેવળ વીજ' (૧૯૭૫). એમનાં હાઈકુની મજા લઈએ ને મનમાં દૃશ્યો ગોઠવીએ. મર્મ માણીએ :

૧. 'વનની એક/ લ્હેરખી આવી! કોળ્યાં/ નગરે ફૂલ.'
૨. 'ભરું પાણીડાં/ સવા લાખની મારી/ ચૂંદડી કોરી.'
૩. 'પડે ઊપડે/ પાંપણ તારીઃ જંપ/ ન મારાં નેણે!'
૪. 'ઝાપટું વર્ષી/ શમ્યું; વેરાયો ચન્દ્ર/ ભીના ઘાસમાં.'
૫. 'રાત અંધારી/ તેજ-તરાપે તરે/ નગરી નાની!'
૬. 'ફરતી પીંછી/ અંધકારની : દીપ/ નહીં રંગાય!'
૭. 'તરતું જાય/ હવામાં પંખી ગાતું/ નભ રંગાતું!'


ઝીણાભાઈનો જન્મ વલસાડ પાસેના ચીખલીમાં ૧૬-૪-૧૯૦૩માં રતનજી દેસાઈ (અનાવિલ)ને ઘરે – કાશીબાની કૂખે થયો હતો. હાઈસ્કૂલનું શિક્ષણ અધૂરું મૂકી આંદોલનોમાં જોડાયા. અમદાવાદ ગૂજરાત વિદ્યાપીઠમાં દાખલ થયા. ત્યાંથી ૧૯૩૨-૩૪માં બે વર્ષ જેલવાસમાં સાહિત્યકારોનો સત્સંગ મળેલો. વિદ્યાપીઠમાંથી વિનીત થયા ને ૧૯૩૬માં ઇતિહાસ-રાજ્યશાસ્ત્રમાં સ્નાતક થયા. ત્યાં જ અધ્યાપક રહ્યા. વળી એક-બે વર્ષ મુંબઈ-વિલે પાર્લેની સ્કૂલમાં આચાર્ય નિમાયા. પણ ૧૯૩૮માં અમદાવાદ આવીને શેઠ સી. એન. વિદ્યાવિહારના આચાર્ય બન્યા – નિયામક રહ્યા ને જીવ્યા ત્યાં સુધી ત્યાં જ સેવારત રહેલા! અનેક લોકો આવે, મળે તે એમને પણ બહુ ગમે. 'સ્નેહરશ્મિ' ખરા અર્થમાં આચાર્ય અને ભાવના આદર્શના માણસ હતા. કવિતા અને કેળવણી બંને એમના લોહીમાં હતી. લગાતાર પચીસ વર્ષ સુધી તેઓ ગુજરાત યુનિવર્સિટીના સિન્ડિકેટ સભ્ય રહેલા – ત્રણ વાર તો ઇન્ચાર્જ કુલપતિ હતા.

પાંચ-સાત કાવ્યસંચયોમાં ૧. 'અર્ઘ્ય' ૨. 'પનઘટ', ૩. 'અતીતની પાંખમાંથી' વધુ જાણીતા થયેલા. 'તરાપો' અને 'ઉજાણી' – બે બાળકવિતાના સંચયો! એમની કવિતામાં પ્રકૃતિનું – ખાસ તો નદીનું વર્ણન વધુ નિખાર પામ્યું છે. રંગદર્શી અભિગમની આ કવિતામાં પ્રેમનિરૂપણ છે. દેશપ્રેમ, મુક્તિઝંખના, ચિંતન તથા માનવવેદનાનું માર્મિક ગાન એમને વધુ ફાવ્યું છે. 'અર્ઘ્ય', 'સરિતાનું ગાન', 'કોણ રોકે?', 'ભગ્ન સ્વપ્નની નાવ', 'પાછા વળતાં' જેવાં છંદોબદ્ધ-લયબદ્ધ કાવ્યો-ગીતો પાઠ્યક્રમમાં આવતાં! 'આ ચૈતરની ચમકે ચાંદની કે એને કોણ રોકે?/ કાંઈ સાગર છલક્યો જાય કે એને કોણ ટોકે?' – કર્ણપ્રિય ગવાતું આ ગીત હજીય ભુલાયું નથી!

ધૂમકેતુની ઊર્મિપ્રધાન શૈલીના પ્રભાવમાં સ્નેહરશ્મિએ વાર્તાલેખન શરૂ કરેલું. 'ગાતા આસોપાલવ', 'તૂટેલા તાર' ને 'હીરાનાં લટકણિયાં' સંચયની વાર્તાઓમાં તત્કાલીન સમાજ-શિક્ષણ તથા આંદોલનોની વાતો વણી લેવાઈ છે. 'અંતરપટ' નવલમાં દરેક પાત્રને મુખે એની વ્યથાકથા કહેવરાવી છે. દલિતોની વેદના સ્પર્શક્ષમ બની છે. 'મારી દુનિયા', 'સાફલ્યટાણું' તથા 'ઊઘડે નવી ક્ષિતિજો' – એમની આત્મકથાના ત્રણ ભાગ છે. સમાજ-શિક્ષણ-સાહિત્યની સાથે રાજકાજના પડઘા પણ અહીં સંભળાય છે.

પોતાની દીકરી ઉમાના અકાળ અવસાને દુઃખી દંપતીએ ગુજરાતી સાહિત્ય પરિષદને દાન આપેલું. જેમાંથી પ્રતિવર્ષ બધાં સ્વરૂપોમાંથી શ્રેષ્ઠ પુસ્તકને 'ઉમા-સ્નેહરશ્મિ' પારિતોષિક અપાય છે. ૧૯૭૨માં ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખપદે રહેલા સ્નેહરશ્મિનું ઈ.સ. ૧૯૯૧માં ૮૭ વર્ષની વયે અવસાન થયું હતું.

❑



# ૧૮

## કાયાની માયા ઓળંગી જાય; લોહીના લયમાં ભળીને આત્મચેતનામાં મળી જાય એનું નામ પ્રેમ : પન્નાલાલ પટેલ

આપણા જ્ઞાનપીઠ ઍવૉર્ડ વિજેતા અને ઉત્તમ કથા-વાર્તા સર્જક પન્નાલાલ પટેલ (૧૯૧૨-૧૯૮૯)નો જન્મ ગુજરાત-રાજસ્થાનની સરહદે આવેલા માંડલી (તા. સીમલવાડા, જિ. ડુંગરપુર) ગામે થયો હતો. માતા હીરાબા અને પિતા નાનાલાલ પટેલ. પન્નાલાલ ત્રણ ભાઈઓમાં નાના! મોટા હરિભાઈ અને વચેટ કોદરભાઈ. એમને બે બ્હેનો હતી. બાળક પન્નાલાલને ભણવા માટે શ્રી જયશંકરાનંદ મહારાજ મેઘરજ લઈ ગયેલા. રૂપાળા અને સરસ ગાતા પન્નાલાલ ત્યાંથી ઈડર ભણવા ગયેલા જ્યાં એમને ઉમાશંકર જોશી જેવા સહપાઠી મિત્ર મળ્યા – ને જાણે ચમત્કાર થયો!

અભાવોમાં, સંઘર્ષો વેઠીને પન્નાલાલ નોકરી કરે છે. ભણવાનું તો છોડવું પડેલું. પણ ઉમાશંકર-સુન્દરમ્-રા. વિ. પાઠક-મેઘાણીના સંપર્કે પન્નાલાલ વાર્તાઓ-નવલકથાઓ લખતા થયેલા! વ્યક્તિજીવન, સમાજજીવન, વિધિની વક્રતા અને નિયતિની કઠોરતાને વર્ણવતું એમનું કથાસાહિત્ય ભારતીય કક્ષાએ પણ બેનમૂન બની રહ્યું છે. ત્રીસથી વધુ નવલકથાઓ અને ૪૭૫ જેટલી વાર્તાઓ ઉપરાંત નાટકો-એકાંકીઓ, બાળસાહિત્ય લખનાર પન્નાલાલ ગુજરાતી સાહિત્યક્ષેત્રે ચમત્કાર બની રહેલા...! એમની જાણીતી કૃતિઓમાં ‘વળામણાં’, ‘મળેલા જીવ’, ‘માનવીની ભવાઈ’, ‘પાછલે બારણે’, ‘કંકુ’, ‘મીણ

માટીના માનવી' અને 'મનખાવતાર' જેવી નવલકથાઓ ઉપરાંત 'વાત્રકને કાંઠે', 'સુખદુઃખનાં સાથી', 'જીવો દાંડ', 'મેઘો ગામેતી', 'લખચોરાશી', 'મોરલીના મૂંગા સૂર', 'ભાથીની વહુ', 'નેશનલ સેવિંગ' અને 'લાડુનું જમણ' જેવી વાર્તાઓ જાણીતી છે.

'મોટો લેખક' કે 'દિગ્ગજ લેખક' – એમ આપણે કહીએ છીએ ત્યારે આપણા મનમાં મૂળે તો એની ઉત્તમ રચનાઓ હાજર હોય છે – હોવી જ જોઈએ.

કનૈયાલાલ મુનશી, પન્નાલાલ અને દર્શક જેવા મોટા ગજાના લેખકોને આપણે વારેવારે વાંચીએ એ જરૂરી છે, કેમ કે આવા સર્જકો માનવજીવનના સંઘર્ષો, જીવનમૂલ્યો સાચવવાની માનવપાત્રોની મથામણ તથા વિધિની વક્રતાની વાતો સદૃષ્ટાંત માંડે છે... એ કથાઓ કલ્પિત ઓછી ને વાસ્તવિક વધુ લાગે છે... ને એમાં સચ્ચાઈ છે કે સર્જક વાસ્તવને – હજાર હજાર મોઢાવાળાં વાસ્તવનાં અનેક રૂપોને – તાગે છે ને પછી કથાવાર્તામાં, ઉત્તમ ભાષા વડે રૂપાંતરિત કરી આપે છે. એટલે એવી કૃતિઓ આપણને 'હોન્ટ' કરે છે. વારેવારે વાંચવા માટે બોલાવે છે.

મુનશીનો મોટો વાચકવર્ગ ગઈકાલ સુધી હતો. પન્નાલાલને વાંચનારો વર્ગ આજે પણ છે. ને મૃત્યુનાં બાવન વર્ષો પછી કવિ રાવજી પટેલ આજે પણ યુવાસર્જકોનો માનીતો કવિ છે. કેમ કે એની રચનાઓમાં અભાવ, પ્રેમ, મૃત્યુ, ગ્રામીણ સીમવગડો અવનવાં કલ્પનોથી અભિવ્યક્તિ પામ્યાં છે. ક્યારેક એ વાત વિગતે કરીશું.

આજે પન્નાલાલ વિશે થોડી વાતો કરીએ. એમાં આજના યુવાવાચકો માટે શું છે? તે તપાસીએ.

પન્નાલાલની 'મળેલા જીવ' નવલકથા મેં નવમા ધોરણમાં હતો ત્યારે પ્રથમ વાર વાંચી હતી – એ પછી પણ એનું વાચન હજીય કરતો રહું છું. એ ગમે છે. આંખો ભીની થાય છે. જીવી-કાનજીની પ્રીત, જુદાઈ, પીડા, અસહાયતા મને આજે પણ બેચેન કરી દે છે. મેં 'મળેલા જીવ' વિશે પચાસથી વધુ વ્યાખ્યાનો કર્યાં છે. અમેરિકામાં પણ શ્રોતાઓ આગ્રહ કરે છે. દર વખતે મને એમાંથી કશુંક નવું ને નવું કહેવાનું મળી આવે છે. જીવી-કાનજી મારાં સગાં લાગે છે!

પ્રેમની નાનકડી આ ઊર્મિકથા વિશ્વની એના જેવી કૃતિઓ આગળ ઊભી રહી શકે એવી એમાં તાકાત છે. કથા તો આટલી જ છે :

‘‘કાનજી-જીવી જન્માષ્ટમીના મેળામાં કલેશ્વરીમાં મળે છે. પ્રથમ દૃષ્ટિનો પ્રેમ લોહીનો લય બની જાય છે. ગઈ સદીના પૂર્વાર્ધનો એ રૂઢિજડ ગ્રામીણ સમાજ આ બે જુદી જ્ઞાતિનાં (પટેલ-વાળંદ) પ્રેમીઓને મળવા દે એમ નથી. એટલે હૈયા પર પથ્થર મૂકીને કાનજી જીવીને પોતાના ગામના ધૂળિયા વાળંદ જોડે વરાવે છે. નજર સામે રહેશે તો જોયા-નું સુખ મળશે એમ માનેલું પણ ગામ તો નિંદારસમાં ડૂબી અને જીવી-કાનજીની વનોગત કરે છે. જીવીને ધૂળો મારે છે. કાનજીથી વેઠાતું નથી... એટલે એ ગામ છોડીને કમાવવા મિષે શહેર જાય છે. જીવી અહીં રાનરાન ને પાનપાન થાય છે. છેવટે ગાંડી જીવીના સુકલકડી દેહને કાનજી લઈ જાય છે! પ્રીતના ઘૂંટડા અને લોહીના કોગળાની આ માર્મિક કથા વિધિની કઠોરતાને પણ સૂચવે છે.’’ (મ.હ.પ.)

પોતાની પ્રેયસી પર-ને સોંપવી પડે, નજર સામે એને માર ખાતી જોવી પડે ને તોય એ પ્રેયસી પ્રિયતમની સામે આવીને રાજી રહેવા મથે છે. હામ બંધાવે છે. અંદરના આવેગને રોકતી છતાં પિયુ પાસે જવા ઝૂરતી જીવીની વ્યથા-પીડા શબ્દોમાં કહી નથી જતી... ને એકલો સોરાતો નિઃસહાય કાનજી ભીતરથી હબકી જઈને ગામ છોડે છે.

સત્ય તો આ છે કે –

કાયાની માયાથી શરૂ થયેલો પ્રેમ અનેક કસોટીઓને અંતે કાયાને-રૂપને ઓળંગીને આત્મા સુધી પહોંચે છે! એટલે કથાનું નામ છે : ‘મળેલા જીવ’!

‘માનવીની ભવાઈ’ તો મોટા ફલક પર દુરિતને વર્ણવવાની બાથ ભીડે છે. અહીં પણ કાળુ-રાજુ ખૂબ ચાહવા છતાં સહજીવન માણી શકતાં નથી. બન્ને એક જ્ઞાતિનાં છે... તોપણ! અહીં માલી જેવી ખલનાયિકા છે. માણસમાં રહેલું દુરિત બંનેની વલે કરે છે. એથીય વિશાળ દુરિત દુષ્કાળ થઈને આવે છે. પ્રેમની ભૂખમાં હવે પેટની ભૂખ ઉમેરાય છે. માણસ માણસને ખાવા તાકે છે ત્યાં ઢોરની શી દશા! ભૂખ ભીખ માટે મજબૂર કરે છે. માનવતા ખંડિત થાય છે ને આત્મસન્માન માણસને ઓગાળી નાખે છે. બેવડ વાળી દે છે. પણ માણસ હારતો નથી, પુનઃ બેઠો થાય છે.

વિશ્વસાહિત્યમાં આગલી હરોળમાં શોભતી આવી નવલકથાઓનો લેખક સાચ્ચે જ દિગ્ગજ સર્જક કહેવાય! ગુજરાતીઓનું ગૌરવ તે આ પણ ખરું!!

❑



# ૧૯

## વાર્તાકાર ગુલાબદાસ હ. બ્રોકરનો પણ એક જમાનો હતો

આપણે સાહિત્યના વાચકો, ઘણી વાર મોટા લેખકોને જેટલું મહત્ત્વ આપીએ છીએ એટલું ગૌણ લેખકોને આપતા નથી. પણ કેટલાક ગૌણ માની લેવાયેલા લેખકોનું કેટલુંક સર્જન ખાસ્સું મૂલ્યવાન હોય છે. સમૃદ્ધ જળપ્રવાહવાળી નદી એટલા માટે વધુ જળ-સમૃદ્ધ હોય છે કે એને અનેક ઝરણાં અને નાનીમોટી નદીઓ મળતાં હોય છે. એમ ન થાય તો નદીઓ પણ ક્ષીણ બનતી જાય એમાં નવાઈ નથી. સાહિત્યનો પ્રવાહ પણ વહેતી નદી જેવો છે. અહીં ગૌણ લેખકોનું પ્રદાન ધ્યાનમાં લેવાનું અનિવાર્ય હોય છે. દરેક યુગના સાહિત્યને પોતાના પ્રદાનથી થોડુંક વધારે સમૃદ્ધ કરનારા ગૌણ લેખકો હોય જ છે. ગુલાબદાસ બ્રોકર ગાંધીયુગની વાર્તાને મહત્ત્વનું પ્રદાન કરનારા લેખક તરીકે જાણીતા છે.

ઈ.સ. ૧૯૩૨માં બ્રોકર આઝાદીનાં આંદોલનોમાં જોડાયા હતા. અનેક લેખકો આ ગાળામાં જેલમાં હતા. બ્રોકર યરવડા જેલમાં હતા ત્યારે એમની પ્રથમ વાર્તા ‘જૂના સંસ્કાર’ લખાયેલી. જે પછી રા. વિ. પાઠકે એમના ‘પ્રસ્થાન’ માસિકમાં પ્રગટ કરેલી. આ પછી ગુલાબદાસે પૂરાં સાઠ (૬૦) વર્ષો સુધી વાર્તાલેખન કરેલું. થોડું વિવેચન અને નાટક પ્રવાસ, સત્યકથા, બોધકથા, સમાજકથાના અપવાદો બાદ કરતાં કહી શકાય કે બ્રોકરે માત્ર વાર્તાઓ જ લખી. સાહિત્યકલાના દૃષ્ટિકોણથી લખાતી રહેલી એમની વાર્તાઓના પ્રથમ તબક્કામાં એમણે આઠેક સંચયો આપેલા. જેમાં ‘લતા અને બીજી વાર્તાઓ’ (૧૯૩૮), ‘વસુંધરા અને બીજી વાતો’ (૧૯૪૧), ‘ઊભી વાટે’ (૧૯૪૪),

'સૂર્યા' (૧૯૫૦), 'પ્રકાશનું સ્મિત' (૧૯૫૬) અને 'માણસનાં મન' (૧૯૬૨) વગેરે સંચયો ધ્યાનપાત્ર નીવડેલા. વાર્તાકાર અને વાર્તાના અભ્યાસી તરીકે ત્યારે બ્રોકરની નામના હતી. ગુલાબદાસનો (૧૯૩૫થી ૧૯૫૫) એ જમાનો હતો.

ગુલાબદાસ હ. બ્રોકરનો જન્મ ઈ.સ. ૧૯૦૯માં પોરબંદર ખાતે થયો હતો. માતાનું નામ વજકોરબાઈ. પિતા હરજીવનદાસ વ્યવસાય અર્થે મુંબઈમાં જઈ વસ્યા હતા. ૧૯૨૭માં સુમનબહેન સાથે ગુલાબદાસનું લગ્ન થયું હતું. વિજય, વિનોદ બે પુત્રો અને ચન્દ્રપ્રભા તથા મીના બે દીકરીઓનો પરિવાર! બધાં સારી રીતે ભણીને ગોઠવાઈ ગયેલાં. સુખી અને નીતિનિષ્ઠ કુટુંબ. બ્રોકર પોતે ગાંધીવિચારને વરેલા. એમના સાહિત્યમાં સામાજિક વાસ્તવનું આલેખન વિશેષ જોવા મળે છે.

મુંબઈની ન્યૂ ભરડા સ્કૂલમાંથી ૧૯૨૬માં મેટ્રિક થયા. ૧૯૩૦માં એલ્ફિન્સ્ટન કૉલેજમાંથી અંગ્રેજી ગુજરાતી સાથે બી.એ. થયા. ૧૯૩૩થી ૧૯૬૪ સુધી મુંબઈ શેરબજારમાં બ્રોકર તરીકે કામ કર્યું. ગુલાબદાસ સાહિત્યકારો અને સાહિત્યિક સંસ્થાઓ સાથે સતત જોડાયેલા અને સક્રિય રહ્યા. ૧૯૪૦થી પી.ઈ.એન.ના સભ્ય. ૧૯૫૮-૬૦ દરમિયાન તેના માનદ્મંત્રી ને ખજાનચી રહેલા. દિલ્હી અકાદમીની સલાહકાર સમિતિમાં પણ કાર્યરત હતા. પી.ઈ.એન.ના ફ્રૅન્કફર્ટ (જર્મની) અધિવેશનમાં ભારતના પ્રતિનિધિ તરીકે ગયેલા. ૧૯૬૨માં અમેરિકન સરકારના નિમંત્રણથી 'સ્ટડી મિશન્સ' ઇન્ટરનેશનલમાં અમેરિકા ગયેલા. ૧૯૭૪-૭૫માં ગુજરાત સાહિત્ય પરિષદના પ્રમુખ રહ્યા હતા. બ્રોકર સ્વભાવે મળતાવડા, પરગજુ અને સંબંધોના માણસ હતા. 'પોતે સાહિત્યકાર છે' – એવો ભાવ કદી દેખાડ્યો નથી. અનેક નવા વાર્તાકારોને પ્રોત્સાહન આપનાર બ્રોકરે સુરેશ હ. જોષીના પ્રથમ વાર્તાસંચય 'ગૃહપ્રવેશ'ની પ્રસ્તાવના લખેલી એ ઘટના પછીનાં વર્ષોમાં પણ ચર્ચાનો વિષય બની હતી. ૧૯૪૬-૫૦ના ગાળામાં પન્નાલાલને ટીબી થયો ને એ લોનાવલા હવાફેર માટે ગયા ત્યારે બ્રોકરે એમને ઘણી મદદ કરેલી.


બ્રોકરની ચૂંટેલી વાર્તાઓનું સંપાદન (રમણલાલ જોશી) 'ફૂલ ઝરે ગુલમહોર' નામે થયેલું. જે કૉલેજ કક્ષાએ ઘણી વાર અભ્યાસક્રમમાં મુકાતું રહેલું. આપણામાંથી ઘણા હાઈસ્કૂલ કક્ષાએ બ્રોકરની બે વાર્તાઓ (અથવા કોઈ એક તો અવશ્ય) 'ઊભી વાટે' અને 'ગુલામદીન ગાડીવાળો' ભણ્યા

હોઈશું. વ્યવહારજીવનના પ્રસંગોને વાર્તારૂપ આપવામાં સૌની જેમ બ્રોકર પણ માહેર હતા. 'ઊભી વાટે'માં કપૂરચંદ શેઠની દુકાને એક ગરીબ બાઈ ભીખ માગવા આવી છે. શેઠ એનું અપમાન કરીને પણ કશું આપતા નથી. ત્યાં એ બાઈનાં વેણ શેઠને એમની બા-ની યાદ અપાવે છે. બા લોકોનું ઘરકામ કરતી ને કપૂરને ઉછેરતી. શેઠ પેલી બાઈની પાછળ પૈસા લઈને ઊભી વાટે – બજારે દોડે છે. બાઈને વીનવે છે : 'મારી મા! મારી ભૂલ થઈ ગઈ, મને માફ કર... લ્યે આ લેતી જા.' બાઈ કહે છે : 'તારી તો કોડીય મને ન ખપે!'

બ્રોકરની 'લતા શું બોલે?' ને 'નીલીનું ભૂત' વાર્તાઓને વિવેચકોએ પોતાના સમયથી પણ આગળની ગણાવીને વખાણેલી. ઉજોએ કહેલું કે માર્ક્સની અસર હતી ત્યારે બ્રોકર ફ્રોઇડનો પ્રભાવ ઝીલીને જાતીયતા અને મનોભૂમિની સફળ વાર્તાઓ લઈ આવ્યા છે. 'લતા શું બોલે?'માં લતા ને સુરેશ આદર્શ દંપતી છે. લતાને કશી વાતે અતૃપ્તિ નથી. પણ એ મિત્ર નિરંજન તરફ અકળ રીતે ખેંચાય છે. પ્રકૃતિનો વિજય થાય છે ને મિત્રદ્રોહની વેદનાથી મજબૂર નિરંજન મુંબઈ છોડીને જતો રહે છે. લતા સુરેશ સિવાય એનું કોઈ નથી, તોય એ સુરેશને પણ જણાવ્યા વિના જતો રહે છે. સુરેશ લતાને એમ જ પૂછે છે કે નિરંજને આવું પગલું કેમ ભર્યું હશે? ત્યારે વાર્તાનું છેલ્લું વાક્ય આવે છે : 'પણ, લતા શું બોલે?'

'નીલીનું ભૂત'માં પુરુષોની લંપટતા અને દાંભિકતાનું કલાત્મક આલેખન છે. 'ગુલામદીન'માં સ્ત્રી/પત્ની વિશેના રૂઢિ જડ ખ્યાલોનું વર્ણન છે. 'બા' અને 'કુંડી' જેવી વાર્તાઓમાં આદર્શો-ભાવનાઓ અને પરિવર્તનના સંકેતો છે. બે પેઢી વચ્ચેનું અંતર પણ એમાં સૂચક છે, ગુજરાતી વાર્તામાં, સ્વરૂપ, રીતિ, વિષયોમાં ૧૯૫૫ પછી તો ઘણાં પરિવર્તનો આવે છે. પરંતુ બ્રોકર તો પોતાની ધાટીની વાર્તાઓ છેક ૨૦૦૦ સુધી લખતા રહેલા. ગાંધીવિચારનો પ્રભાવ એમણે છેક સુધી સાચવેલો. સહજ રીતે જ એ એમનો જીવનભાવ બની ગયેલો. ઈ.સ. ૨૦૦૬માં ૯૭ વર્ષની વયે પૂનામાં દીકરાને ત્યાં ગુલાબદાસ બ્રોકરે દેહત્યાગ કર્યો હતો.

❑



# ૨૦

## ગાંધી-વિચારને કથાસાહિત્યમાં આલેખનાર લોકપ્રિય લેખક : ર. વ. દેસાઈ

ગુજરાતી સાહિત્ય પર ગાંધીજીનાં જીવન અને વિચારનો વ્યાપક પ્રભાવ પડ્યો હતો. ૧૯૨૦-૨૫થી ૧૯૪૦-૪૫ના એ સમયગાળાને સાહિત્યના ઇતિહાસમાં 'ગાંધીયુગ'ને નામે ઓળખવામાં આવ્યો છે. આ ગાળાના મહત્ત્વના કવિઓ સુન્દરમ્-ઉમાશંકર-મેઘાણી હતા... એ રીતે મહત્ત્વના નવલકથાકાર હતા – રમણલાલ વસંતલાલ દેસાઈ – ર. વ. દેસાઈને નામે જાણીતા આ નવલકથાકાર સમાજવાદી વિચારધારા સાથે તત્કાલીન પ્રજાજીવનના પ્રવાહોના અભ્યાસી હતા. આઝાદીનાં આંદોલનો, ઉચ્ચ શિક્ષણ લેતાં યુવક-યુવતીઓનાં જીવન-વિચાર અને કાર્યની પદ્ધતિ તથા અસ્પૃશ્યતા નિવારણ અને નારીજીવનની ગતિવિધિ વગેરેમાં ર. વ. દેસાઈને ઊંડો રસ હતો. ગાંધીવિચાર અને ગ્રામોદ્ધાર તથા રચનાત્મક પ્રવૃત્તિઓમાં રસ લેનાર ર. વ. દેસાઈએ એમની મોટા ભાગની નવલકથાઓમાં ઉક્ત વિષયોની ગૂંથણી કરી હોવાથી એમને 'યુગમૂર્તિ કથાવાર્તાકાર' તરીકે ઓળખવામાં આવ્યા હતા.

ર. વ. દેસાઈ આમ તો ક. મા. મુનશી અને ધૂમકેતુના સમકાલીન હતા. મુનશીની જેમ ર. વ. દેસાઈ પણ ત્યારે ખૂબ વંચાતા નવલકથાકાર હતા. યુવાન હૈયાંને એમની 'જયંત'. 'કોકિલા', 'શિરીષ', 'ગ્રામલક્ષ્મી' તથા 'દિવ્યચક્ષુ' જેવી નવલકથાઓ ખૂબ ગમતી હતી. 'કોણ વધારે લોકપ્રિય/ વંચાતા લેખક? તમે કે મુનશી?' આ પ્રશ્નના જવાબમાં ર. વ. દેસાઈએ કહેલું

કે, 'જાહેરમાં ક. મા. મુનશી, ને ખાનગીમાં હું... હા. હું પણ!' વાચકોને વહાલા ૨. વ. દેસાઈના લેખનમાં સમગ્ર ગાંધી અને એમનું જીવન હાજરાહજૂર છે. 'ગ્રામલક્ષ્મી' ભાગ ૧થી ૪ અને 'દિવ્યચક્ષુ' નવલકથાઓમાં, એ આખોય ગાંધીયુગ, ૨. વ. દેસાઈએ ૧૯૩૫નાં એ વર્ષોમાં શબ્દબદ્ધ કરીને ગુજરાતીઓના ઘરે ઘરે પ્રેમથી પહોંચાડ્યો હતો.

૨. વ. દેસાઈના બાપદાદા મૂળ કાલોલના વતની. તે બધા શિનોર (ડભોઈ પાસે) આવી વસેલા. ૨. વ. દેસાઈનો જન્મ ૧૨-૫-૧૮૯૨માં શિનોર ગામમાં થયો હતો. માતા મણિબેન, પિતા વસંતલાલ નાસ્તિક વૃત્તિના હતા અને 'દેશભક્ત' નામનું સામયિક કાઢતા. પ્રકાશન પ્રવૃત્તિને લીધે ૨. વ. દેસાઈને વાંચવાનાં પુસ્તકો બાળપણથી મળેલાં. માતાની વૈષ્ણવ સંપ્રદાયમાં શ્રદ્ધા હતી. શિનોરમાં છ ચોપડી ભણી ૨. વ. દેસાઈ વડોદરાની શાખા શાળામાં દાખલ થયેલા. ૧૯૦૮માં મેટ્રિક થયા પણ કૉલેજનાં પ્રથમ બે વર્ષમાં એ ગણિતમાં નાપાસ થયા. જોકે અહીંથી એ કવિતા તરફ વળે છે ને મિત્રો સાથે સમાજવાદની ચર્ચાઓ કરે છે. એ ૧૯૧૪માં પ્રથમ વર્ગ સાથે બી.એ. થયા, પરંતુ ૧૯૧૬માં અંગ્રેજી-ગુજરાતી સાથે એમ.એ.માં બીજા વર્ગમાં પાસ થયા. એટલે કૉલેજમાં પ્રોફેસર થવાનું સ્વપ્ન નંદવાઈ ગયેલું. 'સંયુક્તા' નામે એમનું લખેલું નાટક સુરત ખાતે ૧૯૧૫માં મળેલી સાહિત્ય પરિષદમાં ભજવાયું. વખણાયું. પછી એમનું સાહિત્યલેખન ઝડપથી નવલકથા તરફ વળે છે. સયાજી સ્કૂલમાં શિક્ષક તરીકે થોડો સમય નોકરી કર્યા બાદ તેઓ ૧૯૧૬ના નવેમ્બરથી બરોડા રાજ્યમાં ક્લાર્ક તરીકે જોડાયા હતા. નિવૃત્તિ – ૧૯૪૮ – સુધી એમણે વિવિધ પદો પર ત્યાં જ કામ કર્યું. લેખન-વાચન-વિચાર-પ્રવાસ-ચર્ચાઓ માટે અહીં પૂરતો સમય મળે છે. ૧૯૧૨માં કૈલાસવતી સાથે એમનાં લગ્ન થયેલાં. એમનાં બે સંતાનો અક્ષય દેસાઈ અને સુધા દેસાઈ! ૨. વ. દેસાઈ ગુજરાતીના મહત્ત્વના નવલકથાકાર તરીકે જાણીતા છે. એમણે વાર્તા-નાટક-કવિતા-અભ્યાસલેખો પણ લખ્યાં છે. એમનો સમય એમના લેખનમાં બોલે છે.

૨. વ. દેસાઈએ કુલ સત્તાવીશ નવલકથાઓ લખી છે. 'દિવ્યચક્ષુ'માં મીઠાના સત્યાગ્રહની પીઠિકા લઈને લેખકે અહિંસાત્મક પ્રતિકાર, સમાજસેવા, સ્વદેશી આંદોલન, સ્ત્રી-સ્વાતંત્ર્ય, અસ્પૃશ્યતાનિવારણ જેવા વિષયોને વણી લીધા છે. જાણે ગાંધીજી વતી લેખક સમસ્યાઓને વર્ણવીને સમાજને જાગૃત કરે છે. પોલીસ અત્યાચારો, અંગ્રેજ અમલદારોની જોહુકમીનો અરુણ-રંજન

જેવા યુવાનો વિરોધ કરે છે. ધના ભગતના પાત્ર વડે અસ્પૃશ્યતાના પ્રશ્નને વાચા આપતા અને ઉકેલ દર્શાવતા લેખક અરુણ-રંજનની પ્રેમકથા પણ વણી લે છે. કથાકથનને રસપ્રદ બનાવવાની સરસ રીતિ એમની ‘જયંત’, ‘કોકિલા’ જેવી નવલકથાઓમાં પણ પમાય છે.

સમગ્ર ગાંધી-જીવન અને એમના જીવનમિશનને વ્યક્ત કરતી ‘ગ્રામલક્ષ્મી’ નવલકથા ચાર ભાગમાં અને ૧૨૩૩ પાનાંમાં વિસ્તરેલી છે. ગ્રામોદ્ધાર અને સાચું સ્વરાજ એટલે ગ્રામસ્વરાજ-ની વિચારધારા આ નવલકથાના નાયક અશ્વિનના જીવનકાર્ય દ્વારા ચરિતાર્થ કરી બતાવવામાં લેખકને સફળતા મળી છે. આદર્શવાદી અને ભાવનાવાદી આ નવલકથામાં વાસ્તવથી ઊફરા જઈને કલ્પનાવિહાર કરવામાં આવ્યો હોવાથી આજે ‘ગ્રામલક્ષ્મી’ નવલકથા એટલી ઉલ્લેખપાત્ર નથી રહી.

ર. વ. દેસાઈની નવલોમાં મજૂરોના પ્રશ્નો, વેશ્યાજીવન, કુરૂઢિઓ, અંગ્રેજોના જુલમો, પ્રેમ અને દામ્પત્યજીવન – ઇત્યાદિની રસાળ શૈલીમાં થયેલી રજૂઆત વાચકોને જકડી રાખતી હતી. જીવનને હંમેશાં આશાવાદી બનીને જીવતા આ વિનમ્ર સર્જકનું ૨૦-૯-૧૯૫૪માં નિધન થયું હતું.

❑



# ૨૧

## સાહિત્ય અને સમાજને સમર્પિત લેખક : ઈશ્વર પેટલીકર

કોઈ પણ યુગનું સાહિત્ય એના સમાજની નીપજ હોય છે. સમાજ વિના સાહિત્યનું હોવું અસંભવ છે. સમાજ અને સાહિત્ય બંનેના કેન્દ્રમાં 'માનવ' છે. સમાજમાં જીવતો 'માનવ' અને સાહિત્યમાં આવતો 'માનવ' બંનેમાં સામ્ય છે ને જુદાપણુંય છે. બસ! આ 'જુદાપણું' લેખક કેવી રીતેભાતે પ્રગટાવે છે? – ને એ માટે કેવા રચનાપ્રપંચો તથા ભાષારીતિઓ પ્રયોજે છે એ જાણવાની ખરી મજા છે. કલાતત્ત્વ પણ અહીં પડેલું છે. કૃતિની ઉચ્ચાવચતા પણ આનાથી નક્કી થાય છે.

વાસ્તવ અને કલ્પનાનો મુકાબલો રસપ્રદ હોય છે. સર્જક ભાષા અને ટેક્નિકથી આ મુકાબલાને વધારે લોકભોગ્ય અને અર્થપૂર્ણ બનાવે છે. મોટા સર્જકો આ બધું સહજ કરી શકે છે.

ગઈ સદીના ચોથા-પાંચમા-છઠ્ઠા દાયકાઓમાં 'પટેલ ત્રિપુટી' તરીકે જાણીતા લેખકો એટલે પન્નાલાલ પટેલ, પેટલીકર – પીતામ્બર પટેલ! પન્નાલાલ સાબરકાંઠાની પૂર્વોત્તર સરહદનો ગ્રામીણ ઇલાકો સાહિત્યમાં લઈ આવ્યા. પીતામ્બરે મહેસાણાનું ગ્રામજીવન વર્ણવ્યું. ઈશ્વર મોતીભાઈ પટેલ – પેટલીકરે ચરોતરની એક એક નસ પકડીને પાટીદારો અને બારૈયા પાટણવાડિયાના ભાતીગળ અને સાહજિક જીવનને નવલકથા-વાર્તામાં ઝીણવટથી આલેખ્યું! ગુજરાતી સાહિત્યમાં આ પટેલ ત્રિપુટીનું લેખનસર્જન યાદગાર રહ્યું છે.

ઈશ્વર પેટલીકર (૧૯૧૬થી ૧૯૮૩) નડિયાદ વસો પાસેના પેટલી ગામના. નાનકડું ગામ. વ્યવસાય ખેતી. માતા જીવીબા પિતા મોતીભાઈ અભણ. પણ સંસ્કારી ને નીતિનિષ્ઠ પરિવાર. ખાધેપીધે સુખી. પિતાના મોટાભાઈ પ્રાથમિક શિક્ષણ મેળવીને થોડોક વખત શિક્ષક રહેલા... પણ પછી બાબર ભગત તરીકે જાણીતા થયા હતા. ભજન નહોતા ગાતા. પણ સમાજસુધારા માટે રોજ લોકોને સમજાવતા... બાળક પેટલીકર પર આનો એવો પ્રભાવ પડ્યો કે એ સુધારાવાદી વલણોને આવકારવા સાથે ગ્રામજીવન વિશે પ્રસંગો ચરિત્રો ને વાતો લખતા થયા. બાબરબાપાની સુધારાવાદી પ્રવૃત્તિઓના પેટલીકર જાણે વારસ બન્યા.

ઈશ્વર પેટલીકર ઘણી રીતે નોખા લેખક તરીકે જાણીતા-ચર્ચાતા રહેલા. પૂરા પટેલ, ચોખ્ખું ને ચટ કહે. ગોળગોળ વાત નહીં... આખાબોલા પણ સાચાબોલા ને નિઃસ્વાર્થી! સમાજસુધારક ને માનવતાવાદી.

- ‘લોહીની સગાઈ’ વાર્તા ભારતીય કક્ષાએ ઇનામી ઠરેલી. ગાંડી દીકરી મંગુના લાલનપાલનમાં માની મમતા કસોટીએ ચડે છે. ને મા અમરતકાકી દીકરીને નાછૂટકે ગાંડાના દવાખાને મૂકીને આવે છે એ જ રાતે પાગલ થઈ જાય છે. ‘અમરતકાકી મંગુની ન્યાતમાં વટલાઈ ગયાં...’ આ વાક્ય આજે પણ લાખો ગુજરાતીઓને હૈયે વસેલું છે.
- તોફાની માતેલા સાંઢને ભરબજારે નાથીને યુવાનોનો મદ ઉતારતી ડાભીની દીકરી ચંદા ‘જનમટીપ’ નવલકથાની નાયિકા છે. પરિશ્રમી પણ સ્વમાની ચંદા, એનું અપમાન થતાં ભીમાનું – પતિનું ઘર છોડે છે. ‘દોરડી બળે પણ વળ ન મૂકે.’ એવી ચંદા વેરની વસૂલાત થતાં પાછી સાસરે આવીને ઘર-ખેતી સંભાળી લે છે. પતિ ને સસરાને જનમટીપ થાય છે – એક રીતે ચંદાનેય જાણે જનમટીપ મળે છે. પણ એ અબળા મટીને પ્રબળા બની છે. આ નવલકથા પેટલીકરની કીર્તિદા કૃતિ આજેય ભણાવાય છે.


સાત ચોપડી ભણીને પાદરા તરફ (સણિયાદમાં) શિક્ષક થયેલા પેટલીકર આણંદ રહીને ‘સંસાર’ સામયિક ચલાવે છે. પછી લેખન-પત્રકારત્વનો સ્વીકાર કરી અમદાવાદ આવીને વસે છે. ને ઉત્તમ લેખક તથા નીડર ને આક્રમક પત્રકાર બને છે.

પેટલીકરે ૨૫ નવલકથાઓ, ૧૧ વાર્તાગ્રંથો, ચાર-પાંચ ચરિત્રગ્રંથો ને સમાજસુધારાના તથા પત્રકારત્વના લેખસંચયોનાં ૨૫થી વધુ પુસ્તકો આપ્યાં છે.

નર્મદ પછી પન્નાલાલ અને પેટલીકર કલમને ખોળે માથું મૂકીને જીવ્યા... એ ઘટના યાદગાર રહેવાની છે.

'ભવસાગર' અને 'મારી હૈયાસગડી' – ચરોતરના સમાજજીવનને ઝીણવટથી આલેખે છે. આજની યુવતીઓને પણ એ ખૂબ પ્રેરક બને એવી છે. નારીની વેદના વર્ણવવામાં પેટલીકર ખૂબ માહેર છે. 'મધલાળ', 'કળિયુગ'માં બહારવટિયાઓની વાતો છે. સદ્-અસદ્નો સંઘર્ષ આલેખતા પેટલીકર સમાજસુધારો ચીંધે છે. પંચાયતી રાજ, કુટુંબનિયોજન, વિધવાવિવાહ, સ્ત્રીકેળવણી, પ્રેમલગ્ન, લગ્નેતર પ્રેમ – આ બધા વિષયો પેટલીકરે આલેખીને સાહિત્ય અને સમાજના સંબંધો બતાવવા સાથે સુધારાવાદી ને વિચારપ્રધાન સાહિત્યનો પક્ષ લીધો હતો. આજે ફરીથી આપણને બીજા પેટલીકરની જરૂર છે.

❑



# ૨૨

## પ્રેમ અને શાંતિના ઉદ્‌ગાતા સર્જક : દર્શક

કેટલાક લેખકો સાવ ઓછું ભણેલા હોય છે. જીવનની વિદ્યાપીઠમાં ભણેલા પાઠ જ વધુ મહત્ત્વના પુરવાર થાય છે, પન્નાલાલ, પેટલીકર, રાવજી પટેલ અને રતિલાલ 'અનિલ' જેવા સર્જકો સમાજજીવનના કઠોર વાસ્તવને જીવતાં જીવતાં અગ્રણી સર્જકો બન્યાનાં દૃષ્ટાંતો છે. અલબત્ત, જન્મજાત પ્રતિભા, પછી અનુભવબળે, વિકસીને સારું લખાવે છે. દર્શક પણ આવા જ સર્જક તરીકે જાણીતા છે.

ગુજરાતી નવલકથાના મહત્ત્વના પાંચ સીમાસ્થંભરૂપ સર્જકો – ગોવર્ધનરામ, ક. મા. મુનશી, પન્નાલાલ, દર્શક અને રઘુવીર ચૌધરી. આ સહુમાં દર્શક વધારે નોખા અને આજે પણ પ્રસ્તુત તથા પ્રેરક સર્જક તરીકે યાદ કરાતા રહ્યા છે. દર્શક જીવનવાદી-મૂલ્યવાદી લેખક છે. એમના વિશે થોડું વધારે જાણીએ અને એમના જીવનદર્શનને એમના સાહિત્ય વડે સમજવાનો પ્રયત્ન કરીએ.

મનુભાઈ રાજારામ પંચોલી, 'દર્શક' ઉપનામ. જન્મ ૧૫-૧૦-૧૯૧૪. વતન ગામ પંચાશિયા (વાંકાનેર), તીથવા, લુણસર (જિ. સુરેન્દ્રનગર)માં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ વાંકાનેરમાં લીધું. ૧૯૩૦માં માત્ર સોળ વર્ષની વયે અભ્યાસ અધૂરો છોડીને મીઠાના સત્યાગ્રહમાં જોડાયા. ધોલેરા, વિરમગામ છાવણી, સાબરમતી, વીસાપુર અને નાસિકની જેલમાં રહેવાનું મળ્યું. જીવનનું પાથેય અહીંથી જ મળવાનું શરૂ થયેલું. જેલવાસે મનુભાઈને

અનુભવી, વિચારક, સમાજસેવક, શિક્ષક અને લેખક બનાવવામાં મહત્ત્વની ભૂમિકા રચી આપેલી.

૧૯૩૪માં નાનાભાઈ ભટ્ટ સાથે મેળાપ થયો. મનુભાઈ ભાવનગર દક્ષિણામૂર્તિમાં ગૃહપતિ બન્યા. જેલવાસ દરમિયાન વાચન-લેખન-વિચારધારાઓ-ચર્ચાઓનો લાભ મળેલો. પછીથી એને લઈને 'બંદીઘર' (૧૯૪૬) નવલકથા લખેલી, એનો કાચો મુસદ્દો 'કબ્રસ્થાન' નામે ૧૯૩૬માં લખેલો. વીસ-એકવીસની વયે તો એમણે ૧. 'જલિયાંવાલા' (૧૯૩૪) અને ૨. 'અઢારસો સત્તાવન' (૧૯૩૫) જેવાં બે નાટકો લખીને પ્રકાશિત કર્યાં હતાં.

આઝાદીની લડતમાં જોડાવાની તક મળી એને મનુભાઈ પરમ સૌભાગ્ય ગણાવે છે. અહીંથી એમને 'દૃષ્ટિ' મળી અને એ ખરા અર્થમાં 'દર્શક' બન્યા. કૉલેજના શિક્ષણની એમને ન તો જરૂર પડી કે ન એની ખોટ સાલી. આંબલા, મણાર, લોકભારતી સણોસરામાં એ પળોટાયા તથા એ સંસ્થાઓના ઘડતર-ઉછેરમાં તનમનથી ખૂંપી ગયા. એ સંસ્થાઓને વિકસાવી અને સમગ્ર જીવન ત્યાં જ સમર્પિત કરી દીધું. ગાંધીજીની નઈ તાલીમને ચરિતાર્થ કરતી શિક્ષણવ્યવસ્થા દ્વારા પાંચ-છ નવી પેઢીના આચાર્યો – શિક્ષકો ગુજરાતના ચરણે ધર્યા. નવલકથાલેખનની તથા ઇતિહાસ અને સંસ્કૃતિના અધ્યયનની બધી સોઈ અહીં જ પામ્યા હતા. તા. ૨૯-૮-૨૦૦૧માં અવસાન પામ્યા ત્યારે એમને નામે દશ નવલકથાઓ તથા નાટકો-ચરિત્રો-નિબંધો-વિચારચર્ચાઓના બીજા એટલા જ ગ્રંથો બોલતા હતા.

દર્શકની મહત્ત્વની નવલકથાઓ છે : 'ઝેર તો પીધાં છે જાણી જાણી' ભાગ ૧થી ૩, 'બંધન અને મુક્તિ', 'પ્રેમ અને પૂજા', 'દીપનિર્વાણ', 'સોક્રેટિસ' અને 'કુરુક્ષેત્ર'. આ કૃતિઓના સેંકડો ચાહકો ત્યારે તો હતા ને આજે ય છે. મારા એવા બે મિત્રો છે, જેમાંથી એકે 'સોક્રેટિસ' વીસથી વધુ વખત ને બીજાએ 'દીપનિર્વાણ' બાર વખત વાંચી છે – ને એના વધુ ને વધુ મર્મો પામતા રહ્યા છે.


'બંદીઘર'માં જેલના અધિકારીઓના ત્રાસ સામે સ્વાતંત્ર્યસેનાનીઓનો સંઘર્ષ છે. 'બંધન અને મુક્તિ'માં વાત તો છે સ્વતંત્રતા અને દેશપ્રેમની. એમાં માનવતા-પ્રેમ-ભાવના ઉમેરાય છે. વાસુદેવનું પાત્રચિત્રણ દર્શકની સર્જકતાનો પુરાવો છે. 'દીપનિર્વાણ' કથામાં સિકંદર અને મૌર્યકાળની સંઘર્ષભૂમિ છે. મહાકશ્યપ, સુચરિતા અને આનંદનાં પાત્રો દ્વારા દર્શક યુદ્ધની સામે કરુણા અને દ્વેષની સામે પ્રેમને મૂકી જીવનકલ્યાણનો પક્ષ રજૂ કરે છે. આ

નવલકથાનું સર્જનાત્મક ગદ્ય ગુજરાતી ગદ્યનું ઊંચેરું શૃંગ છે. 'ઝેર તો પીધાં છે –'માં પણ ગોપાળબાપા, રોહિણી ને સત્યકામ જેવાં મૂઠી ઊંચેરાં, માનવતા તથા પ્રેમ વડે કલ્યાણગ્રામ રચવા મથતાં પાત્રોની સંઘર્ષકથા આપણી આંખો ભીંજવી દે છે. સદ્‌ને ઘેરી વળતું અસદ્ માણસોને કેવી કેવી વિપદાઓમાં નાખે છે એની કથા 'સોક્રેટિસ'માં છે.

દર્શક સામે ગાંધીજી જેવા જીવનયોદ્ધા હતા. નાનાભાઈ ભટ્ટ જેવા કઠોર અને પ્રેમાળ જીવનસાધક હતા, ગોવર્ધનરામ જેવા દ્રષ્ટાને એમણે ભીતરમાં ઉતાર્યા હતા. વાસ્તવના નકરા અનુભવો અને માનવકલ્યાણ માટેની નીતરેલી ભાવનાઓ હતાં. એટલે દર્શક મોટા ગજાના નવલકથાકાર તરીકે અડીખમ છે.

એમની કૃતિઓ તથા પાત્રો યુદ્ધની સામે શાંતિ, દ્વેષની સામે પ્રેમનો સંદેશો આપે છે. પ્રાચીન ઇતિહાસમાંથી દર્શક વસ્તુ લઈ આવે છે. આપણા સાંપ્રત સાથે એને જોડી આપે છે. ક. મા. મુનશીની જેમ દર્શકે અસ્મિતા નથી ગાવી. એમણે તો મરજીવા ઓળખાવવા છે અને મોતી પકવતા સાગરનો સંઘર્ષ વર્ણવવો છે. જ્યાં જ્યાં સંઘર્ષ છે ત્યાં ત્યાં દર્શકનાં પાત્રો હાજર છે. પ્રેમ અને પ્રકૃતિનાં એમણે કરેલાં વર્ણનો રોમાંચિત કરી દે છે. સાહિત્ય દ્વારા એ માનવમૂલ્યો સ્થાપવા મથ્યા છે તો શિક્ષણ દ્વારા અન્યાય સામે શીંગડાં માંડનારા યુવાવર્ગનું પ્રેમ અને પરિશ્રમથી ઘડતર કરવા એમણે જીવન સમર્પિત કરી દીધું છે. દર્શકને સલામ!!!

❑



# ૨૩

## પ્રકૃતિ, પ્રણય અને ગોપજીવનના ઉદ્‌ગાતા : રાજેન્દ્ર શાહ

કોઈ પણ સર્જક ઓળખાય છે એના ગુણવત્તાસભર ઉત્તમ સર્જનકાર્યથી! પારિતોષિકો અને ઍવૉર્ડ તો એને અપાયેલ પ્રેમાદર છે અને જે તે સંસ્થા દ્વારા થતી એની સર્જકતાની કદરરૂપે હોય છે. હા! એ સર્જકનો પ્રિવિલેજ છે – અધિકાર છે. ને સમાજની ફરજ છે. આપણા ચારેય જ્ઞાનપીઠથી સન્માનિત સર્જકોને આપણે, એમને ઍવૉર્ડ મળ્યો, એ પહેલાંથી જ જાણતા હતા. એમના સાહિત્યને સૌએ વાંચીને જાણ્યું-પ્રમાણ્યું હોય છે – એ પોતે કદી ઍવૉર્ડનો ઉલ્લેખ નથી કરતા. સર્જકનું શાણપણ એના સાહિત્યમાં દર્શનરૂપે રહે છે. કવિ રાજેન્દ્ર શાહને આપણે ઉક્ત ભૂમિકાએથી પ્રમાણ્યા હતા.

એમની ‘ઓળખ-મુદ્રા’ (સિગ્નેચર પોયમ) બનનારી કાવ્યકૃતિઓ એકાધિક છે. ‘ઈંધણાં વીણવા ગૈતી, મોરી સૈયર’ – તે ગરબે ગુંજતું થયું. પણ ‘કેવડિયાનો કાંટો’ અને ‘તને જોઈ જોઈ તોય તું અજાણી’ ગીતો પણ બાજુમાં નહિ મુકાય. ‘નિરુદ્દેશે’, ‘શ્રાવણી મધ્યાહ્ને’ અને ‘આયુષ્યના અવશેષે’ (પાંચ સૉનેટ) તો વિવેચકોને પ્રિય તથા ગુજરાતી કવિતાની મોંઘેરી જણસ છે. નિરંજન ભગત કહેતા કે કાવ્યસંચયમાંથી એક-બે ઉત્તમ કાવ્યકૃતિઓ મળે તો ભયો ભયો! જ્યારે રાજેન્દ્ર શાહના પ્રથમ કાવ્યસંચય ‘ધ્વનિ’ (૧૯૫૧)માંથી તો અકાવ્ય શોધવું અઘરું છે. ૧૯૪૦થી ૧૯૫૫ સુધીનો આખો અનુગાંધીયુગ ખરેખર તો ‘રાજેન્દ્ર-નિરંજન યુગ’ તરીકે ઇતિહાસમાં સ્થાન પામે છે. એ કાંઈ અમસ્થું તો નથી બન્યું. ઉત્તમ કવિતાનાં એ વર્ષો હતાં.

ગાંધીજીની હયાતીમાં જ (૧૯૪૦) ગુજરાતી કવિતા ગાંધીના ખભેથી ઊતરીને, સમાજનો હાથ છોડીને, બારી બહારનો પેલો સૌન્દર્યલોક વર્ણવવા અને ભીતરની નિજી સંવેદના આલેખવા ચાલી નીકળે છે. નૂતન કવિતાની નાન્દી બનેલી રાજેન્દ્ર-નિરંજનની કવિતાએ શિક્ષક નથી બનવું... એણે તો ‘કવિતા’ સિદ્ધ કરવી છે. ગુજરાતી કવિતામાં રાજેન્દ્રની અને એ યુગની કવિતા ઇતિહાસ રચે છે.

જે કપડવંજે આપણને ગોપજીવનના ઉત્તમ ચિત્રકાર સોમાલાલ શાહ આપ્યા એ જ કપડવંજે આપણને ગ્રામજીવનની, એના સીમવગડાની અને સૌન્દર્યલોકની ઉત્તમ કવિતા આપનાર રાજેન્દ્ર શાહ આપ્યા! ૧૯૧૩માં કવિનો જન્મ. માતા લલિતાબહેન, પિતા કેશવલાલ. મેટ્રિકની પરીક્ષા છોડીને આઝાદીના આંદોલનમાં જોડાયા. કપડવંજના ટાવર પર રાષ્ટ્રધ્વજ ફરકાવવા ચઢેલા. પોલીસ આવતાં ટાવરથી નીચે કૂદી પડેલા, ત્રણ-ચાર માસની જેલ થયેલી. ૧૯૩૧માં મંજુબહેન સાથે લગ્ન. ૧૯૩૨માં મેટ્રિક થયા. મુંબઈ-વડોદરા-અમદાવાદની કૉલેજોમાં ભણીને બી.એ., એમ.એ. થયેલા. અમદાવાદ જ્યોતિસંઘમાં નોકરી કરેલી. તત્ત્વજ્ઞાનમાં રસ એટલે બી.એ.માં વિષય રાખેલો. કાવ્યલેખન કૉલેજકાળથી વધુ ધ્યાનપાત્ર. ચાર દીકરી અને ત્રણ દીકરાનો પરિવાર. ૧૯૪૫થી મુંબઈ જઈ વસ્યા. ત્યાં કરિયાણાની દુકાન, લાકડાં કાપવાનો કોન્ટ્રાક્ટ અને લિપિની–પ્રિન્ટરી જેવા વ્યવસાય કર્યા. ‘કવિલોક’ ચલાવતા... ને મુંબઈમાં શનિ-રવિએ બધા કવિઓનો મેળો જામતો. ૧૯૭૦થી એકલા પાછા આવીને કપડવંજમાં વાસ કર્યો હતો. મૃત્યુ (૨૦૧૦) સુધી વતનમાં રહ્યા.

રાજેન્દ્ર શાહના ૨૦થી વધુ કાવ્યસંચયોમાં મુખ્ય છે – ‘ધ્વનિ’, ‘આંદોલન’, ‘શ્રુતિ’, ‘શાંત કોલાહલ’, ‘ક્ષણ જે ચિરંતન’, ‘મધ્યમાં’, ‘હા, ... હું સાક્ષી છું.’ એમણે કેટલાક મહત્ત્વના કાવ્યાનુવાદો કર્યા છે. ૨૦૦૩નો ભારતીય જ્ઞાનપીઠ પુરસ્કાર એમને અપાયો હતો.

ગ્રામીણ બોલીમાં અને ગ્રામીણ પરિવેશમાં રચાયેલાં મુગ્ધાનાં પ્રેમગીતો, ઋતુઓ-માસોનાં ગીતકાવ્યો અને ઉત્તમ સૉનેટો વધુ યાદગાર છે. તળપદી બોલી જેમ ગીતકવિતાને સહજ, સરળ ને ભાવવાહી બનાવે છે એમ તત્સમ્-તદ્ભવ કાવ્યપદાવલિમાં રચાયેલાં છંદોબદ્ધ કાવ્યો અને સૉનેટો રાજેન્દ્ર શાહમાં રહેલા ‘કલાકાર’ કવિનો પરિચય કરાવે છે. ‘શ્રાવણી મધ્યાહ્ને’નો વસંતતિલકા છંદ અને ‘આયુષના અવશેષે’નો હરિણી તથા

‘વિજન અરણ્યે’નો અનુષ્ટુપ છંદ રાજેન્દ્રની કવિત્વશક્તિનો પરિચય આપવા સાથે કવિતામાં છંદ કેવો વિરલ ભાવલોક સર્જે છે એ દર્શાવે છે.

કવિ મુંબઈ છોડીને વૃદ્ધાવસ્થાને આરંભે જ કપડવંજના બંધ ને સૂના ઘરમાં રહેવા આવે છે. એમની એ વખતની મનઃસ્થિતિ અને વાસ્તવનાં કલાપૂર્ણ શબ્દચિત્રો તથા જીવનને આવરી લેતી તત્ત્વકેન્દ્રી ભાવસૃષ્ટિ પાંચે સૉનેટ (આયુષના અવશેષે)માં વ્યક્ત થાય છે. ગુજરાતી સૉનેટ કવિતાના મુગટ સમાં આ કાવ્યોને બ.ક. ઠા. જેવા દુરારાધ્ય વિવેચકે પૂરા ગાંભીર્યથી આવકારતાં લખેલું : ‘રેશમના પટ પર કિનખાબથી લખીને સામી ભીંત પર લટકાવવા જેવાં આ કાવ્યોનો લય વૃદ્ધ માણસના વિચારલયને આબાદ ઝીલે છે.’ થોડી પંક્તિઓ આસ્વાદીએ...

**‘જનમ-સ્થલની ઝાંખી આયુષ્યની અવધે કરું,**
**ભર્યું જવ હતું તેની યાદે સૂને ઘર સંચરું.’**

o

**‘ખબર પૂછતાં મોટેરાં જે જીવંત રહ્યાં જૂજ :**
**નજર કરી કામે વળી જતી વહુવારુઓ...’**


o

**‘જીરણ થઈને ભીંતે ઝૂકી ઊભો હજી ખાટ આ,**
**અવ અહીં ઝૂલે ખાલી સીકું, વિના દધિ ઝૂરતું!’**

‘શ્રાવણી મધ્યાહ્ને’ જેવું શ્રાવણી બપોરના સીમવગડાનું વર્ષાભીનું ચિત્ર આપતું કાવ્ય ગુજરાતીમાં નથી જ રચાયું! રોજ કવિ એ રસ્તે ઉત્કંઠેશ્વર જતા. ચિત્ર માણીએ : ‘પાણી ભરેલ કંઈ ખેતરમાં જવારા/ તેજસ્વી અંગ પર શૈશવની કુમાશે/ સોહંત, ઊંચી ધરણી પર ત્યાં જ પાસે/ ડૂંડે કૂણાં હસતી બાજરી ચિત્તહારા/ ઊડે હુલાસમય ખંજન-કીર-લેલાં/ ટૌહુકે કદી નીરવતા મહીં મોર ઘેલા!’

વૃક્ષોનાં, અંધકારનાં, રાત્રિનાં વર્ણન કરતાં કાવ્યોની વાત પણ વિગતે થઈ શકે. તાજપ, નવતાભર્યાં ભાવપ્રતીકોનો જાદુ પણ નોંધી શકાય. પણ અહીં અટકીએ, મુંબઈના ગિરગામ ખાતે ૯૭ વર્ષની વયે કવિનો આત્મા દેહમુક્ત થયો હતો. વંદન!

❑



# ૨૪

## પોતાની કવિપ્રતિભાથી એક આખા યુગને પ્રભાવિત કરનાર કવિ : નિરંજન ભગત

કવિશ્રી નિરંજન ભગત (૧૯૨૬-૨૦૧૮) એટલે કે ભગતસાહેબ! ગુજરાતી સાહિત્યજગત અને અડધું અમદાવાદ એમને પ્રેમાદરપૂર્વક 'ભગતસાહેબ' કહીને સંબોધતું! સેન્ટ ઝેવિયર્સમાં એ અંગ્રેજીના નામાંકિત અને વિદ્યાર્થીપ્રિય અધ્યાપક રહેલા. અંગ્રેજીના ઉત્તમ શિક્ષકોની ચાર-પાંચ પેઢી તૈયાર કરનાર ભગતસાહેબ સુદીર્ઘ વ્યાખ્યાનો (ત્રણ-ચાર કલાક સુધી પણ બોલે અને રસાળ શૈલીથી શ્રોતાઓ તલ્લીન થઈ જાય) માટે જાણીતા. ભારતીય અને યૂરપની કવિતાના મોટા અભ્યાસી. કવિતા વિશેનાં એમના સુદીર્ઘ લેખો 'સ્વાધ્યાયલોક' ગ્રંથમાળામાં સચવાયા છે.

નિરંજન ભગત માટે આપણે 'સ્કોલર-પોએટ' શબ્દ જરૂર પ્રયોજી શકીએ. 'છંદોલય'-બૃહત (૧૯૭૪)માં એમના બીજા ત્રણ સંચયો : 'કિન્નરી', 'અલ્પવિરામ', '૩૩ કાવ્યો' – પણ સમાવી લીધા છે. ઓછી પણ ઉત્તમ કવિતાના કવિ નિરંજન ભગત યુગપ્રવર્તક કવિ તરીકે પણ ઓળખાયા છે. મોટા ભાગના સર્જકો યુગથી પ્રભાવિત થતા હોય છે. ભગતસાહેબે યુગને પોતાની કવિતાથી પ્રભાવિત કર્યો અને અનેક નવકવિઓને સૌન્દર્યરાગી કવિતા તરફ જવા પ્રેર્યા! ૧૯૪૦થી ૧૯૫૫નો એ અનુગાંધીયુગ તરીકે ગુજરાતી સાહિત્યમાં અંકિત થયેલો સમયગાળો 'રાજેન્દ્ર-નિરંજન યુગ' તરીકે પણ ઓળખાય છે. રાજેન્દ્ર શાહ, પ્રહ્લાદ પારેખ, પ્રિયકાન્ત મણિયાર તથા

હરિશ્ચન્દ્ર ભટ્ટ જેવા કવિઓનો એ 'કવિતાકાળ' નૂતન કવિતાનાં વલણો પ્રગટાવે છે. કવિતા ગાંધીજીના ખભેથી ઊતરીને રવીન્દ્રનાથ ટાગોરની કવિતા સાથે દોસ્તી કરતી દેખાય છે, એમાં નિરંજન-રાજેન્દ્રનું મુખ્ય યોગદાન રહ્યું છે.

ભગતસાહેબ આજીવન અમદાવાદમાં રહ્યા. અભ્યાસ માટે મુંબઈ હતા ત્યારે ચુનીલાલ મડિયા મિત્ર થયા. એમને લઈને નિરંજન પોતાનાં કાવ્યોની પોથી સાથે બળવંતરાય ક. ઠાકોરને ત્યાં ગયેલા. બ.ક.ઠા. એટલે કડક માણસ અને કડવા વિવેચક! પ્રેમથી સાચું કહેનારા ને વિદ્વાન બ.ક.ઠા. મોટું નામ. નિરંજનની પ્રારંભિક રંગદર્શી ગીતકવિતા પર વ્યંગ કરતાં એમણે કવિશક્તિને પણ જાણી હતી. પછી બિરદાવી હતી. નિરંજન મુંબઈ હોય એટલે બ.ક.ઠા.ની લાઇબ્રેરીમાં જ એમનો નિવાસ રાખતા. બ.ક.ઠા.ના એ પ્રીતિપાત્ર રહેલા. અઢળક વાંચીને સજ્જ થયેલા કવિ નિરંજન પછી તો યૂરપમાં જતા-આવતા. ફ્રાન્સ-પેરિસમાં તો દિવસો સુધી રહેતા અને ત્યાંની કલાઓને નીરખતા. યૂરપની કવિતાના અનુવાદો કરતાં કરતાં એમની કવિતા પણ યંત્રચેતનાથી પ્રભાવિત થાય છે – ને નિરંજન આપણને મુંબઈનગરીનાં કાવ્યોનું ગુચ્છ 'પ્રવાલદ્વીપ' આપે છે. ને એમ એ આધુનિક કવિતાની નાન્દી રચનાર કવિ બને છે. એ નાન્દી-કાવ્ય વાંચીએ :

'મુંબઈ નગરી'

**'ચલ મન મુંબઈ નગરી/ જોવા પુચ્છ વિનાની મગરી/ જ્યાં માનવ સૌ ચિત્રો જેવાં/ વગર પિછાને મિત્રો જેવાં;/ નહિ પેટી નહિ બિસ્ત્રો લેવાં/ આ તીરથની જાત્રા છે ના અઘરી.../ સિમેન્ટ કોન્ક્રીટ કાચ શિલા/ તાર બોલ્ટ રિવેટ સ્ક્રૂ ખીલા/ ઇન્દ્રજાલની ભૂલવે લીલા/ એવી આ સૌ સ્વર્ગ તણી સામગ્રી!/ રસ્તે રસ્તે ઊગે ઘાસ/ કે પરવાળાં બાંધે વાસ/ એ પહેલાં જોવાની આશ/ હોય તને તો કાળ રહ્યો છે કગરી... ચલ મન મુંબઈ નગરી...'**

પ્રકૃતિ ઉપર આવનારા યંત્રસંસ્કૃતિના આક્રમણને આ કવિએ છેક ૧૯૫૦-૫૨માં વર્ણવ્યું હતું. પણ માનવજાત રઘવાઈ થઈ અને યંત્રોમાં-ભૌતિક સુખોમાં ભાન ભૂલી ગઈ!!!

પ્રકૃતિ, પ્રણય અને મહાનગર જેવા વિષયોને કેન્દ્રમાં રાખીને નિરંજન ભગતે ગીત, સૉનેટ, પરંપરિત લય અને અછાંદસ જેવાં કાવ્યરૂપોમાં કેટલીક ઉત્તમ કવિતા આપી છે. પ્રેમની આગને વર્ણવતું કાવ્ય 'સુધામય વારુણી' યાદગાર છે. એનો અંશ આસ્વાદીએ :

**'એક ચૂમી/ મત્ત પાગલ મેહુલા જેવું ઝૂમી/ બસ એક ચૂમી મેં લીધી/ શી સ્વર્ગની જ સુધા પીધી!/ અહો, બસ એક પણ એ એક તે કેવી ચૂમી/ કે આગની ને રાગની જ્યાં એક થઈ જાતી ભૂમિ!'**


પ્રેમભગ્ન થયા ને આજીવન કુંવારા રહ્યા. બા-ની સેવા કરી અને એમની પોતાની ચાકરી કરનાર સેવકને ઘરમિલકત સોંપી દીધાં. વસંતનું આલેખન કરતી આ ચાર પંક્તિઓ માણીએ :

**'છકેલો ઘેલો દક્ષિણ પવન જ્યાં આતુર ધસ્યો**
**મૂકી દૈ લજ્જાને મૃદુલ કલીનો ઘૂંઘટ ખસ્યો...**
**અનંગે અર્પેલી અગન નિજ કંઠે અણબૂઝી**
**લઈ ડાળે ડાળે વનવન વિશે કોયલ કૂજી!'**

મતાગ્રહી વિદ્વાન ભગતસાહેબ જંગમ વિદ્યાપીઠ હતા. મિત્રો સાથે રવીન્દ્રગોષ્ઠિમાં વિશ્વસાહિત્ય આસ્વાદતા રહ્યા. હરિવર મુજને હરી ગયો/ મને તો ધરતીની પ્રીત/ કાળની કેડીએ આપણો ઘડીક સંગ – જેવા લોકપ્રિય કવિતાના કવિએ મુક્ત કંઠે ગાયું હતું – **'હું તો બસ ફરવા આવ્યો છું.../ હું ક્યાં એકે કામ તમારું કે મારું કરવા આવ્યો છું?.../ જાદુ એવો જાય જડી ને ચાહી શકું બેચાર ઘડી/ ને ગાઈ શકું બેચાર કડી/ તો ગીત પ્રેમનું આ પૃથ્વીના કર્ણપટે ધરવા આવ્યો છું...'**

એક સ્કોલર-પોએટ તરીકે આજીવન સ્વાભિમાનપૂર્વક જીવનારા ભગતસાહેબ સંસ્થાઓથી પર/દૂર રહ્યા હતા! અનેકોના રોલમૉડલ રહેતા ભગતસાહેબને સલામ... વંદન...

❑



# ૨૫

## 'ભૂખ્યાં કાજે ભોજન થાજો; તરસ્યાનું જળ થાજોઃ મારું જીવન અંજલિ થાજો' : કરસનદાસ માણેક

કવિશ્રી કરસનદાસ માણેક : ગાંધીવિચાર એમની કવિતાના કેન્દ્રમાં રહેલો. જાણે એમની કવિતા ગાંધીજીનું મુખ બનીને બોલતી હતી. એમનાં અન્ય ગદ્યપદ્ય લેખન-સર્જનમાં પણ ગાંધી-જીવનમૂલ્યોની વાતો વણાતી આવી છે. કવિ કરસનદાસ માણેકને – જીવનમાં પહેલી વાર હું કોઈ કવિને મળ્યો હોઉં તો આ કવિને! ૧૯૬૬માં હું ધોરણ દસમાં ભણતો ને કવિતા-વાર્તા લખતો. અમારા મધવાસની સ્કૂલમાં આચાર્યશ્રી પાંડેય સરને ત્યાં એક શિયાળુ રાતે કવિ આવેલા... સરે મને બોલાવેલો ને મેં સગડીએ તાપતા કવિને મારી કાચીપાકી કવિતા સંભળાવેલી. કવિએ એમાંથી એક રચના પસંદ કરી લીધેલી. જે એમણે એમના 'નચિકેતા' માસિકમાં છાપેલી. જ્યારે હું મેટ્રિકમાં હતો – ને મારું પ્રથમ કાવ્ય આટલા પ્રખર ગાંધીવાદી કવિએ છાપેલું – મારે મન એનો મહિમા આજ સુધી અકબંધ છે!!!

કેટલાક કવિઓ મુખ્ય ધારાના કવિઓની હરોળમાં ભલે ન ગણાતા હોય પરંતુ જે તે યુગની ઓળખ રચવામાં એમનો હિસ્સો મહત્ત્વનો હોય છે. ગાંધીયુગની કવિતાનો ચોખ્ખો ચહેરો ઉપસાવવામાં મેઘાણી-શ્રીધરાણી-સ્નેહરશ્મિની પંગતમાં કરસનદાસ માણેકનું નામ પણ ખુશીથી આવે છે. આમ તો માણેકે આખ્યાનો-પદો પણ લખ્યાં છે. પરંતુ એમની કવિતા સામાજિક વાસ્તવની અને વિષમતાની કવિતા છે. માણેકની કવિતામાં આરત છે, કીર્તન છે,

ભક્તિ છે અને ગરીબવર્ગ માટે સાચી લાગણી છે. જીવનનાં આંસુભીના અનુભવોએ એમની પાસે કવિતા લખાવી છે. અનુભવો મેળવવા કવિ ખૂબ ફર્યા છે ને લખ્યું છે.

હાઈસ્કૂલ કક્ષાએ અને જાહેર પરીક્ષામાં કરસનદાસ માણેકની આ કવિતા તથા એની પંક્તિઓ મુક્તક જેવી, તે હમેશાં વિચારવિસ્તાર માટે પુછાતી હતી. આજે પણ કદીક પુછાય છે : બોલકી કવિતાની પણ સમાજને ઘડવા માટે જરૂર છે. દા.ત.,

**'મને એ જ સમજાતું નથી કે શાને આવું થાય છે?**
**ફૂલડાં ડૂબી જતાં અને પથ્થરો તરી જાય છે!'**

o

**કામધેનુને ન મળે સૂક્કું તણખલું પણ :**
**ને લીલાંછમ ખેતરો આખલા ચરી જાય છે?**

o

**છે ગરીબોના કૂબામાં તેલ ટીપુંય દોહ્યલું,**
**ને ધનિકોની કબર ઉપર ઘીના દીવા થાય છે!**

સંવેદનશીલ કવિ હંમેશાં વંચિતો-પીડિતોની વેદનાને વાચા આપતો રહે છે. શ્રી માણેક જીવનમૂલ્યોના ઉદ્‌ગાતા અને સંવેદનાના જાગતા કવિ ગણાયા છે. શ્રી માણેકનું જીવન પ્રજાજીવનનાં મૂલ્યોનું જતન કરવામાં, જનસેવામાં વીત્યું હતું.

કરસનદાસ માણેકના પિતા નરસિંહ માણેક. જામનગર પાસેના હડિયાણાના વતની. જોકે પિતા નરસિંહજી કરાચીમાં રહેતા હતા. એટલે કરસનદાસનો જન્મ (તા. ૨૮-૧૧-૧૯૦૧) કરાચીમાં થયો હતો. પ્રાથમિક તથા માધ્યમિક શિક્ષણ ત્યાં જ લીધું. ગાંધીજીની અસહકારની ચળવળ વખતે તેઓ અભ્યાસ છોડી ૧૯૨૧માં ગૂજરાત વિદ્યાપીઠમાં આવેલા. પણ અહીં એમનું ધ્યાન આંદોલનોમાં હોવાથી પરીક્ષાઓ ન આપી શક્યા. પાછા કરાચી ગયા. ત્યાંની ડી. જે. કૉલેજમાં દાખલ થયા. ૧૯૨૭થી ૧૯૩૦ વચ્ચે સંસ્કૃત-અંગ્રેજી સાથે બી.એ. થયા. ત્યાંની બે સ્કૂલોમાં આચાર્યપદે રહેલા. ને વળી ૧૯૩૦-૧૯૩૨માં આંદોલનો સાથે જેલવાસ વેઠેલો. ૧૯૩૯થી મુંબઈ આવી વસે છે ને જન્મભૂમિ સમેત અનેક પત્રોમાં તંત્રી-પત્રકાર રહે છે. 'નચિકેતા' માસિક કાઢે છે ને ૧૯૨૪થી શરૂ કરેલી લેખનપ્રવૃત્તિમાં આગળ વધતા રહે છે.

વ્યાસ, વૈશમ્પાયન તથા પદ્મ-ના ઉપનામથી કવિતા-વાર્તા-નિબંધો લખતા શ્રી માણેક કવિતા ક્ષેત્રે વધુ ધ્યાનપાત્ર લખે છે. એમના સંચયોમાં – 'ખાખનાં પોયણાં', 'આલબેલ', 'મોહબતને માંડવે', 'પ્રેમધનુષ્ય', 'કલ્યાણયાત્રી', 'મધ્યાહ્ન' વગેરે વધુ નોંધપાત્ર છે. એમણે મહાભારતની કથાઓ 'વૈશમ્પાયનની વાણી' નામે ચાર ભાગમાં આપી હતી – જેનું આજે પણ મૂલ્ય આંકી શકાય. કવિતામાં પ્રેમ અને કથા – નિબંધોમાં વિચાર તથા જીવનમૂલ્યોને આલેખનાર સર્જક તરીકે શ્રી માણેક હજી યાદ કરાતા કવિ છે. ભક્તિકાવ્યો, બાળનાટકો તથા અનુવાદો પણ એમણે આપ્યાં છે. ગાંધીયુગની કાવ્યબાનીમાં રચાયેલાં એમનાં કાવ્યોમાંથી થોડું આચમન કરીએ : 'કલ્યાણયાત્રી' ગાંધીજીનું ચરિત્રદર્શન કરાવતું, અનુષ્ટુપ છંદમાં લખાયેલું દીર્ઘકાવ્ય, ભાવ-ભાષા વડે ભાવકને જકડી રાખે છે :

**'સ્વપ્ન છો નિદ્રિતો કેરું : ને જાગૃતોની આશ છોઃ**
**અંધારે પંથ ભૂલેલી; પૃથ્વી કેરો પ્રકાશ છો,**

**સખે! કલ્યાણકારીની દુર્ગતિ ના થતી કદીઃ**
**વાવિયાં પ્રેમનાં બીજો : ઊગવાનાં જ એક દી'!**

**સત્યનું કાવ્ય છો બાપુ! કાવ્યનું સત્ય છો તમે :**
**ઝંખતી કાવ્યને સત્યે : સૃષ્ટિ આ આપને નમે!!'**

શ્રી માણેકનું કાવ્ય 'એક દિન આંસુભીનાં રે! હરિનાં લોચનિયાં મેં દીઠાં', દીર્ઘ ગીત-પદ જાણીતું છે. મંદિરોમાં ધનિકો અન્નકૂટ કરે છે ને મંદિર બહાર ગરીબો ટળવળે છે. ઈશ્વરની આંખો તો ગરીબો માટે રડે છે! પણ સમાજ તો દંભી છે!

કરસનદાસ માણેકનું સુંદર ગીત આજે ગુજરાતમાં પ્રત્યેક શાળામાં ગવાય છે – કવિની આ રચના 'સિગ્નેચર પોયમ' તરીકે ખૂબ લોકપ્રિય છેઃ

**'જીવન અંજલિ થાજો, મારું જીવન અંજલિ થાજો**
**ભૂખ્યા કાજે ભોજન થાજો, તરસ્યાનું જળ થાજો.'**

'લાક્ષાગૃહ' દીર્ઘકાવ્યમાં કૃષ્ણના જીવનની વ્યથા વેદના વર્ણવાઈ છે. 'રામ તારો દીવડો' સંચયમાં આર્દ્ર ભક્તિભર્યાં કાવ્યો આપનાર શ્રી માણેકનું તા. ૧૮-૧-૧૯૭૮માં અવસાન થયું હતું.

❑



# ૨૬

## પ્રણય-વિરહ, ખુમારી, કોઠાસૂઝ અને શાણપણના શાયર : મરીઝ

સાહિત્ય જીવનને સમૃદ્ધ કરે છે, આ સત્યને જાણનારા ભાવકો-વાચકો હંમેશાં ઉત્તમ સર્જનની શોધમાં રહેતા હોય છે. દેશ-દુનિયાની ઘણી ભાષાઓમાં ઉત્તમ લેખન-સર્જન ઠીક ઠીક પ્રમાણમાં મળતું રહ્યું છે – આ વાત સાથે સંમત થતાં હું ઉમેરીશ કે એમાં મારી-આપણી ભાષાનું સર્જનલેખન જરાય પાછળ નથી. વાર્તા-કવિતા ક્ષેત્રે ગુજરાતી ભાષામાં થયેલું સર્જન ઘણું ધ્યાનાર્હ છે. ગઝલ જેવા કાવ્યપ્રકારમાં પણ આપણને મરીઝ જેવા ઉત્તમ શાયર (કવિતાને આંબી જતી ગઝલોના કવિ) મળ્યા છે. આપણે એમને 'ગુજરાતીના ગાલિબ' કે 'ગઝલ સમ્રાટ' જેવાં ફેશન લેબલ ન લગાડીએ તોપણ એમની ગઝલો હિન્દી ગઝલોને ઓળંગીને ઉર્દૂની ઉત્તમ ગઝલો સાથે એક પંગતમાં જઈ બેઠી છે. મરીઝ માટે ગુજરાતી કવિતાને નિત્ય ગૌરવ અને ગર્વ બંને રહ્યાં છે.

મરીઝની ગઝલો વિષે લખવા વિચારીએ ત્યાં તો એમની અનેક ગઝલો દોડીને સામે આવે છે – કહે છે : 'મને લખ, મારું વિવરણ કર, મારા વિશે નહિ લખે તો મરીઝની વાત અધૂરી રહેશે.' આ સ્પર્ધા કરતી રચનાઓનો એક એક શેર ટાંકીએ તોય પાનાં ભરાય. દા.ત.,

**બધો આધાર છે એના જતી વેળાના જોવા પર**
**મિલનમાંથી નથી મળતા મોહબ્બતના પુરાવાઓ.**

○

**પૃથ્વીની આ વિશાળતા અમથી નથી 'મરીઝ'**
**એના મિલનની ક્યાંક જગા હોવી જોઈએ.**

○

**બસ એટલી સમજ મને પરવરદિગાર દે**
**સુખ જ્યારે જ્યાં મળે, ત્યાં બધાના વિચાર દે.**

○

**બસ દુર્દશાનો એટલો આભાર હોય છે**
**જેને મળું મુજથી સમજદાર હોય છે.**

પીડાઓ વિના આવી સમજદારી અને કોઠાસૂઝ નથી પ્રગટતી!

મરીઝના ભાગે અભાવો આવ્યા; પ્રેમ તો પીડા વિના સંભવતો નથી... ને વિધિ ભાગ્યે જ ઉદારતા દાખવે છે. ગમને ભૂલવા મયખાનું છે પણ માથે પરવરદિગાર છે ને એણે જવાબદારીઓ પણ મૂકી છે. મરીઝ ફરિયાદ નથી કરતા : ગઝલો કહે છે : મસ્તીથી! ઓલિયો ફકીર જીવ જાતને જુદી રાખીને તટસ્થપણે જીવનને વર્ણવે છે – એનો ગમ, એના વિચાર દર્શનની ઊંચાઈ પકડી લે છે. એમના જીવન વિશે ભાવકો બહુ ઓછું જાણે છે. થોડું જાણી લઈએ.

'મરીઝ' (દર્દી) તો એમનું ઉપનામ. જન્મનું નામ અબ્બાસ વાસી. ૧૯૧૭માં સુરત ખાતે દાઉદી વ્હોરા પરિવારમાં જન્મેલા. પિતા અબ્દુલઅલી વાસી. માતા અમ્તુલ્લાબાઈ. પત્ની સોના. મરીઝના દીકરા મોહસીન હયાત છે. એમનાં પુત્રી લૂલૂઆ. વતન સુરત પણ જીવનનાં ઝાઝાં વર્ષો મુંબઈમાં વીત્યાં. બીજું ધોરણ પાસ કરેલું. બસ. પત્રકાર, તંત્રી, પ્રકાશક તરીકે મળતું કામ કરતા. પછી મુશાયરાઓમાં નામી શાયર તરીકે રૂપિયા કરતાં મિત્રો ને ખૂબ ચાહકો મેળવ્યા. પીવાખાવામાં સોબત મળતી ને ગઝલો લૂંટાવી દેતા! એમના વિશે અનેક દંતકથાઓ ચાલે છે પણ એમાં અર્ધસત્યેય નથી.

મરીઝનો કવનકાળ એ ગુજરાતી ગઝલના બીજા અને મહત્ત્વના તબક્કાનો સમયગાળો છે. 'મુશાયરાની ચીજ' ગણાયેલી ગઝલને, મરીઝ, બેફામ, શયદા, અમૃત ઘાયલ, ગની દહીંવાલા, શૂન્ય પાલનપુરી, રુસ્વા, 'અનિલ' વગેરે શાયરો કવિતાની સરહદમાં પ્રવેશ કરાવે છે. મરીઝનું કવિકર્મ આ સહુમાં પણ વધુ આદરપાત્ર રહ્યું છે. બેગમ અખ્તરે ગાયેલી આ ગઝલના થોડા શેર માણીએ :

**મેં ત્યજી તારી તમન્ના એનો આ અંજામ છે,**
**કે હવે સાચે જ લાગે છે કે તારું કામ છે.**

**મારી આ મજબૂર મસ્તીનો નશો ઉતરી ગયો**
**આપ પણ એવું કહો છો કે મને આરામ છે.**

**જિન્દગીના રસને પીવામાં કરો જલ્દી 'મરીઝ'**
**એક તો ઓછી મદીરા છે, ને ગળતું જામ છે.**

ગઝલનું અંતરંગ બહિરંગ બરાબર સચવાય; મત્લા મક્તા ને ભરતીના શેર પણ કાબિલેદાદ હોય, ને સંવેદના, વિચારની માર્મિક અભિવ્યક્તિ હોય એવી સાદ્યંત ઉત્તમ ગઝલો, ઘણા ઓછા શાયરોમાં, પ્રમાણમાં સારી એવી હોય, – એવા શાયર લેખે મરીઝની કીર્તિ ધ્યાનાર્હ છે. ભાવકમાં વિત્ત ન હોય તો મૂંઝાઈ મરે! મરીઝની એવી એક વધુ ગઝલના થોડા શેર જોઈએ :

**જાહેરમાં એ દમામ કે પાસ આવવા ન દે,**
**અંદરથી એ સંભાળ કે છેટે જવા ન દે.**

**એના ઇશારા રમ્ય છે પણ એને શું કરું?**
**રસ્તાની જે સમજ દે, અને ચાલવા ન દે!**

**કેવો ખુદા મળ્યો છે ભલા શું કહું 'મરીઝ'**
**પોતે ન દે, બીજાની કને માગવા ન દે.**

ગઝલમાં આપણે ખુમારી-ખુદ્દારીની વાત કરીએ છીએ. વાંચો :

**'કહો દુશ્મનને, દરિયા જેમ હું પાછો જરૂર આવીશ,**
**એ મારી ઓટ જોઈને કિનારે ઘર બનાવે છે!'**

હારવાનું નથી. ઓટ છે તો ભરતી પણ આવવાની જ છે! મરીઝની ગઝલોમાં વેઠ્યા પછીનું શાણપણ છે : જુઓ આ શેર –

**દાવો અલગ છે પ્રેમનો દુનિયાની રીતથી,**
**એ ચૂપ રહે છે જેનો અધિકાર હોય છે.**

○

ટોળે વળે છે કોઈની દીવાનગી ઉપર
દુનિયાના લોક કેવા મિલનસાર હોય છે.

○

ઝાહિદ, મને રહેવા દે તબાહીભર્યા ઘરમાં,
મસ્જિદથી વધારે અહીં આવે છે ખુદા યાદ!

'આગમન', 'દિશા' (સંયુક્ત) અને કાવ્યકોડિયાં-૪ની ખિસ્સાપોથીમાંથી મરીઝની ગઝલો સચવાયેલી છે. એમની સમગ્ર ગઝલોનો દીવાન પણ હવે તો ઉપલબ્ધ થયો છે. ૧૯૮૩ના ઑક્ટોબરમાં મુંબઈ ખાતે મરીઝનું અવસાન થયું હતું! ગુજરાતને તો આજેય એમની ગઝલોનું ઘેલું લાગેલું છે. આમીન!

❑



# ૨૭

## ‘દિવસો જુદાઈના જાય છે, એ જશે જરૂર મિલન સુધી’: ગની દહીંવાલા

ગુજરાતીની ઉત્તમ ગઝલોનો નાનકડો સંચય કરીએ તોય જેને અચૂક સમાવવી પડે એવી ‘સ્વજન સુધી’ ગઝલના કવિ-શાયર છે ‘ગની’ દહીંવાલા! આ કાવ્યોત્તમ ગઝલના થોડા શેરથી શરૂ કરીએ આપણી વાત!

**‘દિવસો જુદાઈના જાય છે, એ જશે જરૂર મિલન સુધી;**
**મારો હાથ ઝાલીને લઈ જશે, હવે શત્રુઓ જ સ્વજન સુધી.**

**ન ધરા સુધી, ન ગગન સુધી, નહીં ઉન્નતિ, ન પતન સુધી,**
**અહીં આપણે તો જવું હતું, ફક્ત એકમેકના મન સુધી.**

**તમે રાજરાણીનાં ચીર સમ, અમે રંક નારની ચૂંદડી!**
**તમે બે ઘડી રહો અંગ પર, અમે સાથ દઈએ કફન સુધી.**

**જો હૃદયની આગ વધી ‘ગની’, તો ખુદ ઈશ્વરે જ કૃપા કરી,**
**કોઈ શ્વાસ બંધ કરી ગયું, કે પવન ન જાય અગન સુધી!’**

અહીં કથન છે, રૂપક છે, સંકેતો છે : અભિવ્યક્તિમાં પ્રવાહિતા છે – કહેવાની વાત વ્યંજિત થાય છે ને કાવ્યત્વ પ્રગટે છે. ગઝલ ક્યારે કેવી રીતેભાતે ‘કવિતા’ બને એનું આ દૃષ્ટાંત છે.

ગુજરાતી ગઝલનો આ બીજો તબક્કો હતો. મરીઝ-શૂન્ય-ઘાયલ-બેફામ-ગનીમાં ગઝલ 'ગુજરાતીતા'-નો પરિવેશ ધારણ કરે છે... ગુજરાતી આબોહવામાં શ્વસતી અને ભાવકોના હૈયામાં વસી જતી ગઝલોનો આ ઉત્તમ કાળ હતો. 'ગની'સાહેબની આવી ગઝલો તો ઘણી છે. થોડાક શેર નોંધીશું.

**'એક ખૂણે આપણું દુ:ખ લૈને બેસાયું નહીં,**
**ચોતરફ વિખરાયલું જીવન સમેટાયું નહીં.**

**○**

**દાગ દૈને દિલ મહીં તેં રંગ રાખ્યો જિન્દગી!**
**છાંટણાં તો છે, ભલે ને પોત રંગાયું નહીં!'**

આધુનિક જીવનની એકવિધતા, હતાશા, વિષાદ, ઉદાસી 'ગની'સાહેબની ગઝલોમાં મળે તો આશ્ચર્ય નહિ પામતા.

**'સૂરજના પક્વ ફળ થકી બેસ્વાદ રસ પડ્યો,**
**જાગો અતૃપ્ત જીવ, કે ટપકી દિવસ પડ્યો!**

**○**

**વાવ્યા વિના લણાયો રણે ઝાંઝવાંનો પાક;**
**બોલ્યા વિના બપોરનો પડઘો સરસ પડ્યો!**

**○**

**કાંઠાનો સાદ સાંભળ્યો તળિયે અમે 'ગની',**
**કોઈ અભાગી જીવ લઈને તરસ પડ્યો!'**

**○**

**'મારા સમી ઉદાસ દીસે છે વિરહની રાત;**
**શું મારી જેમ એનુંય ધાર્યું નથી થયું?'**

**○**

**જિન્દગી આખી પડ્યા આઘાત જેને ઝીલવા,**
**'દિલ' કહી એને નવાજાયું, બહુ સારુ થયું!**

**○**

**વીતવાની જે હતી વીતી ભલે અમ પ્રેમ પર,**
**રૂપનું પણ પોત પરખાયું, બહુ સારું થયું.**

**○**

'ગની'સાહેબનો જન્મ-મુશાયરાઓના શહેર ગણાતા અને ગુજરાતી ગઝલનું મક્કા મનાતા શહેર સુરતમાં તા. ૧૭-૮-૧૯૦૮માં થયો હતો. નામ

અબ્દુલગની, પિતા અબ્દુલકરીમ દહીંવાલા! બાપદાદા દહીં વેચતા એટલે એ અટક બની ગઈ. ઉપનામ પણ નામમાંથી કોતરી લીધું : ગની દહીંવાલા! એમણે ત્રીજા ધોરણ સુધીનો અભ્યાસ કરેલો. ૧૯૨૮માં થોડો સમય અમદાવાદ નોકરીએ રહેલા. પણ પછી સુરતમાં જ રહીને દરજીની દુકાનમાં કામ કર્યું હતું. એમણે ગઝલ, ગીત, મુક્તકો ઉપરાંત નાટ્યલેખન પણ કરેલું! સુરતમાં 'સ્વરસંગમ' નામે સંગીતસભા સ્થાપેલી. મહાગુજરાત ગઝલ-મંડળના તેઓ સ્થાપક સભ્ય હતા. 'ગુજરાત મિત્ર' દૈનિકમાં કાવ્યકટાક્ષિકા લખતા હતા. 'ગાતાં ઝરણાં', 'મહેક', 'મધુરપ', 'ગનીમત' અને 'નિરાંત' એમના કાવ્યસંચયો છે. ગઝલો વધુ પણ થોડાં સુંદર ગીતો-મુક્તકો પણ લખ્યાં હતાં.

એમની ગઝલોમાં સાદગી, સરળતા સાથે લક્ષણાવ્યાપાર જોવા મળે છે. છંદોની સફાઈ, વિષયનાવીન્ય, અભિવ્યક્તિમાં પ્રભાવકતા એમની કૃતિઓના કાવ્યગુણો છે. એમનું એક કવિત્વપૂર્ણ મુક્તક વાંચીએ : 'આ અવળું આભ-શકોરું/ સવળું થાશે ક્યારે?/ વ્યથા ઠાલવવી છે મારે!' એમની ગઝલોમાં સૂર્ય-સૂરજ વિશેનાં રૂપકો-કલ્પનો સરસ મળે છે.

**'હતો હુંય સૂર્ય, કિન્તુ ન હતી તમારી છાયા;**
**કંઈવાર ભરબપોરે અહીં આથમી ગયો છું!'**

o

**'સૂરજની સાથ એટલા દોડ્યા અમે 'ગની',**
**પડછાયા હાંફી હાંફીને પાછા પડી ગયા!'**

એમની 'ઉપવને આગમન' ગઝલ ઘણી વાર સભા-આરંભે સંચાલકો અચૂક બોલે છે તે – 'તમારાં અહીં આજ પગલાં થવાનાં...' અનેક ગાયકો વડે ગવાતી રહી છે – આજે પણ!! એમના કવિત્વમંડિત શેરોનો આસ્વાદ લેવા જેવો છે :

**" 'ગની', પર્વતોની સામે આ રહ્યું છે શીશ અણનમ;**
**કોઈ પાંપણો ઢળ્યાં ત્યાં હું ઝૂકી ઝૂકી ગયો છું."**

o


**'ખામોશીઓ ય ખૂબ વગોવાઈ આપણી;**
**વાતાવરણમાં ય મૌનના પડઘા પડી ગયા!'**

o

**'જ્યાં સુધી અમે ચાલ્યા સૂર્ય પણ રહ્યો માથે;**
**જ્યાં વિરામ લીધો છે, સાંજ ત્યાં પડી ગૈ છે!'**

આવા અનેક માર્મિક શેરના અને થોડીક પણ નખશિખ ઉત્તમ ગઝલો આપનાર 'ગની'સાહેબના સર્જનનો આજના નવોદિતો–ગઝલકારોએ અભ્યાસ કરીને ધડો લેવો જોઈએ. તા. ૫-૩-૧૯૮૭ના રોજ 'ગની'સાહેબ સદાને માટે ખુદાના દરબારમાં ચાલ્યા ગયા.

❑



# ૨૮

## 'વેચાઈ જવા કરતાંય વધુ વહેંચાઈ જવામાં લિજ્જત છે': ઘાયલ

ગુજરાતી ગઝલના બીજા તબક્કા (૧૯૪૦થી ૧૯૬૦)ના મહત્ત્વના શાયરો મરીઝ, બેફ઼ામ, ગની, શૂન્ય-ની સાથે જેમનું નામ પૂરી અદબ સાથે અનિવાર્યપણે લેવાતું રહ્યું છે એ કવિ શાયર 'ઘાયલ'સાહેબને ગુજરાતી કાવ્યરસિકો ભલીભાતે ઓળખે છે ને એમની ગઝલોના એય કાયલ છે. ઉર્દૂ-ફ઼ારસીમાંથી આવેલી ગઝલને પૂર્ણપણે 'ગુજરાતીતા' બક્ષનારા ઉપરોક્ત શાયરોએ ગઝલને 'મુશાયરાની ચીજ'માંથી બહાર કાઢીને કવિતાની સરહદમાં માનભેર પ્રવેશ કરાવ્યો; એમાં પણ 'ઘાયલ'ની ગઝલોનો ઘણો મોટો હિસ્સો છે!

'ઘાયલ'ની ગઝલોમાં પ્રેમમસ્તી, સનમ-સાકી, જુદાઈ અને ખુદાઈ તો છે જ... એક જમાનામાં એ ગઝલનાં પ્રાણતત્ત્વો ગણાતાં. પરંતુ 'ઘાયલ' ગઝલને એક નવા મુકામ સુધી પહોંચાડનારા ઝિંદાદિલ, ખુમારી અને ખુદ્દારી સાથે જીવનારા રસિક કવિ જીવ પણ છે. એમની ગઝલો આક્રમક ભાવ-ભાવનાઓ લઈને આવે છે; સુષ્ઠુ સુષ્ઠુ આલેખન તમને ઘાયલમાં ક્યાંય નહિ મળે!

'ઘાયલ'સાહેબની ઓળખમુદ્રા બની ગયેલી આ ગઝલના થોડાક શેર ભાવકને અળગો કે આઘો નથી રહેવા દેતા – પોતામાં ભેળવી દે છે :

**'કાજળભર્યાં નયનનાં કામણ મને ગમે છે;**
**કારણ નહીં જ આપું કારણ મને ગમે છે!**

**લજ્જા થકી નમેલી પાંપણ મને ગમે છે;**
**ભાવે છે ભાર મનને, ભારણ મને ગમે છે!**

**હસવું સદાય હસવું, દુઃખમાં અચૂક હસવું;**
**દીવાનગી તણું આ ડહાપણ મને ગમે છે!'**

અહીં ભાવલોક સાથે એક રહસ્યલોક પણ ભાવક અનુભવે છે. ને પરિવેશમાં ક્યાંય ઉર્દૂની છાંટ પણ નથી. નર્યું ગુજરાતી વાતાવરણ અને ગુજરાતી કાવ્યબાની આપણને ચકિત કરી દે છે.

રાજકોટ જિલ્લાના સરધાર ગામમાં ૩૦-૯-૧૯૧૫માં એમનો જન્મ. માતા સંતોકબેન. પિતા લાલજીભાઈ ભટ્ટ. અમૃતલાલ ભટ્ટ ગઝલસર્જનમાં 'અમૃત ઘાયલ' તરીકે જાણીતા બન્યા. ૧૯૩૨માં તારાબેન સાથે લગ્ન. એમનું અવસાન (૧૯૪૭) થતાં ૧૯૫૦માં ભાનુમતીબહેન સાથે બીજું લગ્ન. કુલ આઠ સંતાનો. સરધારમાં સાત ચોપડી ભણ્યા... પછી ભણવાનું છૂટે છે. પાજોદ દરબારના – એટલે કે ગઝલકાર રુસવાસાહેબના – અંગત મંત્રી તરીકે નોકરી (૧૯૩૯થી ૧૯૪૮) કરવા સાથે આલ્ફ્રેડ હાઈસ્કૂલ રાજકોટથી ૧૯૪૭માં મેટ્રિક થયા. રજવાડાનું વિલીનીકરણ થતાં એ નોકરી છૂટી ગઈ. ૧૯૪૮માં ધર્મેન્દ્રસિંહ કૉલેજ રાજકોટમાં દાખલ થયા પણ અભ્યાસ છોડીને નોકરી સ્વીકારવી જરૂરી બનતાં PWDમાં ૧૯૪૯થી ૧૯૫૮ સુધી સેવારત રહ્યા. એમના ગઝલ-લેખનનો આ પરિપાકકાળ હતો. ૧૯૫૯થી ૧૯૭૩ દરમ્યાન રેવન્યૂ ખાતામાં વિવિધ પદો પર સરકારી નોકરી કરતા રહ્યા. એ પછી નિવૃત્તિનાં વર્ષો (૨૦૦૨) રાજકોટવાસી થઈને ગાળ્યાં!

'રુસવા'સાહેબના મંત્રીપદે હતા અને ગઝલો લખાતી રહી. શૂન્ય સમેત અનેક ગઝલકારોના સંગમાં જીવન પણ મસ્તીભર્યું રહેલું. આજીવન શરાબ અને શાયરીમાં પ્રસન્નતાનો અનુભવ કરનાર ઘાયલે ગઝલોના દસ સંચયો આપેલા. જેમાં 'શૂળ અને શમણાં', 'રંગ', 'રૂપ', 'ગઝલ નામ સુખ' જાણીતા છે. 'આઠોં જામ ખુમારી'માં એમની તમામ ગઝલો સચવાઈ છે. ૧૯૬૪માં ક્ષયનો હુમલો થયેલો. બચી ગયા. ૧૯૭૮માં રશિયા પ્રવાસે ગયેલા. હવે એમની મસ્તીભરી ગઝલોના શેર માણીએ.

**'ક્યાં ક્યારનો આમ જ મુગ્ધ બનીને આ મીનાબજારે ઊભો છું;**
**લાગી છે કતારો નજરોની, નજરોની બજારે ઊભો છું.**

**આ તારી ગલીથી ઊઠી જવું, સાચે જ નથી મુશ્કીલ કિંતુ;**
**તું સાંભળશે તો શું કહેશે, બસ એ જ વિચારે ઊભો છું!**

**સમજાતું નથી કંઈ ક્યાંથી મને આ આવું લાગ્યું છે ઘેલું;**
**જાકારો મળ્યો'તો જ્યાં સાંજે, ત્યાં આવી સવારે ઊભો છું.'**

ખુવારીમાંય ખુમારી નહિ છોડતો આ ઇશ્કનો બંદો દર્દનાં પાતાળ સુધી ભાવકને ખેંચી જવામાં માહેર છે.

ઘાયલની ખુમારીને વ્યક્ત કરતા શેર તો અનેક છે. એક-બે દૃષ્ટાંત લઈએ : **'અમૃતથી હોઠ સહુના એંઠા કરી શકું છું/ મૃત્યુના હાથ પળમાં હેઠા કરી શકું છું/આ મારી શાયરી તો સંજીવની છે 'ઘાયલ'/ શાયર છું પાળિયાને બેઠા કરી શકું છું.'**

પ્રેમની મસ્તી સાથે ખુવારીની મધુર પીડાને માણતો આ શાયર ખુદ્દારી ચૂકતો નથી.

**'ઘડીઓ આ જુદાઈની અને તે પણ જવાનીમાં?**
**અમે આ પણ સહન તલવાર બેધારી કરી લીધી!**

**ભલે એ ના થયાં મારાં, ભલા આ સ્નેહ શું કમ છે?**
**ઘડીભર સાથ બેસી વાત બે પ્યારી કરી લીધી.'**

ઘાયલની કાવ્યબાનીમાં સહજતા-સરળતા સાથે અર્થનું ઊંડાણ છે. વ્યંજના છે ને લાક્ષણિક મુદ્રાઓ પણ છે, બોલચાલની લઢણો, રૂઢિપ્રયોગો અને કહેવતોથી એમની ભાવ-અભિવ્યક્તિ પોતીકી અને પ્રભાવક બની છે.

**'મુબારક તમોને ગુલોની જવાની/ અમોને ન તોલો તણખલાની તોલે/ અમે એ જ બુલબુલ છીએ જેમણે આ/ ચમનની હમેશાં હિફાજત કરી છે.'**

અને 'લિજ્જત છે' – ગઝલ વિના તો ઘાયલની વાત જ નહીં થઈ શકે. દરેક બાબતે – લય, પ્રાસ, કાફિયા-રદીફ સંદર્ભે – આ ઉત્તમ ગઝલ, ગુજરાતી કવિતાનું ઘરેણું બની રહી છે :

**'દુઃખ પ્રીતનું જ્યાં ત્યાં ગાવું શું? ડગલે પગલે પસ્તાવું શું?**
**એ જોકે વસમી ઠોકર છે, પણ ખાઈ જવામાં લિજ્જત છે!'**

o

**'હું જેને જોડવા મથતો રહ્યો, મટતો રહ્યો વર્ષો;**
**સંબંધોના એ તોડી તાર, ઊભો છું અદબ વાળી!'**

જિંદગીમાં જેણે ગઝલ સિવાય કશું જ નથી ચાહ્યું એવા આ મુશાયરા ગજવતા શાયર – 'ઘાયલ'સાહેબનું બીજી ડિસેમ્બર ૨૦૦૨માં રાજકોટ ખાતે નિધન થયું હતું.

❑



# ૨૯

## ‘સાથી વિના સંગી વિના એકલા જવાના’ ‘એકલા જ આવ્યા મનવા! એકલા જવાના’ : બરકત વિરાણી બેફામ

સીમ વચ્ચે ખોબા જેવડું ગામ. સાંજ ઊતરી આવી છે. શ્રાવણી ઝરમરોએ હવાને ભીંજવી દીધી છે. ખાઈ પરવારીને ગામ જંપી ગયું છે. ગામને બીજે છેડે એક ઘરની પડસાળમાં બેસીને કોઈ વૃદ્ધ ભજનિક આર્જવભર્યા આર્દ્ર સ્વરમાં, એકતારો લઈને ભજન ગાઈ રહ્યો છે...

**‘એકલા જ આવ્યા મનવા એકલા જવાના/ સાથી વિના સંગી વિના એકલા જવાના/ આપણે એકલા ને કિરતાર એકલો/ એકલા જીવોને તારો આધાર એકલો/ એકલા રહીએ ભલે/ વેદના સહીએ ભલે/ એકલા રહીને ભેરુ થાવ રે બધાના.../ સાથી વિના સંગી વિના એકલા જવાના...’**

મધુર ઉદાસી અને ગમગીની ઓઢીને ગામ સાંભળી રહે છે – આ ભજન આખા ગુજરાતમાં સુખ્યાત છે – જાણે લોકભજન!! તમે કદાચ નહિ માનો પણ આ ભજનના કવિ છે જાણીતા શાયર ‘બેફામ!’. કોઈ ગુજરાતી ફિલ્મ માટે લખાયું ને ગવાયું અઢળક!!

‘બેફામ’ તો ‘મરીઝ’, ‘ઘાયલ’, ‘ગની’, ‘શૂન્ય’-ની પેઢીના મહત્ત્વના શાયર! ૧૯૪૦ પછીના ગઝલકારોએ ગઝલને ‘સંપૂર્ણ ગુજરાતી’ બનાવી! વાતચીતની ભાષા અને રૂઢિપ્રયોગો પ્રયોજીને ગઝલને લોકપ્રિય બનાવવા સાથે કવિતાના પ્રદેશમાં એનો સાદર પ્રવેશ કરાવ્યો. ગઝલ પ્રણયવિરહ સાથે જીવનની અનેક સંવેદનાઓને, વ્યથાકથાઓને મર્મ સાથે અભિવ્યક્તિ આપે છે.

'બેફામ'ની ગઝલો આનું ઉત્તમ દૃષ્ટાંત છે. 'ઈશ પર ભરોસો રાખ્યો તો શું મળ્યું?' બેફામ મર્મમાં કહે છે :

**'જીવતાં જે ભરોસો હતો ઈશ પર, એ મર્યા બાદ 'બેફામ' સાચો પડ્યો/**

**જાત મારી ભલેને તરાવી નહિ, લાશ મારી પરંતુ તરાવી દીધી...!'** ઈશની બેરહમી પર વ્યંગ કરતો આ શેર યાદગાર કવિતા છે.

'બેફામ' ઉપનામધારી આ શાયરનું નામ છે : બરકતઅલી ગુલામહુસેન વીરાણી. જન્મ ૨૫-૧૧-૧૯૨૩. ગામ ધાંધળી, તા. સિહોર. વતન ભાવનગર. પત્ની રુકૈયા. 'શયદા'નાં દીકરી હતાં. 'બેફામ'નું મેટ્રિક સુધીનું શિક્ષણ ભાવનગરમાં થયું. ખૂબ ભણીને પ્રોફેસર થવું હતું. પણ મેટ્રિક દરમ્યાન જ હિંદ છોડો આંદોલન, ચળવળમાં જોડાયા. શિક્ષણ ત્યાં જ અટકી ગયેલું. સસરા 'શયદા'-એ મુંબઈ તેડાવ્યા. ત્યાં 'મરીઝ'નો ભેટો થયો. છઠ્ઠા ધોરણમાં હતા ત્યારથી ચિત્રમાં ને કવિતામાં રસ હતો. લખતા પણ હતા. કિસ્મત કુરેશીની સલાહથી 'બેફામ' ઉપનામ રાખેલું. બેફામ સંસ્કૃત અને અરબી પિંગળ શીખેલા. ભાવનગરમાં પહેલી વાર મુશાયરામાં ભાગ લેનાર શાયર હવે મુંબઈ મરીઝ સાથે ગઝલો રજૂ કરે છે. મુશાયરામાં એમની ગઝલ કહેવાની રીતિથી પ્રભાવિત થયેલા ઓલ ઇન્ડિયા રેડિયો સ્ટેશનના સંચાલક શ્રી ઝેડ. એ. બુખારીએ એમને આકાશવાણીમાં કાયમી નોકરી અપાવી. પોતે કુશળ અભિનેતા ને નાટ્યકાર તરીકે રેડિયોમાં કામ કરતા રહ્યા.

'માનસર', 'ઘટા', 'પ્યાસ' અને 'પરબ' – ચાર ગઝલસંચયો આપનાર બેફામે વાર્તાઓ અને નવલકથાઓ પણ આપી છે. એમનાં નાટકો સમકાલીન સમસ્યાઓને તાગતાં હોવાથી રેડિયો પર વધારે લોકપ્રિય થયેલાં. મૂળતઃ શાયર એવા 'બેફામ' ગુજરાતી સાહિત્યમાં ઉત્તમ ગઝલકાર તરીકે જ વધુ જાણીતા રહ્યા છે. એમની ગઝલોના મક્તાના શેરમાં એ મરણ-ની વાતને ફિલસૂફની અદાથી ગૂંથી લેનાર તરીકે પણ જાણીતા છે. દા.ત.,

**"રડ્યાં 'બેફામ' સૌ મારા મરણ પર એ જ કારણથી :**
**હતો મારો જ એ અવસર ને મારી હાજરી ન્હોતી!"**

o

**" 'બેફામ' તોયે કેટલું થાકી જવું પડ્યું?!**
**નહિ તો જીવનનો માર્ગ છે ઘરથી કબર સુધી."**

વાતચીત કરતા હોય એવી લઢણમાં લખતા બેફામ છંદોલય સાચવવા સાથે પોતાના કથ્યને ધારદાર બનાવીને રજૂ કરે છે.

અવસરો વીતી જાય છે, પછી સૂનાં આંગણું-શેરી અને સૂકાં તોરણ બારસાખે ઝૂરતાં રહી જાય છે. જીવન પ્રિયજન વિના વીતે છે. શાયર લખે છે :

**'એમ સંકેલાઈ ગઈ જીવનકથા તારા વિના,**
**થઈ ગયું પુસ્તક પૂરું ને કૈંક પ્રકરણ રહી ગયાં!'**

'બેફામ' પોતાની જાતને જ ઠપકો આપતાં પ્રિયજન પર માર્મિક કટાક્ષ કરતાં લખે છે :

**'ઓ હૃદય! તેં પણ ભલા કેવો ફસાવ્યો છે મને?**
**જે નથી મારાં બન્યાં, એનો બનાવ્યો છે મને!**

**આમ તો હાલત અમારા બેયની સરખી જ છે,**
**મેં ગુમાવ્યાં એમ એણે પણ ગુમાવ્યો છે મને!'**

'બેફામ'ની બેહદ જાણીતી-લોકપ્રિય ગઝલના શેર માણીએ :

**'નયનને બંધ રાખીને મેં જ્યારે તમને જોયાં છે,**
**તમે છો એના કરતાં પણ વધારે તમને જોયાં છે.**

**હકીકતમાં જુઓ તો એય એક સપનું હતું મારું,**
**ખુલી આંખે મેં મારા ઘરના દ્વારે તમને જોયાં છે.'**

આ બેમતલબી જગત કહેવાય છે પરંતુ અહીં તો બધા જ પોતાના મતલબને જ સિદ્ધ કરવા ન કરવાનાં કર્મો કરે છે. 'બેફામ' આવી મતલબી હવા લઈને જન્નતમાં જવા નથી માગતા. શાયર લખે છે :

**'ફક્ત એથી મેં મારા શ્વાસ અટકાવી દીધા 'બેફામ',**
**નથી જન્નતમાં જાવું મારે દુનિયાની હવા લઈને!'**

આપણા આ ઝિન્દાદિલ શાયરનું બીજી જાન્યુઆરી ૧૯૯૪માં મુંબઈ ખાતે અવસાન થયું હતું.

❑



# ૩૦

## વૃક્ષને પાંદડાં આવે એમ કવિમાં કવિતા પ્રગટે છે : ઉશનસ્

જેમને આપણે કવિશ્રી ‘ઉશનસ્’ને ઉપનામે જ જાણીએ અને ચાહીએ છીએ એ કવિશ્રી નટવરલાલ કુબેરદાસ પંડ્યા સાવલીના વતની હતા. ‘સદ્‌માતાનો ખાંચો’ નામે સ્મરણકથામાં ઉશનસે એમના જીવનનાં ઘણાં સંભારણાં આલેખવા સાથે કેટલાંક સ્વજનોનાં સુંદર રેખાચિત્રો ઉપસાવ્યાં છે. ગઈ સદીનું – બીજી પચીસીનું (૧૯૨૦-૨૫થી ૧૯૫૦) સાવલી તથા એ આઝાદીનાં આંદોલનોનો સમય વર્ણવતાં, ઉશનસે પોતાના ભણતર-ઘડતરની વાતો પણ સ્મરણોમાં વણી લીધી છે. ઉશનસે ગુજરાતી ઊર્મિકવિતામાં, સેંકડો સૉનેટકાવ્યો રચીને, આપણી કવિતાને એક કાયમી ઊંચાઈએ મૂકી આપી છે. પ્રણય-પ્રકૃતિ-પૃથ્વી-માનવસંસ્કૃતિની, વિશિષ્ટ બાનીમાં, રંગદર્શી છાંટવાળી પ્રશિષ્ટ કવિતા કરીને ઉશનસ્ ગુજરાતી કવિઓમાં અગ્ર હરોળના મોટા કવિ તરીકે પ્રસ્થાપિત થયેલા છે. અતિ સંવેદનપટુ અને નીતિભીરુ – સંકોચશીલ – આ કવિએ અપાર વૈવિધ્યપૂર્ણ લાગણીઓ-ભાવનાઓ-વેદના-સંવેદનાઓને, સક્ષમ ભાષારીતિઓમાં અભિવ્યક્તિ આપીને, પોતાની ઉત્કૃષ્ટ સર્જકતાનો આપણને પરિચય કરાવ્યો છે.

૨૮મી સપ્ટેમ્બર, ૧૯૨૦માં ઉશનસ્‌નો જન્મ. માતા લલિતાબહેન. પિતા કુબેરદાસને સરકારી નોકરી હતી. એટલે બદલીઓ થતી રહેતી. ઉશનસ્‌નું પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ સિદ્ધપુર, સાવલીમાં અને ઉચ્ચ શિક્ષણ બરોડા કૉલેજમાં. એમ.એ. (ગુજરાતી-સંસ્કૃત) થઈને થોડો સમય વડોદરાની સ્કૂલમાં

શિક્ષક રહ્યા. એ ગાળામાં ‘વળાવી, બા આવી’ જેવું ઉત્તમ સૉનેટ રચીને નવકવિઓમાં સ્થાન પામેલા! નવસારીની ગાર્ડા કૉલેજમાં અધ્યાપક રહ્યા ને ત્યાંથી વલસાડ કૉલેજમાં જોડાયા. આચાર્યપદે પણ રહ્યા અને નિવૃત્તિ પછી વલસાડને વહાલું કરી વતન બનાવ્યું. પત્ની શાંતાબહેન અને ત્રણ દીકરીઓનો પરિવાર સુખી હતો.

એમણે થોડાં પણ યાદગાર ગીતકાવ્યો રચ્યાં છે. આ કવિ પૃથ્વીનો ને પ્રકૃતિનો ચાહક છે. કવિતામાં સહજ પ્રગટતી આ સૃષ્ટિ જુઓ : **‘અષાઢે તણખલું ન તોડીએ જી/ એ તો ફૂટતું રે ઘાસ/ એમાં ધરતીના શ્વાસ/ એની પત્તીની પીમળમાં પોઢીએ જી.’ ‘રામની ભોંયમાં રામની ખેતર વાડીએ જી/ આપણી અલગ છાપ નવ પાડીએ જી/ રામની વાડી તો ગામ આખાની હોય!’** થોડો ગાંધી-વિચાર પણ કવિતામાં ન પ્રગટે તો જ નવાઈ! કૃષ્ણ-ગોપીની પ્રીતિને અધ્યાત્મની ભૂમિ પર મૂકી આપતી આ પંક્તિઓ માણીએ : **‘બાઈ! રે, તારાં ભાગ્ય મહા બળવાન/ અમૃતપ્રાશણહાર તે તારાં ગોરસ માગે ક્હાન!/ બચિયું એટલું એળે, અહીં તો લૂંટવ્યું એટલી લ્હાણ!’** યૂરપ-અમેરિકાના એક વારના પ્રવાસે આ કવિ પાસે ‘પૃથ્વીને પશ્ચિમ ચ્હેરે’ જેવો આખો, અછાંદસ કાવ્યોનો સંચય લખાવ્યો હતો. એ વિચારપ્રધાન કવિતામાં પણ રંગદર્શી છટાઓ સાથે ઉશનસ્‌નું સંસ્કૃતિદર્શન પ્રગટ થયું છે.

એમની જન્મશતાબ્દીનું વર્ષ ૨૦૨૦માં પૂર્ણ થયું. એ નિમિત્તે ઉશનસ્‌ની સમગ્ર કવિતા ‘અનહદની સરહદે’ ભાગ ૧-૨માં ગુજરાત સાહિત્ય અકાદમીએ હમણાં જ પ્રકાશિત કરી છે. એમના મહત્ત્વના કાવ્યસંચયો છે : ‘પ્રસૂન’, ‘આર્દ્રા’, ‘મનોમુદ્રા’, ‘સ્પંદ અને છંદ’, ‘અશ્વત્થ’, ‘રૂપના લય’, ‘મારું આકાશ’, ‘મારી પૃથ્વી’ અને ‘વ્યાકુળ વૈષ્ણવ’ વગેરે! વૃક્ષને જેમ પાંદડાં આવે છે એમ સહજ રીતે કવિમાં કવિતા પ્રગટે છે, એવું માની વૃક્ષની જેમ કાવ્ય-વસંતની વાટ જોનારા આ કવિએ નિરંતર કવિતા લખી છે. હું એમને ગુજરાતીના એકમાત્ર ‘ફુલટાઇમ’ કવિ કહું છું. ‘ભાષાનું ઉત્તમોત્તમ સ્વરૂપ કાવ્ય છે. કવિ પોતાની સમગ્ર સર્જકચેતના ભાષાચૈતન્યમાં સંક્રાન્ત કરે છે, અને કવિચેતના માનવજાતિની પ્રતિનિધિ ચેતના હોવાથી કવિતા આત્માની અ-મૃત ભાષા છે.’ આવો કાવ્યવિચાર આપનારા ઉશનસ્ પ્રેમને પંચમહાભૂતો જેવું છઠ્ઠું જીવનધારક બળ માને છે. એમની પ્રકૃતિ-પ્રણયની કવિતામાંથી પારાવાર દૃષ્ટાંતો લઈએ તોપણ ધરવ ન થાય એવી જાદુગરી કલમનો આ કવિ બહુ પ્રભાવક છે.

ઉમાશંકરે કહેલું કે : 'મને બોલાવે ઓ મૃદુલ તડકો દક્ષિણ હવા,/ દિશાઓનાં હાસો, ગિરિવર તણાં શૃંગ ગરવાં!' ઉશનસ્‌માંનો કવિ પણ પ્રકૃતિનો કાયલ છે અને ચાહવા વિશે ઘાયલ છે. કવિને આ રસ્તાઓ દૂર ફરવા ખેંચી જાય છે. કવિ ચહેરાઓનો આશિક છે. ગયા જનમમાં કવિની ચૂમીથી ભીના થયેલા ચહેરા કવિ આ જનમમાં પણ ઓળખી બતાવે છે. ચાહવું એ કવિ માટે મોક્ષમાર્ગ છે! સ્ત્રી-પુરુષ બંનેની પરસ્પરની પ્રીતિ, દામ્પત્યપ્રેમ અને કુટુમ્બપ્રેમ-ની ઉત્તમ સૉનેટ રચનાઓ આપનાર કવિ કહે છે :

**'ચહ્યા ચ્હેરાઓની ગણતરીથી માપું મુજ ગતિ,**
**નથી મારે માટે અવર વળી કો' મોક્ષની રીતિ.'**


ગુજરાતી કવિતામાં સંયોગશૃંગારનું બેનમૂન સૉનેટ છે : 'સોહાગ રાત અને પછી' : શૃંગારનું આ પ્રશિષ્ટ આલેખન સહજ અને સાંકેતિક છે.

**'તમે તે પ્રત્યૂષે પરવરી ગયા નાથ અહીંથી**
**પથારી છાંડીને પથિક, અરધા સ્વપ્ન સરખા...**
**તમોને ક્યાં સુધી રહી સઘન સેવંતી પડખે...**
**તમે તે રાત્રે જે રીતથી રતિથી ગૂઢ ગહને**
**પ્રવેશ્યા પાતાળો મહીં સકલ અસ્તિત્વ મુજના;**
**ગર્યું જાણે સ્વાતિસુખદ અમીનું બુંદ છીપમાં,**
**હજી આનંદે તે વીજપુલકની ના કળ વળે!'**

સાપુતારા વિશે 'અનહદની સરહદે'-નાં સૉનેટ પણ પ્રકૃતિ કવિતા અને કરુણ ભાવની પરાકાષ્ઠા રચે છે. ઉશનસ્‌ની અનરાધાર કવિતાને ખોબામાં ઝીલવી શક્ય નથી!

એમણે 'વગડો' લઘુનવલ અને 'ડોશીની વહુ' નાટક તથા વિવેચનો પણ લખ્યાં છે. પરંતુ ઉશનસ્ મુખ્યત્વે કવિ તરીકે જ એમનું અર્પણ ચિરંજીવી બનાવી શક્યા છે. ૨૦૧૧ના નવેમ્બરમાં વલસાડ ખાતે એમનું અવસાન થયું હતું.

❑



# ૩૧

## રેત-કાંકરા પાછળ મૂકી વહી ગયા રે વ્હેળા!
## સાપ ગયા ને લિસોટા પણ ગયા – દર્દભીનાં સ્મરણો મૂકતા ગયા...
## : જયંત પાઠક

કવિતા ક્યાંથી આવે છે? કવિ કવિતા ક્યાંથી લઈ આવતો હશે? અલકમલકથી લાવતો હશે? જવાબ છે : ના અને હા! બન્ને સાચા છે.

કવિતા પ્રકૃતિમાંથી મળે છે!

કવિતા પ્રજાજીવનમાંથી મળે છે!

પરંતુ કવિતા એમ સીધેસીધી લખી દેવાતી નથી. કવિના ચિત્તમાં અનુભવો સંચિત થાય, આ કવિચિત્ત એટલે કવિતાસર્જન અને જાતભાતનાં નિર્માણ કરતી અલકમલકની ભૂમિ! જેના પર આંગળી મૂકી શકાતી નથી! કવિતા અહીંથી આવે છે – પ્રતિભા, પ્રેરણા અને સંવેદના વિના આ ભૂમિ ફળવતી બનતી નથી. તાપ વેઠીએ ત્યાર પછી તપ પ્રગટે છે. પીડામાંથી કવિતા પ્રગટે છે.

કિશોરાવસ્થા ગામ વતનમાં ગાળીને પછી તમે-હું-આપણે – નગરમાં વસતા થઈ જઈએ છીએ! નોકરી વ્યવસાયમાં ને સંસારમાં ડૂબી જઈએ છીએ! પછી અચાનક પાંચ-સાત-દસ-બાર વર્ષે વતન જવાનું થાય છે. જઈને જોઈએ તો ચોંકી જઈએ છીએ! અરે! મારું પાદર, મારું ફળિયું, મારી શેરી, નિશાળ ને મારું ઘર. ક્યાં ગયું બધું? આ બધું બદલાઈ ગયું... પ્રગતિનો વાયરો સગવડો લાવ્યો... ને આપણું અસલ લેતો ગયો! ગામ ‘વેરાન’ થઈ ગયું :

આ પીડાની કવિતા બને! – ગામ ગુમાવ્યાની પીડા ભાષા વડે કલાકૃતિ બને. આવી સંવેદનાનું કાવ્ય કવિશ્રી જયંત પાઠક આપે છે. ઈ.સ. ૨૦૨૦-૨૦૨૧ એમની જન્મશતાબ્દીનું વર્ષ છે. ગામ : ગોઠ. નદી કરડ. ઘોઘંબા તાબાનો મલક. પાવાગઢ-ચાંપાનેર ત્યારે તો શાંત જેવાં! કવિનાં સાચા સગાંવહાલાં તો ખેતર-સીમ-વગડો-ડુંગર-વનો-નદી કોતર... ને પશુંપંખીનો મેળો!!

કાલોલ જઈ મેટ્રિક થયા ને પછી વહાલું કર્યું સુરત! કૉલેજ ભણ્યા, અધ્યાપક થયા... માબાપ દાદા તો એક પછી એક દેવલોક પામ્યાં... ને જયંતિલાલ હિમ્મતલાલ જોઈતારામ પાઠક સંસ્કૃત પદાવલિમાં કવિતા લખતા થયા! વાહ ભાઈ! નગરે નાગર કરી દીધા... સંસ્કૃતિએ ભૂરકી નાખી... ગામ ભુલાઈ ગયું... કવિનો અવતાર પામીને જયંત પાઠક થયા!

પણ એક દિવસ ગામ સાંભર્યું... ગયા... ને ગયા એવા હબકી ગયા! ગામ ત્યાં ક્યાં હતું? ખાલી ખાલી ઘર-ભીંતો-સૂની પડસાળો, વેરાન શેરી! શૈશવ તનમનને ઘેરી વળ્યું! પીડાનો પારાવાર છલક્યો... શાંત થયા ને સ્મરણકથા લખી – ‘વનાંચલ’! પચાસ વર્ષો પછી પણ આજેય કૉલેજોમાં જતી પેઢીઓ ‘વનાંચલ’ ભણીને આંખ ભીની કરે છે. ને પોતાના બાળપણને યાદ કરે છે. નવી પેઢીના અભ્યાસીઓ ‘વનાંચલ’ની ભૂમિ જોવા ગોઠ જાય છે. ખંડેરો ને વેરાન સીમ વગડો જોઈને જીવ બાળે છે. જયંત પાઠકની કવિતાનો પાઠ કરે છે ને આંખો ભીની કરે છે.

કવિની ફરિયાદ છે કે જે પ્રકૃતિના ખોળામાં માનવસંસ્કૃતિ વિકસી... એને જ યંત્રસંસ્કૃતિ ગળી ગઈ? ‘હવે તો, અરેરે! પ્રકૃતિએ પણ સંસ્કૃતિની મહેરબાની પર જીવવાનું’ : આ પીડા આપણા આજના પ્રજાજીવનને સમજાય તો સારું!

‘વેરાન’ કાવ્ય વાંચીએ : થોડો અંશ પૂરતો છે.

**‘બાર વરસને અંતે જોયું ગામ/ એનું નવું પડ્યું છે નામ/ ઊગમણી પા ટેકરીઓની સોડે/ વગડો પાછા પગલે દોડે/ દોડે પાછળ કલરવ માળા/ સૂરજીયા અજવાળાં પાછળ/ અંધારા પગપાળાં/ ધીંગામાં સૂતાં’તાં એ સૌ શિયાળ ક્યાં છે?/ ક્યાં છે પેલા સાપલિસોટા?/ ચટાપટાળા રાનબિલાડાની ડોળામાં/ ફરતાં તેજ કુંડાળાં ક્યાં છે?/ ક્યાં છે પેલા લાખલાખ માખોના/ એ કોલાહલ મેળા?/ રેત કાંકરા પાછળ મૂકી/ વહી ગયા રે વ્હેળા!!’**

ગામ ગયું ને બધું લેતું ગયું! પ્રકૃતિ જાણે મરી ગઈ... ને આ વનાંચલના કવિને ‘જાંબુડાના ઝાડ પર લટકતો સૂરજ’ તથા ‘અંધારાની ગાય દોહતી બા’ યાદ આવે છે. ભીંતોના પોપડા જોડે કવિ પણ ખરવાની પીડા પામે છે.

આપણે જે માટી-વાયુ-જળ-અગ્નિ-આકાશથી બન્યા છીએ કવિ એને ‘વગડાનો શ્વાસ’ ગીતમાં મઢી દે છે : કવિનું આ ગીત એમનું ‘મુદ્રાકાવ્ય’ છે.

**‘થોડો વગડાનો શ્વાસ મારા શ્વાસમાં/ પહાડોનાં હાડ મારા પિંડમાં/ ને નાડીમાં નાનેરી નદીઓનાં નીર/ છાતીમાં બુલબુલનો માળો/ ને આંગળીમાં આદિવાસીનું તીણું તીર/ રોમ મારાં ફરકે છે ઘાસમાં...’**

આ ગીત મારા બાવન પાટીદાર સમાજને વસંતપંચમીએ સંભળાવેલું... બધા સાંભળીને રાજી રાજી હતા.

❑



# ૩૨

## સૌન્દર્યરાગી કવિતાના ઉપાસક અને પ્રવર્તક કવિ : પ્રહ્લાદ પારેખ

અર્વાચીન ગુજરાતી કવિતા – ઈ.સ. ૧૮૫૦થી ૨૦૨૨ના લાંબા ઇતિહાસની લગભગ મધ્યમાં, ૧૯૪૦માં, એક સબળ કાવ્યપંક્તિ એવી તો સહજ, સરળ રીતે અને મજબૂતીથી આવીને અડીખમ ઊભી રહી ગઈ છે કે ગુજરાતી કવિતાનો આખો ઇતિહાસ બે ભાગમાં વહેંચાઈ ગયો. હા! એ પંક્તિના – કવિતાના – કવિશ્રી પ્રહ્લાદ પારેખ. રવીન્દ્રનાથ ટાગોરના સાંનિધ્યમાં શાંતિનિકેતનમાં કવિતાના પ્રથમ પાઠ શીખ્યા હતા! આપણી પરંપરા અને ભાવનારાગી વ્યવહારજીવનની કવિતાને જાણે આ પંક્તિએ 'રુક જાવ' કહી દીધું. કવિતાને માથેથી સામાજિક જવાબદારી ફગાવી દેનાર આ કવિની કવિતાઓ 'બારી બહાર'નું સૌન્દર્યકેન્દ્રી શુદ્ધ કવિતાનું જગત બતાવે છે! પેલી પંક્તિ તે આ રહી :

**'આજ અંધાર ખુશ્બોભર્યો લાગતો :**
**આજ સૌરભભરી રાત સારી,**
**આજ આ શાલની મંજરી ઝરી ઝરી**
**પમરતી હે પાથરી પથારી...'**

અહીં કવિએ અંધારું જે આંખનો વિષય છે તેને તેણે ખુશ્બોભર્યો કહીને નાકનો વિષય બનાવ્યો છે. આમ ભાવપ્રતીક વડે સૂક્ષ્મ કવિકર્મ કરવામાં આવ્યું છે. અહીંથી નૂતન કવિતાની નાન્દી પ્રારંભાઈ છે. નવો કવિ ગાંધીવાદી

ભાવગીતો તથા આદર્શોની કવિતા નથી કરતો. અનુગાંધીયુગની કવિતા સૌન્દર્યરાગી છે. એના મુખ્ય પ્રવર્તક આમ તો પ્રહ્લાદ પારેખ છે. પણ પછીથી આ ધારામાં રાજેન્દ્ર શાહ, નિરંજન ભગત, પ્રિયકાન્ત, ઉશનસ્, જયંત પાઠક, નલિન રાવલ, બાલમુકુન્દ, મકરંદ જેવા કવિઓ આવે છે. આમ ૧૯૪૦થી ગુજરાતી કવિતામાં નવો યુગ બેઠો.

પ્રહ્લાદ જેઠાલાલ પારેખનો જન્મ ઈ.સ. ૧૯૧૨માં ભાવનગર ખાતે થયો હતો. ત્યાં જ ઘરશાળામાં એ હરભાઈ ત્રિવેદી તથા નાનાભાઈ ભટ્ટ પાસે જ પ્રાથમિક શિક્ષણ મેળવે છે. બંને ગુરુજનોએ નાના પ્રહ્લાદમાં સર્જકતા જોઈ હતી. પોષી પણ હતી. પ્રહ્લાદ દક્ષિણામૂર્તિ વિદ્યાપીઠ ભાવનગરમાં માધ્યમિક શિક્ષણ મેળવે છે. આઝાદીની ચળવળનો રંગ લાગે છે. પરંતુ પ્રહ્લાદ શાંતિનિકેતનમાં ટાગોર પાસે જાય છે. એમનામાં રહેલી સર્જકતા ટાગોરના પ્રભાવે ખૂબ મહોરે છે. શિક્ષક બનવાનું મુનાસિબ માની પ્રહ્લાદ મુંબઈમાં શિક્ષક થઈ જાય છે ને ત્યાં જ વસે છે. સાદું અને સત્યમ્, શિવમ્‌ને વરેલું સુંદરતમ્ જીવન જીવતાં જીવતાં પ્રહ્લાદ ઉત્તમ કવિ બને છે.

પ્રકૃતિ કવિને રાતદિવસ સાદ પાડે છે. વર્ષોની બંધ બારી ખૂલતાં જ દિશાઓ આવ આવ–નો નાદ કરે છે, જ્યાં સુધી નજર પહોંચે છે ત્યાં સુધી બધે જ ઘાસ ઘાસ છે ને ઉપર નીલું નભ છે. ધરતીનો ઉલ્લાસ આ ઘાસ વડે વ્યક્ત થાય છે. કવિમાં સ્પંદનો જાગે છે – જાણે માટી જાગી ઊઠી છે. ગુજરાતીમાં આવી રમણીય કવિતા પ્રહ્લાદ લાવ્યા હતા.

‘બારી બહાર’ સંચયમાં ‘સરવણી’નાં ગીતો પણ સમાવી લીધાં છે. કવિ મનને બારી બહાર લઈ જાય છે. સીમ ખેતર નદી પહાડ નભ અંધકાર તરુવરો-ની ભાવવાહી કવિતા પ્રહ્લાદ આપે છે, મનને કેમ/કેવું એકલું લાગે છે? – એ ગીત તો જાણે ઊર્મિભાવનું રતન છે. કોઈ મનનું ગીત ગાતું ગાતું મૌન થઈ ગયું છે. જેથી કવિહૃદય વધુ એકલું પડી ગયું છે. ઉરમાં સૂનકાર છવાઈ જાય છે. કવિને તો કવિતા જોઈએ છે. ધરતી-ઝાકળ-ઘાસ જોઈએ છે.

પ્રહ્લાદ પારેખનાં બે સૉનેટકાવ્યો અચૂક યાદ કરવાં જ પડે. ૧. વાતો ૨. વિદાય.

‘વાતો’માં પ્રિયજનને ધીમે બોલવા કહે છે, નહિતર તો પંખી-પુષ્પ-ઝાકળ-તારા પ્રેમાલાપ સાંભવી જશે ને કુદરતમાં વાત વહી જશે! પ્રિયજનના અધર પર ઊઠતો કંપ પામી જાય એ જ ખરું પ્રિયજન ગણાય.

**‘કદીય નહીં કહું મને જ સ્મરણે સદા રાખજે :**
**અને નયન પંથનું અવર વિશ્વ તું ત્યાગજે!**
**મળે અધિક ઊજળા દિન અને મીઠી રાતડી :**
**તો જજે! ભૂલી જગત આપણે સકલ જે ઘડ્યાં!’**

એકબીજાંનાં સુખદુઃખમાં મદદરૂપ ન થઈ શકાયા-નો અફસોસ વ્યક્ત કરતો નાયક નાયિકાની અગાઉથી ક્ષમા માગે છે. કેમ કે બંને એકબીજાંને કદી ભૂલી શકવાનાં નથી. ‘બનાવટી ફૂલો’ને કવિ પ્રેમથી પૂછે છે કે તમને સવારે ખુશ્બૂથી લચી પડવું ને બપોરે બધું લૂંટાવી દઈને સાંજે ખરી પડવું ગમે છે? – આવા મર્મી કવિ પ્રહ્લાદનું ૧૯૬૨માં મુંબઈ ખાતે નિધન થયેલું.

❑



# ૩૩

## 'નોટ ને સિક્કા નાખ નદીમાં : ધૂળિયે મારગ ચાલ!' : મકરંદ દવે

આપણા લોકપ્રિય કવિ મકરંદ દવેની જન્મશતાબ્દીનું વર્ષ છે આ! સ્વામી આનંદે એમને 'સાંઈ'નું ઉપનામ આપેલું. ઉપનામને ચરિતાર્થ કરતી એમની અધ્યાત્મ-વિચારની કવિતા પણ સહજ-સરળ હોવા સાથે અર્થપૂર્ણ છે. દા.ત., 'અમે રે સૂકું રૂનું પૂમડું... તમે અત્તર રંગીલા રસદાર!/ તરબોળી દ્યોને તારેતારને/ વ્હાલા અમને વીંધો આરંપાર/ આવો રે આવો હો જીવણ! આમના!' આપણા આ સાંઈ કવિની અનેક ગીતરચનાઓ લોકકંઠે ગવાતી રહી છે. લોકહૈયામાં સચવાયેલી એમની ગીતરચનાઓ જોઈએ તો –

- 'ગમતું મળે તો અલ્યા ગુંજે ન ભરીએ ને ગમતાંનો કરીએ ગુલાલ.'
- 'વજન કરે તે હારે મનવા! ભજન કરે તે જીતે...'
- 'ભીતર ભગવો લ્હેરે રે મારા હરિવરની મ્હેરે...'
- 'પંખીના ટહુકાનું તોરણ બાંધે છે કોઈ ઊગતી પરોઢને બારણે.'

મકરંદ દવેની ગઝલો પણ તત્ત્વવિચારને સરળતાથી નિર્દેશે છે. ગઝલોમાં કવિનો મસ્તરંગી મિજાજ વર્તાય છે. મસ્તી, ખુમારી અને પ્રકૃતિના જીવમાં રહેલું અલગારી તત્ત્વ મકરંદની ગઝલોનો વિશેષ છે. ૧૯૪૫-૧૯૬૫નાં વર્ષોમાં ગુજરાતી ગઝલને મરીઝ, બેફામ, ગની, ઘાયલ, શૂન્ય મળ્યા. એ જ વખતના ગઝલકાર કવિ મકરંદ દવે અને મનુભાઈ ત્રિવેદી 'ગાફિલ'ને એમની કવિત્વશક્તિ અને અભિવ્યક્તિરીતિ માટે યાદ કરી શકાય.

**'કોઈ ગુનો કર્યો જ નથી, એમ પણ નથી,**
**એને હું સાંભર્યો જ નથી, એમ પણ નથી.**

**તારી નજરથી બહાર ગયો તો નથી, સનમ!**
**ચીલો મેં ચાતર્યો જ નથી, એમ પણ નથી.'**

અહીં 'નથી'ના નકાર દ્વારા વ્યંજિત તો થાય છે – 'હકાર'!!

મકરંદ દવે અનુગાંધીયુગના કવિ છે. એમની કવિતાનો એ સમય રાજેન્દ્ર શાહ, નિરંજન ભગત, પ્રહ્લાદ પારેખ, પ્રિયકાંત મણિયાર, ઉશનસ્ અને જયંત પાઠકની કાવ્યસમૃદ્ધિનો સમય હતો. મકરંદ પણ પ્રહ્લાદ પારેખની જેમ સૌન્દર્યરાગી કવિ છે. એમનાં ગીતોમાં ભાવપ્રતીકો અને કલ્પનોની તાજપ તથા નવતા હતાં. પ્રકૃતિ અને અમૂર્ત ભાવોની સૂક્ષ્મ અને કવિત્વસભર અભિવ્યક્તિ મકરંદની કવિતાને યાદગાર બનાવે છે. દા.ત.,

**'ઘાસની જિન્દગી લીલવરણી અને/ ઘાસનું મૃત્યુ તો સોનવરણું/ આવ, આ ઝૂલતા ઘાસની મેડીએ/ સર્વ દીવા બુઝાયા છતાં તેડીએ/ કોઈ લીલી સળી, કેડીએ કેડીએ/ વાળ સોનેરી વિખરાઈ ચોગમ પડ્યા/ ક્યાંક મુખ ઢાંકી લાજાળ, નમણું.'**

○

**'પંખીના ટહુકાની પ્યાલીમાં પીંઉ આજ/ ઊગતા સૂરજની લાલી/ કોણ જાણે કેમ, એવું સારું લાગે છે, મારે/ અંગ અંગ ખેલતી ખુશાલી./ એવી ગૂંથેલ અહીં સાચની સગાઈ/ એક તારાથી પંખીને પારણે/ આ તેજની સવારી કોને કારણે?'**

મકરંદમાં રાષ્ટ્રપ્રેમ છે, પ્રકૃતિ-ચેતના અને માનવચેતનાને જોડતી અધ્યાત્મલક્ષી ભાવસૃષ્ટિ છે! ખાસ તો માટી, ધરતી, ખેતર, બીજ, મેઘ, મોસમને વહાલથી આ કવિ વર્ણવે છે.

મકરંદ દવેનો જન્મ ૧૩-૧૧-૧૯૨૨ના રોજ ગોંડલ વતન-ગામે થયેલો. પિતા વજેશંકર દવે. પ્રાથમિક શિક્ષણ વતનમાં લીધું પછી રાજકોટથી મેટ્રિક થઈને ત્યાંની ધર્મેન્દ્રસિંહજી કૉલેજમાં દાખલ થયા. પણ ૧૯૪૨ની રાષ્ટ્રીય ચળવળમાં ભાગ લેવા અભ્યાસ છોડેલો. કિશોર વયે જ આધ્યાત્મિક ગુરુ નાથાલાલ જોશીના સંપર્કમાં આવ્યા ને છેક સુધી એમના પ્રભાવમાં રહ્યા! કેટલાંક સામયિકો 'કુમાર', 'ઊર્મિનવરચના', 'સંગમ' અને દૈનિક 'જય હિન્દ'ના સંપાદક રહેલા. ૧૯૬૮માં લેખિકા કુન્દનિકા કાપડિયા સાથે લગ્ન કર્યાં. બંને પ્રકૃતિ અને અધ્યાત્મપ્રેમી. આ જોડીએ ૧૯૮૭માં વલસાડ-

ધરમપુર વચ્ચે વાંકલની સીમમાં 'નંદીગ્રામ'ની સ્થાપના કરી. મુંબઈ છોડી આદિવાસીઓની સેવાથી નંદીગ્રામ દીપાવ્યું.

મકરંદ દવેના કાવ્યસંગ્રહોમાં 'તરણાં', 'ગોરજ', 'સૂરજમુખી', 'સંજ્ઞા' અને 'સંગતિ' મહત્ત્વના છે. એમણે 'માટીનો મહેકતો સાદ' નામે નવલકથા લખી છે. 'સ્વામી' અને 'સાંઈ'ના પત્રો પણ જાણીતા છે. એમના વિચાર અને ચિંતનપ્રધાન લેખો પણ ઘણા છે. એમાંથી ઘણું તો અગ્રંથસ્થ છે. પ્રકૃતિ અને અલખચેતનાની એમની અનેક અનુભૂતિઓ રહસ્યગર્ભ છે. આમાંથી જ એમની ગીતિકાઓ રચાઈ છે – ને ગઝલો પણ!!

એમની ગીતરચનાઓમાંથી થોડીક વધુ પંક્તિઓનો આસ્વાદ માણીએ:

**'પગલું માંડું હું અવકાશમાં/ જોઉં નીચે હરિવરનો હાથ,/ અજંપાની સૂની શેરીએ/ ગાતો આવે અદીઠો સંગાથ/ જાગીને જોઉં તો કોઈ નથી એકલું.'**

o


**'ફૂલ તો એની/ ફોરમ ઢાળી રાજી/ વાયરો ક્યાં જઈ ગંધ વખાણે/ ફૂલ તો એનું કાંઈ ન જાણે/ ભમરો પૂછે ભેદ તો વળી/ મૂંગું મરતું લાજી...'**

o

**'સોનાની તો સાંકડી ગલી/ હેતુ ગણતું હેત/ દોઢિયાં માટે દોડતાં એમાં/ જીવતાં જોને પ્રેત/ માનવી ભાળી અમથું અમથું/ આપણું ફોરે વ્હાલ/ નોટ ને સિક્કા નાખ નદીમાં/ ધૂળિયે મારગ ચાલ...'**

મકરંદ દવેએ નાટ્યલેખન (શેણી વિજાણંદ) તથા અનુવાદનું કાર્ય પણ કર્યું હતું. એમની ચૂંટેલી ગઝલોનો સંચય 'હવાબારી'! ૩૧મી જાન્યુઆરી, ૨૦૦૫માં નંદીગ્રામ ખાતે એમનું નિધન થયું હતું.

❑



# ૩૪

## કવિતાને સખીભાવે ચાહતા-વ્હાલ કરતા કવિ : બાલમુકુન્દ દવે

સાહિત્યના ઇતિહાસમાં આપણે કેટલાક લેખકોને ગૌણ ગણીને એમનું ઓછું મહત્ત્વ આંકીએ છીએ. પણ કેટલાક લેખકો 'ગૌણ'-ની સરહદને ઓળંગીને મુખ્ય લેખકોની જેમ સાહિત્યરસિકોમાં લોકપ્રિય અને ધ્યાનપાત્ર બની જતા હોય છે. બાલમુકુન્દ દવે આવા લોકપ્રિય કવિ હતા! એમની કવિતા ગુણવત્તાની દૃષ્ટિએ, વિષયવૈવિધ્ય અને ભાષાભિવ્યક્તિની ભૂમિકાએ મૂલ્યવાન હોવા સાથે દરેક સ્તરના ભાવકોને ગમતી રહી છે. પ્રણય, પ્રકૃતિ, પ્રભુ – આ ત્રણે વિષયોને બાલમુકુન્દ સહજ, સરળ અને નવતર ભૂમિકાએ રહીને રસાળ કાવ્યબાનીમાં આલેખવાનું સામર્થ્ય ધરાવે છે. એમની નિજી મુદ્રા પ્રગટાવતાં તથા લોકો સુધી પહોંચેલાં કાવ્યોમાં : શ્રાવણ નીતર્યો, જૂનું ઘર ખાલી કરતાં, ભીના વાયરા, ફાગણી, હોળી મહિનાની વિજોગણ, ચાંદની, હરિનો હંસલો, વડોદરા નગરી અને જૂઠી ઝાકળની પિછોડી ઇત્યાદિ તરત યાદ આવશે.

અઘરી વાત સરળતાથી છતાં ઊંડાણ સાથે રજૂ કરે, અને જાણીતી વાતને નવેસર નોખી બનાવીને કહી શકે – ભાવકોને રીઝવી શકે તે સાચો કવિ! હું તો એને મોટો કવિ પણ કહું! 'ભીના વાયરા'-માં કવિ પ્રેમની રૂઢ વાતને નૂતન રીતે કહે છે :

**'ઊંચી મેડી ને ભીના વાયરા મારુજી!/ ડોલે મારા દીવડિયાનાં નૂર જો/ ધીરા વાજે રે તારા વીંઝણા મારુજી!'**

**'અવળે હાથે તે મારી કાંકરી મારુજી!/ સવળી થૈ વાગી તત્કાળ જો,/ એવા ના ખેલ ભૂંડા ખેલીએ મારુજી!'**

**'ભોળાં તે હૈયા ના છંછેડીએ મારુજી!/ બાંધી હિંડોળો એને ડાળ જો,/ હૈયાંની વાડીઓ ના વેડીએ મારુજી!'**

રોજિંદા જીવનનાં રૂપકો અને મસ્તીભર્યો લય મનભાવન છે.

દર વર્ષે શ્રાવણ વરસે કે ન વરસે! – બાલમુકુન્દનો શ્રાવણ રોજ સવાર-બપોર-સાંજ આપણે તો ગાતા-ગણગણતા હોઈએ!

**'આ શ્રાવણ નીતર્યો સરવડે કોઈ ઝીલો જી**
**પેલાં રેલી ચાલ્યાં રૂપ હો કોઈ ઝીલો જી**

**આ નથી ટપકતાં નેવલાં કોઈ ઝીલો જી**
**આ વરસે અમરત-મેહ હો કોઈ ઝીલો જી...**

**આ દૂધે ધોયા ડુંગરા કોઈ ઝીલો જી**
**પેલી ઝરણાંની વણજાર હો કોઈ ઝીલો જી!'**

રાજેન્દ્ર શાહની 'શ્રાવણી બપોર' તદ્દન નોખી તોય અહીં સાંભરે જ છે.

બાલમુકુન્દ દવે ૧૯૪૦ પછીના – અનુગાંધીયુગના રંગદર્શી કવિ! સ્વભાવે પ્રશિષ્ટ પણ ભીતરે રોમેન્ટિક. વડોદરા પાસેના મસ્તુપુરા ગામમાં ૭મી માર્ચ, ૧૯૧૬માં એમનો જન્મ! પિતા મણિશંકર દવે, માતા નર્મદાબહેન. પ્રથમ પત્ની જાસુદબહેનનું નિધન થતાં બીજું લગ્ન ચંદનબહેન સાથે કરેલું. વતનમાં ને કુકરવાડામાં પ્રાથમિક શિક્ષણ લઈ ૧૯૩૮માં વડોદરાથી મેટ્રિક થયા. ઉચ્ચ શિક્ષણ છોડીને અમદાવાદ આવ્યા. સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય અને 'નવજીવન' ('લોકજીવન'નું સંપાદન) જેવી સંસ્થાઓમાં પ્રૂફરીડર અને સંપાદક તરીકે કાર્ય કરતાં કરતાં કાવ્યો લખીને નામના મેળવી. અમદાવાદમાં બુધસભા તથા વેણીભાઈ જેવા કવિઓએ એમના કાવ્યસર્જનને બળ પૂરું પાડેલું! 'પરિક્રમા' એમનો પ્રથમ કાવ્યસંગ્રહ આજે પણ કૉલેજ કક્ષાએ ભણાવાય છે. 'કુંતલ' બીજો કાવ્યસંચય. 'ઘટમાં ગંગા' વ્યક્તિચિત્રોનો સંચય છે. 'સોનચંપો ને ઝરમરિયાં'-માં બાળકાવ્યો મળે છે.

બાલમુકુન્દ દવેની જીવનશૈલી ગાંધીવિચારને સદાય અનુસરતી રહેલી. ગાંધીજીના અવસાન ટાણે એમણે લખેલું ગીત : 'હરિનો હંસલો' ખૂબ ભાવવાહી બનેલું. ગાંધી વિશેની કવિતામાં આજે પણ એ વધુ યાદગાર છે.

'કોણે રે દૂભ્યો ને કોણે વીંધિયો?/કલંકીએ કોણે કીધા ઘા?/ કોણ રે અપરાધી માનવજાતનો?/ જેને સૂઝી અવળી મત આ?/ રુધિરે રંગાયો હરિનો હંસલો!'

બાલમુકુન્દ દવે પ્રણય અને વિરહને પ્રકૃતિનાં સાદશ્યો લઈને, લાક્ષણિક રીતે અભિવ્યક્ત કરવાની ફાવટ છે. કવિત્વનો અનુભવ કરાવતી 'હોળી મહિનાની વિજોગણ'ની વ્યંજનાપૂર્ણ વાણી માણીએ :

**'આગળ મોર્યા મોગરા ને પછવાડે ગલગોટ,**
**સવળા વાતા વાયરા એની અવળી વાગે ચોટ.**

**ખીલ્યાં કેસૂ ખાખરે, એની વગડે વગડે આગઃ**
**ફૂલડે ફૂલડે ફરી વળે : મારું મન જાણે મધમાખ!**

**હોળી મહિનો હુલામણો, ઘેર નારી બાળે વેશ :**
**હું પૂછું નિર્દય નાવલા! તને કેમ ગમે પરદેશ!'**

'જૂનું ઘર ખાલી કરતાં' સૉનેટ તો ઘણી પેઢીઓ ભણી છે! નકામી વસ્તુઓની યાદી કાવ્યના અંતને વધારે ચોટદાર બનાવે છે. 'બા, બાપુ! ના કશુંય ભૂલિયાં; એક ભૂલ્યાં મને કે?!' મૃતપુત્રનો આ અવાજ કાવ્યનાયકના પગ પર મણિકાનો ભાર લાવી મૂકે છે!

બાલમુકુન્દની કવિત્વશક્તિ 'ચાંદની' કાવ્યમાં ચળકી ઊઠી છે.

**'ગિરિ, વન, નદી મેદાને થૈ સરે રમણીયતા,**
**પરણ પરની કીડીયે શી ધરે કમનીયતા!'**

કવિ 'વડોદરાનગરી'નું વર્ણન બહુ વહાલપૂર્વક કરે છે. એમાંય વડોદરાની '(નાગર) નારીનું ચિત્રણ ચમત્કૃતિપૂર્ણ છે :

**'નાગરવેલીના જેવી નાજુકડી નાર વાંકી**
**વાંકો એનો અંબોડો ને વાંકાં એનાં વેણ છે**
**સભાની અદબ રાખી, વાણીને લગામ કરું :**
**કહેતો નથી એટલું કે કેવાં એનાં નેણ છે!'**

કવિતાને સખીની જેમ પ્રેમ કરતા આ કવિનું અમદાવાદ ખાતે ફેબ્રુઆરીની ૨૮મી તારીખે ૧૯૯૩માં અવસાન થયું હતું.

❑



# ૩૫

## સમાજકેન્દ્રી અને મૂલ્યલક્ષી સાહિત્યના સર્જક : જયંતિ દલાલ

શ્રી રઘુવીર ચૌધરીએ જયંતિ દલાલની વ્યક્તિમત્તાને વર્ણવતાં એમનામાં 'સહરાની ભવ્યતા' જોઈ હતી. ગુજરાતી સર્જકોમાં દલાલ જેવા 'પ્રજાપુરુષ' ભાગ્યે જ બીજા કોઈ હશે! કહેવાયું એ સાચું છે કે 'દેશમાં જે સ્થાન જયપ્રકાશજીનું હતું એવું જ સ્થાન ગુજરાતમાં જયંતિ દલાલનું હતું.' આખું અમદાવાદ (૧૯૪૦થી ૧૯૬૫નાં વર્ષોમાં) એમની વાત માનતું. એમનો બોલ પ્રજાજીવનમાં પ્રેમાદેશ મનાતો. એમનું કાર્ય અને વિચાર મહાજન પરંપરાથી પણ વધુ લોકાભિમુખ હતાં. જયંતિ દલાલ સમાજવાદી હતા. પ્રજા માટે એમનાં કાર્યો પ્રત્યક્ષ હતાં. મહાભારાડી ચોર પણ દલાલનું નામ પડતાં ચોરેલી ચીજ પરત કરી દેતો. દલાલની નજર પડે ને, પત્નીને પીડા આપતો દારૂડિયો પતિ શરમાઈને માફી માગતો. કદી ગુસ્સો નહિ કરનાર દલાલની સરળતા, સચ્ચાઈ, સહજતા, સાહસિકતા, વિવેક અને નિર્ણયની દૃઢતા સહુને આકર્ષતાં. એ કોઈ સત્તા પક્ષમાં નહોતા એ સત્ય અને કરુણાને પક્ષે હતા.

જયંતિ દલાલ જાણે જુદી માટીના જણ હતા. ગાંધીયુગ અને આધુનિક યુગની વચ્ચેનાં વર્ષોમાં એમનું સાહિત્ય રચાયું અને બે યુગ વચ્ચે સેતુરૂપ બનવા સાથે પરિવર્તનમાં સહભાગી બન્યું. દલાલનું સર્જન સમાજલક્ષી રહીને મૂલ્યકેન્દ્રી બન્યું છે. આદર્શવાદને આઘો રાખીને એમણે વાર્તા-કથા-એકાંકી-નિબંધોમાં વાસ્તવનું અને કઠોર નિયતિનું આલેખન રંગદર્શી બન્યા વિના કર્યું છે. એમની બે નવલકથાઓ 'ધીમુ અને વિભા' તથા 'પાદરનાં તીરથ' એનાં

ઉત્તમ દૃષ્ટાંતો છે. સૌથી મહત્ત્વની છે એમની વાર્તાઓ અને એમની વાર્તાકલાદૃષ્ટિ! 'ઉત્તરા', 'જૂજવાં', 'કથરોટમાં ગંગા', 'ઇષત્', 'આ ઘેર, પેલે ઘેર', યુધિષ્ઠિર! આ છે દલાલની વાર્તાના સંચયો! નારીસંવેદના અને વિદ્રોહ-નું આલેખન દલાલનો જ નહિ ગુજરાતી વાર્તાનો વિશેષ એમની વાર્તાઓથી આરંભાય છે ને આગળ વધે છે.

ઉમાશંકરને પણ દલાલના પ્રતિભાવની પ્રતીક્ષા રહેતી. એય એમને 'સાહેબ'થી સંબોધતા. 'રેખા' માસિક અને 'ગતિ' સાપ્તાહિકનું કાર્યાલય એમના ઘરને મેડે! ૪૪-૪૫નાં વર્ષોમાં ત્યાં સાંજે આવા – બી.કે., એસ.વી., એસ.આર., દાંતવાલા, ઘીવાલા, નીરુભાઈ જેવા – મહાનુભાવો આવતા. ઉજો ને સુંદરમ્ પણ જતા. ને નિરંજન-પન્નાલાલ પણ આ સહુને સાંભળવા ચૂપચાપ બેસી જતા. દેશ-દુનિયાના પ્રશ્નોની ચિંતા અને ઉત્તમ ગ્રંથોની ચર્ચા થતી. ચા-પાણી મોકલવામાં દલાલનાં પત્ની રંજનબહેનને આનંદ આવતો. ઋતુઓનાં ફળ પણ હોય. મગફળીને દલાલ 'શ્રમફળ' કહેતા એ તો સદાય હોય! તો ભદ્રવર્ગ અહીં સમાજની ને મૂલ્યોની ખેવના કરતો! આવા ચિંતકો ને તટસ્થ સર્જકો આજે ક્યાં છે?? આઝાદીના આંદોલનથી દલાલ અળગા નહોતા. એમણેય જેલવાસ ભોગવેલો. એ સમાજ માટે ચિંતિત અને જીવન માટે ગંભીર હતા. એમનાં સર્જનોમાં આ દેખાય છે. શારી નાખે એવા કટાક્ષો – મર્મભર્યા વ્યંગ એમનાં એકાંકીઓમાં વિશેષ છે.


જયંતિ દલાલ અમદાવાદના વતની. આજીવન ત્યાં જ રહ્યા. ૧૯૦૯માં જન્મ. ૧૯૭૦માં – બહુ વહેલું – અવસાન થયેલું. પિતા ઘેલાભાઈ રંગભૂમિ સાથે સંકળાયેલા. દલાલના ઘડતરમાં આ રંગભૂમિની વિશેષ ભૂમિકા રહી હતી. બી.એ.માં કૉલેજ છોડી આંદોલનમાં જોડાયેલા. રાજકારણમાં સક્રિય પણ રહેલા. મુખ્યત્વે પત્રકારત્વ કર્યું! એમનું જીવન મિશન તો પ્રજાજીવન/સમાજજીવનનાં અનિવાર્ય કાર્યો કરવાનું હતું. છતાં કહેવું જોઈએ કે આજે દલાલસાહેબને એક ઉત્તમ સર્જક-વિવેચક અને અનુવાદક તરીકે જમાનો યાદ કરે છે. એ હજી વંચાતા વાર્તાકાર છે. નિરંજન ભગતે કહેલું કે, 'દલાલની વાર્તાઓ ગુજરાતી ભાષા જીવશે ત્યાં સુધી જીવશે.' ટૂંકીવાર્તામાં એમણે મેદસ્વીતાનો અને રંગદર્શિતાના વધુ પડતા ઉપયોગનો પરિહાર કરીને વાર્તાને પ્રતીકોથી, પરિવેશથી અને મનોસંચલનોથી વધુ કલાત્મક બનાવી. 'ઉત્તરા'ની નાયિકા લગ્નમુક્ત થઈને અને બહુપુરુષ સંપર્ક કરીને પણ સુખ-ચેન પામતી નથી. વિદ્રોહમાંય વિવેક અને મૂલ્યો હોય તો સમાજ વધુ નર્યો બને.

'આ ઘેર પેલે ઘેર'ની સવિતા પ્રેમલગ્નનાં દશ વર્ષ પછી પણ પતિની ઉપેક્ષા પામે છે. પતિ બીજી સ્ત્રી સાથે જુદો રહેવા જાય છે. એક તબક્કે સવિતાને સમજાય છે કે – તો પછી મારે એનું આપેલું ઘર-ઘરેણું પણ ન ખપે! ને એ ઘર બંધ કરી ચાવી સોંપવા નીકળી પડે છે. ખરો વિદ્રોહ તે આ! પ્રેમ વિનાનું કશું જ ન ખપે!!

'પાદરનાં તીરથ'માં આઝાદીના આંદોલનમાં વિદ્રોહ કરતાં ગ્રામજનો, એમનો સંઘર્ષ અને એમના વિચારોની વાત રજૂ થઈ છે. ત્યાંય જૂઠ અને ફરેબ સામે મૂલ્યોના જતનની વાત સૂચવાઈ છે. 'ધીમુ અને વિભા' ગુજરાતીની વિશિષ્ટ-પ્રશિષ્ટ ને વિલક્ષણ નવલકથા છે. રાજકારણમાં સક્રિય ધીમુને વિભા બહુ ચાહે છે. ધીમુ પણ બધું સમજે છે. એને થાય છે કે એ વિભાના પ્રેમને સાચવી નહીં શકે. વિભાનો પ્રેમ મોડેથી પ્રત્યાખ્યાન પામે છે પણ હવે એ મરણની નજીક પહોંચી ગઈ છે. પ્રેમનું સંવેદન અને એની અભિવ્યક્તિનું ગદ્ય અત્યંત પ્રભાવક, કલાત્મક અને આસ્વાદ્ય છે.

જયંતિ દલાલને જાણે ગળથૂથીમાંથી જ નાટક અને રંગમંચનો અનુભવ મળ્યો હતો. ભજવાય એ જ નાટક! ને નાટક ભજવાય ત્યારે જ એનો અર્થ પામ્યા કહેવાય. દલાલે 'જવનિકા' અને પ્રવેશ બીજો/ત્રીજો/ચોથો – એમ ચાર સંચયોમાં ઉત્તમ એકાંકી આપ્યાં. પ્રજાની દાંભિકતાને માર્મિક સંવાદો અને વ્યંગ્ય પરિસ્થિતિઓથી ઉજાગર કરતાં એકાંકીઓ છે – 'સોયનું નાકું', 'દ્રૌપદીનો સહકાર', 'મન બગડે એ પહેલાં' વગેરે. 'શહેરની શેરી'ના લઘુચરિત્ર નિબંધો-રેખાચિત્રો ધ્યાનપાત્ર છે. 'વૉર ઍન્ડ પીસ'નો અનુવાદ તો ખરો જ ખરો! ને 'કાયા લાકડાની માયા લુગડાની'-માંના વિવેચનલેખો પણ આસ્વાદ્ય છે. જીવનમૂલ્યોના રક્ષક અને પ્રજાજીવનના પ્રહરી જયંતિ દલાલ જેવા બીજા સર્જક મળવા દુર્લભ છે.

❑



# ૩૬

## નોખો પરિવેશ અને પ્રભાવક ગદ્યની વાર્તાઓના સર્જક : જયંત ખત્રી

ગુજરાતી ટૂંકીવાર્તાને ધૂમકેતુએ વિસ્તાર અને ઊંચાઈ આપવા સાથે સ્વરૂપલક્ષી પરિમાણો વડે વાર્તા સિદ્ધ કરી હતી. એમના તરતના અનુગામીઓ અને સમર્થ વાર્તાકારો, દ્વિરેફ, સુંદરમ્, ઉમાશંકર, પન્નાલાલ, મડિયા, મેઘાણી, પેટલીકર વગેરેએ ટૂંકીવાર્તાને વિષયનાવીન્ય, વસ્તુસંકલના, રચનારીતિ, કથનકલાના પ્રયોગો, બોલીપ્રયોગ, ભાષાસંરચના અને કલાદૃષ્ટિ ઇત્યાદિ વડે દૃઢમૂલ કરવા સાથે લોકભોગ્ય બનાવી હતી. નવલકથા કરતાં અડધી સદી મોડી આવેલી ગુજરાતી વાર્તા નવલકથાની બરોબરી કરતી અને આગળ નીકળી જવા મથતી પમાય છે. દાયકે દાયકે વાર્તાને બબ્બે-ત્રણ ત્રણ સમર્થ વાર્તાકારો મળતા રહ્યા છે. વાર્તા સદ્ભાગી છે.

૧૯૪૦ પછીનાં વર્ષોમાં બે સમર્થ વાર્તાકારો – જયંત ખત્રી અને જયંતી દલાલ – આવે છે અને વાર્તાને એક નવા પડાવે લઈ જવા સાથે એમાં આધુનિક જીવન તથા સમકાલીન સમાજજીવનની સમસ્યાઓને નૂતન રીતિએ આલેખે છે. જયંત ખત્રીની વાર્તાઓ એમના પુરોગામી વાર્તાપ્રવાહથી ફંટાઈને ઊફરી ચાલે છે. ગુજરાતી વાર્તાનો આ મહત્ત્વનો વળાંક, જયંત ખત્રી ઉત્તમોત્તમ વાર્તાઓ વડે, વિવેચકો અને ભાવકોને ચકિત કરે છે – આકર્ષે છે તથા જકડી-પકડી રાખે છે.

જયંત ખત્રી કચ્છ પ્રદેશનો, સૂકો-વેરાન-રેતાળ પરિસર અને ત્યાંનો સાગરકાંઠો, ત્યાં જીવનસંઘર્ષ કરતાં ને બહાર કરતાં ભીતરમાં વધુ મંથન

કરીને, જીવતાં માણસોને – નોખા પરિવેશમાં મૂકીને – વાર્તાઓમાં જીવતાં-જાગતાં કરી દે છે. મુંબઈની ગીચ ગરીબ વસ્તી, માળ-ચાલીઓનું ગંદું કઠોર જીવન બતાવવા સાથે ખત્રી ગુજરાતી વાર્તામાં પહેલી વાર વેશ્યાજીવનને આલેખે છે.

- દરિયો અને દરિયાખેડુઓની જિન્દગી વાર્તાનો વિષય બને છે.
- ખત્રીની વાર્તાઓમાં જાતીયતાનું અરૂઢ આલેખન પ્રથમ વાર એની પીડાઓ અને ભીતરી મંથનો સાથે કલાત્મક રીતે વર્ણવાય છે. આપણને સહુને નહિ છોડતાં રોગ-દર્દ-વ્યથા-એકાકીપણું-મૃત્યુ-ગરીબી અને નિયતિની કઠોરતા તથા માણસની નિઃસહાયતા ખત્રીની વાર્તાઓને ભાવકમાં ઊંડે ઉતારી દે છે.
- 'ચામડીને બાળીને ચામડું કરતા તડકાઓ' તથા વેરાનની બળતી-બાળતી બપોરો, રાત્રિના દરિયાઈ પવનોના સુસવાટા અને ડરામણો અંધકાર, મહાનગરની પરાઈ અને ઝળહળતી દુનિયા : જયંત ખત્રીની વાર્તાઓને સાવ નોખી પાડી દે છે.
- આ બધી વિગતોને આસ્વાદવા વાચકે ખત્રીની આટલી વાર્તાઓ તો વાંચવી જ પડે : 'લોહીનું ટીપું', 'ધાડ', 'ખરા બપોર', 'અવાજ-અજવાળાં', 'આનંદનું મોત', 'બંધ બારણા પાછળ', 'કાળો માલમ', 'હીરો ખૂંટ', 'તેજ, ગતિ અને ધ્વનિ', 'નાગ', 'અમે બુદ્ધિમાનો', 'ખીચડી', 'માટીનો ઘડો', 'ખલાસ' વગેરે.

સંવેદનશીલ અને બૌદ્ધિક, ચિત્રકાર-તબીબ-વાર્તાકાર જયંત ખત્રીનો જન્મ ૧૯૦૯માં કચ્છના મુન્દ્રા ખાતે થયો હતો. પિતા હીરજી હંસરાજ, માતા જયાબેન. પિતાજી કચ્છ રાજ્યના સરકારી ડૉક્ટર હતા. પ્રથમ પત્ની બચુબહેન સાથે ૧૯૨૯માં લગ્ન. બચુબહેનના નિધન પછી ૧૯૩૫માં નાની સાળી સાથે લગ્ન કરેલાં. પુત્ર કીર્તિભાઈ હયાત છે ને ઉત્તમ પત્રકાર-લેખક છે. જયંત ખત્રી ભુજ-મોસાળમાં ભણીને મુંબઈ ગયેલા. ત્યાં ૧૯૨૮માં મેટ્રિક થયા. નેશનલ મેડિકલ કૉલેજમાં દાક્તરીનું ભણ્યા. મુંબઈમાં ને પછી કચ્છમાં દાક્તરી કરેલી. માંડવી નગરપાલિકામાં પ્રમુખ થયેલા. મુંબઈ અને કચ્છમાં મજૂરો-ગરીબો વચ્ચે વસવાનું બનતાં અને મિત્રો સાથે ચર્ચાઓ કરતાં. સામ્યવાદી વિચારોથી પ્રભાવિત થયા. એમની કેટલીક વાર્તાઓમાં પ્રગતિવાદી વલણો પમાશે. તબીબને ટીબી થાય ત્યારે એ શું અનુભવે? કેવું વીતે? – ખત્રીનો એ સ્વાનુભવ હતો. અધૂરી નવલકથા ને નાટકને બાદ કરીએ તો

ખત્રીના ત્રણ વાર્તાસંચયો 'ફોરાં', 'વહેતાં ઝરણાં', 'ખરા બપોર'માં કુલ ૪૧ વાર્તાઓ મળે છે. ખત્રી ઓછી પણ અનોખી અને નિજી મુદ્રાની વાર્તાઓના લેખક હતા.

'ખરા બપોર', 'ધાડ', 'તેજ, ગતિ અને ધ્વનિ', 'આનંદનું મોત', 'કાળો માલમ', 'માટીનો ઘડો' અને 'લોહીનું ટીપું' – ખત્રીની જ નહિ ગુજરાતીની ઉત્તમ વાર્તાઓ છે. એ ભારતીય વાર્તાની અગ્રપંક્તિની હક્કદાર છે. પરિવેશના પ્રભાવક અને જીવંત ચિત્રણથી આ વાર્તાઓનાં પાત્રો એકદમ સાચકલાં અને સુખદુઃખને સમભાવે જીવી લેતાં નોખી માટીનાં મનેખ લાગ્યાં છે.

'ધાડ' વાર્તામાં બેકાર બનેલો ને એકાકી પ્રાણજીવન ક્યારેક મળી ગયેલા ઘેલાના શબ્દોને યાદ કરીને વેરાન-રણ પ્રદેશમાં ઘેલાને ખોરડે આવે છે. એ પરિવેશ એને ઘણું સમજાવી દે છે. એની અનિચ્છા છતાં ઘેલો પ્રાણજીવનને એક રાતે ધાડ પાડવા દૂરને મલક ખેંચી જાય છે. લૂંટને અંતે શેઠની જુવાની દીકરીનાં ઘરેણાં ઉતારવા ઘેલો આક્રમક બને છે ને એ જ ઘડીએ એને પક્ષાઘાતનો હુમલો આવે છે. બેભાન ઘેલાને પ્રાણજીવન ઊંટે લાદીને એને ખોરડે લાવે છે. ઘેલો ભાનમાં આવે છે પણ બચતો નથી. ખડતલ પણ અકારણ હિંસક બનતા ઘેલા ઉપર કુદરત જાણે કે ધાડ પાડે છે. વીનેશ અંતાણીએ 'ધાડ' વાર્તા પરથી નવલકથા લખી છે તો પરેશ નાયકે ફિલ્મ બનાવી હતી.

'ખરા બપોર'નો પુરુષ પણ હિંસક ને શંકાશીલ છે. એની અસફળ પુંસકતા વડે એ ફકીરને હડસેલે છે ને સ્ત્રીને પીડે છે. 'કાળો માલમ' કાબેલ દરિયા ખેડુ છે પણ ભૂલથી ભાઈની વહુ જોડે સમાગમ થયા પછી ખૂબ દુઃખી ને અજંપ રહે છે. તો ટીબીનો દર્દી વાલજી દવાખાનેથી મુંબઈની ગંદી ચાલીઓ વીંધતો ઘરે આવે છે – મિત્ર ગોપાલ વાલજીની પત્નીને એના મરણ પછી પોતાની કરવા ચાહે છે. વાલજી પત્નીને સંતોષ આપી ઘર છોડી મૃત્યુ પામે છે – એના જીવનનો 'આનંદ' મૃત્યુ પામે છે. 'માટીનો ઘડો' કુંવારી દીકરી નંદવાઈ જાય છે – એનું પ્રતીક બને છે.

પોતાની વાર્તાકલાથી આધુનિક વાર્તાની ભોંય તૈયાર કરનાર ખત્રીના જીવન વિશે 'ધૂળનો સૂરજ' એવું નાટક સતીશ વ્યાસે લખ્યું છે. જેના થોડા શો થયા હતા. ટીબી નહીં મટતાં ૧૯૬૮ના જૂનમાં જયંત ખત્રીનું અવસાન થયું હતું.

❑



# ૩૭

## નારીજીવનની સમસ્યાઓનું વાસ્તવદર્શી આલેખન કરનાર સર્જક : સરોજ પાઠક

ગુજરાતી સાહિત્યનાં નારી સર્જકોમાં, આજે પણ સરોજ પાઠક (૧૯૨૯-૧૯૮૯)નું નામ આદરપૂર્વક લેવાતું રહ્યું છે. આજે લખવા મથતી યુવાપેઢીને સરોજ પાઠકના વ્યક્તિત્વમાં રસ પડે એવું ઘણું છે. મસ્તી-તોફાનથી સભર અને નૃત્ય નાટક સાહિત્યની સાતત્યપૂર્વક ચાલતી પ્રવૃત્તિઓમાં ગળાડૂબ યૌવનનાં એમનાં એ વર્ષો (૧૯૫૫થી ૧૯૭૫)માં મિત્રો અને કલારસિકો એમના વ્યક્તિત્વને કુતૂહલથી જોતાં અને એમનાં વક્તવ્યો, લેખન તથા અભિનયને આસ્વાદવા સાથે સમજવા મથતાં! ઊર્જાથી છલકાતું એમનું વ્યક્તિત્વ એમને અનેક સંસ્થાઓ, પ્રવૃત્તિઓ, મિત્રો-પરિવારો સાથે જોડતું અને અજંપ રાખતું. તોફાન, ટીખળ, જિદ્દ, મતાગ્રહો અને સ્વમાન સાથેનું સ્વાતંત્ર્ય એમણે આજીવન સાચવી રાખ્યાં હતાં. એમની વાર્તાકથાની બધી નાયિકાઓમાં ઉક્ત વિલક્ષણતાઓ પ્રગટી છે. એટલે એમનું લેખનસર્જન નિજી મુદ્રા ધરાવે છે. બધાં એમને 'સપા' કહેતાં. નિકટજનો 'તોફાન' કહેતાં – ખાનગીમાં. પણ પછી એ બારડોલી કૉલેજમાં અધ્યાપક બન્યાં ને સૌનાં 'વહાલાં જીજી' બની રહેલાં.

સપાના જીવનનું એક બીજું મહત્ત્વનું પાસું પણ બહુ રસ પડે એવું છે. એ મૂળે તો સરોજ ઉદ્દેશી હતાં. રૂઢિચુસ્ત ભાટિયા-વૈષ્ણવોની એ જ્ઞાતિ! આમ બંધનો ખરાં, પણ ગરબા, નાટક, સંગીત તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં રસ રાખે ને આવકારે. સપાનો જન્મ કચ્છના જખૌમાં થયો હતો. પિતાજી મુંબઈમાં

સ્થાયી થયેલા. નારણદાસ ઉદ્દેશી નવ સંતાનોને મૂકીને વહેલા ગુજરી ગયેલા. મા રતનબાઈ હરદ્વાર તરફનાં હતાં. ભલાંભોળાં ને સંસ્કારનિષ્ઠ. સપાનું પ્રાથમિક શિક્ષણ મુંબઈમાં વનિતા વિશ્રામની સ્કૂલમાં થયેલું, સુનીતિ ગર્લ્સ સ્કૂલમાંથી મેટ્રિક થયાં હતાં. એ પછી તરત સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં પ્રો. મનસુખલાલ ઝવેરી પાસે ગુજરાતી અને પ્રો. ઝાલા પાસે સંસ્કૃત ભણતાં હતાં. ઇન્ટર આર્ટ્સ પૂરું કર્યું. આ વર્ષોમાં રમણ પાઠક (કવિ જયંત પાઠકના ભાઈ)ના સંપર્કમાં આવેલાં. પરિચય પ્રેમમાં ફેરવાઈને તોફાન મચાવતો હતો. રૂઢિચુસ્ત સમાજની સંકડામણમાં અને મોટા પરિવારની જવાબદારીઓમાં સોરાતી સરોજ ઉદ્દેશી પોતાની ડાયરીમાં બિન્ધાસ્ત જીવનનાં શમણાં સાથે કવિતા લખતી હતી.

રમણ પાઠકને દિલ્હી રેડિયો સ્ટેશનમાં જૉબ મળવાથી એ દિલ્હીમાં રહેતા હતા. એક દિવસ પંખી પિંજર છોડીને દિલ્હી પહોંચી ગયું. ૧૯૫૦નું એ વર્ષ! સરોજ-રમણ પાઠક પ્રેમલગ્ન રજિસ્ટર્ડ કરાવે છે. બે રૂપિયા ખર્ચ! ને આમ એમનું દામ્પત્ય પ્રારંભાય છે. ભાટિયા-વૈષ્ણવ સમાજમાં આ સાહસિક લગ્ને હલચલ મચાવેલી... પણ સપા ઘેરો છોડીને મુક્તપણે જીવવા આનંદપૂર્વક સંઘર્ષ કરે છે. દિલ્હીમાં એ ઉત્તમ ગુરુ પાસે નૃત્ય અને સંગીત શીખે છે. નર્તકી તરીકે જૉબ પણ મેળવે છે. એય આકાશવાણીમાં અનુવાદક તરીકે સેવાઓ આપે છે. પાડોશમાં ગુજરાતી કવિ 'સ્વપ્નસ્થ' રહે છે. એમને ત્યાંથી ગુજરાતી સાહિત્ય વાંચવા મળે છે. અને ખાસ તો જયંત ખત્રીની વાર્તાઓ વાંચીને પ્રભાવિત થાય છે. એમનું વાર્તાલેખન ૧૯૫૫ની આસપાસ પ્રારંભાય છે. 'સોપાન' 'જીવનમાધુરી'માં એમની પ્રથમ વાર્તા 'નહિ અંધારું નહિ અજવાળું' પ્રકાશિત કરે છે. પછી એકદમ નવી ટેક્નિકથી લખાવા માંડેલી એમની વાર્તાઓ – 'સારિકા પિંજરસ્થા', 'ન કૌંસમાં ન કૌંસ બહાર', 'મારો અસબાબ મારો રાગ', 'હુકમનો એક્કો', 'વિરાટ ટપકું' – વ્યાપક ચાહના પામે છે. પાંચ વાર્તાસંગ્રહો ઉપરાંત 'નાઇટમેર', 'નિઃશેષ', 'ઉપનાયક', 'પ્રિય પૂનમ' અને 'વન્સ મોર' જેવી સફળ નવલકથાઓ આપી છે. 'ગુજરાત મિત્ર'માં નારીસંસાર વિભાગ સંભાળવા સાથે નારીજીવનની સમસ્યાઓ આલેખતાં. પુરુષો વિશે કડવી કઠોર ટિપ્પણી કરતી કટાર એમણે અન્યત્ર લખેલી. આના પરિણામસ્વરૂપ 'સાંસારિકા' (૧૯૬૭) અને 'અર્વાચીના' (૧૯૭૬) જેવા બે ગ્રંથો મળ્યા છે. આ ગ્રંથોના લેખો આજની પેઢીએ વાંચવા જેવા છે.

૧૯૬૦-૬૧માં પાઠક દંપતી પાંચ-છ વર્ષની દીકરી શર્વરીને લઈને, કાયમ માટે દિલ્હી છોડીને સુરત આવ્યા... ને સપાએ એમ.ટી.બી. કૉલેજમાંથી સ્નાતક પૂર્ણ કર્યું. ૧૯૬૪માં એમ.એ. થયાં. આ વર્ષોમાં સુરતની રાષ્ટ્રીય કલાકેન્દ્ર સંસ્થામાં જોડાઈને એમણે નૃત્ય – નાટકની પ્રવૃત્તિઓમાં જીવ રેડીને કામ કર્યું. 'ગુજરાત મિત્ર' સાથે જોડાઈને કોલમલેખન ચલાવ્યું. આ વર્ષોમાં એમણે વાર્તાલેખન દ્વારા સૌનું ધ્યાન ખેંચ્યું હતું. સપાને એમ.ટી.બી. કૉલેજમાં જયંત પાઠકના અધ્યાપનનો લાભ મળ્યો હતો. તો એમ.એ.માં ઉશનસ્ વર્ગો લેવા આવતા. કલાકેન્દ્રમાં વજુભાઈ ઢાંક, જ્યોતિ વૈદ્ય, ચન્દ્રકાન્ત પુરોહિત જેવા મિત્રોનો સાથ હતો. 'બ્રહ્મા વિષ્ણુ મહેશ' નાટકમાં પાઠક દંપતીએ પતિ-પત્નીની એટલી ઉત્કૃષ્ટ ભૂમિકા ભજવી કે સમગ્ર પંથકમાં એમની પ્રસિદ્ધિ વધી ગયેલી. સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ તો ચાલતી જ હતી... ને ૧૯૬૮થી સપા બારડોલી કૉલેજમાં અધ્યાપક થયાં. ત્યાં પણ પ્રવૃત્તિઓથી એમણે વાતાવરણમાં નવો પ્રાણસંચાર કર્યો.

બારડોલીમાં જ 'નાઇટમેર' (૧૯૬૯) નવલકથા લખાઈ. ખૂબ વખણાઈ. પાર્થ અને નિયતિ એકબીજાને ખૂબ ચાહતાં હતાં. ત્યાં અચાનક વિપરીત સંજોગો ઊભા થયા. નિયતિનું લગ્ન પાર્થના મોટાભાઈ અનન્ય સાથે થાય છે. પ્રેયસી ભાભી બને છે ને પ્રિયતમ દિયર! ત્રણે પાત્રો પોતાનો અહમ્ પોષવા માટે સંઘર્ષ કરે છે. 'નાઇટમેર' - ભયંકર દુઃસ્વપ્નની મનોવૈજ્ઞાનિક નવલકથા તરીકે યુનિવર્સિટીમાં પાઠ્યક્રમમાંય મુકાતી રહે છે.

પ્રેમલગ્ન કરનાર સપા અને રપા પાછલાં વર્ષોમાં અલગ રહે છે. પતિની નોકરી ચીખલી હતી. 'યોગ' પછી 'વિ-યોગ'માં પરિણમે છે. મુક્ત ને બિન્ધાસ્ત દામ્પત્યજીવન તો રહે છે પણ પછી પ્રેમ રહેતો નથી. ૧૯૮૯માં સરોજ પાઠક નિવૃત્ત થયાં (૧૬-૪-૧૯૮૯) એ જ દિવસે સાંજે એમનું દુઃખદ અવસાન થયું હતું.

❑



# ૩૮

## 'હું તો ભૂખથી રિબાતું મારું વલ્લવપુરા ગામ' : રાવજી પટેલ

સાચું કહેવાયું છે કે 'કાળ સૌથી મોટો વિવેચક છે.' સમયની કસોટીમાંથી પાર ઊતરે અને પોતાની પ્રસ્તુતતા અકબંધ રાખે એ સાહિત્યકૃતિને આપણે 'કાળજયી' કહી શકીએ. એ માટે તો બસો-ચારસો વર્ષ રાહ જોવી પડે. બાકી ઉત્તમ કર્તા-કૃતિઓ 'ચિરંજીવી' હોઈ શકે – સો-બસો વર્ષ! બસ! આપણા સમયમાં તો દસ-વીસ વર્ષ કૃતિ વંચાતી-વખણાતી રહે તોય ભયો ભયો! ધોરણો-ની નવી પેઢીને ઝાઝી તમા નથી! ત્યારે થાય છે કે એમને આપણા કવિ રાવજી પટેલની કવિતા-કથા-વાર્તાની વાત કરીએ. આજે (૧૦-૮-૨૦૨૧) રાવજીના અવસાનને ત્રેપન વર્ષ વીત્યાં છે ને રાવજી હજીય વાચકો-ભાવકો-વિદ્વાનોમાં વંચાતો-પ્રમાણીને-પરખીને વખણાતો કવિ-નવલકથાકાર રહ્યો છે. એનો પ્રભાવ હજી વર્તાય છે. સર્જક રાવજીમાં એવું શું છે? – એની કૃતિઓને કાન માંડીને સાંભળીએ : એક બપોરે

**'મારા ખેતરને શેઢેથી/ 'લ્યા ઊડી ગઈ સારસી/ મા,/ ઢોચકીમાં છાસ પાછી રેડી દે./ રોટલાને બાંધી દે./ આ ચલમની તમાકુમાં કસ નથી;/ ઠારી દે આ તાપણીમાં/ ભારવેલો અગની,/ મને મહુડીની છાંય તળે/ પડી રહેવા દે./ ભલે આખું આભ રેલી જાય/ ગળા સમું ઘાસ ઊગી જાય,/ અલે એઈ/, બળદને હળે હવે જોતરીશ નઈ.../ મારા ખેતરને શેઢેથી –!'**

એક ખેડૂતપુત્ર યુવાકવિની આ સહજ કવિતા કૃષિકારના જીવનને ગામઠી પરિવેશમાં ને તળના શબ્દોમાં ઝીલે છે. સીમખેતર અચાનક સૂનાં પડી ગયાં છે.

ઊછળતી ચેતના ને ગાતો ઉલ્લાસ ઊડી ગયાં છે – ને ઓટ ફરી વળી છે. મન લાગતું નથી, ખાવું ભાવતું નથી... કવિ રાગ વિનાની આગને ઠારી દેવાનું કહે છે! રાવજીને વહાલું ગામ વલ્લવપુરા, વહાલું ગામનું પાદર, પાદરનું તળાવ ને પોતાનું ખોળિયા જેવું ખેતર વહાલું ને સીમ તો છૂટતી જ નથી! આ કૃષિજીવનનો અસબાબ રાવજીની કવિતામાં, આવી માર્મિક અભિવ્યક્તિ સાથે પ્રથમ વાર પ્રગટે છે.

ખોબા જેવડું ગરીબડું ગામ વલ્લવપુરા – ડાકોર પાસે. ત્યાં નવેમ્બર ૧૯૩૯માં રાવજીનો જન્મ. પિતા છોટાલાલ, બા ચંચળબા. ચાર ભાઈ ને બે બહેનો! ઓછી જમીન અને અભાવોનો કાયમી પડાવ. નવ-દસ ચોપડી સૂઈ ગામ અને ડાકોરની સંસ્થાન હાઈસ્કૂલમાં ભણ્યો ને કાકા સાથે અમદાવાદ જતો રહ્યો. ત્યાં નોકરી અને ભણવાનું બંને સાથે કરતો. કવિતા તો નવમા ધોરણથી કરતો. મેટ્રિક થયો. સિટી કૉલેજ અને એચ. કે. આર્ટ્સમાં એક-બે વર્ષ કરીને ભણવું નેવે મૂકીને જીવવા સારુ કમાવવું શરૂ કરેલું. ટીબીનું દર્દ વળગેલું. નોકરીઓ કુમાર, સંદેશ ને જનસત્તા છાપામાં. કાયમી કશું નહીં. પરણ્યો. પત્ની લક્ષ્મી. દવા અને ઘરનો ખર્ચ! આણંદ સેનેટોરિયમમાં હતો ત્યારે 'અશ્રુઘર' નવલકથા લખી. એ પછી 'ઝંઝા' લખી. પ્રગટ થઈ. વખણાઈ. કવિતા વધુ ધ્યાન ખેંચતી રહેલી –ઝીંથરી – અમરગઢ દવાખાને રહેલો. અમદાવાદના કવિમિત્રો મદદ કરતા... રાવજી લાગણીભર્યા પત્રો અને સંવેદના-વેદનાની; પ્રેમ હૂંફ ચાહતના અભાવની, રતિઝંખાની અને પાસે ને પાસે આવતા મૃત્યુની કવિતા લખીને સૌની આંખો ભીની કરતો રહેતો. એના સર્જનમાં ગામ-સીમ છૂટી ગયાની પીડા અને નગરની દાંભિકતા નૂતન કલ્પનો સાથે આવે છે. ટીબી અને મૃત્યુના અનુભવે એના લેખનને વધુ અર્થપૂર્ણ બનાવ્યું છે.

રાવજીનો શબ્દ 'નવરાત્રિનો ગરબો જાણે!' ભીતરથી પ્રકાશિત! 'અશ્રુઘર'નો નાયક સત્ય, જાણે રાવજી પોતે જ છે. એ ય અભાવો અને ક્ષય સામે લડતો અને લલિતાને પોતાની કરવા ઝૂઝતો રહે છે. 'ઝંઝા'નો પૃથ્વી સમજદાર અને વરણાગી પણ ખરો! દુઃખની શોધમાં ઘર છોડે છે – સંબંધો બંધન લાગે પણ માણસની એ નિયતિ છે. 'ઝંઝા' એ સત્યની કથા છે! આ બંને નવલોનું 'લિરિકલ' ગદ્ય બહુ પ્રભાવક અને કારગત છે. એ કાવ્યમય કલ્પનો રાવજીનું અર્પણ છે. રાવજીની કાવ્યપદાવલિમાં આસોની સવારના ઝાકળ જેવી તાજપ અને એના ગદ્યમાં હમણાં જ ખેડેલાં ખેતરની માટી જેવી

કુમાશ તથા સુગંધી ભીનાશ છે – આપણને વાંચીએ એટલી વાર એની અભિવ્યક્તિ વિસ્મિત કરે છે ને છેક ઊંડે સુધી ભીંજવે છે. જન્મજાત સર્જકપ્રતિભાનો આ જાદુ ઓસરવાનો નથી.

રાવજીએ પોતાના કાવ્યસંચય 'અંગત'ની હસ્તપ્રત તૈયાર કરી રાખેલી. ૧૯૭૧માં રઘુવીર ચૌધરીએ દીર્ઘ પ્રસ્તાવના સાથે એનું પ્રકાશન કરાવેલું. છંદોબદ્ધ અને પરંપરિત લયનાં કાવ્યો સાથે એણે પંદરથી વધુ ગીતકાવ્યો આપ્યાં છે. રાવજી પોતાના સમકાલીન-આધુનિકોથી ઊફરો-ફંટાતો ને પોતાની કેડી પર કવિતા લખતો પમાય છે. એને ગ્રામચેતનાનો અને નિજી પીડાઓનો અનુભવ કામ લાગે છે. લય, ભાવ અને અર્થની સંવાદિતા તથા નૂતન કલ્પનો એની કવિતાનું જમા પાસું છે. લગ્નના ગીતના ઢાળમાં એણે લખેલું મૃત્યુની ગીત – 'મારી આંખે કંકુના સૂરજ આથમ્યા' – આપણી ગીતકવિતાનું મોંઘું ઘરેણું છે. 'મારી વેલ્ય શંગારો વીરા/ શગને સંકોરો રે/ અજવાળાં પ્હેરીને ઊભા શ્વાસ!' કેવી ભાવસઘન અભિવ્યક્તિ! 'વરસાદી રાતે', 'ઠાગાઠૈયા', 'ઢોલિયે', 'તા. ૧૫-૧૧-૬૩' જેવાં ઉત્તમ કાવ્યોમાં જોમ-ઉત્સાહ, રતિભાવ, એકલતા અને હતાશા ગૂંથાયેલાં છે.

'સ્વ. હુંશીલાલની યાદમાં' મરસિયાના રૂપમાં રાવજીએ ગામ-સમાજમાં બની બેઠેલા દાંભિક આગેવાનોની ઠેકડી ઉડાડી છે. વિડંબના અને રાજસત્તા સામેના કટાક્ષો પણ એ ચૂક્યો નથી. 'સંબંધ' જેવી દીર્ઘ રચના રાવજીની સર્જકચેતનાને ઉકેલવા માટે વાંચ્યા કરવી જોઈએ. 'એક મધ્ય રાત્રે'ની અંતિમ બે પંક્તિ વાંચીએ :

**'વીતેલાં વર્ષોમાં કદીય પણ ચાહી નવ તને,**
**સ્તનોનાં પુષ્પોમાં શરમ છૂપવીને રડી પડ્યો!'**

નવા વાર્તાકારોએ એની 'સગી', 'ચંપી', 'સૈનિકનાં બાળકો' વગેરે વાર્તાઓ ખાસ વાંચવી જોઈએ. રાવજીની અધૂરી નવલકથા 'વૃત્તિ' સાથે ચૌદ વાર્તાઓ પણ છેલ્લે પ્રગટ થઈ હતી. છેલ્લે એની પીડાઓ સરહદ પાર કરી ગઈ હતી. ૧૯૬૮માં રાવજી એક વર્ષની દીકરી અપેક્ષાને મૂકીને સદાને માટે ચાલ્યો ગયો... એનું સર્જન કદીય વિસારે પડવાનું નથી જ નથી!!!

❑



# ૩૯

## 'અંધારું બાવળનું ફૂલ નહિ બાલમા અંધારું સુંવાળી શમણાંની શૂળ' : મણિલાલ દેસાઈ

આખુંય ગુજરાત જેના ગીતને જાણે-ગાય-ગણગણે, પણ એ કવિને (એનું નામ) ના જાણે! કેવી અચરજ જેવી વાત છે! હા, આ રહ્યું એ ગીત –

**'ઊંબરે ઊભી સાંભળું રે બોલ વાલમના**
**ઘરમાં સૂતી સાંભળું રે બોલ વાલમના... બોલ વાલમના!**

**ગામને પાદર ઘૂઘરા વાગે**
**ઊંઘમાંથી મારાં શમણાં જાગે...**
**શમણાં રે લોલ વાલમનાં!'**

આ ગીતનો કવિ મણિલાલ દેસાઈ, રાવજીની જેમ સૌનો લાડકો! 'રાવજી-મણિલાલ'નું કવિયુગ્મ! સાથે જ નામ બોલાય. બંને કાચી વયે – કવિતામાં પોતાનું સંવેદનવિશ્વ મૂકીને – દેવને વહાલા થયા. મણિલાલ માત્ર ૨૭ વર્ષની વયે મે ૧૯૬૬માં ગુજરી ગયો હતો. મસ્તીખોર, તોફાની, અત્યંત રૂપાળો, સરસ ગીતો ગાનારો, બહેન-દીકરીઓ સાથે નાચી-કૂદી-ગાઈ લેનારો મણિલાલ એની કવિતામાં પણ થોડો બળવાખોર લાગે – નખરાળો ભાસે! જુઓ એની આ ત્રણ સાવ નોખી નોખી સુંદર કાવ્યકૃતિઓનાં અંશો :

**'તમે જેની પૂજા કરો છો એ ભગવાન/ કાલે રાતે/ મંદિરની ભીંતમાં પડેલી તડમાંથી/ ભાગી છૂટ્યો/ પાછલી વાડના કાંટામાં/ ભેરવાઈ રહેલું પીતાંબર/ હજુ ય ફરફરે.'**

આધુનિક કવિઓની જમાતમાં મણિલાલ આ પંક્તિઓ લઈને પ્રવેશેલો. પણ આ તો ગામડાનો જીવ! એનામાં ગામ આરપાર ઊતરી ગયેલું તે ગામ પર ઊતરતી રાતની કવિતા કરે. સાવ નોખી રીતે ભાતે -

**‘અલક મલક સીમને છેડે/ વડની તળે જળમાં કાળી શાહીનું ટીપું ભળે/ મસ મોટાં મસ એક બીજામાં હાથ ગૂંથીને/ ચોરામલાનાં ઝાડ ઊભાં તે પડતાં કડડભૂસ,/ થાંભલા ખભે મોભ ધરીને ગામ વસાવે.../ ગામનો ઝાંપો કડડ કડડ બંધ/ રાનની મેરે સાંઢ ઊભેલો/ ખાઈ બદેલો/ શીંગડે ભેરવી કપડું કાળું ગામમાં પાછો વળે...’**

સૂક્ષ્મ ચિત્રાત્મકતા... ને એય ઇન્દ્રિયગમ્ય... ઇન્દ્રિયવ્યત્યયો... નવી ને નોખી કવિતાનો કવિ મણિલાલ રાત, રાન, સવાર, બપોર અને અંધારાને સાવ નૂતન કલ્પનોથી અભિવ્યક્તિ આપે છે.

**‘સૂકાયેલાં પાન તળેથી જાણે નાગણ સરે**
**અંધારામાં ઝાંખા ઝાંખા ભયના ઓળા ફરે...’**

o

**‘સવાર મારા હોઠ પર ચુંબન કરે છે/ મને લાગે છે/ હોઠ વાટે મારું લોહી હમણાં જ ચૂસી લેશે.../ સાંજ/ પોતાનાં કઠિન ઉષ્ણ સ્તનો/ મારા ખુલ્લા વક્ષ પર દબાવે છે/ મને લાગે છે/ હમણાં હું સળગી જઈશ.’**

o

**‘બધું હશે પણ અંધારાનો ખાટો એમાં સ્વાદ હશે**
**ઊગવાનું છે વ્હેલું એવું સૂરજને પણ યાદ હશે.’**

મણિલાલનું વતનગામ ગોરગામ (તા. ચીખલી, જિ. વલસાડ). ડાંગરનાં ખેતરો ને રાનેરી ખીણો – પહાડો-વનો ખૂંદી વળતો કિશોર મણિલાલ ગામમાં સાત ચોપડી ભણ્યો એ દરમ્યાન જ કવિતા લખતો થયેલો! ધરમપુર-વાંસદા-સાપુતારા-આહવામાં ઘૂમી વળેલો મણિલાલ એનાં ગીતોમાં કૂંકણા ગીતોનો લય પણ લઈ આવેલો! સાતમામાં સારું ભણ્યો તે મોટાભાઈ ઠાકોરભાઈ એને મુંબઈ ભણવા લઈ ગયા! વનવગડાનું પંખી ઘાટકોપરના પાંજરે પુરાયું... ને પછી તો મિત્રો-છોકરીઓ-વર્ગો-ટ્રેનો અને ગ્રંથાલયોમાં મણિલાલ જામી પડ્યો! ધમાલ મસ્તીમાં, ગંભીરતાથી ભણાવનારા મનસુખલાલ ઝવેરી, સુરેશ દલાલ, મધુસૂદન કાપડિયા જેવા અધ્યાપકો મળ્યા. સિતાંશુ-જયંત પારેખની મૈત્રી મળી! મણિલાલમાંનો કવિ અને અભ્યાસી નિખરી ઊઠ્યો. એમ.એ. થઈને ઝૂનઝૂનવાલા

કૉલેજમાં ગુજરાતીનો અધ્યાપક થયો. કૂંકણા ભાષાના લોકસાહિત્ય વિશે પીએચ.ડી. કરવા ભાયાણીસાહેબ પાસે રજિસ્ટ્રેશન કરાવ્યું... પવન જેવી એની કવિતાએ સૌનું ધ્યાન ખેંચ્યું.. મુંબઈના 'યાહોમ' ઉપરાંત અમદાવાદના 'રે મઠ' કવિજૂથમાં મળી ભળી ગયેલો મણિલાલ! મોટાભાઈએ ૧૯૬૦થી અમદાવાદ નોકરી લીધી. મણિલાલ માટે અમદાવાદ ખૂલ્યું!

વૅકેશનમાં મિત્રોને મળવા અમદાવાદ દોડી આવતો મણિલાલ, રાવજીનો મિત્ર બને છે. એનું 'અમદાવાદ' ગદ્યકાવ્ય જાણીતું છે. મણિલાલનો એકમાત્ર સંગ્રહ 'રાનેરી' એના અવસાન (૧૯૬૬) પછી જયંત પારેખે 'કવિલોક' દ્વારા પ્રકાશિત કરેલો. એણે થોડી વાર્તાઓ લખેલી. એક અધૂરી નવલકથા પણ મળે છે. વિવેક દેસાઈ આ બધું સાતેક વર્ષથી પ્રગટ કરવા સક્રિય છે. થાય ત્યારે ખરું! મણિલાલનાં બા ગજરાબેન. બાપા ભગવાનજી દેસાઈ. પાંચ ભાઈઓ અને બે બહેનોમાં મણિલાલ છેલ્લું સંતાન! એટલે વધુ લાડકો, ભગવાનજી ખેતી કરતા. પણ મણિલાલના ભાઈઓ ભણીને શહેરોમાં ગોઠવાઈ ગયેલા!

મણિલાલની કવિતામાં ગ્રામીણ સીમ અને વનવગડો બહુવિધ રૂપ ધરે છે. ભાવકલ્પનોમાં એય રાવજીની જેમ નોખો છે. દા.ત.,

**'આ તડકે બેસી/ પીઠ શેકતી/ ભીંત જોઈને/ મને થતું કે/ હું પણ તડકે બેસું/ આભ તણા પીપળાની પેલી/ સપ્તર્ષિની ડાળ નમી તે ડાળે જઈને બેસું!'**

o

**'દરિયો અઢારસો સત્તાવન/ દરિયો ઓગણીસસો ને બાવન/ દરિયો આજે કાલે હમણાં/ દરિયો ઈસવીસનની પ્હેલાં.'**

મણિલાલનાં અંધારા, રાત વિશેનાં કાવ્યો વિલક્ષણ છે.

**'અંધારું કાળું ગુલાબ મારા બાલમા/ અંધારું આપેલો કોલ મારા બાલમા.../ અંધારું વિરહવેરાન મારા બાલમા....'**

પારિજાત, સવાર, રસ્તો, જંગલો એની કવિતામાં નવાં રૂપો લઈને આવ્યાં છે. પણ છેલ્લે 'બાને–' સૉનેટની બે કડીઓ મમળાવીશું.

**'વધે છે વર્ષો તો દિનદિન છતાં કેમ મુજને**
**રહે છે બોલાવી બચપણ તણી હાક તુજની...'**

એક જ અઠવાડિયાની અચાનક આવેલી જીવલેણ માંદગીમાં મણિલાલનું અમદાવાદ ખાતે તા. ૪-૫-૧૯૬૬ના રોજ અવસાન થયું હતું.

❑



# ૪૦

## સમગ્ર સૌરાષ્ટ્રનું ભાતીગળ પ્રજાજીવન કથાવાર્તામાં ઉત્તમ રીતે આલેખનાર સર્જક : ચુનીલાલ મડિયા

આપણા પ્રસિદ્ધ નવલકથાકાર-વાર્તાકાર ચુનીલાલ મડિયાની જન્મશતાબ્દીનું આ વર્ષ ચાલે છે. એમનો જન્મ ૧૨-૮-૧૯૨૨માં ધોરાજી વતન-ગામમાં થયો હતો. પિતા કાલિદાસ અને બા કસુંબાબહેન! પ્રથમ પત્ની હતાં કુસુમબહેન. બીજાં પત્ની દક્ષાબહેન! એમને બે દીકરા : અપૂર્વ અને અમિતાભ! દીકરી પૂર્વી. અમિતાભ મડિયા જાણીતા ચિત્રકાર છે. મડિયાના સાહિત્યનું એમણે સંપાદન કર્યું છે. ચુનીલાલ મડિયાએ થોડો અભ્યાસ વતનમાં કરેલો. ૧૯૩૯માં મેટ્રિક થઈને અમદાવાદની એચ.એલ. કૉલેજ ઑવ્ કૉમર્સમાં દાખલ થયેલા. મુંબઈની સિડનહેમ કૉલેજમાંથી ૧૯૪૫માં બી.કૉમ. પૂર્ણ કરેલું! ૧૯૪૬માં જન્મભૂમિ-માં જોડાયેલા. ૧૯૫૦માં ‘યુસીસ’માં ગુજરાતી વિભાગમાં સેવા આપવાનું સ્વીકારેલું. ૧૯૫૫માં અમેરિકા પ્રવાસ કરેલો. ૧૯૬૨માં ‘યુસીસ’ છોડ્યું. ૧૯૬૬થી ‘રુચિ’ સાહિત્યિક સામયિક શરૂ કરેલું. જેમાં જયંત પાઠકની સ્મરણકથા ‘વનાંચલ’ હપતાવાર પ્રગટ થઈ હતી. મડિયા નવલકથા-વાર્તાના માણસ.. એનું એમને નિત્યનું ખેંચાણ! પત્રકારત્વ પણ એમના રસનો વિષય! દેશ-વિદેશનું સાહિત્ય વાંચનારા મડિયાએ કથાવાર્તાનાં ઉત્તમ વિવેચનો આપવા સાથે કથાવાર્તાની વિભાવનાઓ વિશે પણ લેખો કરેલા! બ.ક.ઠા.નો પડકાર ઉપાડી ‘એકસો-નેટ’ સૉનેટ લખવા બીડું ઉપાડ્યું હતું. પણ ૨૧મે સૉનેટે

મડિયા અણધાર્યા, હાર્ટએટેકથી મૃત્યુ પામ્યા. માત્ર ૪૬ વર્ષની વયે જીવનલીલા સંકેલાઈ ગઈ – છતાં મડિયાએ ૨૩-૨૪ વર્ષના લેખન-ગાળામાં ચાળીશથી વધારે ગ્રંથો આપ્યા છે.

બારથી વધારે નવલકથાઓ અને દસથી વધારે વાર્તાસંચયો આપનાર મડિયાએ છ જેટલા નાટક-એકાંકીના ગ્રંથો અને ચારથી વધુ વિવેચનનાં પુસ્તકો ઉપરાંત અનુવાદો અને સંપાદનો પણ આપ્યાં છે. મુખ્યત્વે કથાસાહિત્યના સર્જક-વિવેચક લેખે જાણીતા છે.

'વ્યાજનો વારસ', 'ઈંધણ ઓછાં પડ્યાં', 'વેળા વેળાની છાંયડી', 'લીલુડી ધરતી ૧-૨', 'કુમકુમ અને આશકા', 'સધરા જેસંગનો સાળો ૧-૨' અને 'આલા ધાધલનું ઝીંઝાવદર' એમની નોંધપાત્ર નવલો છે. સોરઠની ધીંગી ધરાનાં એવાં જ પાણીદાર પાત્રો વડે મડિયાએ મેઘાણી પછી, સોરઠ પ્રદેશના બહુસ્તરીય પ્રજાજીવનને તાગવાનો, સંનિષ્ઠ પ્રયાસ કર્યો છે. 'કુમકુમ અને આશકા' ઐતિહાસિક નવલ લેખે ધ્યાન ખેંચે છે. ભીમદેવના વખતનું સોમનાથ આલેખાયું છે. મડિયાનું મહત્ત્વનું પ્રદાન એમની ત્રણચાર હાસ્યરસની નવલો છે. 'સધરા જેસંગનો સાળો' વગેરે આજે પણ વાચનક્ષમ છે. પ્રજાની મર્યાદાઓ અને સમાજજીવનની આંટીઘૂંટીઓ આલેખવા સાથે મડિયાને રાજકારણની સોગઠાંબાજી વર્ણવતાં આવડે છે.

૧૯૪૬માં પ્રકાશિત થયેલી અને મડિયાની ધ્યાનપાત્ર ગણાયેલી નવલકથા 'વ્યાજનો વારસ' નવલકથાનાં સ્થાપિત ધોરણોથી 'જરા હટકે' ચાલે છે છતાં એનું રચનાવિધાન પ્રમાણમાં દૃઢબંધ છે. સૌરાષ્ટ્રમાં ધીરધાર કરનારા એક કુટુંબની ખટપટલીલાઓ અહીં આલેખાઈ છે. આભાશાની મિલકતના એકમાત્ર વારસ રીખવનું યુવાનીમાં જ મૃત્યુ થાય છે અને આભાશાની મિલકત પચાવી પાડવાના ઉધામા શરૂ થાય છે. જોકે અંતે લક્ષ્મીનો સાચો ઉપયોગ કરનારા તીર્થક્ષેત્ર જેવા માણસો યોગ્ય વહીવટ કરે છે – કરાવે છે. ઉમાશંકરે નોંધ્યું છે કે 'અહીં નાયિકા તો છે – લક્ષ્મી – વ્યાજનો પૈસો! અને નાયક છે ગામડાંનો ગરીબ સમાજ!'

મડિયાની બીજી કીર્તિદા કૃતિ છે : 'લીલુડી ધરતી ૧-૨'. ગુંદાસર ગામના કૃષિ-પરિવેશ વચ્ચે અરૂઢ કથાવસ્તુ લઈને ચાલતી આ પ્રયોગશીલ નવલકથામાં કથાકથન કરતાં વધારે તો સંવાદોની મજા છે. મડિયામાંનો નાટ્યકાર અહીં દેખાશે. એક સગર્ભા પરિણીતા (સંતુ)ના પતિના અવસાન પછી એના પર કલંક લગાડતું આળ મુકાય છે ને કથામાં સંઘર્ષની જમાવટ

થાય છે. સંતુ-ગોબર-માંડણની મુખ્ય કથામાં માંડણની ખલતા અને સંતુની પ્રામાણિકતા તથા ધીરજ ધ્યાનપાત્ર છે.

મડિયા સફળ અને મોટા ગજાના વાર્તાકાર. બાર સંચયોમાં એમની બસો પચાસ વાર્તાઓ મળે છે. ધૂમકેતુ અને પન્નાલાલની સમકક્ષ વાર્તાકાર મડિયાનું સ્થાન છે. મેઘાણીએ સોરઠી પ્રજાજીવનને વાર્તામાં આલેખ્યું છે ને એ ધ્યાનપાત્ર  છે. છતાં કહી શકાય કે મેઘાણીની મૌલિક વાર્તાઓ ઓછી અને લોકકથા આધારિત વાર્તાઓ વધારે છે. જ્યારે મડિયા તો મૌલિક વાર્તાઓ જ વધુ આપે છે. એમની વાર્તાઓમાં સોરઠી પ્રજાજીવનની ભાતીગળ તાસીર છે. તમામ સ્તરના લોકો તથા એમની પ્રેમસંવેદનાઓ, પીડાઓ, અરમાનોને મડિયા પ્રભાવકતાથી આલેખે છે. અઢારે વર્ણ અને તમામ વટવ્યવહાર-વ્યવસાયનાં પાત્રોની વાસ્તવિક દુનિયા મડિયાની વાર્તામાં હાજર છે. એમની વાર્તા 'અભુ મકરાણી' ઉપરથી કેતન મહેતાએ 'મિર્ચ-મસાલા' નામે ઉત્તમ ફિલ્મ બનાવી હતી.

'અંતઃસ્રોતા' વાર્તામાં જેલ ભેદીને ભાગેલો પુરુષ પ્રૌઢ પત્નીને ભોગવી લેવા ચાહે છે. પત્ની પણ રાજી છે. પણ પાછળ તો વાર ચઢી છે ને કેદી જો તાબે ન થાય તો દીકરાની સરકારી નોકરી જાય એમ છે. કેદી સામે ચાલીને પકડાઈ જવા નીકળે છે. 'કમાઉ દીકરો'માં પાડા રાણાના માલિકનો લોભ અને પશુની વીફરેલી વૃત્તિનું બેનમૂન આલેખન છે. 'કાકવંધ્યા', 'ચંપો અને કેળ', 'વાની મારી કોયલ' અને 'કાળી રાત' જેવી વાર્તાઓ રતિસુખ અને એનાં નોખાં તથા વરવાં રૂપો રજૂ કરે છે. મડિયાની ભાષાશૈલી પણ બળૂકી છે. ઉમાશંકરે 'મડિયારાજા' વ્યક્તિચિત્રમાં મડિયાનું જાદુઈ વ્યક્તિત્વ અને ધારદાર સર્જકતા વર્ણવ્યાં છે.

'વાર્તાવિમર્શ' અને 'કથાલોક'માં સિદ્ધાંત વિવેચન સાથે પ્રત્યક્ષ વિવેચન આપનાર મડિયાનું ડિસેમ્બર ૧૯૬૮માં મણિનગર રેલવે સ્ટેશને ટ્રેનમાં હાર્ટએટેકથી નિધન થયું હતું.

❑



# ૪૧

# આધુનિક સાહિત્યના પ્રવર્તક અને અગ્રણી સર્જક : સુરેશ જોષી

હમણાં જ – બે દિવસ પહેલાં – તા. ૩૦-૫-૨૦૨૧ના રોજ આપણા આધુનિક સાહિત્યના અગ્રણી સર્જક તથા બહુશ્રુત વિદ્વાન-વિવેચક સુરેશ હ. જોષીની જન્મશતાબ્દીનું વર્ષ પૂરું થયું. ૧૯૪૫થી ૧૯૮૬ : ચાર દાયકાના વિશાળ પટ પર સુજોએ નિબંધ, વાર્તા, લઘુનવલ, કવિતા, વિવેચન, સંપાદન અને અનુવાદ દ્વારા ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ કરવામાં કોઈ કચાશ છોડી નથી. માનવમૂલ્યોના જતન માટે સાહિત્યસર્જનની એમણે આજીવન ઉપાસના કરી. આવું તપ અને સમર્પણ વિરલ છે. એમના સમગ્ર સાહિત્યને સમાવતા પંદર ગ્રંથો, ગુજરાત સાહિત્ય અકાદમીએ, શિરીષ પંચાલના સંપાદનમાં પ્રકાશિત કર્યા છે. સર્જનની ગુણવત્તા અને મૂલ્યબોધ માટે સુજો સમર્પિત હતા.

સુજોની કેટલીક વિલક્ષણતાઓ તપાસતાં આપણને એમના ‘સર્જક-વિશેષો’નો પરિચય થશે. સુજોને સમજવા માટે પણ આ જરૂરી છે.

- પોતાનો પ્રથમ કાવ્યસંચય ‘ઉપજાતિ’ એમણે રદ કરેલો. પોતાના સર્જન માટે પણ નિર્મમ થવાનું સાહસ એમનામાં હતું.
- ગુજરાતી કથાવાર્તા વધુ પડતી ઘટનાઆશ્રિત થઈ ગઈ છે – એટલે એમાં કૌવત નથી એમ માનનાર સુજોએ ‘નવલકથાનો નાભિશ્વાસ’ ચાલે છે એવી ચેતવણીથી સહુને ચોંકાવેલા.
- વાર્તા-નવલકથામાં વસ્તુનું નિગરણ, કથાપ્રસંગનું તિરોધાન થવું જોઈએ. વસ્તુનું ઉત્તમ રૂપાંતર જ સર્જન બને.

- કૃતિ રૂપરચના પામે, વસ્તુવિધાન આકાર પામે એ જરૂરી છે.
- માત્ર કથાકથનથી નહિ, રૂપાંતરણની પ્રક્રિયાથી કૃતિ નીવડે છે.
- વિજ્ઞાન આગળ વધ્યું, શહેરીકરણ વિસ્તર્યું, જીવનમૂલ્યો ઘસાતાં ગયાં, માણસ સંકુચિત થતો ગયો – આ બધાંને ઝીલવા પ્રયોગશીલ સાહિત્ય આવવું જોઈએ.

સુજોની સાહિત્યપ્રવૃત્તિના આ બધા મૂળ આધારો રહ્યા છે.

આવા વિલક્ષણ સર્જકને ઘડનારાં જીવનપરિબળો જાણવાનું ગમે. સુજોનો જન્મ ૩૦-૫-૧૯૨૧; વાલોડ (જિ. તાપી)માં થયો હતો. પિતા હરિપ્રસાદ જોશી નોકરી અર્થે મુંબઈ સ્થાયી થયેલા. મુંબઈની બધી રીતની સંકડામણો વચ્ચે સુજોને દાદા પાસે સોનગઢ (વ્યારા)માં ભણવા મૂકેલા. દાદા એ જ સ્કૂલમાં શિક્ષક-આચાર્ય-ગૃહપતિ! શાળામાં લાઇબ્રેરી હતી. સામયિકો ને પુસ્તકો વાંચવાનું સુલભ થયું. શાળાને વિશાળ મેદાન ને બગીચો... વૃક્ષો પણ ઘણાં. સામે જ સોનગઢનો કિલ્લો, વનરાજી, તાપી નદીનો રળિયામણો પ્રદેશ! સુજોના બાળમાનસ પર આ પરિવેશ બહુ પ્રભાવ પાડે છે. આદિવાસી બાળકો અને મિત્રોનો સંગ... પ્રકૃતિ પરિવેશમાં રખડ્યા અને ઝાડ-પાન-ફૂલ પંખીઓને ઓળખ્યાં. ઋતુઓના રંગો જોયા ને મૌન રહેતા દાદાના આઘાતો જાણ્યા. એમણે કાળજીથી મૂલ્યો સીંચ્યાં. ‘જનાન્તિકે’ સંચયના નિબંધો આ પરિસરનું પરિણામ છે.

દાદા સાથે નવસારી ગયા – હાઈસ્કૂલનું ત્યાં ભણીને કૉલેજ માટે મુંબઈ ગયા. મહાનગરનો પરિચય થવા સાથે વિશ્વસાહિત્યનું વાચન કરવા મળે છે. ‘ગ્રેટ વૉલ ઑફ ચાઈના’એ સર્જન માટે નોખી દૃષ્ટિ આપી. મિત્રો મળ્યા. રવીન્દ્રનાથને વાંચવા બંગાળી શીખ્યા અને ટાગોરની કવિતા તથા એમના નિબંધોના અનુવાદો કર્યા. નિબંધ ટાગોરના રંગે રંગાયો અને શિરમોડ લલિત નિબંધ ગુજરાતીને મળ્યા. સાથે ભણતાં ઉષાબહેન સાથે લગ્ન કર્યું. ઉષાબહેન પણ સારાં વાચક-અનુવાદક. એમણે સુજોને મોકળાશથી લખવા દીધું.

એમ.એ. પછી કરાચીની કૉલેજમાં જોડાયા. ત્યાં તો આખોય દિવસ લાઇબ્રેરીમાં જ વાંચ્યા કરતા. ઉત્તમ ગ્રંથો વાંચી સમૃદ્ધ થયા. ૧૯૪૭માં આઝાદી મળતાં એ કરાચી છોડીને નવા વસતા વલ્લભવિદ્યાનગરમાં અધ્યાપક બન્યા. સામયિક કાઢવાનો વિચાર અહીં અમલમાં મુકાય છે. ૧૯૫૩થી સુજો મ.સ. યુનિવર્સિટી, વડોદરામાં જોડાય છે ને ત્યાં જ સ્થાયી થાય છે. ચિત્રકારો, વિદ્વાનો ને સાહિત્યકારોની આ દુનિયા એમને શાતા આપે છે.


સંવેદનાઓ હવે કથા-વાર્તા-કવિતારૂપે પ્રગટે છે. નવા વિચારો લેખોમાં મૂકે છે. પોતાનાં સામયિકો કાઢતા રહે છે. 'ક્ષિતિજ', 'ઊહાપોહ', 'એતદ્'માં એ લખતા રહે છે. અહીં એમને સારા વિદ્યાર્થીઓ પણ મળે છે.

લલિત નિબંધ અને વાર્તાક્ષેત્રે સુજોનું પ્રદાન ઉત્કૃષ્ટ અને પ્રભાવક રહ્યું છે. આશરે હજાર જેટલા નિબંધો એમણે લખ્યા છે. 'જનાન્તિકે'ના નિબંધોમાં એમની અદ્વિતીય સર્જકતાની પ્રતીતિ થાય છે. એકદમ તાજપ અને નવતાભર્યાં કલ્પનોથી એમનું ગદ્ય એક નવી ઊંચાઈએ જઈ ઠરે છે. પવન, અંધકાર, તાપ, ઊંઘ, ઘાસ, તડકો જેવા વિષયો પરના એમના નિબંધો ભાવકને વિસ્મિત કરે છે. સુજોમાં વિસ્મય અને વિદગ્ધતાનો સુમેળ છે. કાલિદાસ અને ટાગોરની સૃષ્ટિ અને દૃષ્ટિથી એ પ્રભાવિત છે. પ્રકૃતિ, પ્રજાજીવન અને કલાઓની સૂક્ષ્મતાને સુજો વણી લે છે.

વિશ્વસાહિત્યના અભ્યાસથી એમની વિવેચકદૃષ્ટિ વધુ સમર્થ બની છે. ટૂંકીવાર્તામાં અને એના વિવેચનમાં પમાય છે. 'ગૃહપ્રવેશ', 'બીજી થોડીક', 'ન તત્ર સૂર્યોભાતિ' વગેરે સંચયોની ટૂંકીવાર્તાઓ પ્રયોગશીલ છે. સન્નિધિકરણ, કપોલકલ્પના, પ્રતીકો વડે એમણે વાર્તામાં ઘટનાનું વિલીનીકરણ સિદ્ધ કર્યું હતું. પ્રેમ કેટલો સહજ-સરળ ને સાચકલો હોય છે એ 'વરપ્રાપ્તિ' વાર્તામાં પમાશે. 'પદભ્રષ્ટ'માં સત્તા-પદલાલસાનું સરસ સંગોપન છે. યંત્રયુગે પ્રકૃતિપ્રેમ, ગીત-સંગીત લઈ લીધાં એ વાત 'લોહનગર'માં ઝિલાઈ છે. સામાજિક વિષમતા 'એક મુલાકાત' વાર્તામાંથી વ્યંજિત થાય છે. 'છિન્નપત્ર', 'વિદુલા' ને 'મરણોત્તર' જેવી લઘુનવલો હજી પૂર્ણતઃ ઉકેલવી બાકી છે. કેટલાંક દીર્ઘકાવ્યોમાં માણસ હોવાના થાકનું, દાંભિક જીવનનું માર્મિક આલેખન છે. 'કથોપકથન', 'કિંચિત્', 'કાવ્યચર્ચા', 'ગુજરાતી કવિતાનો આસ્વાદ', 'અરણ્યરુદન', 'ચિન્તયામિ મનસા' – એમના વિવેચન ગ્રંથો છે.

વડોદરા-ગુજરાત છોડીને સુજો ભાગ્યે જ બહાર ગયા છે. એ તો વાચન-લેખન અને કલાચર્ચાઓમાં આજીવન ડૂબેલા રહ્યા હતા. સાહિત્ય જ એમનું એકમાત્ર મિશન હતું જાણે! દમ, શુગરની બીમારી હતી. ૬-૯-૧૯૮૬ની સાંજે સુજો નડિયાદની સાક્ષરભૂમિ ખાતે, (યુરોલોજિકલ હૉસ્પિટલમાં) ગોવર્ધનરામમાં ભળી ગયા...

❑



# ૪૨

## 'નદી અને નારી : વળાંકે વળાંકે રમણીય' : ભોળાભાઈ પટેલ

ધરતી ઉર્વરા હોય, ફળદ્રુપ હોય ત્યારે જ સારા મોલની આશા બંધાય છે. જમીનને વખતે ખાતર-પાણી મળે, તડકો અને ઋતુનું હવામાન મળે ત્યારે વાવેલાં બીજ પાકરૂપે આસ્વાદ્ય ધાન બનીને, જીવને ઠારે છે. સાહિત્યના સર્જન માટે પણ એવી જ પ્રતિભા અને માવજત જરૂરી છે. જન્મજાત-વિશેષ સંસ્કાર તથા રસરુચિ ઓછાંવત્તાં સહુને મળે છે... પણ એને વધુ વાચન અને દૃષ્ટિપૂર્વકના અભ્યાસથી કેળવનાર પ્રતિભાશાળી વ્યક્તિ સર્જક તરીકે નીવડી આવે છે. ધરતી તપે છે. પંખી ઈંડું મૂકીને એનું સેવન કરે છે ત્યારે પ્રાણ જન્મે છે ને પાંખો ફૂટે છે. કેટલાય સાહિત્યસર્જકો આ રીતે જાતે તૈયાર થાય છે. આપણા ઉત્તમ નિબંધકાર, વિવેચક અને અનુવાદક ભોળાભાઈ પટેલ જન્મજાત પ્રતિભાને અભ્યાસથી કેળવી અને થોડા મોડેથી નિબંધો લખતા થયા હતા. અલબત્ત, એમનું નિબંધસર્જન ગુજરાતી નિબંધ સાહિત્યનું અલાયદું પ્રકરણ બની રહે છે. ભોળાભાઈએ પ્રવાસનિબંધને પોતાની નોખી અભિવ્યક્તિરીતિથી, લલિત નિબંધની સમકક્ષ લાવી મૂક્યો એ એમની ને નિબંધસાહિત્યની વિશેષ ઉપલબ્ધિ છે. 'વિદિશા'ના નિબંધો આનું ઉત્તમ દૃષ્ટાંત છે.

માણસા પાસેના સોજા ગામમાં તા. ૭-૮-૧૯૩૪માં એમનો જન્મ. માતા રેવાબહેન. પિતા શંકરભાઈ. ઓછી આવકવાળો ખેડૂત પરિવાર. ભણતર કરતાં રિવાજો પાછળ વધુ ખર્ચાતી પ્રજા. પણ ભોળાભાઈ ભણે એમાં બા-બાપુજીને રસ હતો. માણસા અને કડી સર્વ વિદ્યાલયમાં ભણ્યા. આગળ

કૉલેજનું ભણવા સાથે માણસાની શાળામાં શિક્ષક થયા. અહીં એમને વિદ્યાર્થી તરીકે રઘુવીર ચૌધરી મળ્યા. કડી વિદ્યાલયમાં મોહનલાલ પટેલ જેવા કથાલેખક ભોળાભાઈને શિક્ષકરૂપે મળેલા ને એમ એમનામાં વાચનભૂખ વધવા સાથે સાહિત્યસર્જન માટે કુતૂહલ જન્મેલું. દરમ્યાન શકરીબહેન સાથે લગ્ન થયાં. અનુસ્નાતકનું ભણવા અમદાવાદ આવ્યા. નોકરી કરતા જાય ને ભણે. હિન્દી સાથે એમ.એ. થયા. ૧૯૬૦થી ૧૯૬૯ એસ.વી. કૉલેજમાં હિન્દીના અધ્યાપક રહ્યા. હિન્દીના સર્જક અજ્ઞેયજીના સાહિત્ય પર સંશોધન કરીને પીએચ.ડી. થયા. અંગ્રેજી સાથે પણ એમ.એ. થયા. ૧૯૬૯થી નિવૃત્તિ સુધી ભાષાભવનના હિન્દી વિભાગમાં પ્રાધ્યાપક રહ્યા. અહીં રઘુવીર ચૌધરી પણ જોડાતાં આ ‘સર્જક બેલડી’નું વિદ્યાકાર્ય ને સર્જનલેખન વ્યાપક અને વિદ્વદ્‌ભોગ્ય બને છે.

૧૯૭૫ની આસપાસ ભગતસાહેબના સંપાદનમાં ‘સાહિત્ય’ નામનું સામયિક નીકળેલું. ભગતસાહેબે ભોળાભાઈને એમાં લખવા માટે કહ્યું. ભોળાભાઈ ‘વિદિશા’ ફરી આવેલા – એ તાજાં સ્મરણો હતાં. એમણે ‘વિદિશા’ નિબંધ લખ્યો. સહુને ખૂબ ગમ્યો. પછી તો ભોળાભાઈ નવા નવા પ્રવાસો કરતા જાય ને નિબંધો આપતા જાય. આમ, વિવેચક ભોળાભાઈને થોડા પાછળ રાખીને નિબંધસર્જક ભોળાભાઈ આગળ નીકળી જાય છે; છેક સુધી. ૧૯૮૦માં ‘વિદિશા’ સંચય પ્રગટ થાય છે. ૧૧ નિબંધોના આ સંચયમાં વિદિશા, ભુવનેશ્વર, માંડુ, ઇમ્ફાલ, જેસલમેર, ચિલિકા, બ્રહ્મા, ખજુરાહો, કાશી, રામેશ્વરમ્ અને તેષાંદિક્ષુનો સમાવેશ થાય છે. છેલ્લો નિબંધ પોતાના ગામ વિશેનો છે.

આમ તો ઉપરોક્ત નિબંધો સ્થળ વિશેના છે. પણ ભોળાભાઈની બહુશ્રુતતા અને રંગદર્શી પ્રકૃતિ એમાં ઉમેરાય છે. જે તે સ્થળનાં ઇતિહાસ ભૂગોળ સાથે સાંસ્કૃતિક સંદર્ભોને વણી લઈને ભોળાભાઈ એમાં કાલિદાસ, ટાગોર, વાલ્મીકિ, વ્યાસ સમેત અનેક સર્જકોની રચનાઓને પણ ગૂંથી લે છે. ગુજરાતીમાં એક નૂતન પ્રકારનો કલાત્મક નિબંધ ઉમેરાય છે.

‘નદી અને નારી : વળાંકે વળાંકે રમણીય’ એવું કહેનાર સૌન્દર્યવાદી દ્રષ્ટા ભોળાભાઈએ ‘પૂર્વોત્તર : ભ્રમણવૃત્ત’માં આસામ-નાગાલૅન્ડ, મણિપુર આદિ પૂર્વોત્તરનાં સાત રાજ્યોમાં પ્રવાસ કરીને ત્યાંનું પ્રકૃતિ સૌન્દર્ય, નારી સૌન્દર્ય તથા ત્યાંની જીવનરીતિઓનું રસાળ શૈલીમાં મનભાવન વર્ણન કર્યું છે. ‘રાધે તારા ડુંગરિયા પર’, ‘દેવોની ઘાટી’, ‘દેવતાત્મા હિમાલય’, ‘યુરોપ


અનુભવ' - સંચયોમાં પ્રકૃતિ-સંસ્કૃતિ અને માનવજીવનનાં વિવિધ રૂપોને આલેખ્યાં છે. એમનાં પ્રવાસવર્ણનો જીવંત બની રહ્યાં છે.

'કાંચનજંઘા', 'બોલે ઝીણા મોર', 'શાલભંજિકા' અને 'ચૈતર ચમકે ચાંદની' વગેરે લલિત નિબંધોમાં ગ્રામપરિવેશ, નગરો, ઋતુઓ, વૃક્ષો, પુષ્પો સમેત ફિલ્મો અને સાહિત્યકૃતિઓને પણ કેન્દ્રમાં રાખીને સર્જનાત્મક ગદ્યશૈલીમાં સુન્દર નિબંધો આપ્યા છે.

ભોળાભાઈને અમદાવાદ બહુ સદી ગયેલું. નગીનદાસ પારેખ, ઉમાશંકર, નિરંજન ભગત, એસ્તર સોલોમન, તપસ્વી નાન્દી, દિગીશભાઈ, એસ. આર. ભટ્ટ જેવા વિદ્વાનોનો સંપર્ક એમને ફળદાયી નીવડ્યો. પલાંઠી લગાવીને શીખવાનો આનંદ લેનાર ભોળાભાઈ બંગાળી શીખ્યા. ઓરિયા, અસમિયા, મરાઠી તથા જર્મન ભાષાઓ પણ ભણ્યા. ગુજરાતીમાં ઉત્તમ અનુવાદો આપ્યા. બંગાળીમાંથી એમણે આપેલા અનુવાદોમાં 'વનલતા સેન', 'સ્વર્ગની નીચે મનુષ્ય', 'તપસ્વી અને તરંગિણી' ઉત્તમ રહ્યા છે. બીજુંય ઘણું લઈ આવ્યા.

બંગાળી તરફનો એમનો પક્ષપાત પણ ઉપકારક નીવડ્યો. ટાગોરના શાંતિનિકેતનમાં, ૧૯૮૩-૮૪માં તુલનાત્મક સાહિત્યના ફેલો નિમાયા. ભારતીય નવલકથાના અભ્યાસી ભોળાભાઈએ 'કાલપુરુષ'ના લેખોમાં તુલનાત્મક સાહિત્યનો મહિમા કર્યો છે. આધુનિક કવિતા વિશે ઉત્તમ વ્યાખ્યાનો આપનાર ભોળાભાઈએ ગુજરાતીઓને નવાં નવાં પ્રવાસન સ્થળો વર્ણવી બતાવ્યાં. પ્રવાસની રીતિ શીખવી, મોજ કરાવી. સાહિત્ય પરિષદના માસિક મુખપત્ર 'પરબ'ના સંપાદકપદેથી એમણે 'પરબ'ને 'ઑલ ટાઇમ હાઇટ' પર મૂકી આપેલું. પરિષદના પ્રમુખપદે હતા એ જ વર્ષે ૨૦-૫-૨૦૧૨ના રોજ એમનું અવસાન થયું હતું.

❑



# ૪૩

## ‘જિન્દગી એટલે ખાલી શીશીમાં તડકો ભરવાની રમત!’: ચન્દ્રકાન્ત બક્ષી

આપણા આધુનિક સાહિત્યકારોમાં ચન્દ્રકાન્ત બક્ષી સાવ નોખા મિજાજના અને પોતાની નિજી રીતેભાતે લખતા નવલકથાકાર-વાર્તાકાર તરીકે જાણીતા હતા. ખુમારી, ખુદ્દારી અને અહમ્ – લાગે એટલી હદનું સ્વાભિમાન બક્ષીના વ્યક્તિત્વની લાક્ષણિકતાઓ હતાં. પોતાના લેખન વિશે ઊંચો અભિપ્રાય તથા સર્જન માટે ભરપૂર આત્મવિશ્વાસ ધરાવનાર બક્ષીએ ગુજરાતી વિવેચનને સતત અવગણ્યું હતું. છતાં સુમન શાહ અને રઘુવીર ચૌધરી જેવા વિવેચકોએ બક્ષીની નવલકથાઓની ગુણવત્તાને ચીંધી બતાવીને બક્ષીની સર્જકતાને ન્યાય કર્યો હતો. જોકે સાહિત્યકારોના જૂથવાદે બક્ષીને ખાસ્સો અન્યાય થવા દીધો હતો. બક્ષીની અકારણ આક્રમકતા અને સકારણ કડવી વાણીનો લાભ ઘણાંને મળતો રહેલો. બિન્ધાસ્ત સર્જકની આ પણ એક છબી છે.

તા. ૨૦-૮-૧૯૩૨માં બક્ષીનો જન્મ પાલનપુર ખાતે સમૃદ્ધ ગણાતા વણિક પરિવારમાં થયેલો. માતા ચંચળબેન. પિતા કેશવલાલ. મેટ્રિકમાં નાપાસ થતાં કલકત્તા જઈને હીરા માણેકનો વેપાર શરૂ કરેલો. ત્રણ ભાઈઓમાં ચન્દ્રકાન્ત વચેટ ભાઈ. મોટા ભાઈ લલિતકુમાર ને નાના બકુલભાઈ! ત્રણે લેખક તરીકે જાણીતા. બક્ષીનું શિક્ષણ પાલનપુર-કલકત્તામાં વિભાજિત થયેલું. જોકે ધંધામાં મંદી આવતાં ‘જલસા’નું જીવન ‘ગર્દિશ’ના દિવસોમાં પલટાઈ ગયેલું. બક્ષીએ હાથરૂમાલ વેચીને પણ રેડીમેડ કપડાંનો ‘અલકા સ્ટોર્સ’

કરેલો. ગ્રાહકો ન હોય ત્યારે બક્ષી કાઉન્ટર પર વાર્તાઓ લખવાનું રાખતા. ૧૯૫૩માં બક્ષી ઊંચે ટકે બી.એ. થયા. કાયદાનું ભણી ૧૯૫૬માં એમ.એ. થયા. બક્ષીને ભણવા કરતાં રખડવાનો ને જીવનના નાટારંગ જોવા-અનુભવવાનો શોખ. આ અનુભવો બક્ષીને નગરજીવનના નોખા લેખક બનાવે છે. બક્ષી ઇતિહાસમાં પણ એમ.એ. થાય છે. ૧૯૬૯માં મુંબઈ જઈ વસે છે. ત્યાં કૉલેજમાં અધ્યાપક અને આચાર્ય થાય છે.

બક્ષીની નવલકથાના નાયકો બહુધા બક્ષીબાબુ જેવા લાગે છે. ૧૯૫૭માં બક્ષી, બા કે કોઈને જાણ કર્યા વિના, હજાર રૂપિયા ઉછીના લઈને, ભાઈ બકુલની હાજરીમાં, બકુલા સરૈયાને કોર્ટમાં પરણી ગયેલા. એ પ્રેમલગ્ન નહોતું પણ બક્ષીનો લગ્નપ્રેમ ટકેલો. બક્ષીની બધી ટેવો જાણવા એમની બેત્રણ નવલો વાંચી જવી ઘટે! 'દેખવું એટલું ચાખવું'માં રાચનારા બક્ષીની નવલોના 'વિ-નાયકો' બક્ષીનાં અનુભવ-સંતાનો છે! જોકે બક્ષીની નવલોના રૂઢિભંજક નાયકોનું લગ્નજીવન – બલકે જીવન પણ – ડામાડોળ હોવાનું દેખાય છે. આપણી પરંપરાગત નવલકથામાં આવતી નાયક-નાયિકાની 'ઇમેજ' બક્ષીમાં ભાંગીને ભુક્કો થઈ જાય છે. બક્ષી એમના કથાનાયકોને અનેક સારાં-બૂરાં કાર્યોમાં/અનુભવોમાં સંડોવીને સમાજ-જીવનનો બદલતો – આધુનિક – ચહેરો રજૂ કરે છે. 'આકાર', 'પેરેલિસિસ', 'રોમા', 'જાતકકથા' – જેવી આરંભની આઠેક નવલકથાઓમાં બક્ષીની સર્જકતાના બધા આયામો એમના સર્જનને ઊંચાઈએ સ્થાપી આપે છે. બક્ષીની ૧૩૯ વાર્તાઓ પાંચ સંચયો ('પ્યાર', 'એક સાંજની મુલાકાત', 'મીરાં', 'મશાલ', 'ક્રમશઃ') અને કેટલાંક સંપાદનોમાં સચવાઈ છે. ગુજરાતી કથાવાર્તાસાહિત્યના ઇતિહાસમાં બક્ષી એક આખા પ્રકરણના અધિકારી છે. ભાગીદારીમાં તો એમને ઇનામ પણ નથી ખપતું! જબરી ખુદ્દારી!

બક્ષીની નવલકથાના નાયકો એકલતા અને વિષાદથી કંટાળીને પરણી જાય છે. જ્યારે 'જાતકકથા' નવલનો નાયક ગૌતમ લગ્નજીવનથી થાકી-કંટાળીને એકલતાને વહાલી કરવા નીકળ્યો છે. 'આકાર'નો યશ શાહ જીવનને ભર્યું ભર્યું રાખવા અનેક પ્રયત્નો કરે છે પણ હતાશા ને વેદના જ મળે છે. રૂઢિઓ-માન્યતાઓ-નીતિ-અનીતિ-વ્યવસ્થાઓ-બુર્ઝવા વ્યવહારો સામે બક્ષીની કથાવાર્તાનાં બધાં પાત્રો વિદ્રોહ કરે છે. એમને તો લબાલબ જીવી લેવું છે પરંતુ નિયતિ એમનેય સકંજામાં લે છે. એકલતા પણ દોહ્યલી છે. જીવન કસોટી કરે છે. નિરર્થકતા, પ્રેમના ખોટા ખ્યાલો ને પોલા-અસ્થાયી સંબંધોને બક્ષી

સરસ વસ્તુસંકલના અને મજબૂત તથા અરૂઢ એવી ભાષાસંયોજનાથી કથાવાર્તામાં ગૂંથી લે છે.


સુરેશ જોષી કથાવાર્તામાં ઘટનાનું તિરોધાન ચાહતા હતા. બક્ષી કહે છે – 'હું ઘટના વિના ન જ લખી શકું!' ઘટનાઓને બક્ષીએ સહજ સરળ બનાવી અને રસાળ ભાષામાં આલેખી, એથી એ 'ઘટનાના બેતાજ બાદશાહ' કહેવાયા! 'પડઘા ડૂબી ગયા' અને 'એકલતાના કિનારા' જેવી નવલો તથા 'તમે આવશો?' અને 'એક સાંજની મુલાકાત' જેવી વાર્તાઓ દૃષ્ટાંતો લેખેય ધ્યાનપાત્ર છે. ૧૯૭૨-૭૩માં બક્ષી પર 'કુત્તી' જેવી અશ્લીલ વાર્તા માટે કેસ ચાલેલો! એમણે છાપામાં ધારાવાહી નવલકથાઓ લખી હતી.

ઇતિહાસ-રાજ્યશાસ્ત્ર-સમાજશાસ્ત્ર જેવા વિષયોમાં બક્ષીને રસ હતો એટલું જ નહિ, એ, એ વિષયોના અભ્યાસી પણ હતા. 'વાતાયન' અને 'સ્પીડબ્રેકર' જેવી ધારદાર કોલમોના લેખક લેખે પણ બક્ષી ઘણા લોકપ્રિય હતા. પત્રકાર તરીકે બક્ષી 'ડેટાબેઝ' લખનારા, કોઈની શેહશરમ વિના આક્રમકતા દાખવનારા લેખક હતા. 'મહાજાતિ ગુજરાતી', 'પિતૃભૂમિ ગુજરાત' જેવા 'જાયકેદાર' ગદ્યલેખોના સંચયો ઉપરાંત બક્ષીએ રશિયા-અમેરિકા-દ. આફ્રિકાના પ્રવાસો વિશે પણ સહુને રસ પડે એવું 'વિગત-વર્ણન' કર્યું છે. પોતાની ત્રણ ભાગમાં પ્રગટ થયેલી આત્મકથા 'બક્ષીનામા' (૧૯૮૮)માં એમના જીવનસંઘર્ષો અને 'ગર્દિશના દિવસોનું' આલેખન છે. જોકે બડાશ, અતિશયોક્તિ તથા અવિવેક અને અભદ્ર ગણાય એવું લખીને બક્ષી લેખક-વિવેક ચૂકી ગયાનું ઘણાંને લાગ્યું છે!

'જ્ઞાનવિજ્ઞાન શ્રેણી'ના ૨૫ ગ્રંથો, 'ઇતિહાસ અને સંસ્કૃતિ' વિશેના ચૌદ ગ્રંથો અને 'યુવાનો અને જીવનનું આકાશ' વિશેના સોળ ગ્રંથોમાં ઘણું બધું એમના પત્રકારત્વની અને વ્યાખ્યાનોની નીપજ છે. સાહિત્યકારોને અકારણ પણ ધરાઈને ગાળો દેનારા બક્ષી કહેતા કે 'અંગૂઠો ઘસાઈ જાય છે ત્યારે આટલું બધું લખાય છે.'

મુંબઈ જેવા મહાનગરમાં 'શેરીફ' રહેવાનું-હોવાનું સન્માન પામેલા મનમોજી લેખક બક્ષી; ૨૦૦૫માં એકમાત્ર સંતાન દીકરી રીવાને વિલાપ કરતી મૂકીને ચિરનિદ્રામાં પોઢી ગયા...

❑



# ૪૪

## નવા કે નીવડેલા પ્રત્યેક સારા લેખકની કૃતિ વિશે પ્રેમથી લખનારા વિવેચક-સર્જક! : રાધેશ્યામ શર્મા

કવિશ્રી રાધેશ્યામ શર્મા નવલકથાકાર, વાર્તાકાર અને વિવેચક તરીકે પણ જાણીતા છે. ગુજરાતી આધુનિક સાહિત્યના મહત્ત્વના કવિ-લેખક-વિવેચક રાધેશ્યામનો જન્મ ૫-૧-૧૯૩૬માં ગાંધીનગર પાસેના વાવોલ ગામમાં થયો હતો. એમનું વતન પણ ઉત્તર ગુજરાતનું રૂપાલ! પિતા સીતારામ શર્મા. માતા ચંચળબહેન ઉર્ફે પદ્માવતી! પત્ની શારદા વ્યાસ. એમને ત્રણ દીકરા. રાધેશ્યામને સત્યજિત રે-ની ફિલ્મો બહુ ગતમી. સત્યજિતનું કલાદર્શન એમને વહાલું હતું. એમણે દીકરાનું નામ સત્યજિત રાખ્યું. ને સત્યજિતે શરૂઆતમાં, પિતાની જેમ પ્રયોગશીલ વાર્તાઓ લખેલી. થોડીક કવિતા પણ કરેલી.

પ્રારંભિક શિક્ષણ વતનમાં લઈને અમદાવાદની ગુજરાત કૉલેજમાં દાખલ થયેલા. ૧૯૫૭માં અંગ્રેજી-મનોવિજ્ઞાન સાથે બી.એ. થયા. પછી કેટલાંક વર્ષો બાદ રાધેશ્યામ લાભશંકર ઠાકર તથા અન્ય મિત્રો સાથે ગુજરાત યુનિવર્સિટીના ભાષાભવનમાં ઉમાશંકર જોશીના વર્ગો ભરતા. રાધેશ્યામ એમ.એ. થયેલા. એમને સાહિત્ય જેટલો જ રસ સંગીતમાં તથા ફિલ્મીગીતોમાં. એ પોતે સારું ગાતા. રાધેશ્યામે ફિલ્મી ગીતોના આસ્વાદ કરાવવા સાથે ફિલ્મો ને સંગીતકારો વિશે સારા લેખો ‘કુમાર’માં શ્રેણીરૂપે કરેલા!

સ્વભાવે એકાંતપ્રિય રાધેશ્યામે આજીવિકાની બહુ ચિંતા નહિ કરેલી. સંપાદક તરીકે એમણે કામ કરેલું. યુવક, ધર્મસંદેશ, ધર્મલોક અને

રજનીશદર્શન – જેવાં પત્રો સાથે એમણે કામગીરી કરેલી. પ્રસંગોપાત્ત નેશનલ બુક ટ્રસ્ટ અને ગુજરાતી સાહિત્ય અકાદમી સાથે પણ કામ કરેલું. દાદા ભગવાનમાં માનતા હોવાથી એમણે વર્ષો સુધી 'અક્રમ વિજ્ઞાન'નું સંપાદન સંભાળેલું. અનેક ધાર્મિક પુસ્તકોમાં લેખન/સંપાદન પણ કરતા. પરંતુ એમનું મુખ્ય કર્મક્ષેત્ર 'સાહિત્ય' હતું. કોઈ પણ સંસ્થા સાથે જોડાયા વિના સર્જન-વિવેચનક્ષેત્રે ધ્યાનપાત્ર યોગદાન કરનાર રાધેશ્યામ શર્માની કેટલીક વિલક્ષણતાઓ હતી. લેખનમાં પણ એ અરૂઢના ચાહક હતા! ગુજરાતી કવિઓની બસો-ત્રણસો કવિતાના એમણે ટૂંકા અને માર્મિક આસ્વાદ કર્યા અને એકસો કાવ્યાસ્વાદોનો ગ્રંથ કર્યો. નવોદિત કવિ અને મોટો કવિ પણ ચાહતો હતો કે રાધેશ્યામ એની કવિતાનો આસ્વાદલેખ તૈયાર કરે તો કેવું!! રાધેશ્યામે, એ જ રીતે, નવા-નીવડેલા અનેક સર્જકોની કૃતિઓ પર સમીક્ષાઓ લખીને સર્જાતા સાહિત્યની ગુણવત્તા-મર્યાદા દર્શાવીને સાંપ્રત ગુજરાતી સાહિત્યની ઉત્તમ સેવા કરી છે જે ગુજરાતી વિવેચનક્ષેત્રે સદા સ્મરણીય રહેશે. આપણાં અનેક વર્તમાનપત્રો 'સંદેશ', 'સમકાલીન', 'ગુજરાત ટુડે' વગેરેમાં પણ એ સાહિત્યજગતની ગતિવિધિઓને આલેખતા રહેલા.


રાધેશ્યામ શર્મા અછાંદસ કવિતાના કવિ, પ્રયોગશીલતા એમને ફાવી-ગમી ગયેલી. 'આંસુ અને ચાંદરણું', 'નિષ્કારણ', 'કાવ્યસંકેત', 'સંચેતના' એમના કાવ્યગ્રંથો. આપણને લાગે કે આ કવિ કવિઓ માટે જ લખે છે – અથવા નિજાનંદ માટે! વાર્તાક્ષેત્રે એમણે સુજોનો વારસો નિભાવ્યો છે. 'બિચારાં', 'પવનપાવડી' અને 'વાર્તાવરણ' એમના વાર્તાસંચયો છે. એમણે પ્રતીકો-કલ્પનોથી કથાબીજને પલ્લવિત કરીને અરૂઢ વાર્તા-કથાઓ આપી છે. બિચારાં, સળિયા, ચર્ચબેલ જેવી વાર્તાઓ ધ્યાનપાત્ર ઠરેલી. 'પવન પાવડી'ની વાર્તાઓમાં કથા લોપ પામે ને ભાષારમતો ચાલે – એટલે ઘણા ભાવકો ન વાંચે. 'વાર્તાવરણ'ની પ્રતીકાત્મક વાર્તાઓ હજી યાદ કરવાની રહેશે. રાધેશ્યામ વાર્તા-કથાના સિદ્ધાંત પક્ષના પણ અભ્યાસી. પશ્ચિમનું વાંચે, જરૂર હોય ત્યાં એ ટાંકે ને સમીક્ષાઓ લખે. 'નવી વાર્તા' જેવું સરસ સંપાદન એમણે આપ્યું છે જે હજી સીમાંકન બનીને ઊભું છે. એમનું પ્રત્યક્ષ વિવેચન મૂલ્યવાન અને યાદગાર છે – દરેક સ્વરૂપ વિશે એમણે લખેલું!

એમની પ્રથમ લઘુનવલ 'ફેરો'ને ઉમાશંકરે પોંખેલી. 'ફેરો'માં જીવનના વારાફેરાની વાત ટ્રેનના પ્રતીકથી ઊપસી છે. મૂંગા દીકરાની બાધા કરવા પતિપત્ની ટ્રેનમાં સૂર્યમંદિરે જવા નીકળ્યાં છે. પતિનાં મનોસંચલનો દર્શાવીને

લેખકે સુખ-દુ:ખની અને જીવનની અકળતા અને વ્યર્થતા વર્ણવી છે. બીજી લઘુનવલ 'સ્વપ્નતીર્થ'ને નિરંજન ભગતની સુદીર્ઘ પ્રસ્તાવનાનો લાભ મળેલો. સંઘની સાથે ડાકોર જવા નીકળેલા કિશોરનું સ્વપ્નજગત અને એમાં રચાતી હોમોસેક્સની ફેન્ટસીનું આલેખન કથાને નોખી પાડે છે.

રાધેશ્યામની કેટલીક જીવનચર્યા વિશિષ્ટ હતી. દા.ત., એ હમેશાં સાઇકલ પર જ ફરતા – આખું અમદાવાદ ફરતા. અમદાવાદ છોડીને – વતન રૂપાલ સિવાય – રાધેશ્યામ ભાગ્યે જ બહારગામ જતા! કોઈ પણ પ્રકારની સભામાં નહિ જવાનું, કશે પણ વ્યાખ્યાન માટેય નહિ જ જવાનું! દરેકને પોસ્ટકાર્ડ લખતા. સાહિત્યની વાતો-વિગતો પણ પોસ્ટકાર્ડ-ઇનલેન્ડમાં જ ખતવતા! હજારો પોસ્ટકાર્ડ એમણે લખ્યાં છે. ઘરમાં – સીતારામ સદનમાં – ગીતામંદિર પાસે એમના રૂમની ધારે બારી પાસે બેસીને લખતા-વાંચતા હોય. આપણે જઈએ તો રાજી રાજી થઈ જાય. વાતો ન ખૂટે! લૅન્ડલાઇન ફોન પણ કાઢી નાખેલો. મોબાઇલને અડતા જ નહિ! માણસ ભૂખ્યા માણસ! સુમન શાહ, ચન્દ્રકાન્ત ટોપીવાળા અને રાધેશ્યામ શર્મા : આધુનિક વિવેચકોની ત્રિપુટી હતી. એમણે 'મૈત્રી વિવેચન'ની પહેલ કરેલી. 'સર્જકનો સાક્ષાત્કાર'ના પંદરથી વધુ ગ્રંથોમાં એમણે હજારથી વધુ લેખકોનો પરિચય લખાવીને સંચિત કર્યો છે. 'વાચના', 'સાંપ્રત', 'અવલોકના', 'અક્ષર' જેવા વિવેચન ગ્રંથો આપનાર રાધેશ્યામ સીતારામ શર્માનું ૮૬ વર્ષની વયે તા. ૯-૯-૨૦૨૧ના રોજ અમદાવાદ ખાતે અવસાન થયું.

❑



# ૪૫

## હાસ્ય-સાહિત્યના હળવા સ્વરૂપનું ગંભીરતાપૂર્વક આલેખન કરનાર આપણા ઉત્તમ હાસ્યલેખક : બકુલ ત્રિપાઠી

આપણે ત્યાં ગુજરાતી સાહિત્યમાં, હાસ્ય-સાહિત્યના સર્જકો પ્રમાણમાં ઘણા ઓછા છે. જ્યોતીન્દ્ર દવે પછી ઊંચી કોટિનું હાસ્યસાહિત્ય આપનારા લેખકોમાં બકુલ ત્રિપાઠી વિશેષ ધ્યાનપાત્ર જ નહિ અભ્યાસપાત્ર પણ છે. વિનોદ ભટ્ટ અને રતિલાલ બોરીસાગર પણ આપણા મહત્ત્વના હાસ્ય-લેખકો છે. ચીનુભાઈ પટવા, રા. વિ. પાઠક, ચુનીલાલ મડિયા, નિરંજન ત્રિવેદી, અશોક દવે, પ્રિયદર્શી – મધુસૂદન પારેખ અને રમેશ પટેલ 'ક્ષ' – આ સૌએ હાસ્યલેખનક્ષેત્રે પણ નિષ્ઠાથી લેખન કર્યું છે. પરંતુ હાસ્યલેખનને સંપૂર્ણપણે અને પૂરી નિષ્ઠા-નિસબતથી, અનેક પ્રકારના પ્રયોગો દ્વારા વધુ ને વધુ સમૃદ્ધ કરનારા તો બકુલ ત્રિપાઠી જ રહ્યા છે. હાસ્ય-નિબંધમાં જ અનેક રૂપગત પ્રયોગો કરનાર બ.ત્રિ.એ કથાસંવાદ-પત્ર-નાટક-કાવ્યનાં સ્વરૂપોને હાસ્ય માટે સફળતાથી પ્રયોજ્યાં છે! આ સર્જકનું વ્યક્તિત્વ, લેખન અને પ્રવચન : ત્રણે ઘણાં વિલક્ષણ રહ્યાં છે.

સાક્ષર નગરી નડિયાદમાં તા. ૨૭-૧૧-૧૯૨૮ના રોજ બકુલ ત્રિપાઠીનો જન્મ. માતા સૂર્યબાળા અને પિતા પદ્મમણિશંકર. કુટુંબ-પરિવારમાં લેખકો જ હતા બધા! બ.ત્રિ.ના ઘડતરમાં – ખાસ તો એમના સર્જનલેખન સંદર્ભે – કાકા હરિમણિશંકરનો પ્રભાવ રહ્યો! તેઓએ ૧૮૬ જેટલી રહસ્યકથાઓ લખીને અનેકોને સાહિત્યમાં રસ લેતા કરેલા! નિબંધો-લેખો-સંવાદોનું લેખન

તો માતાપિતા, કાકા, બાપા અને ભાઈ-ભત્રીજાઓ પણ કરતા હતા. બ.ત્રિ.નું મેટ્રિક પૂર્વેનું શિક્ષણ નડિયાદમાં. પછી તેઓ અમદાવાદમાં આવે છે. ૧૯૪૮માં બી.કૉમ. અને ૧૯૫૨માં એમ.કૉમ. થયા. ૧૯૫૩માં એલ.એલ.બી.ની પદવી મેળવી. ને એ જ વર્ષથી એચ. એલ. કૉલેજ ઑવ્ કૉમર્સ (અમદાવાદ)માં વાણિજ્યના અધ્યાપક થયા. નિવૃત્તિ સુધી ત્યાં જ અધ્યાપન કરાવવા સાથે હાસ્યનિબંધો અને દૈનિકો/સામયિકોમાં કોલમલેખન કરતા રહ્યા. એમનાં પત્ની વીણાબહેન શિક્ષિકા હતાં. દીકરી તન્વી હવે વિદેશમાં વસે છે.

બ.ત્રિ.નું હાસ્યનિબંધલેખન ૧૯૫૩થી 'કુમાર'માં શરૂ થયેલું. દૈનિક, સામયિકો, આકાશવાણી અને દૂરદર્શન જેવાં તમામ માધ્યમોમાં એ લખતા-બોલતા રહ્યા. નોંધપાત્ર તો એ છે કે એમની 'ગુજરાત સમાચાર'માં આવતી કોલમ 'ઠોઠ નિશાળિયો'-ને નામે 'કક્કો અને બારાખડી' – સળંગ બાવન-ત્રેપન વર્ષ ચાલી – એક પણ હપતો ચૂક્યા વિના! આ માટે એમને 'લિમ્કા બુક ઑવ્ વર્લ્ડ રેકોર્ડ'માં સ્થાન મળ્યું. ભારતભરમાં આટલી દીર્ઘકાલીન કોલમ ત્યાં સુધી અન્ય કોઈ નહોતી! 'ગુજરાત સમાચાર'માં ૧૯૬૨થી બ.ત્રિ.એ 'સોમવારની સવારે' કોલમ લખીને પણ સુવર્ણજયંતી ઊજવી હતી. અન્ય દૈનિકોમાં અને સામયિકોના વિશેષાંકોમાં પણ એ લખતા રહેતા. વર્ગવ્યાખ્યાનોમાં ગંભીર રહીને અભ્યાસપૂર્ણ વક્તાની છબિ ઉપસાવનાર બ.ત્રિ. અન્ય પ્રવચનો ને કાર્યક્રમોમાં શ્રોતાઓને ઉચ્ચ સ્તરના હાસ્ય-વ્યંગ-વિનોદ સુધી લઈ જતા! હાસ્યસાહિત્ય સંદર્ભે એમણે વિશ્વસાહિત્યનો અભ્યાસ ચાલુ રાખવા સાથે 'હાસ્યરસ'ની તાત્ત્વિક વાતો પણ લખી છે.

એમના હજારો હાસ્યલેખોમાંથી ચૂંટીને એ પોતે વખતોવખત વિવિધ ગ્રંથો પ્રકાશિત કરતા રહેલા. જેની સંખ્યા પણ પંદરથી વધુ છે. ૧૯૫૫માં એમનો પ્રથમ નિબંધસંચય 'સચરાચર' પ્રગટ થયો હતો. એમના ગ્રંથોમાંથી થોડાક નોંધીશું : 'સોમવારની સવારે', 'વૈકુંઠ નથી જાવું', 'દ્રોણાચાર્યનું સિંહાસન' – (જેમાં શિક્ષણજગત પર માર્મિક કટાક્ષો છે.) 'ગોવિંદે માંડી ગોઠડી', 'મન સાથે મૈત્રી', 'હિંડોળો ઝાકમઝોળ', 'અષાઢની સાંજે', 'શેક્સપિયરનું શ્રાદ્ધ', 'પરણું તો એને જ પરણું' અને 'હાસ્ય એટલે પ્રભુ સાથે મૈત્રી' વગેરે. એમનું 'લીલા' નાટક અનેક વાર ભજવાયું – લોકપ્રિય થયું. એમાં બ. ત્રિ.એ પણ અભિનય કરેલો! એ સારા નટ અને દિગ્દર્શક પણ હતા. 'ગણપત ગુર્જરી' અને 'રાણીને ગમ્યો તે રાજા' જેવાં એમનાં લખેલાં નાટકો પણ હાસ્યનાટકોની રંકતાને ભૂંસવાનું કામ કરે છે.

બ.ત્રિ.ના હાસ્યસર્જન વિશે ડૉ. ચન્દ્રકાન્ત ટોપીવાળાનો પ્રતિભાવ મૂલ્યવાન છે:

> 'મનુષ્યની અને મનુષ્યના સમાજની આંતરબાહ્ય વિસંગતિઓને અને એની નિર્બળતાઓને આછા કટાક્ષ અને ઝાઝા વિનોદથી ઝડપતી આ લેખકની મર્મદૃષ્ટિ હાસ્યનિબંધના હળવા સ્વરૂપને ગંભીરપણે પ્રયોજે છે; અને ક્યારેક લલિતનિબંધનો એને સંસ્કાર પણ આપે છે.'

કવિ રાવજીએ જેમ 'હુંશીલાલ'-નું કલ્પિત પાત્ર રચીને સમાજમાં પ્રવર્તતા દંભ પર વ્યંગ કરેલો, બ.ત્રિ.એ પણ એવું 'બબલદાસ'-નામે કલ્પિત પાત્ર ઘડી કાઢીને એના દ્વારા દુનિયાદારીમાં પ્રવર્તતા દંભ અને ડોળને ખુલ્લા પાડ્યા છે. રાજકીય કટાક્ષોમાં બબલદાસની ભારે જમાવટ રંગ લાવે છે. 'હાસ્યનું માધ્યમ' કેવું ઉત્તમ હથિયાર છે એમ પ્રમાણનાર બ.ત્રિ.એ પ્રયોગશીલતાથી હાસ્યસાહિત્યને નવતા અને તાજપથી લોકપ્રિય બનાવ્યું હતું! પાર વગરનાં વિષય-વૈવિધ્ય અને એને ઝીલવા વિવિધ રૂપપ્રપંચો રચનાર બ.ત્રિ. ઉચ્ચ દરજ્જાના હાસ્યસર્જક તરીકે યાદ રહેવાના છે.

'મારે પછાત થવું છે', 'નવા વર્ષના સંકલ્પો', 'બેગ અને બિસ્તરા' – જેવા કેટલાય નિબંધો આપણને એકલા એકલાએ હસાવતા રહે છે. આવા લેખોમાં જિવાતા જીવનમાં રહેલો કરુણ પણ સૂચક બની રહે છે. 'વૈકુંઠ નથી જાવું'ને 'ગોવિંદે માંડી ગોઠડી' નિબંધસંચયો હાસ્યસાહિત્યના શીર્ષસ્થ ગ્રંથો છે. ઈ.સ. ૨૦૦૬-૨૦૦૭ માટે એ ગુજરાતી સાહિત્ય પરિષદના ચૂંટાયેલા પ્રમુખ હતા. એ જ અરસામાં ૨૦૦૬માં બકુલ ત્રિપાઠીનું હૃદયરોગના હુમલાથી અમદાવાદ ખાતે અવસાન થયું હતું.

❑



# ૪૬

## ‘તડકો ચંબેલીનાં પાન : તડકો ખિસકોલીના કાન’ : લાભશંકર ઠાકર

ઈ.સ. ૧૯૫૫થી ૧૯૮૫ના ગાળામાં, ગુજરાતી કવિતાક્ષેત્રે જે મહત્ત્વના આધુનિક કવિઓ આવ્યા એમાં લાભશંકર ઠાકર અને સિતાંશુ યશશ્ચન્દ્ર : બે શીર્ષસ્થ કવિઓ તરીકે સુખ્યાત છે. લાભશંકર (લા.ઠા.)ને ભલે આપણે કવિ લેખે વધારે આગળ કરતા હોઈએ, પણ લા.ઠા. એક ઉત્તમ અને પ્રયોગપ્રધાન નાટ્યકાર હતા. એમણે કેટલાક વાસ્તવને વર્ણવતા વિચારકેન્દ્રી નિબંધો લખ્યા છે. એનું ગદ્ય સરસ છે. ‘કોણ?’ અને ‘અકસ્માત’ જેવી બે આધુનિકરીતિની સફળ નવલકથાઓ ઉપરાંત ‘લીલાસાગર’ અને ‘પીવરી’ સરખી સામાજિક નવલો પણ આપી છે. પન્નાલાલ પટેલની વાર્તાકથનકલાને વર્ણવતો એમનો વિવેચનલેખ પણ યાદગાર છે. આમ છતાં લા.ઠા. એક પરંપરાભંજક અને નિત્યનૂતન સર્જન કરવા ભાષા જોડે સંવનન અને તોફાન કરતા અકળ સર્જક રહ્યા છે. ગુજરાતી કવિતા અને નાટકમાં લા.ઠા.એ તોડફોડ કરતાં કરતાં કેટલુંક યુગજીવી સર્જન કર્યું છે.

આધુનિકતાનો આ સમય જ રૂઢિભંજક તોફાનોનો હતો. યંત્રવિજ્ઞાન, શહેરીકરણ, મૂલ્યહ્રાસ વગેરેએ જન્માવેલી નવી સંવેદનાઓ – ખાસ કરીને વિરતિ, વિષાદ, હતાશા, એકવિધતા, વગેરે–ને અભિવ્યક્તિ આપતાં નાટકો, કવિતા, કથાવાર્તાનાં એ વિલક્ષણ વર્ષો હતાં! મિત્રો સાથે મળીને ‘રે મઠ’, ‘આકંઠ સાબરમતી’, ‘હોટલ પોએટ્સ’ જેવી અલ્પજીવી સંસ્થાઓ અને ‘કૃતિ’,

'ઉન્મૂલન' જેવાં સામયિકો દ્વારા લા.ઠા. અને મિત્રોએ 'થંભી ગયેલાં', 'મનજળ' ડહોળી નાખવાનું 'નર્મદકૃત્ય' કરેલું! લા.ઠા.ના બધા સર્જનવિશેષોની આ ભૂમિકા છે. કવિ લા.ઠા. ભાષા વડે ભાષાની સીમાઓ તાગે છે ને ઉફરા જવા મથતા રહે છે. 'પુનર્વસુ' વૈદ્ય તરીકે લા.ઠા. 'સમાજની કાયચિકિત્સા' કરતા હતા.

વિસંગતિઓથી ભરેલા અને ભાષામાં પણ નહિ બાંધી શકાતા માનવજીવનની વ્યથાઓ અને વ્યર્થતાની પોતાના લેખન-સર્જનમાં અભિવ્યક્તિ આપવા, નિત્ય નવા પ્રયોગો કરતા લા.ઠા.નો જન્મ સુરેન્દ્રનગરના સેડલા ગામમાં ૧૪મી જાન્યુઆરી, ૧૯૩૫ના રોજ થયેલો. એમના પિતાએ ૧૯૩૬માં સેડલા છોડ્યું અને પાટડીને વતનગામ બનાવ્યું. પિતાજી જાદવજી ઠાકર વ્યવસાયે વૈદ્ય હતા. દાદા પણ વૈદુ કરતા. માતા પ્રભાવતી હલકદાર કંઠથી ગાતાં. લોકગીતો, લોકનાટકો અને મેળાઓમાં ગવાતાં ગીતો લા.ઠા.એ બા પાસેથી સાંભળેલાં. પણ લા.ઠા.એ ગીતો (ને ગઝલો) ન લખ્યાં. એ તો છંદોબદ્ધ અને લયમુક્ત તથા મુક્તલયનાં દીર્ઘ અને લઘુ કાવ્યોના ઉપાસક રહ્યા. બારથી વધુ એમના કાવ્યગ્રંથો છે.

પાટડીમાં આઠ ધોરણ ભણી લા.ઠા. અમદાવાદ આવે છે. અહીં રાધેશ્યામ શર્મા જેવા મિત્રો સાથે, ભાષાભવનમાં ઉ.જો. પાસે ગુજરાતી સાહિત્ય ભણીને લા.ઠા. એમ.એ. થાય છે. સાત આઠ વર્ષ જુદી જુદી કૉલેજોમાં અધ્યાપન કરાવીને લા.ઠા. ૧૯૬૪માં આયુર્વેદિક કોર્સ કરીને 'પુનર્વસુ'ને નામે પોતાનું 'કાયચિકિત્સાલય' શરૂ કરે છે. આ ક્ષેત્રે પણ એ સફળ અને માનવતાવાદી વૈદ્ય તરીકે નામ કમાય છે. ગ્રંથો પણ લખે છે. 'બાપા વિશે' અને 'મારી બા' – જેવાં જીવનચરિત્રો લખનાર લા.ઠા.ના પરિવારમાં પત્ની કુમુદબહેન, અપેક્ષા-મનીષા બે દીકરીઓ તથા વિસ્મય-ઉત્પલ નામે દીકરા છે.

અઢાર જેટલા લા.ઠા.ના નિબંધસંચયોનું ગદ્ય પણ આસ્વાદ્ય છે. જેમાં : 'એક મિનિટ', 'ઝાકળનો ઝ', 'થોડો અમસ્તો તડકો', 'નિસબત', 'સૂરજ ઊગ્યો કેવડિયાની ફણસે' – વધુ ધ્યાનપાત્ર છે. શાશ્વતિની ઝંખના કરતો માણસ એને પામી નથી શકતો. છતાં એ જે પ્રયત્નો કરે છે તેનું, કહો કે માનવીય અસહાયતાનું નિરૂપણ લા.ઠા.ના 'માણસની વાત' જેવા દીર્ઘકાવ્યમાં અને 'બાથટબમાં માછલી', 'વૃક્ષ', 'મરી જવાની મજા', 'કુદરતી', 'મનસુખલાલ મજિઠિયા', 'કાહે કોયલ શોર મચાયે રે' – જેવાં એકાંકીઓ-દીર્ઘ નાટકોમાં જોવા મળે છે.

લા.ઠા.નો પ્રથમ કાવ્યસંગ્રહ ‘વહી જતી પાછળ રમ્ય ઘોષા’ એમાંનાં ભાવચિત્રો તથા કાવ્યપદાવલિ માટે આજેય ગમે છે. ‘માણસની વાત’ (૧૯૬૮) સુધી એમની કવિતા અર્થપૂર્ણ પરિણામો આપે છે. એ પછી ‘મારા નામને દરવાજે’, ‘બૂમ કાગળમાં કોરા’, ‘ટોળાં અવાજ ઘોંઘાટ’, ‘પ્રવાહણ’ અને ‘કાલગ્રંથિ’ વગેરે સંચયોની કવિતા, જીવનની વ્યર્થતા અને ભાષાની સીમા-મર્યાદાઓને વર્ણવતી આગળ ચાલે છે. લા.ઠા.ની કવિતાની પ્રયોગશીલતાને તથા એમની કાવ્યસર્જનલીલાને આપણા મહત્ત્વના વિવેચકોએ આવકારી-વખાણી છે. જોકે, આજે આ પ્રકારની બહેરી બોબડી કવિતાનું નવેસર મૂલ્યાંકન થવું ઘટે!

લા.ઠા.ની એક સર્વકાલીન અને સર્વપ્રિય કવિતા વાંચીએ : ‘વરસાદ પછી’:

**‘જલ ભીંજેલી/ જોબનવંતી/ લથબથ ધરતી/ અંગઅંગથી/ ટપકે છે કૈં/ રૂપ મનોહર!/ ને તડકાનો/ ટુવાલ ધોળો/ ફરી રહ્યો છે/ ધીમે ધીમે./ યથા રાધિકા/ જમુના જલમાં/ સ્નાન કરીને/ પ્રસન્નતાથી/ રૂપ-ટપકતા/ પારસદેહે/ વસન ફેરવે/ ધીરે ધીરે/ જોઈ રહ્યો છે/ પરમ રૂપના/ ઘૂંટ ભરંતો/ શું મુજ શ્યામલ/ નેનન માંહે/ છૂપાઈ ને એ/ કૃષ્ણ-કનૈયૌ?’**

અહીં એક ભાવચિત્રને સમજાવવા બીજું ભાવચિત્ર મૂકીને, બંનેનો આસ્વાદ લાભ ભાવકને કરાવવામાં કવિ સફળ થયા છે.

લા. ઠા.નાં તડકા વિશેનાં કાવ્યો પણ પ્રયોગની ભૂમિકાએ રહીને ધ્યાન ખેંચે છે :

**‘તડકો અંબેલીનાં પાન/તડકો ખિસકોલીના કાન/ તડકો જાય મરી/ ને તડકો રોવે/ તમેય તડકો/ અમેય તડકો/ નાગર તડકો/ વાનર તડકો/ તડકો ગાંધીજીની ટાલ...’** વગેરે.

એક જમાનામાં જે પ્રયોગો આવકાર પામ્યા હોય એ પછીના સમયમાં અપ્રસ્તુત બનતા જાય એવું પણ બને છે.

‘અવાજને ખોદી શકાતો નથી/ ને ઊંચકી શકાતું નથી મૌન’ – જેવી વિલક્ષણ કવિતાના કવિ લા.ઠા.નું તા. ૬-૧-૨૦૧૬માં અમદાવાદ ખાતે અવસાન થયું હતું.

❑



# ૪૭

## ‘મારા છ અક્ષરના નામ પછી હું ભૂલો પડ્યો હો જી... તું રસ્તે જાતાં ઊભી રહી, તે તને જડ્યો હો જી...’ : રમેશ પારેખ

કવિ મકરંદ દવે, રમેશ પારેખની કવિત્વ શક્તિ અને એમની અભિવ્યક્તિછટાની વિશેષતા વર્ણવતાં કહે છે :

‘રમેશની વાણીએ ગુજરાતની આંખ ભીની કરી છે. હોઠ પર હાસ્ય ફરકાવ્યું છે, હૃદયને ભીંજવ્યું છે. કટાક્ષની ધારથી મનને ફટકાર્યું છે અને પ્રાણને તેજ પાયું છે. રમેશ ગુજરાત પર અમૃત મેઘ બની વરસ્યો છે, વિદ્યુત બની ચમક્યો છે અને દૂધિયાં વાદળ સમો વિહર્યો છે. અત્યંત કુમાશથી માંડી અત્યંત કૌવત સુધી તેની વાણી વિસ્તરી છે.’

સર્જકતાથી ફાટફાટ થતો આ કવિ, ન્હાનાલાલ પછીનો સૌથી મોટો ગુજરાતી ઊર્મિકવિ છે. આજે તો એનો જોટો જડવો મુશ્કેલ છે – એની કવિતામાં અપાર વિષયવૈવિધ્ય, સંવેદના અને વિચારોના ઊછળતા ફુવારા તથા આરપાર વીંધી નાખતી લયાત્મક અભિવ્યક્તિ જેમ વાંચીએ તેમ મત્ત-પાગલ કરી દે છે.

**‘ઓણુંકા વરસાદમાં બે ચીજ કોરી કટ્ટ/ એક અમે પોતે અને બીજો તારો વટ્ટ/ તારા વટ્ટને કચ્છની સૂડી સરખી ધાર/ અમે કમળની દાંડલી શું કરીએ તકરાર...’**

૦

**‘ફળિયે પલાશ ફૂલ નીતરતું ઝાડ અને હું રે વેરાઈ જાઉં રાનમાં./ મારી હથેળીયુંમાં એવી રેખાઓ છે જેવી રેખ્યું ખાખરાના પાનમાં./ લીંબોળી વાવીને છાંયડા ઊછેરું પણ**

**ચોમાસું કેમ કરી વાવવું/ તારું પહેલા વરસાદ સમું આવવું, હા! હવે આંખોને કેમ રે ભૂલાવવું... ફાગણની ઝાળઝાળ સુક્કી વેળામાં તારું...'**

o

**'બાવળનો રહેવાસ એટલે વસંત આવી લાવ્યો/ લોહીઝાણ આ ટહુકો તારી આંગળીએ પહેરાવ્યો/ પથ્થરમાં પણ રડ્યોખડ્યો કૈં અર્થ હતો હજી/ તું રસ્તે જાતાં ઊભી રહીને તને જડ્યો હો જી!'**

– આવી તે કંઈ કેટલીય પંક્તિઓ, આખેઆખાં ગીતગઝલ ઉતારીએ તોય પાર ન આવે એવી કવિતાનો આ લોકપ્રિય કવિ વિદ્વાનોમાં આજેય વખણાતો રહ્યો છે!

કુલ તેર કાવ્યસંગ્રહો. 'છ અક્ષરનું નામ'માં ૧૯૯૧ સુધીની એમની સમગ્ર કવિતા સચવાઈ છે. મહત્ત્વના તો બધા સંચયો છે – પણ આટલા તો નોંધીએ : 'ક્યાં?', 'ખડિંગ', 'ત્વ', 'સનનન', 'ખમ્મા, આલા બાપુને!', 'મીરાં સામે પાર', 'છાતીમાં બારસાખ!' એક વાર્તાસંચય 'સ્તનપૂર્વક', બે નાટકો, પાંચ બાળકાવ્યોના સંચયો ને ચાર બાળવાર્તા સંચયો! બે કિશોરકથાસંગ્રહો તથા પાંચ કાવ્યાસ્વાદ અને નિબંધ-લેખના સંગ્રહો આ કવિનું સાહિત્ય છે.

રમેશ પારેખ સંગીત અને ચિત્રકલાના સારા જાણકાર. તાલીમ પણ લીધેલી. ચિત્ર-સંગીતની સૂઝ-સમજને લીધે એમની કવિતા વધુ અર્થપૂર્ણ ઊંડાણો તાગી શકી એમ જરૂર કહી શકીએ. વળી સોરઠી તળ અને લોકજીવનનો – પર્વો-ઉત્સવોનો અનુભવ કવિતામાં નવાં કલ્પન પ્રતીકો નિપજાવવામાં મદદરૂપ થયો છે. નવમા ધોરણમાં ભણતા ત્યારે વાર્તાલેખન શરૂ કરેલું. શિક્ષકે એના લેખન પર શંકા કરતાં રમેશે પાંચ વર્ષોમાં સોએક વાર્તાઓ લખી ને છપાવેલી! અનિલ જોશી – કવિમિત્રનો અમેરલીમાં મિલાપ થયો ને અનિલે રમેશને નવી પ્રયોગશીલ કવિતા લખવા પ્રેર્યા! બસ! પછી તો જે બન્યું તે ગુજરાત જાણે છે.

એમનો જન્મ તા. ૨૭-૧૧-૧૯૪૦માં અમરેલી ખાતે થયો હતો. પિતા મોહનલાલ, માતા નર્મદાબહેનની કાઠિયાવાડી બોલીનો ઊંડો પ્રભાવ રમેશની કવિતામાં વર્તાય છે. રમેશ અમરેલીમાં જ મેટ્રિક સુધીનું ભણ્યા. મોટાભાઈ કાંતિલાલ. કૉલેજમાં 'પૂર્વાલાપ' ભણતા. રમેશ એ વાંચીને પ્રભાવિત થયેલા. સ્કૂલમાં સામયિકો વાંચતા. ચિત્રકલાનું ભણવા મુંબઈ જવું હતું પણ આર્થિક સ્થિતિ નબળી હોવાથી એ ન થયું. રમેશ, ભાઈની જેમ ચિત્રો-રંગોળી કરતા રહેલા. ગામમાં સંગીત-ચિત્રની બે સંસ્થાઓ સ્થાપીને શોખ કેળવતા રહ્યા.

અમરેલીમાં જ તાલુકા-જિલ્લા પંચાયતમાં કારકુન થયા/રહ્યા! પણ એમનું મુખ્ય કાર્ય તો કવિતાસર્જન! અમરેલીએ પ્રેમથી સન્માન કરેલું. એમનાં પત્ની રસીલાબહેન! નેહા ને નીરજ. બે સંતાનો.

રમેશે ગીત, ગઝલ, છાંદસ-અછાંદસ, દીર્ઘકાવ્ય-વ્યંગકાવ્યો, બાળકાવ્યો, બાળવાર્તાઓ, મરસિયા જેવાં તમામ સ્વરૂપોમાં ઉત્તમ કક્ષાની સર્જકતા દાખવી છે. પ્રતીકાત્મકતા તથા લયાત્મકતા એમને વિશિષ્ટ કવિ ઠેરવે છે. 'મીરાં સામે પાર'ની ગીતરચનાઓ મીરાંના ભીતરભાવને રમેશની નિજી મુદ્રામાં વર્ણવે છે. 'મારા આંગણામાં આવ્યા હરિ!/ મને આંખોથી ચાખીને એંઠી કરી...' આલાબાપુના પાત્ર દ્વારા 'બ્લેક હ્યુમર' સુધી કવિતાની ગતિ રહી! એક લૂંટાઈ ગયેલી વિરાસતનો નશો હજી બાપુના જીવને રંજાડે છે. 'ધીમે ધીમે ઢાળ ઊતરતી ટેકરીઓની સાખે તમને ફૂલ દીધાનું યાદ...' જેવી દીર્ઘલયસિદ્ધ ગીત-કવિતામાં પ્રેમનો ઉલ્લાસ છે તો 'રાણી સોનલદેનું મરસિયું'માં વેદના-વિરહની પરાકાષ્ઠા છે. 'લાખા સરખી વારતા' દીર્ઘકાવ્યમાં લાખા વણજારાની દંતકથા સાથે કાવ્યનાયકના જીવનભ્રમણની લીલીસૂકી વ્યથા-કથાઓ છે. રમેશે માનવનિયતિ અને વિધિની કઠોરતાની કવિતા કરી છે. વ્યક્તિકાવ્યો ને સંવાદકાવ્યોમાં હળવાશ સાથે જીવનનો કરુણ ઘૂંટાય છે.

ગીત પછી રમેશનું કવિત્વ ગઝલમાં નવોન્મેષ દાખવે છે :

**'આ હાથ છે ને એના પૂર્વજોય હાથ હતા/ આ વંશવેલા ઠેઠ મૂળથી સડેલા છે.'**

**'આ મનપાંચમના મેળામાં સૌ જાત લઈને આવ્યા છે/કોઈ આવ્યા છે સપનું લઈને, કોઈ રાત લઈને આવ્યા છે...'**


ગીતની ભાવવાહિતા અને બંધારણ ગઝલનું – બંને સચવાયાં છે. એમનો અનુષ્ટુપ છંદ વાંચીએ :

**'સાંજને પી જતો દીવો/ દીવાને મેશ પી જતી/ પી જતી મેશને આંખો,/ આંખોને સાંજ પી જતી.'**

રચના લીલા જોઈ ને! ને રમેશનો દુહો (દુષ્કાળનો) વાંચીએ : **'પરથમ સૂક્યાં મસ્તકો, પછી સુકાણી સૂધ/ પછી સુકાણી છાતીઓ, પછી સુકાણાં દૂધ!'**

'સસલાને શીંગડાં હોય તો માણસને સુખ હોય...' એમ ભગલાને સમજાવતો, દિવસો સુધી ઉદાસ ને ગુમસૂમ રહેતો આપણો આ કવિ છેલ્લો દસકો રાજકોટમાં રહ્યો હતો... ને ત્યાં જ તા. ૧૭-૫-૨૦૦૬ના રોજ હાર્ટએટેકથી એમણે દેહત્યાગ કર્યો હતો!

❑



# ૪૮

## ઋજુ હૃદયના અને મુલાયમ કાવ્ય-પદાવલિના કવિ : મનોજ ખંડેરિયા

એક સમય એવો હતો (ને કેટલેક અંશે આજે પણ) કે કોઈ પણ કવિસંમેલન મનોજ ખંડેરિયાની આ કાવ્યપંક્તિઓથી જ શરૂ કરવામાં આવતું!

**'રસમ અહીંની જુદી ને નિયમ સાવ નોખા,**
**અમારે તો શબ્દો જ કંકુ ને ચોખા...'**

મૃદુ સ્વભાવના આ કવિની કાવ્યબાનીનું રેશમી પોત આજેય ભાવકને ભીંજવે છે. કવિ-સંમેલનોમાં મનોજની બીજી બે ગઝલોના શૅર આજે પણ અચૂક બોલવામાં-કહેવામાં આવે છે :

**'મને સદ્ભાગ્ય કે શબ્દો મળ્યા તારે નગર જાવા,**
**ચરણ લઈ દોડવા બેસું તો વરસોનાં વરસ લાગે!'**

o

**'પકડો કલમ ને કોઈ પળે એમ પણ બને,**
**આ હાથ આખેઆખો બળે એમ પણ બને!'**

મનોજની સંવેદનામાં ઊંડાણ અને આલેખનમાં અધ્યાત્મ કે દર્શન હોય છે. અનેક સંદર્ભોથી સભર એમની કવિતામાં વ્યંજના પ્રગટતી રહે છે – ને છતાં એમાં સહજતા છે, સરળતા છે. મનોજ, રમેશ પારેખની પેઢીના આપણા ઉત્તમ ગઝલકારોમાંના એક કવિ છે! એમની કવિતા અભિધાથી ઉપર, હમેશાં લક્ષ્યાર્થો-વ્યંગ્યાર્થોમાં વિહરતી જોવા મળે છે.

૧૯૬૦નાં વર્ષોમાં કાવ્યાલેખન આરંભનાર મનોજને બહાઉદ્દીન કૉલેજમાં ભણાવતા ગુરુજી – પ્રો. તખ્તસિંહ પરમારે કહેલું કે, 'કવિતા છપાવવાની ઉતાવળ નહિ કરતો.' ને મનોજે છેક ૧૯૬૫માં મણિલાલ દેસાઈ જેવા મિત્રોના આગ્રહથી બે ગઝલો પ્રકાશિત કરવા 'કુમાર'માં મોકલેલી. વળી કાવ્યસંચય તો એથીય મોડા ૧૯૭૦માં 'અચાનક' નામે પ્રગટ કરેલો. આ જ વર્ષોમાં અનિલ જોશીનો 'કદાચ' અને રમેશ પારેખનો 'ક્યાં?' કાવ્યસંચય પ્રગટ થયેલા. રાવજીનો 'અંગત' પણ (મરણોત્તર) આ જ વર્ષોમાં આવેલો! કવિતાની વસંત બેઠી હતી જાણે!

મનોજ ખંડેરિયાનો જન્મ તા. ૬-૭-૧૯૪૩માં વતન જૂનાગઢ ખાતે થયો હતો. માતા વિજયાબહેન. પિતા વ્રજલાલભાઈ મહેસૂલી અધિકારી હોવાથી બદલીઓ થતી રહેતી. આથી મનોજનું પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ ધોરાજી, વેરાવળ, મોરબી, રાજકોટ, જામનગર ખાતે થયેલું. ૧૯૬૫માં જૂનાગઢની બહાઉદ્દીન કૉલેજમાંથી બી.એસસી. થયા. ૧૯૬૮માં એલ.એલ.બી. થઈને વકીલાત આરંભી. થોડો સમય – વકીલાત સાથે – કૉમર્સ કૉલેજમાં 'વાણિજ્ય કાયદો' ભણાવતા. ૧૯૮૪થી વળી પથ્થરની ખાણ-ક્ષેત્રમાં દાખલ થયા અને ઉદ્યોગક્ષેત્રે પણ નામ કમાયા. પૂર્ણિમાબહેન સાથે લગ્ન કરેલું – વાણી અને રુચા તથા અભિજિત : ત્રણ સંતાનો! 'અચાનક' સંચય પછી 'અટકળ', 'અંજની કાવ્યો', 'હસ્તપ્રત' અને 'ક્યાંય પણ ગયો નથી' – કાવ્યસંચયો પ્રકાશિત થયા હતા. ૧૯૯૪માં 'કોઈ કહેતું નથી' નામે એમની ગઝલોનું સંપાદન (નીતિન વડગામા) અને ૨૦૦૪માં 'એમ પણ બને' નામે એમનાં સવાસો કાવ્યોનું સંપાદન પણ આવ્યું હતું!

'અંજની' છંદનો પ્રયોગ કવિ કાન્તે કરેલો. એ પછી મનોજે એક આખો કાવ્યસંચય 'અંજની કાવ્યો' નામે ૧૯૯૧માં પ્રગટ કરેલો. એમનાં થોડાંક પણ પાણીદાર ગીતો જાણીતાં છે. દા.ત., 'આયનાની જેમ હું તો ઊભી'તી ચૂપ/ ગયું મારામાં કોઈ જરા જોઈને!'. 'શાહમૃગો' એમનું દીર્ઘકાવ્ય પણ અભ્યાસીઓ સામે પડકાર બની રહેલું! મનોજ સૌમ્ય, વિવેકી, લાગણીશીલ, ઓછાબોલા માણસ! પરંતુ એમની સમજ-સૂઝ તરત વર્તાઈ આવે. અનેકોના પ્રિયજન એવા મનોજનું ઉત્તમ સર્જન તો એમની ગઝલો જ છે! જિવાતા જીવનને અને પ્રકૃતિ સાથેના તાદાત્મ્યને વણી લેતી એમની ગઝલો ઘણી વાર 'મરીઝ'ની કક્ષાએ પહોંચતી પમાશે!!

'પીંછું' અને 'રેતી' જેવી સ્થૂળ વસ્તુઓ વિશેની મનોજની, પ્રારંભિક કાળમાં લખાયેલી (મુસલસલ) ગઝલોએ, એમાંની કલ્પનસૃષ્ટિ, સહજ પ્રવાહિતા અને અર્થસમૃદ્ધિને લઈને, ધ્યાન ખેંચ્યું હતું! પંખીની પાંખથી ખરતું પીંછું હવામાં કેવું શિલ્પ કોરી જાય છે! – એની વાત કરી હતી. બપોરે 'તરસી થયેલી રેતી ખજૂરીના પડછાયા પી જાય છે' – એવો કવિને જ સૂઝતો વિચાર ધ્યાન ખેંચે છે. કવિ કહે છે :

**'પગો તો પગરખાં પહેરી ફરે/ પણ પગલાંનું શું જ્યારે તપી જાય રેતી?!'** અહીં વ્યંજિત થતો માનવભાવ આસ્વાદ્ય છે.


**'આ ડાળ ડાળ જાણે કે રસ્તા વસંતના,**
**ફૂલો એ બીજું કૈં નથી, પગલાં વસંતનાં!'**

પ્રકૃતિનું જીવંત ચિત્રણ મનોજની કલમને સહજ ઉપલબ્ધ છે :

**'કોક સમયના પરવાળામાં/ ફૂલો બેઠાં ગરમાળામાં!'**

ગઝલ બીજાને મન મનોરંજન હોઈ શકે – મનોજ તો એને શ્વાસ-પ્રાણ સમાણી અનુભવે છે ને એ રીતે આરાધે છે. જીવન રહસ્યમય છે. તત્ત્વદર્શન વડે એને સમજવાની કવિ મથામણ કરે છે. એક બાજુ પહાડ ને બીજી બાજુ ખીણ! માલિક આપણને ધારોધાર રાખે છે ને કારોબાર એના હાથમાં રાખી અને માણસને બારોબાર રાખે છે! આવી કસોટીઓમાં જીવનારા જ સારું જીવે છે – બાકી 'શતાયુ' તો ઘણા થતા હોય છે. કવિની આ સમજ એમની ઉત્કૃષ્ટ ગઝલોમાં પમાય છે. પીડા અને પડકારને ઉપાડીને જીવતો કવિજીવ માર્મિક ગઝલો રચે છે! ટહુકતો મોર અને ખીલેલો ગુલમહોર પણ કાયમ નથી રહેતા. કવિ એ પ્રમાણે છે ને એટલે તો કહે છે કે, 'આ સીધી વાટ છોડીને ચાલ્યો જવાનો સાવ/ શબ્દો સપાટ છોડીને ચાલ્યો જવાનો સાવ/ સમૃદ્ધિ આ અખંડ દીવાની તને દઈ – / ઘર ઝળહળાટ છોડીને ચાલ્યો જવાનો સાવ....' ને આ ઋજુ હૃદયનો અને મુલાયમ સ્વભાવનો કવિ મનોજ ખંડેરિયા તા. ૨૭-૧૦-૨૦૦૩ના રોજ કેન્સરની માંદગીમાંથી સદાને માટે જીવનમુક્ત થઈ ગયો.

❑



# ૪૯

## ગુજરાતી ગઝલને આધુનિકતાનો રંગ લગાડનાર શાયર : આદિલ મન્સૂરી

કવિ-શાયર 'આદિલ' મન્સૂરીને ગુજરાતભરમાં જાણીતા કરનારી એમની ગઝલ આ રહી :

**'નદીની રેતમાં રમતું નગર મળે ન મળે,**
**ફરી આ દૃશ્ય સ્મૃતિપટની ઉપર મળે ન મળે!**

**ભરી લો શ્વાસમાં એની સુગંધનો દરિયો,**
**પછી આ માટીની ભીની અસર મળે ન મળે!**

**ભરી લો આંખમાં રસ્તાઓ, બારીઓ, ભીંતો,**
**પછી આ શહેર, આ ગલીઓ, આ ઘર મળે ન મળે!'**

અમદાવાદ-વતન છોડવું પડે – એવી એક અસંભવિત ઘટનાનો અણસાર આવતાં 'આદિલ'ના હૃદયમાંથી સહજ રચાઈને બહાર આવેલી આ ગઝલ 'અવતરણ' છે!

'આદિલ'નો જન્મ ૧૮-૫-૧૯૩૬માં અમદાવાદ ખાતે થયો હતો. એમનું મૂળ નામ તો ફકીરમહમ્મદ ગુલાબનબી મન્સૂરી! આદિલ ઉપનામથી સાહિત્યસર્જન કરનાર શાયરે ગઝલ ઉપરાંત નાટકો લખેલાં ને ચિત્રો પણ કરેલાં. આદિલનું શિક્ષણ અમદાવાદમાં થયેલું. ૧૯૪૮માં, ભારતના ભાગલા

પછી આદિલના પિતાએ કરાચી-પાકિસ્તાન જવાનો નિર્ણય કર્યો. આદિલે કેટલુંક શિક્ષણ કરાચીમાં મેળવેલું! આઠેક વર્ષ કરાચીમાં રહીને કુટુંબ ગુજરાત પરત આવેલું. આથી નાગરિકતાનો પ્રશ્ન ગૂંચવાયેલો. પણ પછી તો બધું સમુંસૂતરું ઊતરેલું ને આદિલ અમદાવાદી બની રહેલા.

આદિલ થોડોક વખત પિતાના કાપડ અને સૂતરના વ્યવસાયમાં જોડાયા હતા. પણ પછી અંગ્રેજી-ગુજરાતી પત્ર-પત્રિકાઓમાં પત્રકાર તરીકે કામ કરવાનું એમને ગમી ગયેલું. જોકે ઈ.સ. ૧૯૮૪માં આદિલે સપરિવાર અમેરિકાના ન્યૂ જર્સી રાજ્યમાં જઈને કાયમી વસવાટ ત્યાં જ કર્યો હતો. ત્યાં રહીને એમણે કેટલીક વતનઝુરાપાની સરસ ગઝલો લખેલી – 'ગઝલના આયનાઘરમાં' સંચયમાં ડાયસ્પોરા-સંવેદનાની સારી ગઝલો મળે છે. અમેરિકા જતાં પહેલાં એમણે ત્રણ ગઝલ-સંચયો આપેલા. 'વળાંક', 'પગરવ', 'સતત'. ત્રણેમાં આપણને ગુજરાતી ગઝલનો આધુનિક ચહેરો જોવા મળે છે. ગુજરાતી ગઝલને આધુનિક વળાંક આપનાર આદિલ એમના સર્જન-લેખન અને વાણીવર્તનમાં પણ આધુનિક મિજાજના માણસ વર્તાતા રહ્યા હતા! દા.ત.,

**'આકાશને સજાવ્યું છે તારાના તોરણે;**
**સૂરજનું મોત જાણે ખુશીનો પ્રસંગ છે.'**

o

**'મકાનોમાં લોકો પુરાઈ ગયા છે,**
**માણસને માણસનો ડર હોય જાણે.**

**પવન શુષ્ક પર્ણો હટાવી જુએ છે;**
**વસંતોની અહીંયાં કબર હોય જાણે!'**

નૂતન સંવેદના સાથે નોખી ને તાજપભરી કાવ્યપદાવલિના વિનિયોગ ગુજરાતી ગઝલનો ચહેરો ને મિજાજ બદલી નાખે છે – આદિલ આવાં કલ્પન-પ્રતીકોના પ્રયોગો કરીને આપણી ગઝલને આધુનિક કવિતાની પંગતમાં સ્થાન અપાવે છે.

**'પડ્યા છે પીઠ પર જખ્મો, મૂકું આરોપ કોના પર?**
**ઘણા મિત્રોનાં નામો છે, જે લેવાઈ નથી શકતાં!'**

o

**'સુખો તો કોઈ દી આવે અને વ્હેંચાઈ પણ જાયે,**
**પરંતુ એ દુ:ખોનું શું જે વ્હેંચાઈ નથી શકતાં!'**

આદિલ અરૂઢના પ્રયોજક હતા. 'ચાંદની'ને એ આમ વર્ણવે છે : **'પથ્થરોને ચાંદની ડસતી રહી/ રાત ખૂણામાં ઊભી હસતી રહી.', 'શ્વાન તો પોઢી ગયા મધરાતના/ ને ગલી એકાંતની ભસતી રહી.'**

રાત-ચાંદની-અંધકાર-સૂરજ-તારા-વરસાદ વિશે કલ્પનો પ્રયોજીને આદિલે એમને નવા શબ્દલોકના ઉજાસમાં વર્ણવ્યાં.

**'જે વાત કહેવી છે શબ્દોથી જીરવાય નહિ,**
**પરિસ્થિતિ વિશે ચૂપ પણ રહી શકાય નહિ!'**

એક પ્રિયજન વરસાદમાં બીજા પ્રિયજન જોડે પલળવા ચાહે છે ને દુનિયાએ – છત્રી-રેઇનકોટ જેવી કેટલીય ભીંતો ચણી છે. સમાજ હમેશાં પ્રેમ-સુખમાં અવરોધક બને છે. ગઝલોમાં આદિલ આ માર્મિક રીતે મૂકે છે. સાદા સરળ શબ્દોમાં આદિલ ઊંડી વાતનો સંકેત કરવામાંય માહેર હતા.

**'વસંતો કાન દઈને સાંભળે છે ધ્યાનથી એને,**
**સવારે બાગમાં જ્યારે કળીનું મૌન બોલે છે.'**


o

**'જ્યારે પ્રણયની જગમાં શરૂઆત થઈ હશે,**
**ત્યારે પ્રથમ ગઝલની રજૂઆત થઈ હશે.**

**પહેલાં પવનમાં ક્યારે હતી આટલી મહેક,**
**રસ્તામાં તારી સાથે મુલાકાત થઈ હશે.'**

મનહર ઉધાસે એમની આવી ગઝલો ગાઈ હતી! 'દિલ ના લાગે કિનારે તો હું શું કરું/ દૂર ઝંઝા પુકારે તો હું શું કરું?/ તારી ઝુલ્ફોમાં ટાંકી દઉં તારલા/ પણ તું આવે સવારે તો હું શું કરું!' આદિલના શેર સાંભળીને કોઈ પણ કહી ઊઠે કે, 'ગઈકાલનો આ છોકરો શાયર બની ગયો!', 'પેન્સિલની કબર અને મીણબત્તી', 'હાથપગ બંધાયેલા છે ને મોઢે ડૂચા મારેલા છે' જેવાં એબ્સર્ડ પ્રકારનાં એકાંકીઓ ત્યારે કૉલેજમાં ભજવાતાં! 'રે-મઠ'ના મિત્રોને બળ પૂરું પાડનાર આદિલ ઝિંદાદિલ ઇન્સાન હતા! નિસબતથી કાર્ય કરવાનું ને જીવનને હળવાશથી લેવાનું આદિલની આદત હતાં. ૬-૧૧-૨૦૦૮માં ન્યૂ જર્સી ખાતે એમનું અવસાન થયું હતું.

❑



# ૫૦

## રૂઢિભંજક અને વિદ્રોહી સૂરના આધુનિક કવિ : ચિનુ મોદી

ગુજરાતી કવિતાનો પ્રત્યેક વાચક-ભાવક ચિનુ મોદીને જાણે છે. કવિ ચિનુ મોદી એમની બે અનુગામી કવિ પેઢીના વહાલા 'ચિનુકાકા' રહ્યા છે. એમાં નવોદિતો છે –ને હવે નીવડી ચૂક્યા એ પણ છે. એમના વિદ્યાર્થી-અધ્યાપકોના પણ એ ચિનુકાકા રહ્યા છે – જેમાં અધઝાઝેરી બહેન-દીકરીઓ છે. કવિઓની બબ્બે પેઢીની દરકાર કરનાર, એમની કાચીપાકી કવિતા સાંભળીને માર્ગદર્શન સાથે કાન આમળીને, વખાણ કરનાર 'ચિનુકાકા' – દરેક પેઢીને નથી મળતા! મૂંઝાતા ને સંઘર્ષ કરતા વિદ્યાર્થીને, કવિ-લેખકને, યુવાન ભાઈ-બહેનોને તમામ પ્રકારની મદદ કરવા સાથે હામ બંધાવી કાળજી લેનાર ચિનુકાકા ઝટ વિસરાઈ જાય એવા નથી! હા, એમનાં નાટકો ને કવિતા પણ તાકાતવર છે! સાહિત્યનાં બધાં સ્વરૂપોમાં પ્રયોગશીલ સર્જનલેખન કરનાર ચિનુ મોદી બિન્ધાસ્ત જીવનારો અને પ્રેમ માટે સર્વ સમર્પિત કરીને ફકીર ભાવે ફરનારો નોખો જીવ હતો! 'ઘર બળે તો તાપી જોવું જોઈએ' – એમ કહેનાર આ માણસે અમીરી અને મુફલીસી બંને જોયાં-જાણ્યાં-જીવ્યાં છે... પણ કદી હાર નથી માની!

આધુનિકતાના ગાળામાં 'રે મઠ', 'હોટલ પોએટ્સ', 'આકંઠ સાબરમતી' – જેવી સંસ્થાઓ રચી અને સાહિત્યક્ષેત્રે પ્રયોગો કરવા મિત્રોને સાથે જોડતો આ અજંપ જીવ, 'ઉન્મૂલન', 'રે' ને 'કૃતિ' જેવાં સામયિકો વડે ધમાલ મચાવી ધ્યાન ખેંચે છે! નિસબત સંપૂર્ણ દાખવે પણ નિર્મમતાય એવી જ! નવોદિતો અને સમકાલીનો સાથે રોજ સાંજના ચારથી રાતના બાર-બે વાગ્યા સુધી

કવિતાપઠન-ગોષ્ઠિ-નાટક દિગ્દર્શન-લેખન – નવા નવા નુસખાઓમાં વ્યસ્ત આ કવિ – નર્યો ને નકરો કવિ અમદાવાદમાં નિશ્ચિત સ્થળોએ હાજર હોય જ!

વિધિ-રૂઢિઓ-બંધનો સામે વિદ્રોહ કરનાર આ કવિ નિત્ય પ્રેમ ઝંખે છે! ને એ ઝંખના-મંથન-સંઘર્ષની કવિતા-વાર્તા-કથા કરે છે. મૂડમાં આવીને, વાસ્તવને પ્રતીકાત્મક રીતે વર્ણવતાં એકાંકી-નાટકો લખે છે! વલખવું ને લખવું; તડપવું ન તપવું; સોરાવું ને સમજવું : ચિનુ મોદીના સર્જનમાં આ ભાવવિશ્વ હાજરાહજૂર છે.

**'અંતર મારું એકલવાયું, કોને ઝંખે આજ?**
**કામણ કોનાં થઈ ગયાં છે? ના સૂઝે રે કાજ...!'**

o

**'શ્વેત દીવાલો ઉપર પડનાર પડછાયા ગયા,**
**ચોક વચ્ચોવચ પડેલાં મોરનાં પગલાં ગયાં.'**

**'ભીંત પરનાં નાગ-ચિતરામણ અરે! વેરી બને –**
**એટલાં માઠાં અને કપરાં વરસ હમણાં ગયાં...'**

મિત્રો-ચાહકો-પ્રિયજનો-સ્વજનોથી સદાય ઘેરાયેલો રહેતો આ સર્જક સતત 'એકલો' હતો... ઝુરાપો એના જીવનનું અવર નામ હતું! 'હુકમ, માલિક' એકાંકી વાંચો. 'ભાવ-અભાવ', 'ભાવચક્ર', 'શૈલા મજમુદાર' ને 'હેંગ ઓવર' નવલો વાંચો, 'ઇર્શાદગઢ'ની ગઝલો અને 'ખારાં ઝરણાં'નાં ગીતો વાંચો, 'બાહુક' જેવું દીર્ઘ ને પ્રયોગશીલ કાવ્ય તપાસો : બધે જ આ સર્જક છવાયેલો છે – એણે હૈયું ઠાલવીને લખ્યું છે. 'વિ-નાયક' જેવું ૩૦૦ પંક્તિનું છંદોબદ્ધ કાવ્ય ચિનુ મોદીની સર્જકતા સાથે એમના જીવનદર્શનનો ઉત્તમ પરિચય કરાવે છે, વિધિની કઠોરતા માણસને રંજાડતી રહે છે – એવા અફર સત્યને ચિનુ મોદી લખતા અને જીવતા હતા સતત!

ચિનુ મોદીનો જન્મ વિજાપુર (મહેસાણા જિલ્લો) ખાતે ૩૦-૯-૧૯૩૯માં થયો હતો. માતા શશિકાન્તા. પિયર પક્ષે – ધોળકામાં મોટાં જમીનદારનાં દીકરી હતાં. પ્રાથમિક શાળામાં ચિનુ મોદીને કાર લેવા-મૂકવા જતી. પિતાજી ચંદુલાલ વકીલ હતા. ને દીકરો આઇ.સી.એસ. થાય એવું ઇચ્છતા હતા. ચિનુ મોદીનાં પત્ની હંસાબહેન બહુ વેઠીનેય ગૃહસ્થી ચલાવનાર શાણાં ગૃહિણી હતાં. એમનું કેન્સરમાં અવસાન થયું ત્યારે – બધાં વર્ષોનું સ્મરણ કરી કવિએ 'સૈયર' નામે કાવ્યપુસ્તિકા રચીને ઋણભાવ વ્યક્ત કરેલો. નીમિષા-ઇંગિત-

ઉત્પલ - ત્રણ સંતાનો. વિજાપુર-ધોળકામાં પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ લીધેલું. અમદાવાદ આવીને બી.એ., એલ.એલ.બી., એમ.એ. થયા. ૧૯૬૮માં ગૂજરાત વિદ્યાપીઠથી પીએચ.ડી.ની પદવી મેળવેલી. એમનો 'ખંડકાવ્ય : સ્વરૂપ અને વિકાસ' – સંશોધનગ્રંથ ઘણો ધ્યાનપાત્ર નીવડેલો છે. કપડવંજ, તલોદ અને અમદાવાદની સ્વામીનારાયણ કૉલેજમાં ગુજરાતીના અધ્યાપક રહેલા. ઈસરોમાં સ્ક્રિપ્ટ રાઇટર તરીકે જોડાયેલા અને ફ્રીલાન્સ એડ્. જિંગલ લેખન પણ કરેલું. એક દાયકો વળી ભાષાભવન ગુજરાત યુનિવર્સિટીમાં ગુજરાતીના રીડર તરીકે જોડાયા અને ઉત્તમ વિદ્યાર્થીઓ તૈયાર કર્યા!

'ઇર્શાદ' ઉપનામથી ગઝલો લખીને આધુનિકોમાં પ્રયોગશીલ કવિ તરીકે નામ કમાયા. 'તસબી' અને 'ક્ષણિકા' – એમણે કરેલા ગઝલપ્રયોગો છે. છાંદસ-અછાંદસ અને ગીત તથા દીર્ઘકાવ્યોમાં પણ એમની સર્જક-પ્રતિભાનું તેજ વર્તાય છે. પચાસથી વધુ પુસ્તકોના સર્જક ચિનુ મોદીએ 'કાળો અંગ્રેજ' જેવી નવલકથામાં વંચિતોની વેદનાને વાચા આપી છે. 'લીલા નાગ' લઘુનવલને 'લિસોટો' નામે ફરી લખેલી. નામર્દ પુરુષની યુવાન પત્નીની માનસિકતાને આલેખતી આ કૃતિ પણ રૂઢિભંજક હતી. 'અશ્વમેધ' ચર્ચાસ્પદ બનેલું નાટક વિરોધને કારણે રજૂ નહોતું થઈ શક્યું. 'જાલકા' નાટક 'રાઈનો પર્વત'ને આધારે ચિનુ મોદીએ કરેલો સફળ નાટ્યપ્રયોગ હતો. દેશ-વિદેશમાં કાવ્યપઠન-વર્કશોપ કરનાર ચિનુ મોદી કદીય પગ વાળીને બેઠા નહોતા! 'હું ક્ષણોના મહેલમાં જાઉં અને/ કોક દરવાજો કરી દે બંધ તો?' ને એમ જ થયું. હજારો ભાવકો-ચાહકોના વહાલા 'ચિનુકાકા' તા. ૧૯-૩-૨૦૧૭ના રોજ સમયની પેલે પાર ચાલ્યા ગયા – સદાને માટે.

❑



# ૫૧

## સુરેશ દલાલની કવિતાપ્રીતિને કોઈ આંબી નથી શક્યું

કવિશ્રી 'સુરેશ દલાલ'! – ગુજરાતી કવિતાના ઇતિહાસમાં એક એવું નામ જેમણે મબલખ કાવ્યો લખ્યાં, ચાળીશથી વધારે કાવ્યસંચયો આપ્યા... ને વિવિધ સર્જકો, સાહિત્યસ્વરૂપો, અનેક વિષયોને લઈને ત્રીસથી વધારે સંપાદનો આપ્યાં! ગુજરાતી કવિતાના વાચકોને-ભાવકોને સુરેશ દલાલે 'કવિતા' સામયિક દ્વારા ભારતીય ભાષાઓની તથા વિદેશી કવિતાઓનો અનુવાદ દ્વારા, પરિચય કરાવ્યો. એમણે 'કવિતા' દ્વૈમાસિક વડે અનેક ગુજરાતી નવકવિઓને ઓળખાવ્યા, આગળ કર્યા ને ગુજરાતે એમાંથી ઘણાને વધાવ્યા! સુરેશ દલાલની કવિતાપ્રીતિને કોઈ ન આંબી શકે! આ માણસે કવિતા માટે જીવન સમર્પી દીધું... ગુજરાતનાં મહાનગરો ઉપરાંત મુંબઈ અને વિદેશોમાં પણ એમણે કવિસંમેલનો દ્વારા, કાવ્યચયનો દ્વારા ગુજરાતીઓનાં રસ-રુચિને પોષવા સાથે એનું સંમાર્જન તથા સંવર્ધન કર્યું છે. એમની કાવ્યપ્રીતિ વિશે બહુમતીમાં એકમતી છે. સુરેશ દલાલને સેંકડો કાવ્યો કંઠસ્થ હતાં!

ઇમેજ પબ્લિકેશન દ્વારા એમણે કાવ્યનાં પુસ્તકો તથા અન્ય સાહિત્ય-વિષયોનાં પુસ્તકો કેવી અનોખી, આકર્ષક અને કલાત્મક રીતે પ્રકાશિત કરી શકાય તે શીખવ્યું. છેક ગામડાં સુધી તથા ઉત્સુક ભાવકો અને નવા વાચકો સુધી પુસ્તકો પહોંચાડવાની રીતભાત પણ એમણે બધાંને શીખવી! ગ્રંથો-મહાગ્રંથોનું પ્રોડક્શન એમણે કરી બતાવ્યું. વિશ્વકવિતા, ગુજરાતી કવિતાસમૃદ્ધિ, નિબંધવિશ્વ, યાદગાર પ્રવાસનિબંધો જેવા વીસથી વધુ સંપાદનો

આપીને એમણે ગ્રંથાલયોની રંકતા દૂર કરવા, દાતાઓ મેળવીને મફત પુસ્તક વિતરણ કરવાનું સાહસ કરેલું. આ પણ એમનું મોટું સેવાકાર્ય છે.

કૃષ્ણ અને રાધા-ગોપીને વણી લઈને સુરેશ દલાલે પ્રણયકવિતાના હાર્દ સમાં ગીતો આપ્યાં છે. દા.ત.,

**'રાધાનું નામ તમે વાંસળીના સૂર મહીં વ્હેતું ના મેલો ઘનશ્યામ/ સાંજ ને સવાર નિત નિંદા કરે છે ઘેલું ઘેલું રે ગોકુળિયું ગામ!/ વણગૂંથ્યા કેશ અને અણઆંજી આંખડી કે ખાલી બેડાની કરે વાત/ લોકો કરે છે શાને દિવસ ને રાત એક મારા મોહનની પંચાત./ વળી વળી નીરખે છે કુંજગલી; પૂછે છે, કેમ અલી! ક્યાં ગઈ'તી આમ?/ રાધાનું નામ....'**

'એકાંત', 'તારીખનું ઘર', 'અસ્તિત્વ', 'નામ લખી દઉં', 'હસ્તાક્ષર', 'સિમ્ફની', 'રોમાંચ', 'સાતત્ય', 'પિરામીડ', 'રિયાઝ', 'વિસંગતિ', 'સ્કાયસ્ક્રેપર', 'ઘરઝુરાપો', 'એક અનામી નદી', 'ઘટના', 'કોઈ રસ્તાની ધારે ધારે', 'રાધા શોધે મોરપિચ્છ' અને 'પવનના અશ્વ' તથા 'અખંડ ઝાલર વાગે' (અકાદમી ઍવૉર્ડ) જેવા અનેક સંચયો આપનારા કવિ સુરેશ પુરુષોત્તમ દલાલનો જન્મ ૧૧મી ઑક્ટોબર, ૧૯૩૨માં થાણે ખાતે થયો હતો. આજીવન મુંબઈગરા રહેલા સુરેશ દલાલ ૧૯૫૫માં એમ.એ. થઈને મુંબઈની વિવિધ કૉલેજોમાં ગુજરાતીના અધ્યાપક રહ્યા હતા. ૧૯૭૩થી નિવૃત્તિ સુધી સુરેશ દલાલ એસ.એન.ડી.ટી. વીમેન્સ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના અધ્યક્ષપદે રહેવા સાથે અનેક પદો અને સંસ્થા-પ્રવૃત્તિઓમાં ગળાડૂબ હતા. ૧૯૬૯માં પીએચ.ડી. થયા એ પહેલાં ૧૯૬૬માં 'એકાન્ત' કાવ્યસંચય આપીને જાણીતા થઈ ગયા હતા. હરીન્દ્ર દવે, જગદીશ જોશીના અભિન્ન મિત્ર અને ઉમાશંકર તથા ભાયાણીસાહેબના પ્રીતિપાત્ર આ કવિ સભાસંચાલનો અને સાહિત્ય સમારંભોના સંયોજક તરીકે છેક યુકે ને યુએસએ સુધી લોકપ્રિય વક્તા હતા.

કિરાત વકીલ અને રથિન શાહ જેવાં ઉપનામથી પણ કવિતા લખનાર સુરેશ દલાલે અનેક વિભાષી કવિતાના ગુજરાતીમાં અનુવાદો કર્યા હતા. એમનાં પત્ની સુશીલા દલાલને નામે પણ કાવ્ય-અનુવાદો બોલે છે. એમની બે દીકરીઓ કવિતા નથી લખતી. સુરેશ દલાલે બાળકાવ્યો લખ્યાં છે – જેના સાત સંચયો છે. 'પિનકુશન'માં એમની ધ્યાનપાત્ર વાર્તાઓ છે. 'મારી બારીએથી' કોલમ લખતા. એ લેખો-નિબંધોના છ જેટલા સંચયો છે. સાત જેટલા વિવેચનલેખોના સંગ્રહો આપનાર આ કવિએ ઉમાશંકર અને

સુન્દરમ્‌ની કવિતા વિશેના લેખો સમાવતાં સંપાદનો આપેલાં : ‘કવિનો શબ્દ’ અને ‘તપોવન’! ઉપરાંત એમણે જયંત પાઠક, રમેશ પારેખ, મકરંદ દવે વગેરેની ઉત્તમ કવિતાનાં ચયનો કરી આપેલાં.

એમણે મહાનગરના એકવિધ તથા ભૌતિકવાદી જીવનની ગૂંગળામણોને વ્યક્ત કરતાં દીર્ઘ કાવ્યો લખ્યાં છે. ‘જેવું જેનું ખિસ્સું, એવો એનો ફ્લેટ!’ એમનું કવિત્વ જેમાં ઝિલાયું હોય એવાં ગીતોમાં ‘લીલ લપાઈ બેઠી જળને તળિયે/ સૂર્યકિરણને એમ થયું કે લાવ, જઈને મળીએ!’ ખૂબ ધ્યાનપાત્ર છે. સુરેશ દલાલે ‘સભારંજની’ કવિતા પણ લખી છે. દા.ત., ‘એક ડોસો ડોસીને હજી વ્હાલ કરે  છે...’ વગેરે આ કવિનાં થોડાંક સૉનેટકાવ્યો પણ ગમી જાય એવાં છે : દા.ત., ‘તમારા પત્રો’– ‘તમારા પત્રોમાં ઝરમર ઝરે વ્હાલ નભનું/ અહો! શબ્દેશબ્દે સજલ ઊઘડે શાંત તડકો/ તમે પાસે પાસે, તદપિ દૂરનાં દૂર રહીને/ અહીં મારી વીણા રણઝણી રહે એમ અડકો!’

સુરેશ દલાલની ‘ઓળખમુદ્રા-સિગ્નેચર પોયમ’ બની રહેલું ગીત પણ લોકજીભે અને ગાયકોને કંઠે સંભળાતું-ગવાતું રહે છે. જોઈએ...

**‘નજરુંના કાંટાની ભૂલ મારા વ્હાલમા,**
**વીંધે હૈયું ને તોય ફૂલ મારા વ્હાલમા!**
**તું જ કહે તે કબૂલ મારા વ્હાલમા!’**

નગરજીવનની એકવિધતાને હરાવવા પ્રેમની કવિતામાં ગળાડૂબ રહેતા આ કવિનું જન્માષ્ટમીની મધરાતે જ ૧૦-૮-૨૦૧૨માં મુંબઈ ખાતે અવસાન થયું હતું!!

❑



# ૫૨

## કોઈનો પ્રેમ ક્યારેય ઓછો નથી હોતો... માત્ર આપણી અપેક્ષાઓ વધારે હોય છે : હરીન્દ્ર દવે

કવિની નિજી મુદ્રા ઉપસાવતી એકાધિક રચનાઓ લોકજીભે રમતી થઈ જાય છે. લોકહૈયામાં વસી ગયેલી આવી કવિતાને 'સિગ્નેચર પોયમ' કહી શકાય – 'કવિની ઓળખમુદ્રા' બનેલી કવિતા! હરીન્દ્ર દવેની આવી એકાધિક કૃતિઓમાંય અગ્રેસર તો આ ગીતકવિતા છે –

**પાન લીલું જોયું ને તમે યાદ આવ્યાં,**
**જાણે મોસમનો પહેલો વરસાદ ઝીલ્યો રામ,**
**એક તરણું કોળ્યું ને તમે યાદ આવ્યાં.**

**ક્યાંક પંખી ટહુક્યું ને તમે યાદ આવ્યાં,**
**જાણે શ્રાવણના આભમાં ઉઘાડ થયો રામ,**
**એક તારો ટમક્યો ને તમે યાદ આવ્યાં!**

પ્રિયા અને પરમેશ્વરની સૃષ્ટિ અહીં એકાકાર છે. પ્રેમ તથા પ્રકૃતિ અહીં અભિન્ન રૂપ ધારે છે. પ્રેમના ગૂઢાર્થો જાણનારો આ 'મૌન'નો કવિ આપણને 'સમય'નાં રૂપો સમજાવે છે અને પ્રીતનો 'આસવ' પાય છે. કવિતાને-સર્જનને આ સર્જક 'સૂર્યોપનિષદ'ની આરાધના માને છે. એમની કવિતામાં એમના સ્વભાવ જેવી ઋજુતા છે, મૃદુતા છે, સંયમ છે.

**'રૂપલે મઢી છે સારી રાત, એનું ઢૂંકડું ન હોજો પ્રભાત.'**

o

**‘શમણામાં પણ હવે ન મુલાકાત થઈ શકે,**
**ને જાગતા મિલનનો ધારો નથી રહ્યો!**
**તારા મિલનમાં તારા વિરહની ગઝલ કહી,**
**એ તારો ભ્રમ હતો કે હું તારો નથી રહ્યો!’**

o

**‘વરસાદની મોસમ છે ચાલ, વરસતાં જઈએ,**
**ઝાંઝવા હો કે જળ, ચાલ પલળતાં જઈએ!’**

ગીત અને ગઝલ બંનેમાં ભાષાનું રેશમી પોત સ્પર્શી જાય છે.

‘કોઈનોય પ્રેમ ક્યારેય ઓછો નથી હોતો, માત્ર આપણી અપેક્ષા વધારે હોય છે.’ કહેવતરૂપ બની ગયેલી આ ઉક્તિના સર્જક હરીન્દ્ર દવેનું વતનગામ ભાવનગર-બોટાદ વચ્ચેનું ઉમરાળા! એમનો જન્મ તા. ૧૯-૯-૧૯૩૦માં કચ્છના ખાંભરા ગામે થયો હતો. પિતા જયંતિલાલ દવે મુંબઈ વસેલા. હરીન્દ્રનું સમગ્ર જીવન મુંબઈમાં વીત્યું હતું. એમનાં બાનું નામ સરિતા. પત્ની જયલક્ષ્મી. રોહિત, પ્રકાશ, દીપક – ત્રણ દીકરાઓનો પરિવાર. હરીન્દ્ર દવે ગુજરાતી સાથે ૧૯૬૧માં એમ.એ. થયા. એ પહેલાં એ અમેરિકન સરકારની ‘યુસીસ’ સંસ્થામાં નોકરી કરતા હતા. પણ જનજીવનને જાણવું-આલેખવું હતું એટલે પત્રકારત્વક્ષેત્રે પ્રવેશ્યા હતા. થોડાંક વર્ષો – ૧૯૬૧-૬૪ ‘સમર્પણ’ માસિકના સંપાદક રહેલા. ‘જનશક્તિ’નું તંત્રીપદ સંભાળેલું પણ ઘણાં વર્ષો સુધી હરીન્દ્ર દવે ‘જન્મભૂમિ પ્રવાસી’ના સફળ અને લોકપ્રિય તંત્રી બની રહ્યા. આ મીણ જેવા હૃદયના માણસે કવિતા, નવલકથા અને નિબંધ ક્ષેત્રે નોંધપાત્ર સર્જન કર્યું. અનુવાદો અને સંપાદનો ઉપરાંત તંત્રીલેખો પણ કરવાનું ગમતું હતું. એમાં પણ નામ કમાયા હતા.

એમની ઉત્તમ કવિતાનો સંચય ‘હયાતી’ એમણે પોતે જ ચૂંટેલી રચનાઓનો સંગ્રહ છે. ‘ચાલ, વરસાદની મોસમ છે’-માં એમની સમગ્ર કવિતા સચવાયેલી છે. ‘અગનપંખી’, ‘પળનાં પ્રતિબિંબ’, ‘અનાગત’, ‘સુખ નામનો પ્રદેશ’, ‘ગાંધીની કાવડ’ અને ‘માધવ ક્યાંય નથી’ એમની જાણીતી નવલકથાઓ છે. ‘નીરવ સંવાદ’ અને ‘શબ્દ ભીતર સુધી’ નિબંધસંચયોનું ગદ્ય આસ્વાદ્ય છે. ‘મધુવન’, ‘કવિતા’, ‘મડિયાનું મનોરાજ્ય’ જેવાં એમનાં સંપાદનો ધ્યાનપાત્ર છે. ‘કવિ અને કવિતા’માં કાવ્યાસ્વાદો છે. ‘દયારામ’, ‘ગાલિબ’ વગેરે કવિ-કવિતાના વિવેચન ગ્રંથો છે.

કુલ છપ્પન ગ્રંથોના સર્જક હરીન્દ્ર હૃદયથી તો કવિ જ રહ્યા છે. એમનામાંનો કવિ નવલકથા-નિબંધ-લેખોમાંય વર્તાઈ આવે છે. હરીન્દ્રની કવિતામાં અધ્યાત્મ છે. એનાં મૂળ નરસિંહ-મીરાં-દયારામમાં મળે. એમણેય કૃષ્ણ-રાધાની કવિતા કરી છે. પરંતુ હરીન્દ્ર મુખ્યત્વે પ્રેમની પીડાના કવિ છે. વેદના વિના પ્રેમ કે કવિતા સંભવતાં નથી. પ્રિયજન અને ઈશપ્રાપ્તિની ઝંખા કવિતામાં 'પ્રેમપદારથ'-ની ખેવના બનીને પ્રગટે છે. એમની બે નવલો : 'અનાગત' અને 'પળનાં પ્રતિબિંબ' – આ ભૂમિકાએ ઉત્તમ છે. પ્રેમીની ખેવના વેદના વિના અસંભવ છે. વાંચો :

**'રૂંવે રૂંવે તે નવી ચેતનાની લ્હેરખી/ ને ચિત્ત રે ચડ્યું ચકરાવે/ પીવા દો ભરી ભરી ઝેરના પિયાલા/ મને એનોય કેફ ઓર આવે/ કાંઠે તો બેઠું રહેવાય નહિ, લેવા ઘો/ આગના નવાણમાં ઝબોળો, રાણાજી,/ રોજ પીધો અમલ થોરો થોરો! હવે જીરવશું ઝેરનો કટોરો!'**

સાહિત્ય આપણને સહેવાનું શીખવે છે. 'માધવની એંધાણીઓ બધે મળે છે. પણ એ તો હમણાં જ એ સ્થળ છોડી આગળ ગયા છે.' આ વાત 'સુખ નામનો પ્રદેશ'માં જુદી રીતે રૂપાંતર પામી છે. લોભી દુનિયા તો સંગ્રહીને રાજી રહે છે. પણ પ્રિયજન તો ન્યોછાવર કરીને ન્યાલ થઈ જવા ઝંખે છે. એટલે કૃષ્ણની ગોપી હરીન્દ્રની કવિતામાં આવીને બોલે છે :

**'શિર પર ગોરસ-મટુકી/ મારી વાટ ન કેમે ખૂટી/ અબ લગ કંકર એક ન લાગ્યો/ ગયાં ભાગ્ય મુજ ફૂટી/ કાજળ કહે આંખોને, આંખો વાત વહે અંસુઅનમાં; માધવ ક્યાંય નથી મધુવનમાં....'**

આજે આપણે હરીન્દ્ર દવેને એમની જન્મતારીખની આસપાસ ખાસ યાદ કરીએ છીએ :

**'કોઈ આંગણ અટક્યું ને તમે યાદ આવ્યાં/ જાણે પગરવની દુનિયામાં શોર થયો રામ... એક પગલું ઊપડ્યું ને તમે યાદ આવ્યાં...'**

માંડ પાંસઠ વર્ષનું, પ્રવૃત્તિમય આયુષ્ય ભોગવીને હરીન્દ્ર દવેએ તા. ૨૯-૩-૧૯૯૫માં પોતાની જીવનલીલા સંકેલી લીધી હતી.

❑



# ૫૩

## આજીવન સતત લખતા રહેલા લેખક અને પત્રકાર : ભગવતીકુમાર શર્મા

અઢળક અને સતત સાહિત્યલેખન તથા હજારોની સંખ્યામાં તંત્રીલેખો/પત્રકારત્વના ક્ષેત્રે સેંકડો લેખોનું લેખન કરનાર ભગવતીકુમાર હરગોવિંદદાસ શર્મા મોટા લેખક હોવા છતાં, એ સુરતમાં અને દક્ષિણ ગુજરાતમાં જેટલા જાણીતા અને લોકપ્રિય હતા, એટલા જ ગુજરાતના અન્ય પ્રદેશોમાં ઓછા જાણીતા તથા અલ્પ પ્રમાણમાં વંચાતા હતા – એ વાત હવે તો સ્વીકૃત છે.

સ્કૂલના દિવસોથી જ આંખો બહુ નબળી, ડૉક્ટરની પણ નહિ વાંચવાની સલાહ. પુત્રને ભણાવવાની હોંશ છતાં આંખોની અતિશય નબળાઈને લીધે પિતાની ચિંતા : આ બધાંની વચ્ચે ભગવતીભાઈ (લેવાતું નામ)એ વાંચવા-લખવાનો માર્ગ જ પસંદ કર્યો અને પચાસથી વધારે પુસ્તકો તો સાહિત્ય ક્ષેત્રે લખ્યાં, વળી છાપાંના તંત્રીલેખો તો હજારોની સંખ્યામાં લખીને એક સીમાંકન કરી આપનાર ભગવતીભાઈને સુરત યુનિવર્સિટીએ 'ડૉક્ટર ઑવ્ લેટર્સ'ની માનદ પદવીથી નવાજેલા! ગુજરાતી સાહિત્ય જગતમાં અપાતાં તમામ મહત્ત્વનાં પારિતોષિકો-પુરસ્કારો-એવોર્ડ્ઝ (જ્ઞાનપીઠ સિવાય) મેળવનાર એકમાત્ર સર્જક-લેખક એટલે ભગવતીકુમાર હ. શર્મા! વિનમ્ર-વિવેકી-પ્રેમાળ-સમયબદ્ધ અને કુશળ વહીવટ કરનાર, દક્ષ અને વ્યવહારુ વ્યક્તિત્વના ધનિક માલિક ભગવતીભાઈએ નવલકથા-વાર્તા-કવિતા-ગઝલ-ગીત-સૉનેટ-નિબંધ-પ્રવાસ-આત્મકથા-આસ્વાદ-સમીક્ષા : એમ અનેક

સ્વરૂપોમાં એમની મધ્યમ કક્ષાની સર્જકતાને પ્રયોજીને સફળતા મેળવી હતી. અલબત્ત! ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે એમના લેખન-સર્જનથી કોઈ નવાં સીમાંકનો નથી થયાં!

એમની સર્જકતા કવિતા ક્ષેત્રે રંગદર્શી છટાવાળી અભિવ્યક્તિથી ધ્યાન ખેંચે છે. ચયન-સંપાદન-સમગ્ર કવિતા સમેત બધા ગ્રંથો ગણીએ તો કવિતાવિષયક જ પંદર સંચયો એમણે આપેલા છે. 'સંભવ', 'છંદો છે પાંદડાં જેનાં', 'ઝળહળ', 'નખદર્પણ' અને 'અઢી અક્ષરનું ચોમાસું' તથા 'ઉજાગરો' – એમના કાવ્યસંચયો છે. 'આત્મસાત્' સૉનેટ સંચયમાં પત્નીને અંજલિરૂપે લખાયેલાં કાવ્યોમાં કેટલાંક ભાવભક્તિ અને કલ્પનોથી સમૃદ્ધ છે. એમનાં બે ગીતોના મુખડા માણીએ :

**'ઘરમાં રહું ને તોયે ભીંજાઉં સોંસરવી/ એવો વરસાદ ક્યાંથી લાવવો?/ કાજળ કાઢીને મારી ભૂરીછમ આંખનું/ મેઘને તે કેમ કરી આંજવો?/ એવો વરસાદ ક્યાંથી લાવવો?'**

o

**'મેં તો પાપડ બાંધ્યાને આવી ઝરમરતી ઝૂલ/ હવે કેમ કરી તડકા તેડાવવા? ભર રે ચૈતરમાં રેલ્યો અષાઢ હવે/ દિવસોને કેમ કરી ઠેલવા?/ મેં તો પાપડ બાંધ્યા...'**

એમની 'માણસની ગઝલ' જાણીતી છે. પરંતુ કાવ્યત્વ સંદર્ભે એમની 'ચાસમાં' ગઝલનો શેર જોઈએ :

**'આ ક્ષણો પછીથી નહીં રહે, ન સુવાસ ફોરશે શ્વાસમાં :**
**ચલો, સંગ થોડુંક ચાલીએ આ સમયના દીર્ઘ પ્રવાસમાં!'**

'તુલસીપર્ણ' સૉનેટમાં બા પોતાના તુલસીનું જતન ને નિત્ય પૂજા કરે છે. કોઈને લીલું પાદડુંય નથી તોડવા દેતાં. હવે બાપુજીનું (પતિનું) અવસાન થતાં બા કઠણ મન કરીને તુલસીપત્ર તોડીને બાપુજીના બીડેલા હોઠ પર મૂકે છે. હાથ કંપે છે. સરસ સૉનેટ છે.

ભગવતીકુમાર હ. શર્માનો જન્મ સુરત ખાતે તા. ૩૧-૫-૧૯૩૪માં થયો હતો. પિતા હરગોવિંદભાઈ. માતા હીરાબા. પત્ની જ્યોતિબહેન (જશુમતી). પુત્ર મેહુલ અને રુચિરા તથા રીના બે પુત્રીઓ. બધું શિક્ષણ સુરતમાં. બી.એ. થયેલા. ૧૯૫૪થી નિવૃત્તિ ૧૯૯૪ સુધી સુરતના જાણીતા દૈનિકમાં તંત્રી વિભાગમાં સેવારત હતા. એ પછી પણ પત્રકારત્વ છૂટ્યું નહોતું!

તેર જેટલી નવલકથાઓ એમણે લખી હતી. એમાં ઉત્તમ તો 'સમયદ્વીપ', 'ઊર્ધ્વમૂલ' અને 'અસૂર્યલોક' ગણાવી શકાય! 'રિક્તા', 'વ્યક્ત મધ્ય', 'ભીના સમયવન'માં – પણ સુપાઠ્ય છે. 'સમયદ્વીપ'માં પરંપરાવાદી રૂઢિચુસ્ત બ્રાહ્મણ પરિવારનો દીકરો નગરમાં ભણવા જાય છે, ત્યાં નોકરી કરે છે. ત્યાંથી જ નગરકન્યાને પરણીને વતન આવે છે. ત્યારે નવવધૂ અને પરિવાર વચ્ચે રૂઢિઓ અને પરંપરાઓ બાબતે મૂક સંઘર્ષ થાય છે. બદલાતા જતા સમાજનું એક સુંદર ચિત્ર એમાં મુકાયું છે. 'ઊર્ધ્વમૂલ'-માં પ્રેમની પાવકતા, વિરહની દાહકતા અને વ્યક્તિજીવનમાં સ્વાતંત્ર્ય-ઇચ્છાનું સાંકેતિક વર્ણન છે. 'અસૂર્યલોક'માં રૂઢિવાદી બ્રાહ્મણ પરિવારની ત્રણ પેઢીની કથા છે. એમાં પણ સંઘર્ષ છે. કુટુંબજીવનના તાણાવાણાને તર્કબદ્ધ રીતે મૂકતી આ નવલકથાએ ધ્યાન ખેંચેલું! ભગવતીભાઈની આ નવલોમાં દીર્ઘસૂત્રતા છે. કથાકથનમાં મંદ ગતિ અને વર્ણનોમાં શુષ્કતા વાચકને વિમુખ કરે છે. 'અસૂર્યલોક' દૂરદર્શન પર સિરિયલરૂપે રજૂ થઈ હતી!

ભગવતીભાઈએ પાંચ જેટલા નાટ્ય-અનુવાદો આપેલા છે. 'હયવદન', 'તુઘલક', 'આષાઢ કા એક દિન', 'સૂર્યના અંતિમ કિરણથી પ્રથમ કિરણ સુધી' નાટકો ગુજરાત અને મુંબઈમાં ભજવાતાં રહેલાં. આઠ જેટલા નિબંધસંચયોમાંથી – 'શબ્દાતીત', 'બિસતંતુ', 'હૃદયસરસા' અને 'પરવાળાંની લિપિ'ને યાદ કરી શકાય! એમના ગદ્યમાં સર્જકતા ઓછી વર્તાય છે. એમની આત્મકથા : 'સુરત, મુજ ઘાયલ ભૂમિ'માં પણ વિગતપ્રાચુર્ય ઘણું છે. આથી સંકલના શિથિલ બનતાં કથા પ્રભાવક બનતી નથી. પણ એનું દસ્તાવેજી મૂલ્ય તો છે. 'આવજે અમેરિકા' પ્રવાસકથામાં પણ બધાં વિશે બધું જ કહી દેવાનો ઉમળકો રચનાને દીર્ઘસૂત્રી ને શુષ્ક બનાવે છે. ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખપદે વરાયેલા ભગવતીભાઈ બીજી દસ જેટલી સંસ્થાઓમાં વિવિધ પદો પર સક્રિય રહેલા. સતત લખનાર આ 'લેખનવીર' સર્જકનું તા. ૫-૯-૨૦૧૮માં સુરત ખાતે અવસાન થયું હતું.

❑



# ૫૪

# ગુજરાતીમાં ગુણસમૃદ્ધ દલિતસાહિત્યનું માતબર સર્જન કરનાર : જોસેફ મેકવાન

શ્રી જોસેફ મેકવાન આપણા દલિત સાહિત્યના પ્રમુખ પ્રવર્તક સાહિત્યકાર હોવા સાથે મુખ્ય ધારાના લોકપ્રિય લેખક પણ ખરા! આપણા વિદ્વાનોએ અને સાહિત્ય મર્મજ્ઞોએ એમના સાહિત્યને માણ્યું-પ્રમાણ્યું અને વખાણ્યું હતું. સાહિત્યના અભ્યાસીઓ, રસિકજનોએ અને સામાન્ય ભાવકો-વાચકોએ પણ જોસેફના સર્જન-લેખનને પ્રેમથી આસ્વાદવા સાથે એમાં પોતાની સંવેદનાઓનું વિશ્વ પ્રગટ થતું જોયું હતું. એટલે એમનાં ધારાવાહિક ચાલતાં દીર્ઘ રેખાચિત્રો અને નવલો વાંચવાની સહુને પ્રતીક્ષા રહેતી. હરીન્દ્ર દવેએ 'જન્મભૂમિ-પ્રવાસી'માં 'ભવાટવી' કોલમ દ્વારા જોસેફને લોકો સુધી પહોંચાડ્યા હતા. જોસેફને એક બહોળો વાચકવર્ગ મળ્યો એનું કારણ એમના સાહિત્યમાં પ્રગટતું જીવનનું કઠોર તથા કરુણ વાસ્તવ અને અસલ ગામડાંના તળમાં મનેખનું તળબોલીમાં થયેલું હૃદયસ્પર્શી અને કદીક રડાવી દેતું આલેખન!!

જોસેફનાં રેખાચિત્રો તથા નવલકથા-વાર્તા વિશે દર્શકે, ઉમાશંકરે, ભગવતીકુમાર શર્માએ, રઘુવીર તથા રાધેશ્યામે ઉમળકાથી લખ્યું છે. અનેક લેખકો-વિવેચકો-વાચકોએ જોસેફની કૃતિઓ વિશે અભ્યાસપૂર્વક લખ્યું છે. 'જિન્દગી જીવ્યાનો હરખ' – મહાગ્રંથ (સંપાદન)માં એ બધું સંચિત છે. પણ અહીં નારાયણ દેસાઈનું એક અવતરણ પર્યાપ્ત થશે.

'જોસેફ એક શિક્ષક છે, કર્મઠ કાર્યકર છે. સમાજસુધારક, દેશભક્ત છે. પરંતુ ગુજરાતમાં કદાચ તેમની સૌથી મોટી ઓળખ એક સાહિત્યકારની છે.

જોસેફ મેકવાન ગુજરાતી સાહિત્યની એક ઘટના છે. અસત્ય, અન્યાય અને સમાજ-માળખામાં નિહિત અને વકરેલી હિંસાએ જોસેફની વાણીને ધાર આપી છે. સ્વાભિમાન, કરુણા, સંવેદનાએ એ વાણીને મધુરતા આપી છે.'

જોસેફનું વતનગામ ઓડ (આણંદ જિલ્લો). એમનો જન્મ મોસાળ ત્રણોલમાં ૯મી ઑક્ટોબર, ૧૯૩૫માં થયેલો. માતાનું નામ હીરા, પિતાજી ઇગ્નાશ મેકવાન (બધા ડાહ્યાભાઈ માસ્તરથી બોલાવતાં.) શિક્ષક હતા. ખેતી પણ કરતા. દાદી ધનીમા ભેંસો દોહીને ઘી-ના રૂપિયાથી ઘડો ભરેલો. બધું કાળની થપાટમાં વિખરાઈ ગયું. હીરાબા ટી.બી.માં મર્યાં. માસ્તરે બીજું લગ્ન કર્યું. દાદીએ ઝેર ઘોળ્યું. કાળજી લેનાર કાકાને પગનું ધનૂર લઈ ગયું. વહાલી કાકી જોસેફને નિઃસહાય છોડીને ન્યાતને નિયમે નાતરે ગઈ. બાળક જોસેફને સાવકી માએ ઘરકામમાં જોડીને ભૂખે મારવા સુધીનો જુલમ ગુજાર્યો! મિશનની શાળામાં જેમતેમ ભણીને હોશિયાર જોસેફ પણ ખંભોળજની મિશન શાળામાં શિક્ષક થયા. પીટીસી કર્યું. નોકરી સાથે અનુસ્નાતક થયા. બી.એડ. થયા. ડાકોરની ભવન્સ કૉલેજમાં હિન્દીના અધ્યાપક થયા પણ એમને ઉચ્ચ શિક્ષણ ખાડે જતું લાગ્યું – અધ્યાપકોની બેજવાબદારીથી એ ભાગ્યા અને આણંદ ગામડીની સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં ઉત્તમ શિક્ષણકાર્ય કરવા સાથે સાહિત્ય સર્જન અને અભાવગ્રસ્ત લોકોની મદદમાં જીવન વિતાવ્યું. ચાર દીકરા – ચાર દીકરીઓના પરિવાર સાથે ત્યાં જ રહ્યા. પત્ની રેગીના બહેને સંસાર ને સમાજ સાચવ્યાં. સંતાનોનાં સંતાનોય હવે દેશ-વિદેશે સન્માર્ગે કામ કરે છે. જોસેફનું જીવન કસોટીઓથી ભરેલું હતું. જીવનના આ કઠોર વાસ્તવે એમને મોટા લેખક બનાવ્યા!


૧૯૮૪માં જોસેફ પોતાનું પ્રથમ પુસ્તક – રેખાચિત્રોનો સંચય 'વ્યથાનાં વીતક' લઈને આવ્યા, અને વાસ્તવની વેદનાને વેઠતા દલિત-શોષિતોની એ કર્મઠ અને કરુણ વ્યથાકથાએ જોસેફને ગુજરાતભરમાં લોકખ્યાત બનાવી દીધા. મુંબઈ-કલકત્તા સુધી એમનો ચાહક વર્ગ વિસ્તરેલો. ૧૯૮૭માં 'સરસ્વતીચન્દ્ર' નવલકથાના પ્રકાશનને એકસો વર્ષ થયાં, ત્યારે જોસેફ, ભદ્રવર્ગની શોષણખોરી સામે શોષિતોના વિદ્રોહની કથા 'આંગળિયાત' લઈને આવ્યા. ઉમાશંકર સમેત અનેકોએ એ નવલકથાને વખાણી-વધાવી હતી. 'આંગળિયાત' ચરોતરના તળજીવનની, માટી સાથે મહેનત કરનાર લોકોની, જીવનયંત્રણાઓને ખુમારીપૂર્વક વેઠતાં અને ખુવાર થવા છતાં પ્રેમ, સચ્ચાઈ અને નીતિને નહીં છોડતાં મનેખની અનોખી કથા છે.

જોસેફનાં રેખાચિત્રોના સંચયો : 'વહાલનાં વલખાં', 'જનમજલાં', 'મારી ભિલ્લુ' – ગુજરાતી ચરિત્રસાહિત્યમાં બેનમૂન છે. એમનાં આ ચરિત્રચિત્રણોએ એમને સ્વામી આનંદની પંગતમાં સ્થાન અપાવ્યું છે. જોસેફ નારીજીવનને આલેખવામાં અગ્ર હરોળના સર્જક રહ્યા છે. મુનશી પ્રેમચંદનાં નારીપાત્રો યાદ આવે એવું એ આલેખન દેશના દલિત સમાજનું દર્દભર્યું દર્શન બની રહ્યું છે. જોસેફની બીજી મહત્ત્વની નવલકથાઓ છે : 'મારી પરણેતર', 'મનખાની મિરાત', 'દાદાનો દેશ', 'દરિયાવ' વગેરે. જોસેફના છ જેટલા વાર્તાસંચયોમાં 'પન્નાભાભી' વિશેષ રૂપે યાદ કરાતી રહી છે. એના પરથી સિરિયલ પણ બની છે. જોસેફની વાર્તા-નવલો-ચરિત્રો પરથી લઘુફિલ્મો પણ બની છે.

ગુજરાતી જ નહિ ભારતીય દલિત સાહિત્યમાં જોસેફ જેવા મોટા ગજાના લેખકો નહિવત્ છે. દલિત સાહિત્ય હંમેશાં જીવનવાદી અને જનસમાજ માટે પ્રતિબદ્ધ રહ્યું છે. જોસેફે પોતે પણ વારંવાર કહેલું કે, 'કલા ખાતર, કલ્પનાલોકમાં વિહરવાનું મને મંજૂર નથી. મેં જીવતરને કદી ધોખો નથી દીધો!'

જોસેફની જીવનકથા 'વીતક ઝંખે વ્હાલ' ૨૦૧૯માં પ્રગટ થઈ પણ એ પોતે તો ૨૦૧૦માં હીરાબા અને ધનીમાની બે કબરો વચ્ચે સદાને માટે માટીમાં મળી ગયા!!

❑



# ૫૫

## સત્ત્વશીલ નવલકથાઓના ઉપેક્ષિત સર્જક : જયંત ગાડીત

કેટલાક સર્જકો સત્ત્વશીલ સર્જનના રચયિતા હોવા છતાં ભાવકો અને વિવેચકો : બંને વર્ગો વડે ઉપેક્ષિત રહેવાનું કમનસીબ લઈને આવ્યા હોય છે. આપણે ત્યાં પણ આવું બનતું રહ્યું છે. ડૉ. પ્રો. જયંત ગાડીત એનું ઉદાહરણ છે. બે નવલકથાના, મધ્યમકક્ષાના લેખકને વારેવારે વખાણતા વિવેચને સાતથી વધારે, ઉત્તમ અને એકબીજાથી નોખી પડતી, પ્રયોગશીલ નવલકથાઓ આપનાર જયંત ગાડીતની સર્જકતાની અકારણ ઉપેક્ષા કર્યાની વાત ડંખ્યા કરે છે. જયંત ગાડીતે આપેલી નવલકથાઓ આ પ્રમાણે છે :

૧. 'આવૃત્ત', ૨. 'ચાસ પક્ષી અને કર્ણ' (બે લઘુનવલ), ૩. 'ક્યાં છે ઘર?' ૪. 'બદલાતી ક્ષિતિજ', ૫. 'પ્રશામુ', ૬. 'એક અસ્વપ્ન સુખીજીવન', ૭. 'સત્ય' (ગાંધીજીના જીવન-કાર્ય વિશે ચાર ભાગમાં લખાયેલી મહાનવલ! ચારે ભાગના, અલગ પેટાશીર્ષક સૂચક છે.)

ડૉ. ગાડીતનો જન્મ તા. ૨૬-૧૧-૧૯૩૮ના રોજ મુંબઈ ખાતે થયેલો. પિતા ગોકળદાસનું મૂળ વતન સૌરાષ્ટ્ર. પણ ધંધાર્થે મુંબઈ જઈ વસેલા. ગાડીતનું બધું શિક્ષણ મુંબઈ ખાતે થયેલું. ગુજરાતી અને સંસ્કૃત સાથે ૧૯૬૧માં બી.એ. અને ૧૯૬૩માં એમ.એ. થયા હતા. કવિશ્રી ન્હાનાલાલની અપદ્યાગદ્ય શૈલીનો, ભાષાવિજ્ઞાન અને શૈલીવિજ્ઞાનની ભૂમિકાએ, સંશોધનાત્મક અભ્યાસ કરીને એમણે ૧૯૬૭માં પીએચ.ડી.ની પદવી મેળવેલી. એમનો આ શોધપ્રબંધ આજે પણ સંશોધનક્ષેત્રે દૃષ્ટાંતરૂપ છે. ગ્રંથકારશ્રેણીમાં ડૉ. ગાડીતે 'ન્હાનાલાલ' ગ્રંથ (૧૯૭૭) પ્રગટ કરેલો.

'નવલકથા : વાસ્તવ અને વાસ્તવવાદ' એમનો વિશિષ્ટ અભ્યાસલેખોનો ગ્રંથ છે.

ડૉ. ગાડીતનાં લગ્ન મંજુલાબહેન સાથે થયાં હતાં. એમના બે દીકરા – જાગૃત અને ઇંગિત – વડોદરામાં રહે છે. મંજુલાબહેને થોડીક વાર્તાઓ તથા જયંત ગાડીતની જીવનરેખા પુસ્તકો લખ્યાં છે. ૧૯૬૫માં ડૉ. ગાડીત, ખેડા જિલ્લાની સૌથી જૂની કૉલેજ પેટલાદમાં વ્યાખ્યાતા તરીકે જોડાયા હતા. એ પછીનાં વર્ષોમાં તેઓ મહુધા કૉલેજમાં જોડાયા હતા. ૧૯૭૭માં એ સરદાર પટેલ યુનિવર્સિટી વલ્લભવિદ્યાનગરના અનુસ્નાતક ગુજરાતી વિભાગમાં વ્યાખ્યાતા તરીકે નિમાયા હતા. ત્યાં એક દાયકો રહ્યા પછી – પદોન્નતિમાં અન્યાય થતાં – રાજીનામું આપી ૧૯૮૬માં ગુ. સા. પરિષદના ક. લા. સ્વાધ્યાય મંદિરમાં રીડર તરીકે જોડાય છે. વળી ત્યાંથી ૧૯૯૨-૯૩માં પુનઃ સરદાર પટેલ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગમાં પ્રોફેસર તરીકે માનપૂર્વક પાછા આવે છે અને અધ્યક્ષપદે રહીને ૧૯૯૯ના જૂનમાં ૬૦ વર્ષે નિવૃત્તિ લે છે.

૧૯૯૯ના જૂનમાં નિવૃત્તિ વર્ષ – વય ૬૨નો નિયમ આવેલો. હું વિભાગમાં એમનો સાથી હતો. એમણે અધ્યક્ષનો ચાર્જ મને આપવાનો હતો. મેં એમને વધુ બે વર્ષ રોકાઈ જવા વિનંતી કરી ત્યારે એમણે કહેલું : 'મારી પાસે એક મોટો પ્રોજેક્ટ છે ને વર્ષો ઓછાં છે... એટલે હવે અલવિદા!' આ એક દાયકો એમણે 'સત્ય' નવલકથા લખવામાં પ્રયોજ્યો. ગાંધીજી (દક્ષિણ આફ્રિકાથી આવ્યા પછી) જ્યાં જ્યાં ગયા – ફર્યા – જેને મળ્યા... ગાડીત ત્યાં ત્યાં ફર્યા – ડોક્યુમેન્ટ તપાસ્યા, વ્યક્તિઓને મળ્યા અને 'સત્ય' જેવી ઉત્તમ નવલકથા લખી. ગાંધીના જીવન પર ગુજરાતીમાં નવલકથા કેમ નથી? એવું મહેણું એમણે ભાંગ્યું ને ઇતિહાસને નવલરૂપે લખી અને જીવનને સાર્થક બનાવ્યું. ચોથો ભાગ તો કેન્સરની માંદગી વચ્ચે લખ્યો. ચોથા ભાગનું છેલ્લું પ્રકરણ માંડ માંડ બોલીને લખાવ્યું – ને બીજે દિવસે ૨૯-૫-૨૦૦૯ના રોજ દેહમુક્ત થયા. નારાયણ દેસાઈએ 'મારું જીવન એ જ મારી વાણી'ના ચાર ભાગમાં ગાંધીજીનું જીવનચરિત્ર લખ્યું. એ જ ગાળામાં ડૉ. ગાડીતે પોતાની ભૂમિકાએ 'સત્ય'નું આલેખન કર્યું.

ડૉ. ગાડીતે નવલકથાલેખનમાં નર્યો કલ્પનાવિહાર નથી કર્યો. એમણે વાસ્તવને નવલકથાકલામાં રૂપાંતરિત કરીને, શિક્ષણના, વ્યક્તિજીવનના, સમાજના-પ્રજાજીવનના તથા રાજકારણના પ્રશ્નોને વાચા આપી – એની

સમીક્ષા કરી છે. એમની પ્રત્યેક નવલકથા કોઈ ને કોઈ સમસ્યાને સ્પર્શે છે અને મૂલ્યોની વાત કરે છે. ૧૯૬૯માં લખાયેલી એમની પ્રથમ નવલકથા 'આવૃત્ત' ઉચ્ચશિક્ષણક્ષેત્રે (આજે પણ) પ્રવર્તતાં અનાચાર, અનૈતિકતા, કામચોરી, ખુશામતખોરી, નબળાને આગળ કરવા અને સબળાની ઉપેક્ષા કરવી – જેવાં સર્વકાલીન દૂષણો વિશે કટાક્ષની શૈલીમાં અભિવ્યક્તિ સાધે છે. એનો નાયક પ્રો. આવૃત્ત એના લેખકની પ્રતિકૃતિ જેવો છે. એકલા રહેવું – ઓછું બોલવું – વધુ પડતા જિદ્દી અને સ્વાભિમાની હોવું ને અન્યોને હીણી નજરે જોવા વગેરે!

'બદલાતી ક્ષિતિજ'નો નાયક જીવાભાઈ છે. ભણીને એ શહેરમાં ઉચ્ચ વર્ગ વચ્ચે રહેવા આવે છે. ને રાજકારણમાં જોડાય છે. ત્યારે જીવાભાઈની માનસિકતા કેવી છે? – એને માટે અન્ય લોકો શું વિચારે છે? – એ ચારેય પાત્રોની ભૂમિકાએથી રજૂ થયું છે. ગુજરાતી નવલકથામાં આ નવો વળાંક ગણાય છે. 'એક અસ્વપ્ન સુખીજીવન' વિશિષ્ટ રીતિમાં લખાયેલી સુંદર નવલકથા છે. આઝાદીનાં આંદોલનો કે મહાત્મા ગાંધી કે એવી અનેક જાહેર બાબતોની ઘણાંને ખબર જ નથી હોતી. ગામડામાં રહેતી અનાવિલ નારી આવી બાબતોથી બેખબર જીવે છે. ને એના જીવનમાં એનાથી કશો જ ફરક પડતો નથી! તો આ જીવન અને ઘટનાઓની વ્યર્થતા નથી તો શું છે? મણિનો પરંપરાગત સંસાર અને દિનચર્યા ચાલ્યા કરે છે. અનાવિલોની બોલી અને જીવનરીતિ અહીં વિગતે પહેલી વાર આવે છે. એનો અભ્યાસ થવો જોઈએ.

'ચાસપક્ષી'નું પ્રતીક પ્રયોજીને લખાયેલી આ કૃતિમાં મિ. પંચાલ અને મિસિસ સોનીના મૈત્રી-પ્રવાસ અને જાતીય આવેગોનું રસાળ શૈલીમાં આલેખન થયું છે. બંગાળી નવલકથા 'સ્વર્ગેર નીચે માનુષ'(ભોળાભાઈએ ગુજરાતી અનુવાદ કરેલો)નો પ્રભાવ વર્તાતો હોવા છતાં આ નવલકથાની લેખનશૈલી રસપ્રદ છે. પ્રો. જયંત ગાડીતનું કેન્સરની બીમારીથી મે ૨૦૦૯માં નિધન થયું હતું.

❑



# ૫૬

## “બા, રોજ સવારે અમારા માટે ‘આટાનો સૂરજ’ ઘડતી!”: રતિલાલ ‘અનિલ’

નગરનું નામ રત્નનગરી સુરત! એની વચ્ચોવચ નવ નવ દાયકા સુધી અભાવોના સામ્રાજ્ય માથે પલાંઠી મારીને અચલ બેઠેલો એક માણસ – કહો કે શાયર-સર્જક-નામે રતિલાલ ‘અનિલ’. સંસાર સાગરમાં એની નાવડી રતિલાલ મૂળચંદદાસ રૂપાપરાના નામે બિન્દાસ ચલાવતો રહેલો! મહેનત સાથે છ સાત વર્ષની વયે જ બા-એ પાક્કી દોસ્તી કરાવેલી. બીજું ધોરણ ભણીને રતિલાલ સંચા-લૂમના-મિલના કામે જોતરાઈ ગયેલો! વિધવા બાને માથે ઘરની જવાબદારી અને નાનાં પોતરાં પાળવાનાં! રતિલાલ અનુભવોથી ઘડાતો જાય છે, છાપાં, સાપ્તાહિકોમાં વધારાનું કામ મળે છે. જૂની નવી વાર્તા-નવલો વાંચવામાં જીવ લાગે છે. ‘ગુજરાત મિત્ર’ જેવા દૈનિકમાં જોડાતાં સાહિત્યકારો અને પત્રકારોની દુનિયાનો પરિચય રસરુચિમાં પરિણમે છે ને રતિલાલને ગઝલમાં-નઝમમાં રસ પડે છે. એ લખતો થાય છે. જાતે શાસ્ત્ર ને છંદ શીખે છે.

વચ્ચે બે ઘટનાઓ બને છે. ૧. કોઈ શુભેચ્છક એ વયના નાના યુવાનને જૂનાગઢ લઈ જાય છે ને ‘રૂપાયતન’ સંસ્થામાં જોડે છે. અહીં રતિલાલને ‘પ્યારા! બાપુ’ના અંકોના સંપાદનમાં કામ કરવાનું અને વાંચવા-લખવાનું મનગમતું કાર્ય કરવા મળે છે. રતિલાલને અહીંથી સમાજ, આઝાદીનું આંદોલન, ઇતિહાસ તથા રાજકારણ વગેરેમાં નવું નવું જાણવાનું મળે છે.

અનુભવો એમને પરિપક્વ બનાવે છે. પાછા સુરત આવીને ભલી એમની મિલ અને ભલું એમનું પત્રકારત્વ. ર. વચ્ચે વળી આંદોલનો તથા ચળવળોમાં ભાગ લે છે ને બે વર્ષ જેલવાસ પણ ભોગવે છે. અહીંથી ગઝલો-કવિતા તથા ગદ્યલેખનમાં માહેર થાય છે. અભાવોને જીવતાં-જીરવતાં શીખેલા રતિલાલને આ અનુભવો સર્જનમાં કામ લાગે છે. કડવાશને રતિલાલ નર્મમર્મ અને વ્યંગમાં બદલીને લખે છે. વાસ્તવને કવિતારૂપ આપવામાં રતિલાલને ગઝલો વધુ યશ અપાવે છે.

રતિલાલનો જન્મ અત્યંત ગરીબ પરિવારમાં ૨૨મી (કેટલાકને મતે ૧૯મી) ફેબ્રુઆરી, ૧૯૧૯માં સુરત ખાતે થયો હતો. મુખ્યત્વે ગઝલકાર ભલે ગણાયા – ને એ દિશામાં સારું કામ કર્યું પણ ખરું – છતાં લલિત નિબંધના લેખક તરીકે એમનું ઉત્તમ કાર્ય હજી પણ મૂલ્યાંકનની રાહ જુએ છે. પત્રકારત્વના અનુભવે પણ એમના ગદ્યલેખનની ધાર કાઢવામાં મદદ કરી છે. કોઈની પણ શેહશરમમાં દબાયા વિના, ચોખ્ખું ને ચટ તથા સીધું ને સટ અને સાચ્ચું લખનારા રતિલાલના દસથી વધારે નિબંધ સંચયો છે. જેમાં 'આટાનો સૂરજ'-ને દિલ્હી અકાદમીનો ઍવૉર્ડ મળેલો છે. માત્ર બે ચોપડી ભણેલો આ શાયર 'વલી ગુજરાતી ઍવૉર્ડ' પણ મેળવે છે. ગામ-નગર-પ્રકૃતિ-ઋતુઓ-પ્રદૂષણ-માણસની વૃત્તિઓ વિશે સરસ નિબંધો લખનારો આ માણસ ૯૪ વર્ષ જીવે છે ને સાવ ઓલિયા-ફકીર જેવું આચરણ કરે છે.

કોઈએ એને 'સુરતનો સોક્રેટિસ' કહ્યો છે. ને, હા! આપણે એમનાં – એક-બે પંક્તિ-વાક્યોમાં લખાયેલાં સેંકડો 'ચાંદરણાં' વાંચીએ ત્યારે આ વાત સાચી લાગે છે. રતિલાલ 'અનિલ'નું રેખાચિત્ર કૈંક આવું છે.

'એકવડિયું ને પાકટ શરીર, સૂકો ચહેરો. બિલોરી કાચ જેવાં ચશ્માંમાંથી આપણને જોયા કરતી ને બધા જ મર્મોને પામવા મથતી આંખો, માથે ગાંધી ટોપી. ચોળાયેલો ઝભ્ભો કે સદરો – છીંકણીના છાંટાથી ધ્યાન ખેંચે... પહોળી મોરીનો ઊંચો લેંઘો, ધ્રૂજતા હાથ ને નાકમાં છીંકણીની જમાવટ! વાતોમાં આ માણસ – સબ બંદર કા વેપારી! તમને સુરતનો બસો વર્ષનો ઇતિહાસ કહે, ડાંગનું લોકજીવન વર્ણવે. ગઝલના અંતરંગની ચર્ચા કરે! સુરેશ જોષી અને શિરીષ પંચાલના સર્જન-વિચારને અનુસરીને રતિલાલે હથેળી જેવડું 'કંકાવટી' માસિક ૪૨ વર્ષથી વધુ સમય ચલાવ્યું! ખોટનો ધંધો પણ સાહિત્યનો કેફ છોડે નહિ! અનેક સ્વરૂપોમાં લખતા જાય ને 'કંકાવટી'માં ચર્ચાપત્રોનો જંગ જામતો જાય.

**'સપાટી પર વિહરવાથી શિખર પર પહોંચવું સારું.**
**'અનિલ' ત્યાંથી જગતનાં સર્વ સ્થાનો જોઈ લેવાશે.'**

'અનિલ', 'સાંદિપની', 'ટચાક', 'કલ્કિ' તથા 'પદ્મ' જેવાં ઉપનામથી લખતા 'અનિલ' ગઝલકાર તરીકે પંકાયા હતા. 'તુલસી અને ડમરો' સંચયની એમની ગઝલોમાં સંવેદનાની ધાર સાથે ભાષાની તાજપ હતી. 'રસ્તો' એમની જાણીતી ગઝલમાં એ કહે છે :

**'નથી એક માનવી પાસે બીજો માનવી હજી પહોંચ્યો,**
**'અનિલ', મેં સાંભળ્યું છે : ક્યારનો બંધાય છે રસ્તો.'**

બીમારીઓ-જવાબદારીઓની વચ્ચે અનિલે ગુજરાતી ગઝલનું પાયાથી સંવર્ધનકાર્ય કરેલું છે. સુરતમાં એમણે 'ગુજરાતી ગઝલ મંડળ'ની સ્થાપના કરવામાં ને ચલાવવામાં મદદ કરેલી! 'દીવાસળી એક જ વાર બોલે છે.' જેવાં અનેક ચાંદરણાં આપનાર અનિલે રેખાચિત્રો-ચરિત્રો લખ્યાં. રુબાઈતો લખી. 'આટાનો સૂરજ', 'ધુમાડો', 'સાંજ', 'અંધારું', 'પાંદડું', 'આદિવાસી શીમળો' – જેવા લલિત નિબંધોમાં કલ્પન-વૈભવ ધ્યાનપાત્ર છે. થોડાક આસ્વાદ્ય શેર પણ યાદ કરી લઈશું -

**'અતિશય બધુંયે સહજ થઈ ગયું છે,**
**આ બ્રહ્માંડ જાણે કે રજ થઈ ગયું છે.**

**'અનિલ' વિસ્તર્યું મૌન તડકારૂપે આ –**
**મને માપવાનો ગજ થઈ ગયું છે.'**

○

**'આવી હતી બહાર કદી ઘરને આંગણે –**
**ને હું જ ઘર બ્હાર હતો, કોણ માનશે?!'**

પોતાના નાનકડા ઘરના મેડા ઉપર, દાદર પાસેના ખાટલામાં પુસ્તકો-સામયિકોના ખડકલા વચ્ચે – અનિલ ચશ્માંની તૂટેલી દાંડીની પરવા કર્યા વિના કરોડપતિનાય માલિક હોય એવા સંતોષ અને એવી નિસબતથી લખતા-વાંચતા હતા. ૯૪ વર્ષે એમણે ઓગસ્ટ ૨૦૧૩માં દેહત્યાગ કર્યો હતો.

❑



# ૫૭

## લોકપ્રિય ગુજરાતી ગીતકવિ (ગીતકાર) અને સ્વરકાર : અવિનાશ વ્યાસ

ગુજરાતી સાહિત્યમાં – ખાસ કરીને ગીત કવિતાની મુખ્ય ધારામાં – 'ગીતકાર' અવિનાશ વ્યાસનાં ગીતોની ચર્ચા ભાગ્યે જ થઈ હશે. શબ્દના મલકમાં તો એમણેય મૂલ્યવાન અર્પણ કરેલું છે. એમનાં ગીતોને એમણે પણ 'ગીતકાવ્યો'-ને સ્થાને 'સંગીતકાવ્યો' ગણાવ્યાં હતાં. કાવ્યત્વના પૂરા આદર સાથે એમણે પણ ગીત રચવાની સાધના કરી છે. હિન્દી-ગુજરાતીમાં એમણે હજારો ગીતો લખ્યાં હોવાનું કહેવાય છે ને એમાં સચ્ચાઈ પણ છે. 'ફિલ્મો માટે લખેલાં ગીતોમાં કાવ્યત્વ નથી હોતું.' એવું તો આપણે નહિ કહી શકીએ. અવિનાશનાં પચાસથી પંચોતેર ગીતો એવાં છે જે લોકપ્રિય હોવા સાથે કાવ્યગુણે પણ સંપન્ન છે. ગુજરાતી ફિલ્મો માટે લખેલાં નમૂનેદાર ગીતો ઉપરાંત પણ એમણે ગીતો-ગરબા-પ્રાર્થના-ભજનોના સર્જનમાં સફળતા મેળવી હતી.

આપણે અવિનાશ વ્યાસને 'સ્વરકાર', 'સંગીતકાર' વગેરે સંજ્ઞા-ક્ષેત્રોમાં મર્યાદિત કરી દીધા હતા. હવે આજે એમનાં ગીતો તપાસીએ છીએ ત્યારે એમનામાં રહેલા કવિનો પણ આદર કરવાનું મન થાય. હા! એમનાં ગીતો સુગમસંગીતના ક્ષેત્રે યદ્યપિ ગવાય છે. એમનાં કેટલાંય ગીતો તો આપણે ત્યાં સંપાદિત કરવામાં આવેલા 'લોકગીતો'-ના સંચયોમાં, લોકગીત માનીને સમાવવામાં આવ્યાં હતાં. એમનાં ગીતોમાં લયાન્વિત પદાવલિ અને ભાવનું

આલેખન શ્રોતા-ભાવકના મનને વશ કરી લે છે. એક સ્વરકાર ગીત લખે ત્યારે પહેલાં, કદાચ એ સ્વરને/ રાગને/ લયને વધુ ધ્યાનમાં રાખતો હશે એવું એ ગીતો ગણગણતાં પણ લાગ્યા વિના રહેતું નથી. સ્વરકાર પહેલાં 'સંગીતત્વ'ને મહત્ત્વ આપે છે પછી એ ભાવાર્થને બંધમાં ગૂંથતો હોય છે.

અવિનાશ વ્યાસના જીવનનો થોડો પરિચય મેળવીએ પછી એમનાં ગીતો વગેરેને આસ્વાદીશું. એમનું મૂળ વતન વીસનગર. આજે પણ ત્યાં એમના નામનો માર્ગ છે. જન્મ અમદાવાદમાં. તા. ૧૯મી જુલાઈ, ૧૯૧૧. માતા મણિબેન. પિતા આનંદરાય. પત્ની વસુમતીબહેન. એ પણ સારાં ગાયિકાં હતાં. એમના દીકરા ગૌરાંગ વ્યાસ (૧૯૩૮). એમનાં બીજાં લગ્ન, મરાઠી રંગભૂમિનાં જાણીતાં કલાકાર સુલોચના ચોણકર સાથે (૧૯૫૫-૫૬) થયાં હતાં. ૧૯૪૦ સુધી અમદાવાદમાં રહ્યા. શિક્ષણ મેળવ્યું. અને ગીત-સંગીત ક્ષેત્ર સાથે રુચિ હોવાથી નાતો કેળવાયેલો. ૧૯૪૦થી મુંબઈ આવીને ઉસ્તાદ અલ્લાઉદ્દીન ખાં પાસે શાસ્ત્રીય સંગીતની તાલીમ મેળવી. એચ.એમ.વી. અને યંગ ઇન્ડિયા કંપનીમાં વાદક તરીકે જોડાઈને વધુ શીખવા સાથે સ્વરાંકનમાં માસ્ટરી મેળવે છે. હિન્દી-ગુજરાતી ફિલ્મો માટે ગીતલેખન પણ આ તબક્કામાં ગતિ પકડે છે. ૧૯૦ ગુજરાતી ફિલ્મોમાં એમણે સંગીત આપેલું. આપણે એમની ફિલ્મજગતની કારકિર્દીને બાજુ પર રાખીને, એમનાં ગીતો-ગરબા-ભજનમાં રહેલી કવિત્વ શક્તિને પ્રમાણીએ.

ગુજરાતી પ્રજાજીવનના સંસ્કારવારસાને વર્ણવતાં ગરબા-ગીતોની આજેય બોલબાલા છે.

**'માડી! તારું કંકુ ખર્યું ને સૂરજ ઊગ્યો...**
**ઉષાને આગારે પગ મૂક્યો!'**

પરોઢ-સૂર્યોદયનું રંગભર્યું એક વિરાટ શબ્દચિત્ર ભાવકને સંમોહિત કરે છે. ગરબામાં લોકજીવનની તાસીર વણાઈ દેખાશે.

- એક હરતું ને ફરતું મંદિર મારો ગરબો....
- છલકાતું આવે બેડલું મલકાતી આવે નાર...
- છેલાજી! રે, મારા હાટુ પાટણથી પટોળાં મોંઘાં લાવજો...
- પિયરને પીપળેથી આવ્યું પારેવડું...
- ધૂણી રે ધખાવી બેલી! અમે તારા નામની...
- પંખીડાને આ પીંજરું જૂનું જૂનું લાગે...
- ભીતરનો ભેરુ મારો આત્યમો ખોવાયો રે...

એમના ગીતસંચયો : 'દૂધગંગા', 'લજામણી', 'સથવારો', 'ગીતનગર', 'વર્તુળ' અને 'મેંદીનાં પાન' – વગેરેમાંથી ચૂંટીને 'પાંદડું લીલું ને રંગ રાતો...' સંચય તૈયાર થયો હતો. એમાં એમની યાદગાર રચનાઓ સચવાયેલી મળે છે. એમાંથી બે-ત્રણ ગીતોને આસ્વાદીએ.

**'છાનું ને છપનું કંઈ થાય નહિ, થાય નહિ**
**છમકે ના ઝાંઝર તો ઝાંઝર કહેવાય નહિ...**

**નણદી ને નેપૂર બે એવાં અનાડી :**
**વ્હાલાં પણ વેરી થઈ ખાય મારી ચાડી,**
**આવેલા અવસરનો લ્હાવો લેવાય નહિ...**
**છાનું ને છપનું કંઈ થાય નહિ, થાય નહિ!'**

એક જમાનો હતો કે ઘરમાં બધાં માટે બેડરૂમ નહોતા. ને ગામડે તો આજે પણ ન હોય એમ બને! ત્યારે નવી વહુ, વરને મળવા જતી હશે ને રાતમાં બોલતી ઘૂઘરીવાળાં ઝાંઝર એની ચાડી ખાતાં હોવાથી એને દુશ્મન જેવાં લાગતાં હશે!

**'તારી વાંકી રે પાઘલડીનું ફૂમતું રે મને ગમતું રે**
**આ તો કહું છું રે પાતળિયા તને અમથું રે...'**

આ નૃત્યગીત પણ થયું હતું. અણજાણ્યાને ઝાઝું નહિ બોલવાનું ને પારકા આગળ દિલ નહિ ખોલવાનું! બેન-દીકરીઓને અપાતા વિવેક-સંસ્કારની વાત પણ અહીં વણી લેવાઈ છે.

'રાખનાં રમકડાં' ગીત તો જીવનના મર્મની વાત કહે છે.


'પાંદડું લીલું ને રંગ રાતો...'માં પ્રણય ઉલ્લાસ ઝિલાયો છે.

જીવણ સાથેના લગાવની વાત એક ગીતમાં આ રીતે આવે છે :

**'મેં તો દૂધ ને સાકરનો શીરો કર્યો રે લોલ/ તાંબાના તાસમાં ટાઢો કર્યો રે લોલ/ હું તો જમવા બેઠી ને જીવણ સાંભર્યો રે લોલ/ મારે કંઠેથી કોળિયો ના ઊતર્યો રે લોલ...'**

પ્રજાના દિલમાં વસનાર સ્વરકાર-ગીતકાર અવિનાશ વ્યાસનું ૨૦મી ઓગસ્ટ, ૧૯૮૪માં મુંબઈ ખાતે નિધન થયું હતું.

❑



# ૫૮

## 'સૌન્દર્યની નદી નર્મદા'ના અનોખા લેખક અને ચિત્રકાર: અમૃતલાલ વેગડ

અહીં આપણે વાત કરવી છે સર્જક-પ્રવાસલેખક અને ચિત્રકાર અમૃતલાલ વેગડની! એમના જેવો ઓલિયો તથા ફકીર સ્વભાવનો નિસ્પૃહ વ્યક્તિ વિરલ હોય છે. શ્રી વેગડે નર્મદાની પરિક્રમા કરી અને એનાં બે પુસ્તકો લખ્યાં પ્રથમ હિન્દીમાં 'પરિક્રમા નર્મદા મૈયા કી' અને 'સૌન્દર્ય કી નદી નર્મદા' પછી એમણે આ બંને પુસ્તકો માતૃભાષા ગુજરાતીમાં પણ લખ્યાં! પુસ્તકો બહુ ખ્યાતિ પામ્યાં ને વેગડને પારિતોષિકો તથા ઍવૉર્ડથી નવાજવામાં આવ્યા! પછી આ ગ્રંથોના મરાઠી-બંગાળી-અંગ્રેજી-પંજાબીમાં અનુવાદો થયા. ૧૯૮૦થી ૨૦૦૫ના ગાળામાં અમૃતલાલ વેગડ અડધા ભારતમાં વંચાતા લેખક હતા!

આપણે લેખકનાં પુસ્તકોની વાતો તો હમેશાં કરીએ છીએ પણ વેગડ જેવી વ્યક્તિના અનોખા વ્યક્તિત્વની વાત કરવા જેવી છે. ભીનેવાન એકવડિયું શરીર, ચહેરા પર આછું હાસ્ય ને કુતૂહલ, આંખોમાં થોડી ભીનાશ! કોઈ ભાર વિનાનો આ માણસ કાયમ સફેદ ખમીસ-શર્ટ અને જરાક વધુ પહોળી મોરીનો ને નીચેથી એક-બે ઈંચ ઊંચો લેંઘો ધારણ કરીને ચિત્રમાં કે લેખનમાં ખૂંપેલો હોય, જબલપુરના ડાઉનટાઉનમાં ચારેબાજુ બગીચાવાળું વિશાળ ઘર. જેમાં ચાર ભાઈઓનાં વીસ માણસોનો પરિવાર વસે ને એક રસોડે જમે! છતાં ક્યાંય અવ્યવસ્થા, ઉતાવળ કે અશિસ્ત જોવા ન મળે. નીરવ

શાંતિમાં વહુવારુઓ ઘર ચલાવે. વેગડનાં પત્ની કાંતાબેન બધું સંભાળે. વેગડ તો વરંડામાં કૅન્વાસ પાથરીને કાગળ કાતર લઈને ઊભા પગે કોલાજ બનાવવામાં મસ્ત હોય. દિનચર્યા પણ સાવ સરળ – ખાવાપીવા સિવાય કોઈ વાત-વસ્તુ ન જોઈએ. એમનો દીકરો ચિત્રકલા તથા લેખનની સામગ્રી – કૅન્વાસ, કાગળ, રંગો બધું લાવી આપે. ચિત્રો ને લેખો તૈયાર થાય તે પણ ક્યાં કોને મોકલવા, છપાવવાં ને ઘરમાં સાચવવાની જવાબદારી પણ દીકરો ને કાંતાબેન સાચવે. વેગડને પોતાનાં કોલાજ બહુ ગમે. પણ નિર્મમ બની રહે. મૂળે તો નર્મદા પરિક્રમાનો હેતુ હતો – સરસ સ્કેચ કરવાનો. ને ૧૯૭૭માં ૪૯ વર્ષની વયે પ્રથમ પરિક્રમા વખતે સ્કેચ ખૂબ કર્યા. પછી એના આધારે કોલાજ કર્યા ને લેખો પણ સળંગ યાત્રા પ્રમાણે લખાતા રહ્યા. આમ 'પરિક્રમા નર્મદા મૈયાની' ગ્રંથ ચિત્રો સાથે આવ્યો ને ખૂબ વખાણાયો. એમની નર્મદા પરિક્રમાની કથા વાંચીને કેટલાય લોકોને પણ પોરસ ચઢેલું ને પદયાત્રા કરેલી.

અમૃતલાલ વેગડ કહે છે કે, મેં નર્મદાની પરિક્રમા ધાર્મિક હેતુથી નહિ પરંતુ સાંસ્કૃતિક જીવનદર્શન માટે કરેલી. ૧૯૯૯માં ૭૦ વર્ષની વયે વેગડ અને એમનાં પત્ની બીજી વાર નર્મદા પરિક્રમા કરે છે. ને આ વખતે 'સૌન્દર્યની નદી : નર્મદા' ઉત્તમ ગ્રંથ લખાય છે. વેગડ પછી પણ નર્મદાને મળતી બીજી નદીઓની પરિક્રમા કરે છે. એમના પ્રસન્ન દામ્પત્યજીવનની વાતો વેગડ ઉત્સાહથી કરે છે. એમના ગ્રંથોમાં નર્મદાના બંને કાંઠે વસેલાં ગામ-નગર-લોકો અને પ્રકૃતિનું વર્ણન છે. લોકોની ભાવના અને સંસ્કારનું આવું આલેખન બીજે નહિ મળે! નદીનું રૂપ, આકાશ-તારા-સૂર્ય-ચંદ્ર-મોસમી રૂપો-ઋતુઓ, ગામ-ઘર-ખેતરો ને લોકોની ભાવનાના રંગો અહીં આલેખાયાં છે. વેગડની સર્જકતા અહીં પરખાય છે.

વેગડના બાપદાદા મૂળે તો માધાપર કચ્છના. પણ ૧૯૦૫માં વ્યવસાય માટે જબલપુર આવી વસેલા. વેગડનો જન્મ ૧૯૨૮ની ત્રીજી ઑક્ટોબરે જબલપુરમાં થયેલો. પિતા ગોલારામ જીવણ એમને ભણાવવા ચાહે છે. વેગડ કૉલેજનું શિક્ષણ અરધેથી છોડીને શાંતિનિકેતનમાં ચિત્રકલાનો અભ્યાસ કરવા જાય છે ને મહાન ચિત્રકાર ગુરુ નંદલાલ બોઝ પાસે ભણવાનું સદ્‌ભાગ્ય પામે છે. અહીંથી વેગડ પ્રકૃતિને અને સૌન્દર્યને પામતાં શીખે છે. પ્રેમ-સત્ય-માનવતા જેવાં મૂલ્યોને જીવનમાં ઉતારે છે. એમનાં ચિત્રોમાં અને લેખનમાં આ બધું ઊતરેલું પમાશે.

૧૯૪૮થી ૧૯૫૩ સુધી શાંતિનિકેતનમાં ભણીને વેગડ જબલપુર આવેલા. ત્યાંની ફાઇન આર્ટ્સ ફેકલ્ટીમાં અધ્યાપક થયા અને અનેક ઉત્તમ છાત્રોના વહાલા ગુરુજી બન્યા હતા. કાયમ ને બધે જ ચાલતા જતા શ્રી વેગડ સાઇકલ પર કૉલેજ જતા. એમનાં ચિત્રપ્રદર્શનો ભોપાલ-દિલ્હી-કલકત્તા-મુંબઈમાં યોજાયાં હતાં. જબલપુરમાં વેગડ ગુરુજીનું ખૂબ માન હતું. સજ્જન વ્યક્તિ તરીકે એમનો લોકો બહુ માન-આદર આપતા હતા.

પ્રવાસના અનુભવો-પ્રસંગોને વર્ણવતાં એમના કોલમના લેખોનાં પુસ્તકો થયાં હતાં. 'અમૃતસ્ય નર્મદા', 'તીરે તીરે નર્મદા', 'નદીયાં ગહેરી નાવ પુરાની', 'સરોવર છલી વળ્યાં'. એમનું 'સ્મૃતિઓનું શાંતિનિકેતન' વાંચવા જેવું પુસ્તક છે. વિદ્યાગુરુ નંદલાલ બોઝે કહેલું કે 'જીવનમાં સફળ તો બધા થાય છે, તું જીવનને સાર્થક બનાવજે.' જીવનને સફળ ઉપરાંત સાર્થક બનાવનાર અમૃતલાલ વેગડે ૨૦૧૮ની છઠ્ઠી જુલાઈએ ૯૦ વર્ષની વયે ચિરવિદાય લીધી હતી.

❑



# ૫૯

## વંચિતોની વેદનાને કવિતામાં કંડારનાર કવિ : નીરવ પટેલ

વીસમી સદીના ઉત્તરાર્ધમાં, મરાઠી દલિત આત્મકથાઓનું લેખન ધ્યાન ખેંચે છે. જ્યોતિબા ફૂલે અને ડૉ. બાબાસાહેબના વિચારોથી પ્રભાવિત વંચિત વર્ગના યુવાનો પોતાના વીતકો આલેખવા સાથે અન્યાય સામે અવાજ ઉઠાવનારું વિદ્રોહી સાહિત્યલેખન આરંભે છે. આપણે ત્યાં છેક ૧૯૮૪માં જોસેફ મેકવાન 'વ્યથાનાં વીતક' લઈને આવે છે અને દલિત સાહિત્ય પોતાની આક્રમક હાજરી પુરાવે છે. 'દાયણ' જેવી વાર્તાએ ઘણું વહેલું ધ્યાન ખેંચેલું. ને પછીનો ઇતિહાસ સૌને વિદિત છે.

ગુજરાતીમાં દલિત કવિતાનું લેખન નીરવ પટેલને હાથે ૧૯૭૫ આસપાસનાં વર્ષોમાં આરંભાય છે. નીરવનો વિદ્રોહી સ્વર એ પછી તો છેક એમના અકાળ અવસાન (૨૦૧૯) સુધી ધ્યાન ખેંચતો રહ્યો છે. નીરવની અન્યાય સામે અવાજ ઉઠાવતી, 'સહાનુભૂતિ' નહીં પણ 'સમાન-અનુભૂતિ' ઝંખતી, નર્મમર્મભરી છતાં સંયત સૂરમાં અને વિવેકપૂર્ણ ભાષામાં રચાતી કવિતાએ સતત પોતાની હાજરીનો અહેસાસ કરાવ્યો છે. ઓછું લખનારા પણ ઊંડું ને માર્મિક કહેનારા કવિ નીરવ સૌમ્ય અને મળતાવડા સ્વભાવના હતા. અતિ સંવેદનશીલ નીરવ વંચિતોની વાત કરતાં લાગણીભીના થઈ જતા, કવિતા વાંચતાં એમને ડૂમો ભરાઈ આવતો. અપમાન, ઉપેક્ષા, શોષણ, તુચ્છકારની સામે એમણે આકરા શબ્દોને બદલે વ્યંજનાપૂર્ણ ભાષા વડે સતત લડવાનું ચાલુ રાખેલું.

અમદાવાદ જિલ્લાના દસક્રોઈ તાલુકાના ભુવાલડી ગામે ડિસેમ્બર ૧૯૫૦માં નીરવ (બાળપણનું નામ કાળુ)-નો જન્મ! માતા દીવાબા બહુ જ પ્રેમાળ અને જમાનાનાં જાણતલ. પિતાજી હીરાભાઈ. ચામડાં પકવવાનો વ્યવસાય. આખા મલકમાં જાણીતા. કાળુ હીરા પછી નગરમાં – અમદાવાદની સેન્ટ ઝેવિયર્સમાં અંગ્રેજી સાથે ઉચ્ચ શિક્ષણ મેળવે છે ને જમાના સામે નીરવ પટેલ નામે ઓળખ ઊભી કરે છે. બબ્બે વારનાં લગ્ન નિષ્ફળ જાય છે. દીવાબા બહુ દુઃખી થાય છે. ત્રીજી વાર જશુમતી (જલી!)ને પરણ્યા તે એમનું જીવન-મરણ સાચવી લેનારી-વેઠનારી ને વંદનીય નારી! બૅંકમાં સારી નોકરી મળેલી. પણ દલિતો માટેની લાગણીમાં સદા સોરાતા-ઝૂઝતા રહ્યા. છેક નિવૃત્તિનાં વર્ષોમાં નીરવે અંગ્રેજી સાહિત્યમાં મહાનિબંધ લખીને પીએચ.ડી.ની પદવી મેળવેલી.

નીરવ પ્રમાણે છે કે સ્વાનુભૂતિ વિના સ્વમાન શક્ય નથી. દલિતોનું, દલિતો માટે અને દલિતો વડે લખાતું સાહિત્ય વધુ પરિણામગામી હોય છે. અલબત્ત! અપવાદે બિનદલિતો પણ 'સ્વાનુભૂતિ' સુધી જઈને લખી શકે છે. દલિત સાહિત્ય કલા કે રસાનુભવ માટે નથી. નીરવ એ જાણે છે. વિદ્રોહ વડે સમતામૂલક સમાજ રચી શકાય. સાહિત્ય અહીં સાધન છે – કલમ અહીં તલવાર બની શકે. નીરવ ડૉ. બાબાસાહેબની શિખામણને કવિતામાં ઉતારે છે. શિક્ષિત બનો, સંગઠિત બનો, સંઘર્ષ કરો! નીરવની પણ આ જ મથામણ રહી છે. એમની કવિતામાં 'ભારવેલો અગ્નિ' છે. એ દઝાડે છે, અજંપ કરે છે. નીરવ એના ભાવકને કહે છે : 'આ કવિતા લખીને મેં મને ખૂબ પીડ્યો છે અને હવે તને પીડવા જઈ રહ્યો છું...' નીરવ વાચકને હમદર્દ બનાવવા ચાહતા હતા!

'આક્રોશ', 'સ્વમાન', 'સર્વનામ', 'આહ્‌વાન', 'વાચા' જેવા ટૂંકા ગાળાનાં સામયિકો જાતે કાઢ્યાં ને લખ્યું. 'બર્નિંગ ફ્રોમ બોથ એન્ડ્ઝ' જેવા એક-બે અંગ્રેજી સંચાયો કર્યા. છેક ડર્બન અને લંડન સુધી એમને એમની કવિતા તેડી ગઈ. ભલે નિમિત્તો જુદાં હોય. છેવટે ગુજરાતીમાં ઠર્યા. ૩૦ વર્ષો પછી ૨૦૦૫માં પ્રથમ કાવ્યસંચય 'બહિષ્કૃત ફૂલો' લઈને પ્રકાશિત થયા. વ્યાપક આવકાર ને યોગ્ય મૂલ્યાંકન પામ્યા. એમની 'ઓળખ-મુદ્રા' બનેલું કાવ્ય જોઈએ : 'મારો શામળિયો'

**'મારા શામળિયે મારી હૂંડી પૂરી-/ નીકર/ ગગલીનું આણું શેં નીકળત?/ ચાવંડાની બાધા ફળી/ ને જવાનજોધ ગરાસણી ફાટી પડી.../ એની ઠાઠડીએ ઓઢાડ્યું રાતું ગવન!/ રાતીચોળ ચેહ બળે/ ને આકડાના છોડે રાતું ગવન લહેરાય!/ ગગલીની**

**મા તો/ જે મલકાય જે મલકાય, મારી હાહુ.../ બસ ડાઘુઓની પૂંઠ ફરે કે/ ધોડું હડૂડૂ મસાણે – / મારા ગરીબનોય બેલી ભગવાન...'**

આ કાવ્યની વ્યંજના બહુ ગર્ભિત ને મર્મભેદક છે. બહુજનવર્ગ વડે સદા ઉપેક્ષિત સર્વહારા વર્ગની વાત છે. એક વર્ગનું 'અશુભ' બીજા વર્ગ માટે 'મંગલકારી' બને – કોઈનું 'મરણ-કફન' કોઈ બીજા માટે 'અવસર-શણગાર' બને. એવી પરિસ્થિતિ સમાજ માટે કલંક છે.

આપણી લોકશાહીનો ભીતરી ચહેરો 'હું ન ડોશી' કાવ્યયુગ્મમાં ખુલ્લો પાડ્યો છે. વોટ માટે ડોશી ડોસાને સોદો કરવાની વાત કરે છે – ઘરડે ઘડપણ 'પોટલી પાંણી' પડીકું ચવાણું ને બાર-પંદર રૂપિયા આપે છે તો લહાવો લઈ લ્યો! 'દલિત દંપતીને ઠાલો દિલાસો' કાવ્યયુગ્મમાં મેઠીએ દીકરો જણ્યો છે પણ એનો ચહેરો તો બીજાને મળતો છે. વડીલ ઊકાને ને મેઠીને 'મન મોટું રાખવાની' સલાહ આપે છે. હાસ્તો! પેટનો પરાધીન મજબૂર હોય છે. જોકે કવિ તાકીને તીર મારવા અને વાઘણ કે જોગણ બનીને વિદ્રોહ કરવાનો સંકેત આપે છે. ઘણાં કાવ્યો વિશે વાત કરવાની આ જગ્યા નથી... પણ કવિ-અવાજ બહુ બળૂકો છે.

જીવનનું છેલ્લું વર્ષ (૨૦૧૯) કવિ કેન્સર સાથેની પીડામાં વિતાવે છે. આ ગાળામાં થયેલી સિત્તેર જેટલી રચનાઓ, મરણોત્તર 'વૉન્ટેડ પોએટ્સ' સંચયમાં છે. સાંપ્રત પરિસ્થિતિ વિશેની આ બોલકી કવિતાઓ કવિનો આક્રોશ ને અકળામણ વ્યક્ત કરે છે. વીસ વર્ષે જાગેલા રીપવાન વીંકલ સાથે 'વિકાસ'ને નામે થયેલી ઊથલપાથલ વર્ણવાઈ છે. તો અમદાવાદના ત્રણ ગાર્ડન કેવી રીતે મેયરો હડપ કરી ગયા – એનું વર્ણન ત્રણ કાવ્યોમાં છે. 'સરદાર બાગ'ની અવદશાનું ચિત્ર પ્રત્યેક અમદાવાદીને કઠે એવું સાચકલું છે.

'જીવતરના આનંદની કવિતા' તો નીરવે પણ રચવી હતી, પરંતુ પોતાની અને દલિતોની પીડાનો અંત આવતો જ નથી... ને કવિ કેન્સર સામે જીવનનું યુદ્ધ હારી જાય છે.

❑